

# ભક્તામર સ્તોત્ર-વિવેચન

[ અધ્યાત્મરસભીનું સર્વાંગસુંદર સંકલન ]



[ શ્રી આદિનાથ જિનેન્દ્રસ્તવન ]

# ભક્તામરસ્તોત્ર-વિવેચન

## આત્મલક્ષી સર્વાંગસુંદર સચિત્ર સંકલન

પ્રવચનકાર : પૂ. શ્રી કાનજીસ્વામી

સંકલનકાર : બ્ર. હરિલાલ જૈન

સોનગઢ

વીર સં. ૨૫૧૨ ]    [ ઇ. સ. 1986



હે ગુરુદેવ ! ' ભક્તામર–સ્તોત્ર 'માંથી પણ આત્માની સ્વાનુભૂતિના કેવા ભાવો નીકળે છે...તે આપે પ્રવચનદ્વારા ખોલીને મુમુક્ષુભક્તોને આશ્ચર્ય ઉપજાવ્યું છે. ઇંદ્રાદિ-દેવો જિનેન્દ્રદેવની કેવી અદ્‌ભુત ભક્તિ કરે છે–તે તો અમે નજરે નથી જોયું, પરંતુ પ્રવચન વખતે આપના અસંખ્ય પ્રદેશમાં કેવી અદ્‌ભુત–રોમાંચકારી જિનભક્તિ ઉલ્લસતી...તે અમે નજરે જોયું છે. અને તે જોઈને જ– " અરિહંતદેવને ચેતનસ્વરૂપે જે ઓળખે છે તે પોતાના આત્માનું શુદ્ધસ્વરૂપ પણ ઓળખે છે. ને તેને સમ્યગ્દર્શન થાય છે "–એ શાસ્ત્રવચન અમને અનુભવગમ્ય થયું છે. આપના તે મહાન ઉપકારની સ્મૃતિપૂર્વક ભક્તિથી વંદન કરીએ છીએ.

—આપનો હરિ

卐 नमः श्री ऋषभजिनाय 卐

# ભક્તિ–ભેટણું

લો જિ એ ... ભ ક્તિ ભે ટણું ... આ છે ભક્તામર-સ્તોત્રનું આત્મલક્ષી વિવેચન—આમાં ભર્યાં છે મોક્ષને સાધવાનાં મંત્રો! શ્રીગુરુ-કહાને પ્રવચનો દ્વારા જિનેન્દ્રભક્તિનાં આધ્યાત્મિક રહસ્યો આમાં ખુલ્લા કર્યાં છે. આપણા જિનેન્દ્ર ભગવાન કેવા છે ને તેમની ભક્તિ-ઉપાસના કઈ રીતે કરાય, તે આ વિવેચનમાં જાણવા મળશે. આ ભક્તામર-સ્તોત્ર તે ભગવાન ઋષભદેવની સ્તુતિ છે; તેના ઉપર પ્રવચનો કરીને પૂ. શ્રી કાનજી સ્વામીએ જે ગંભીર રહસ્યો ખોલ્યાં છે તેનું આમાં સંકલન છે. વિધવિધ આગમ–યુક્તિ–અનુભવ, તેમજ ભક્તામરને લગતા ૫૦ જેટલા હિંદી–ગુજરાતી પુસ્તકોનું અવલોકન કરીને આ સંકલન કરવામાં આવ્યું છે; વિવેચનની સાથે દરેક શ્લોકને લગતા ભાવવાહી નવીન ચિત્રો પણ આપવામાં આવ્યાં છે. આ રીતે આ પુસ્તકને એક સર્વાંગસુંદર રચના બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં પ્રકાશિત થયેલા પુસ્તકોમાં આત્મલક્ષી વિવેચનવાળું આ સચિત્ર પુસ્તક નવી જ ભાત પાડશે... ને મુમુક્ષુઓને જિનભક્તિની નૌકામાં બેસાડીને તેના હૃદયમાં આરાધનાના અવનવા ભાવો જગાડશે.

આ સ્તોત્રના રચનાર છે—મુનિરાજ શ્રી માનતુંગસૂરિ. આ સ્તોત્રના ઉદ્ભવ બાબત જે કથા પ્રચલિત છે તે પરિશિષ્ટમાં આપેલ છે. આ ઉપરાંત, ભક્તામર–સ્તોત્રનો પ્રભાવ બતાવવા માટે તેના ચમત્કારોની અનેક કથાઓ લખાયેલી છે, તે પણ આ પુસ્તકમાં છાપવાનો વિચાર હતો, પરંતુ તે કથાઓ કલ્પિત હોવાથી, અને તેમાં વિશેષ સાર નહીં હોવાથી, તે વિચાર માંડી વાળ્યો છે. વળી, ભક્તામરના દરેક શ્લોકના યંત્રો તેમજ તેને સાધવાના જાપ્ય-મંત્રો પણ કોઈ કે લખ્યા છે; આ સંબંધમાં એટલું જ કહેવું બસ થશે કે –તે णमो जिणाणं વગેરે મંત્રો તો षट्खंडागमના ચોથા-ખંડ ( વેદનાખંડ : પુસ્તક ૯ ) ના મંગલ સૂત્રો જ છે; તે નમસ્કારરૂપ મંગલ સૂત્રો જ અહીં જાપ્યમંત્ર તરીકે ગોઠવી દીધા છે.

ભક્તામર-સ્તોત્રનું આ વિવેચન જૈનસાહિત્યમાં એક નવી જ ભાત પાડનારું છે; આમાં સ્તુતિકાર તેમજ પ્રવચનકારના ભાવોને બરાબર ઝીલીને, સ્તુતિકાર-સાધક જીવોના અંતરના ઊંડા ભાવો—કે જે વીતરાગી આત્મરસમાં તરબોળ છે, તે ખોલીને સ્પષ્ટ કર્યાં છે. એક પીઢ-મુમુક્ષુના શબ્દોમાં કહીએ તો ભક્તામર ઉપર સેંકડો પુસ્તકો લખાઈ ને છપાઈ ચુકયા છે પણ તેમાં આ પુસ્તક એક અજોડ શલિનું છે—કે જે જિજ્ઞાસુ પાઠકોને સીધેસીધું સ્તુત્ય-પરમાત્મા સાથે સંબંધ કરાવે છે; પરમાત્મા એના અંતરમાં વસી જાય છે, ને કેટલેક અંશે સ્તોતા-સ્તુત્ય ( સાધક અને સાધ્ય ) વચ્ચેનું અંતર તૂટીને એકતા થાય છે. —આ જ છે...અભેદ ભક્તિ અથવા પરમાર્થ-સ્તુતિ! એકવાર એક સાધુ પુરુષ જિનમંદિરમાં દર્શન કરવા આવ્યા, તેમણે કહ્યું કે મારે ભગવાનના દર્શનમાં વચ્ચે કોઈ આડશ ન હોવી જોઈએ, ભગવાનના સીધા દર્શન થવા જોઈએ; તેમ અહીં સાધક-ભક્ત ચિંતવે છે કે સ્તુતિમાં મારી અને ભગવાનની વચ્ચે કોઈ ઇન્દ્રિયોની કે વિભાવની આડશ હોવી ન જોઈએ; મારા અતીન્દ્રિયચેતનભાવો વડે ભગવાનનો સીધો ભેટો કરીને હું તેમની સ્તુતિ કરીશ....ને તેમના જેવો થઈશ. 'વાહ, ધન્ય તમારી સ્તુતિ!'

—આવી સ્તુતિ કરવાનું આપણને પૂ. શ્રી કહાનગુરુએ શીખવ્યું છે. તેઓશ્રીએ સોનગઢની પ્રવચનસભામાં ચૈતન્ય-રસભીનાં આ ભક્તામર-સ્તોત્ર ઉપર વિસ્તૃત પ્રવચનો કરીને તેના અધ્યાત્મભાવો ખોલ્યા છે. આજે સુદીર્ઘકાળ બાદ તેનું વ્યવસ્થિત અને સર્વાંગસુંદર પ્રકાશન થતાં, ઘણા વર્ષોની મારી તેમજ હજારો જિજ્ઞાસુઓની ભાવના પૂરી થાય છે; ગુરુદેવના બાકી રહેલા અનેક સાહિત્ય-કાર્યોમાંથી આ એક મહત્ત્વનું પ્રકાશન પૂરું થાય છે. ( છહઢાળા-પ્રવચનોના છએ ભાગોનું ગુજરાતી-પ્રકાશન પણ આ પહેલાં પૂરું થઈ ગયું છે. ) આ પુસ્તકના પદે-પદે આપણને શ્રી ગુરુ-કહાનના મહાન ઉપકારોનું સ્મરણ થાય છે.

આ સ્તોત્રની એક વિશેષતા એ છે કે, તે એક દિગંબર-મુનિરાજની રચના હોવા છતાં, સમસ્ત જૈનસમાજ તેને પોતાનું જ સમજીને આદરપૂર્વક માને છે; સમસ્ત જૈનોનું આ એક સર્વમાન્ય—સર્વપ્રિય સ્તોત્ર છે ને એક મહાન શાસ્ત્ર જેટલું મનનીય છે. જૈનોના દરેક સંપ્રદાયમાં આ સ્તોત્ર ઉપર ઘણાય વિવેચનો લખાયા છે; પણ તેમાં આ વિવેચનની શૈલિ અંતર્મુખી આત્મભાવ જગાડનારી છે.

તાજેતરમાં ( ઈ. સ. ૧૯૮૪-૮૫ માં ) આપણા ચોવીસ તીર્થંકર ભગવંતોનું મહા-પુરાણ અને ભગવતી આરાધના જેવા મહાન ભાગવત શાસ્ત્રોના ગુજરાતી-પ્રકાશન પછી એવું જ સુંદર આ 'ભક્તિશાસ્ત્ર' પ્રસિદ્ધ થાય છે. આમ તો આમાં ભગવંતના

ગુણોનું વર્ણન હોવાથી આ પણ 'ભાગવત શાસ્ત્ર' જ છે; આપણે આને 'ભક્તિ અનુયોગનું ભાગવત' કહી શકીએ. આવું સુંદર 'ભક્તિ-ભેટણું' સાધર્મી-જિજ્ઞાસુઓના હાથમાં મુકતાં મારું અંતર પ્રસન્નતા અનુભવે છે, અને જિનભક્તિના તથા ગુરુ કહાનના મહાન ઉપકારના મંગલ ગીતથી મારું હૃદય ગૂંજી રહ્યું છે. તદુપરાંત શ્રી જિનદેવનું સ્વરૂપ સમજાવીને સાચી જિનભક્તિ કરતાં જેમણે શીખવ્યું તે પૂ. ધર્મમાતાઓનો પણ મહાન ઉપકાર છે.

હે જિનેન્દ્રદેવ! મારી ચેતનામાં વહેતું આપના ગુણોની ભક્તિનું મંગલ ઝરણું ઝડપથી કેવળજ્ઞાન-સમુદ્રમાં ભળી જાય — એવી ભાવના ભાવું છું.

સોનગઢ. ૧-૧-૧૯૮૬ —જિનપદસેવક
(વીરસં. ૨૫૧૨ માગ. વ. ૮) બ્ર. હરિલાલ જૈન

## પરિશિષ્ટ અને બીજાં બે શાસ્ત્ર

ભક્તામર સ્તોત્ર-વિવેચન અને પરિશિષ્ટ પછી આ પુસ્તકના બીજા ભાગમાં કાર્તિકેયસ્વામી રચિત બાર વૈરાગ્ય—અનુપ્રેક્ષાઓનું ગુજરાતી ભાષાંતર તેમજ 'ભવ્યામૃતશતક' (કન્નડ શાસ્ત્રનું ગુજરાતી ભાષાંતર), આપવામાં આવેલ છે,—તેનું વાંચન પણ જિજ્ઞાસુને આત્મહિતની ઉત્તમ પ્રેરણા આપીને પ્રસન્ન કરશે.

# * ભક્તામર-સ્તોત્ર : અનુક્રમ *


| નં. | શ્લોક | વિષય | પાનું |
|---|---|---|---|
| ૧. | भक्तामरप्रणत... | સમ્યક્ પ્રણામપૂર્વક સ્તુતિનો પ્રારંભ.................... | ૧ |
| ૨. | यः संस्तुतः... | ઉત્તમ સ્તવન વડે હું આદિનાથને સ્તવીશ................ | ૧ |
| ૩. | बुद्धया विनापि... | પ્રભુ પાસે બાળક જેવા બનીને સ્તુતિ ( ચાંદો ) ........ | ૧૬ |
| ૪. | वक्तुं गुणान्... | જિનગુણ સ્તુતિ તે સમુદ્રને તરવા જેવું મહાન કાર્ય...... | ૨૩ |
| ૫. | सोहं तथापि... | શક્તિ છે અલ્પ, ભક્તિ છે મહાન (હરણ-સિંહ)........ | ૨૬ |
| ૬. | अल्पश्रुतं श्रुतवतां... | કોયલનો ટહૂકાર...ભક્તનો રણકાર........... ............ | ૨૯ |
| ૭. | त्वत् संस्तवेन... | સર્વજ્ઞસૂર્યની સ્તુતિવડે મોહાંધકારનો નાશ............... | ૩૨ |
| ૮. | मत्वेति नाथ... | પ્રભુના સાન્નિધ્યને લીધે સ્તોત્રની ને જ્ઞાનની શોભા....... | ૩૬ |
| ૯. | आस्तां तत्र... | પ્રભુના ગુણની કથાથી પણ પાપોનો નાશ ............. | ૩૮ |
| ૧૦. | नात्यद्भुतं... | પરમાત્માની સેવાનું ફળ પરમાત્મપદની પ્રાપ્તિ ....... | ૪૨ |
| ૧૧. | दृष्ट्वा भवन्तम्... | પ્રભુદર્શનથી પરમ તૃપ્તિ; હવે બીજે મન નહીં લાગે... | ૪૬ |
| ૧૨. | यैः शांतरागरुचिभिः... | શાંત આત્મા, શાંત શરીર; બંનેનું ઉત્કૃષ્ટપણું............ | ૪૯ |
| ૧૩. | वक्त्रं क्व ते... | પ્રભુની પ્રશાંતમુદ્રા ચંદ્રની ઉપમાથી પણ પાર ........... | ૫૨ |
| ૧૪. | सम्पूर्ण मंडल... | જિનગુણ-મહિમાનો ત્રણલોકમાં ફેલાવ................. | ૫૪ |
| ૧૫. | चित्रं किमत्र... | પ્રભુની અચલ નિર્વિકારતા ને વીતરાગતા.... . ......... | ૫૭ |
| ૧૬. | निर्धूम-वर्ति... | અદ્ભુત કેવળજ્ઞાન-દીવડો.............................. | ૬૦ |
| ૧૭. | नास्तं कदाचिद्... | સૂર્ય કરતાંય તેજસ્વી જ્ઞાનભાનુ............................ | ૬૩ |
| ૧૮. | नित्योदयं... | ચંદ્ર કરતાંય સુશોભિત જ્ઞાનચંદ્ર.......................... | ૬૬ |
| ૧૯. | किं शर्वरीषु... | દેહનું દિવ્યતેજ; આત્માનું અતીન્દ્રિય તેજ............... | ૬૯ |
| ૨૦. | ज्ञानं यथा त्वयि... | ક્યાં મણિ, ક્યાં કાચ? ક્યાં સર્વજ્ઞદેવ, ક્યાં કુદેવ?...... | ૭૧ |
| ૨૧. | मन्ये वरं हरि... | હવે સર્વજ્ઞ સિવાય કોઈ ચિત્ત હરી શકે નહિ............. | ૭૩ |
| ૨૨. | स्त्रीणां शतानि... | અદ્વિતીય પુત્ર...અદ્વિતીય માતા................ .......... | ૭૬ |
| ૨૩. | त्वां आमनंति... | ગુણવાચક નામો દ્વારા સ્તુતિ (પરમપુરુષ વગેરે)......... | ૭૮ |
| ૨૪. | त्वां अव्ययं... | ગુણવાચક નામો દ્વારા સ્તુતિ (અવ્યય વગેરે)... . ...... | ૮૧ |
| ૨૫. | बुद्धस्त्वमेव... | ગુણવાચક નામો દ્વારા સ્તુતિ (બુદ્ધ વગેરે).............. | ૮૬ |
| ૨૬. | तुभ्यं नमः... | અહો દેવ! આપને નમસ્કાર...નમસ્કાર...નમસ્કાર...... | ૮૯ |
| ૨૭. | को विस्मयोत्र.... | પ્રભુ સર્વગુણસમ્પન્ન; દોષનો અત્યંત અભાવ ........... | ૯૨ |

## અષ્ટપ્રાતિહાર્ય-વર્ણન


| | | | |
|---|---|---|---|
| ૨૮. | उच्चैः अशोकतरु... | ૧. અશોકવૃક્ષની છાયામાં તેજસ્વી ભગવાન... ...... | ૯૫ |
| ૨૯. | सिंहासने मणिमयुख | ૨. રત્નસિંહાસનથી અલિપ્ત ભગવાન................ | ૯૮ |
| ૩૦. | कुन्दावदात चलन्चामर | ૩. ચામર કહે છે: પ્રભુ પાસે નમો, ઉંચ પદ પામો... | ૧૦૦ |
| ૩૧. | छत्रत्रयं तव विभाति | ૪. છત્રત્રય સૂચવે છે—રત્નત્રયનું ફળ................ | ૧૦૩ |
| ૩૨. | गंभीरतार रवपूरित... | ૫. દુદુંભી વાજાં વડે ધર્મરાજાનો જયજયકાર........... | ૧૦૬ |
| ૩૩. | मंदार सुन्दर... | ૬. પુષ્પવૃષ્ટિ જોતાં ભવ્યજીવની પ્રસન્નતા.... ......... | ૧૦૮ |
| ૩૪. | शुंभत् प्रभावलय... | ૭. ભામંડળમાં દેખાય છે ભવ્યને મોક્ષમંડળ......... | ૧૧૦ |
| ૩૫. | स्वर्गापवर्ग... | ૮. દિવ્યધ્વનિએ દેખાડ્યા-ચૈતન્યખજાના.... ......... | ૧૧૨ |
| ૩૬. | उन्निद्र हेम... | પ્રભુપ્રતાપે આકાશમાં ખીલ્યો ફૂલ-બગીચો............ | ૧૧૫ |
| ૩૭. | इत्थं यथा तव .. | જિન-સૂર્ય પાસે કુદેવો ઝાંખા લાગે છે...... ........ | ૧૧૮ |


## જેના અંતરમાં ભગવાન બિરાજે....એને ભય કેવો? (નવ શ્લોક)


| | | | |
|---|---|---|---|
| ૩૮. | श्च्योतन्मदा... | ૧. જિનભક્તને હાથીનો ભય નથી............ | ૧૨૧ |
| ૩૯. | भिन्नेभ कुंभ... | ૨. જિનભક્તને સિંહનો ભય નથી........... | ૧૨૫ |
| ૪૦. | कल्पांतकाल... | ૩. જિનભક્તને અગ્નિનો ભય નથી.......... | ૧૨૯ |
| ૪૧. | रक्तेक्षणं... | ૪. જિનભક્તને કાળા સર્પનો ભય નથી... ....... | ૧૩૨ |
| ૪૨. | वल्गत् तुरंग... | ૫. જિનભક્તને શત્રુસેનાનો ભય નથી...... ...... | ૧૩૫ |
| ૪૩. | कुंताग्र भिन्न... | ૬. જિનભક્તને યુદ્ધભૂમિનો ભય નથી........... | ૧૩૭ |
| ૪૪. | अंभोनिधौ... | ૭. જિનભક્તને તોફાની સમુદ્રનો ભય નથી........... | ૧૩૯ |
| ૪૫. | उद्भूत भीषण... | ૮. જિનભક્તને ભીષણ રોગનો ભય નથી........... | ૧૪૧ |
| ૪૬. | आपादकंठ... | ૯. જિનભક્તને બેડીના બંધનનો ભય નથી... ...... | ૧૪૩ |
| ૪૭. | मत्तद्विपेन्द्र ... | જિનભક્તને સર્વપ્રકારના ભયનો અભાવ.............. | ૧૪૬ |
| ૪૮. | स्तोत्रस्रजं तव जिनेन्द्र | ઉત્તમ ફળપૂર્વક સ્તોત્રનો ઉપસંહાર.................... | ૧૪૮ |


### પરમાત્માનો ભક્ત પોતે પરમાત્મા બની જાય છે.


પરિશિષ્ટ ( ભક્તામરસ્તોત્રની રચનાનો ઇતિહાસ વગેરે).................. ૧૫૦

* કાર્તિકેયસ્વામી રચિત દ્વાદશ-અનુપ્રેક્ષા ( ગુજરાતી અનુવાદ ) પૃ. ૧ થી ૫૬

* ભવ્યામૃત-શતક ( કન્નડશાસ્ત્રનો ગુજરાતી અનુવાદ ) પૃ. ૧ થી ૧૬


—o—

# 卐 સર્વજ્ઞદેવની સાચી ભક્તિનું ફળ 卐





'હે દેવ! આપનું પરમ શાંત–વીતરાગ–સર્વજ્ઞ રૂપ દેખ્યા પછી અમારું ચિત્ત બીજે ક્યાંય લાગતું નથી; રાગથી પાર આપના જેવું સર્વજ્ઞસ્વરૂપ....તેમાં જ અમારું ચિત્ત લાગ્યું છે. તેને સાધીને અમેય આપના જેવા પરમાત્મા થશું.'

—આવા ઉત્તમ ભક્તિભાવપૂર્વક શ્રી ગુરુકહાન કહે છે કે જૈનધર્મમાં જ આ એક ખાસ વિશિષ્ટતા છે કે તેમાં સર્વજ્ઞસ્વામીનો સેવક, સદાય સેવક જ નથી રહેતો પરંતુ થોડા કાળમાં તે પોતે પણ કેવળજ્ઞાનાદિ વૈભવ પ્રગટ કરીને પરમાત્મા બની જાય છે. પરમાત્માની ઉપાસના કરનારનું લક્ષ પોતે પરમાત્મા બનવાનું છે, એટલે પોતામાં પરમાત્મસ્વભાવ છે તેનો સ્વીકાર કરીને તેની અંતરંગ ઉપાસના વડે તે પણ પરમાત્મ-પદને સાધી લ્યે છે...ભક્ત પોતે ભગવાન બની જાય છે.

—આ છે સર્વજ્ઞદેવની સાચી ભક્તિનું ફળ!

—o—

મુનિરાજ શ્રી માનતુંગસૂરિ રચિત

## ઋષભદેવ–સ્તુતિ

# भक्तामर-स्तोत्र




ભગવાન ઋષભદેવ...જાણે કે અત્યારે સમવસરણમાં સાક્ષાત્ બિરાજી રહ્યા હોય, દેવ–દેવેન્દ્રો આવીને પ્રભુના ચરણોમાં ભક્તિથી મસ્તક ઝુકાવતા હોય, ને તે પ્રભુની સન્મુખ પોતે પણ ભાવભીની સ્તુતિ કરતા હોય; —એવી રીતે પરમાત્માને પોતાના જ્ઞાનમાં સાક્ષાત્ કરીને શ્રી માનતુંગ મુનિરાજ આ સ્તુતિનો પ્રારંભ કરે છે :—

ॐ

# સમ્યક્ પ્રણામપૂર્વક સ્તુતિનો પ્રારંભ




[ શ્લોક ૧-૨ વસંતતિલકા ]

भक्तामरप्रणतमौलिमणिप्रभाणाम्
उद्योतकं दलितपापतमोवितानम् ।
सम्यक् प्रणम्य जिनपादयुगं युगादौ
आलम्बनं भवजले पततां जनानाम् ॥

यः संस्तुतः सकलवाङ्मय तत्त्वबोधात्
उद्भूतबुद्धिपटुभिः सुरलोकनाथैः ।
स्तोत्रैर्जगत्त्रितयचित्तहरैरुदारैः
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ।

ભક્તામર લચિત તાજમણિ પ્રભાના
ઉદ્યોતકાર, હર પાપતમો જથાના;
આધારરૂપ ભવસાગરનાં જનોને,
એવા યુગાદિ પ્રભુ પાદયુગે નમીને;

કીધી સ્તુતિ સકલ શાસ્ત્રજ તત્ત્વબોધે-
પામેલ બુદ્ધિ પટુથી સુરલોકનાથે;
ત્રલોક ચિત્તહર ચારુ ઉદાર સ્તોત્રે,
હું એ ખરે સ્તવીશ આદિ જિનેન્દ્રને તે.

સ્તુતિકાર શ્રી માનતુંગ મુનિરાજ કહે છે કે હું તે પ્રથમ જિનેન્દ્ર શ્રી ઋષભદેવનું સ્તવન કરીશ,-જેમના ચરણોમાં ભક્ત-અમર એટલે ભક્તિવંત દેવો પોતાના મુગટ નમાવી રહ્યા છે. તે દેવોના મુગટના મણિની જે પ્રભા તેનો ઉદ્યોત કરનારા, પાપ—તિમિરના સમૂહને હરનારા અને ભવસાગરમાં ડૂબતા જનોને તરવા માટે ધર્મયુગની આદિમાં

આલંબનરૂપ એવા પ્રથમ જિનેન્દ્રના પાદયુગમાં 'સમ્યક્ ભાવે' નમસ્કાર કરીને હું તેમની સ્તુતિ કરીશ.

હું જેમની સ્તુતિ કરું છું તે જિનેન્દ્રદેવની સ્તુતિ મોટા મોટા પુરુષોએ પણ કરી છે. સકલશાસ્ત્રના જ્ઞાનવડે જેમની બુદ્ધિ ઉદ્‌ભટ–પારંગત છે એવા કુશળ ઇન્દ્રોએ, ત્રણલોકનું ચિત્ત પ્રસન્ન કરે એવા સુંદર–ઉત્તમ સ્તોત્રવડે જેમની સ્તુતિ કરી છે એવા આદિ જિનેન્દ્રને હું પણ આ ઉત્તમ સ્તોત્ર વડે સ્તવીશ. સ્તુત્ય એવા ઇષ્ટદેવ પરમ શ્રેષ્ઠ વીતરાગ સર્વજ્ઞ છે તો તેમના ગુણની સ્તુતિ પણ શ્રેષ્ઠ જ હોય ને!

આ ભરતક્ષેત્રમાં ગત ચોવીસીના અંતિમ તીર્થંકરના મોક્ષગમન બાદ ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમના અંતરે આ ચોવીસીમાં ભગવાન ઋષભદેવ પહેલા તીર્થંકર થયા, તેમણે આ યુગમાં ધર્મની શરૂઆત કરી; ભવસાગરથી તરવાનો ઉપાય બતાવીને તેમણે આ ભરતક્ષેત્રમાં ધર્મયુગનો પ્રારંભ કર્યો. દિવ્યધ્વનિ વડે વીતરાગતા અને સર્વજ્ઞતાનો માર્ગ ખુલ્લો કરીને અનેક જીવોને મોક્ષમાર્ગમાં લગાડ્યા ને ભવસાગરથી તાર્યા. આ રીતે ધર્મયુગના પ્રણેતા એવા શ્રી આદિનાથ જિનેન્દ્રના ચરણોમાં નમસ્કાર કરીને સ્તુતિનો પ્રારંભ કરું છું—આમ કહીને માનતુંગમુનિરાજે સ્તુતિમાં જિનેન્દ્રમહિમાનો અદ્‌ભુત ધોધ વહેવડાવ્યો છે.

હે પ્રભો! ભક્તિભરેલા ચિત્તથી ઇન્દ્રાદિ ભક્ત દેવો જ્યારે આપના ચરણોમાં નમે છે ત્યારે આપના નખની પ્રભાવડે એ દેવોના મુગટના મણિ ઝળહળી ઊઠે છે. અહા! ઇન્દ્રના મુગટમણિના દિવ્ય તેજ કરતાંય આપના એક નખની પ્રભા વધી જાય. તીર્થંકરના રૂપની દિવ્યતાની શી વાત!–ઇંદ્રનું રૂપ પણ જેની પાસે ઝાંખુ પડી જાય, એવું તો એમના દેહનું રૂપ!—ત્યાં આત્માના અતીન્દ્રિય રૂપની તો વાત જ શી કરવી? કેવળજ્ઞાન ખીલી ગયું તેના મહિમાની શી વાત? જુઓ, આ સર્વજ્ઞની સ્તુતિમાં જિનગુણચિંતનની સાથે સાથે આત્માનો મહિમા ઘૂંટાતો જાય છે, તે ખરી સ્તુતિ છે, તેનો જ ખરો લાભ છે.

પ્રભો! દેવેન્દ્રના મુગટનો મહિમા અમને નથી ભાસતો, અમને તો આપના નખની પ્રભાનો મહિમા ભાસે છે. હે નાથ! આપના ચરણની દિવ્યપ્રભા પાસે ઇન્દ્રના મુગટમણિ અમને ઝાંખા લાગે છે. આપનો આત્મા ચૈતન્યપ્રભાથી ઝળકી ઊઠ્યો છે તેની ઝાંઈ જાણે નખમાંથી પણ ઊઠી રહી હોય, એવા દિવ્ય ચમકારથી આપના નખના પ્રભા ઝળકી રહી છે, ને તે નખનો પ્રકાશ ઇન્દ્રના મુગટના મણિ ઉપર પડે છે તેથી તે મણિ શોભી રહ્યો છે. જુઓ, ઇન્દ્રના મુગટમણિનો પ્રકાશ ભગવાનના નખ ઉપર પડે છે એમ ન કહ્યું પણ ભગવાનના નખનો પ્રકાશ ઇન્દ્રના મુગટ ઉપર પડે છે એમ કહીને ઇન્દ્રના મુગટ કરતાં ભગવાનના ચરણની મહત્તા બતાવી. હે નાથ! ઇંદ્રનો મુગટ પણ આપના ચરણમાં નમે છે તેથી જ શોભે છે.

સૌધર્મેન્દ્ર પાસે ૩૨ લાખ દેવવિમાનની ઋદ્ધિ છે; પણ ભગવાનની સ્તુતિ કરતાં તે કહે છે કે હે પ્રભો! કેવળજ્ઞાનમય આપની દિવ્ય ચૈતન્યઋદ્ધિ પાસે અમારી આ પુણ્યના

ઋદ્ધિની કાંઈ કિંમત નથી. નાથ! ધર્મીને પૂજ્ય ને આદરણીય તો આ ચૈતન્યઋદ્ધિ જ છે. આમ સ્તુતિકાર પુણ્ય અને ધર્મ વચ્ચેનું અંતર પાડીને સ્તુતિ કરે છે. જેના હૃદયમાં પુણ્યના વૈભવનું બહુમાન હોય તેને વીતરાગી ચૈતન્યઋદ્ધિ પ્રત્યે ખરી ભક્તિ ઉલ્લસે નહિ ને એનું ખરૂં બહુમાન જાગે નહિ. અને જેને વીતરાગી કેવળજ્ઞાનનું બહુમાન જાગ્યું તેને રાગનું કે રાગના ફળનું બહુમાન હોય નહિ. રાગ અને વીતરાગતા (અર્થાત્ પુણ્ય અને ધર્મ) એ બે ચીજ જ જુદી છે, બંનેનું બહુમાન એક સાથે રહી શકે નહિ.

હે ભગવાન્! ભક્ત દેવો આપના ચરણોમાં નમે છે, દેવોના સ્વામી એવા ઈન્દ્રો પણ આપના જ ચરણોને ભક્તિથી નમે છે ને આપની સર્વજ્ઞતાનું બહુમાન કરે છે, તેથી અમે એમ સમજીએ છીએ કે, રાગના ફળરૂપ ઈન્દ્રપદ કરતાં વીતરાગતાથી મળતું સર્વજ્ઞપદ જગતમાં શ્રેષ્ઠ અને આદરણીય છે. ચૈતન્યની ઉત્કૃષ્ટ વીતરાગપદવી પાસે જગતના બધાય પદ તૂચ્છ ભાસે છે. અહા! સર્વજ્ઞતાની અચિંત્યઋદ્ધિ પાસે ઈન્દ્રની ઋદ્ધિ પણ તરણાં જેવી તૂચ્છ છે. જગતમાં ઉત્તમ પુણ્યવંત એવા ઈન્દ્રો પણ તીર્થંકરના અને વીતરાગી સંતમુનિના ચરણોમાં આદરથી મસ્તક ઝૂકાવે છે ને એ દશાની ભાવના ભાવે છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે પુણ્ય કરતાં પવિત્રતા પૂજ્ય છે, આદરણીય છે. ઈન્દ્ર પોતે સમકિતી છે, તેને પોતાને રાગની–પુણ્યની કે તેના ફળની રુચિ નથી. જેને પુણ્યની રુચિ હોય તેને ઊંચા પુણ્ય બંધાય નહિ ને તે ઈન્દ્રપદ પામે નહીં. રાગનો નકાર કરીને ચૈતન્યની સાધના કરતાં કરતાં વચ્ચે એવા ઊંચા પુણ્ય બંધાઈ ગયા ને ઈન્દ્રપદ મળ્યું. તે ઈન્દ્રની પુણ્યઋદ્ધિ અપાર છે; તે કહે છે: હે નાથ! અમારી આ ઋદ્ધિ ઉત્કૃષ્ટ નહિ પણ આપની ચૈતન્યઋદ્ધિ જ ઉત્કૃષ્ટ છે; સુખ હોય તો તે ચૈતન્યઋદ્ધિમાં જ છે, આ બાહ્યઋદ્ધિમાં કિંચિત્ સુખ નથી. પ્રભો! અમારા હૃદયમાં આપની ચૈતન્યઋદ્ધિ વસી છે, એની જ અમે સ્તુતિ કરીએ છીએ, એને જ અમે વંદન કરીએ છીએ ને એનું જ અમે ધ્યાન ધરીએ છીએ. પ્રભો! અમારું મસ્તક આપના ચરણમાં નમ્યું તે નમ્યું, તે હવે બીજાને કોઈ કાળે નહીં નમે. આપની ભક્તિના અવલંબનના બળવડે અમે ભવસાગરને તરી જાશું, એટલે કે વીતરાગભાવના ઘોલનવડે રાગને તોડીને સર્વજ્ઞતાને પામશું. આપની ભક્તિ કરીને અમેય આપના જેવા થઈશું.

ભગવાન જેવો ભાવ પોતામાં પ્રગટ કરવો તે જ ભગવાનની પરમાર્થસ્તુતિ છે. દેહાદિથી ભિન્ન ચિદાનંદસ્વભાવને જાણવો એટલે કે સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે અર્હંતદેવની પહેલી પરમાર્થ સ્તુતિ છે–એ વાત કુંદકુંદાચાર્યદેવે સમયસારની ૩૧ મી ગાથામાં અલૌકિક રીતે સમજાવી છે. આવી નિશ્ચયસ્તુતિની સાથે જે વ્યવહારસ્તુતિ હોય તે પણ અલૌકિક હોય છે. અહા, જેણે ચૈતન્યની પરમાત્મદશા સાધવી છે તેને, તે દશાને સાધી ચૂકેલા ને સાધી રહેલા જીવો પ્રત્યે (એટલે કે દેવ–ગુરુ પ્રત્યે) અતિશય પ્રમોદ ભક્તિ ને બહુમાન ઉલ્લસે છે. નિયમસારમાં શ્રી પદ્મનંદીસ્વામી કહે છે કે—

भवभयभेदिनि भगवति भवतः किं भक्तिरत्र न शमस्ति ।
तर्हि भवाम्बुधिमध्य ग्राहमुखान्तर्गतो भवसि ॥ १२ ॥




અરે જીવ! ભવભયને ભેદનારા આ ભગવાન પ્રત્યે શું તને ભક્તિ નથી? જો નથી તો તું ભવસમુદ્રની મધ્યમાં રહેલા મગરના મુખમાં છો. અહીં તો કહે છે કે હે નાથ! આ યુગની આદિમાં, ભવ્યજીવોને ભવસાગરથી તરવા માટે આપ જહાજ સમાન છો. આપનું આલંબન લઈને, એટલે પરમાર્થે સર્વજ્ઞસ્વભાવનું અવલંબન લઈને અમે આ ભવસમુદ્રને તરી જશું.

માનતુંગસ્વામીએ આ સ્તુતિમાં અલૌકિક ભાવો ભર્યા છે. આમ તો આ સ્તુતિ ઋષભદેવ ભગવાનને સંબોધીને કરી છે, પરંતુ બધાય તીર્થંકર ભગવંતોને તે લાગુ પડે છે. ગુણ અપેક્ષા એ એક તીર્થંકરની સ્તુતિમાં અનંતા તીર્થંકરની સ્તુતિ સમાઈ જાય છે. જિનગુણસ્તવન દ્વારા જેણે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન કરીને સર્વજ્ઞસ્વભાવનો વિશ્વાસ કર્યો તે જીવ તે સ્વભાવના ઘોલનવડે કેવળજ્ઞાન પ્રગટ કરીને સિદ્ધપદ જરૂર પામશે.


'भक्तामर' તેમાં ભક્ત અને અમર એવા બે શબ્દની સંધિ છે; અમર એટલે દેવ; ઇન્દ્રાદિ દેવોનું આયુષ્ય બહુ લાંબુ (અસંખ્ય વર્ષોનું) હોય છે એટલે તેમને અમર કહેવાય છે; જો કે ત્યાં પણ પાછું મરણ તો ઊભું જ છે. આ મનુષ્યો તથા તિર્યંચો રહે છે તે મધ્યલોક છે; ઉપર ઊર્ધ્વલોકમાં સૌધર્મ વગેરે ૧૬ સ્વર્ગ છે. તેની ઉપર નવ ગ્રૈવેયક, પાંચ અનુદિશ તથા પાંચ અનુત્તર વિમાનો (સર્વાર્થસિદ્ધિ વગેરે) છે, તેમાં અસંખ્ય દેવો રહે છે. સર્વાર્થસિદ્ધિમાં સંખ્યાત દેવો છે તે બધાય એકાવતારી છે એટલે ત્યાંથી સીધા મનુષ્યભવ પામીને તે જ ભવે મોક્ષ પામશે. સ્વર્ગની ઊંચી પદવી તેમજ ઇન્દ્રાદિ પદવી જિનેન્દ્રદેવના ભક્તો જ પામે છે, બીજાને તેવી ઊંચી પદવીને યોગ્ય પુણ્ય હોતાં નથી. સ્વર્ગનો

દેવ નજરે દેખાય ત્યાં સાધારણ અજ્ઞાની તો અંજાઈ જાય, તેને એમ જ લાગે કે જાણે ભગવાને દર્શન દીધાં. પણ ભાઈ, સ્વર્ગનું દેવપણું એ કાંઈ આશ્ચર્યની વાત નથી. સ્વર્ગના એ પુણ્યના પૂતળાં પણ સર્વજ્ઞ પરમાત્માના ચરણોમાં અત્યંત ભક્તિથી નમી પડે છે, ને ભગવાનના નખની પ્રભાથી એનાં મુગટનાં મણિ ઝળકી ઊઠે છે. અહીં આચાર્ય કહે છે કે ઇન્દ્રને મણિરત્નોથી ઝગઝગતો જે આવો મુગટ મળ્યો તે હે જિનેન્દ્ર! આપના ચરણની ભક્તિના પ્રતાપે જ મળ્યો છે. જેને જિનેન્દ્રદેવના ચરણની ભક્તિ નથી તેને ઇન્દ્રપદ હોતું નથી; એ તો ભવસાગરની વચ્ચે મગરના મોઢામાં પડેલો છે. આમાં તીર્થંકરને ઉત્તમ પવિત્રતા સાથે ઉત્તમ પુણ્ય કેવા હોય છે તેની પણ સંધિ બતાવી. તીર્થંકરને પણ રોગાદિ થવાનું કહે તો તેણે ભગવાનનું બાહ્યસ્વરૂપ (પુણ્ય) પણ ઓળખ્યું નથી; અંતરંગ પવિત્રતાની તો વાત શી!

વીતરાગસ્વભાવના ભાન સહિતની આ અલૌકિક સ્તુતિ છે. પ્રભો! આપની સ્તુતિ કરતાં-કરતાં આપની સર્વજ્ઞતાને અમે જ્યાં પ્રતીતમાં લઈએ છીએ ત્યાં તો મિથ્યાત્વાદિના ટૂકડેટૂકડા થઈ જાય છે, પાપનો સમૂહ છિન્નભિન્ન થઈને દૂર ભાગે છે; અમારી ચેતના આનંદિત થાય છે ને ઉપદ્રવો શાંત થઈ જાય છે.—આવું આ સ્તુતિનું ફળ છે કેમકે આ નિશ્ચયસહિતની વ્યવહારસ્તુતિ છે. વીતરાગસ્વભાવના ઘોલનપૂર્વક જિનેન્દ્રભગવાનની ભક્તિ જ્યાં ઊલ્લસી ત્યાં પવિત્રતાની સાથે પુણ્યનો રસ પણ વધી જાય છે, અને તેને લીધે કોઈ વાર બેડી તૂટવી વગેરે ચમત્કાર બની જાય છે, એટલે તેને સ્તુતિનું ફળ કહેવાય છે. વર્તમાન તે પ્રકારના પુણ્યનો યોગ હોય તો તેમ બની જાય, અને કોઈકને વર્તમાન તેવો પુણ્યયોગ ન હોય તો એવું ન પણ બને, પણ અંદરમાં તો વીતરાગ-સ્વભાવના બહુમાનથી ને જિનભક્તિથી પવિત્રતા વધતી જ જાય ને પુણ્યનો રસ પણ વધતો જ જાય-એ નિયમ છે. પણ ભગવાનના ભક્ત કહે છે કે હે નાથ! પુણ્યના ફળમાં આ દેવાદિની ઋદ્ધિ મળી તેની અમને કિંમત નથી, આપે જે સર્વજ્ઞતા અને વીતરાગભાવ પ્રગટ કર્યો તે અજોડ મહિમાવંત છે, જગતમાં એનો જોટો નથી; એનો જ અમને મહિમા છે, તેથી અમે આપને જ નમીએ છીએ ને આપના જ ગુણગાન ગાઈએ છીએ. આપના ગુણ-ગાન ગાતાંગાતાં વચ્ચે પુણ્ય તો એક દાસની જેમ આવીને ઊભા રહેશે, પણ તેને અમે નમતા નથી; તેની તરફ અમારો ઝૂકાવ નથી, અમારો ઝૂકાવ આપના જેવા વીતરાગ સર્વજ્ઞસ્વભાવ તરફ જ છે.

જુઓ, આ ભગવાનના ભક્ત! આવા ભાવથી ભગવાનની ભક્તિ કરવા જે ઊભો થયો તેની ભકિતના રંગમાં ભંગ પડે નહિ. વીતરાગસ્વભાવને ભૂલીને વચ્ચે રાગને તે કદી આદરે નહિ; બહારમાં લક્ષ જાય તો વીતરાગ અર્હંતદેવનો આદર, ને અંદરમાં લક્ષ જાય તો વીતરાગ આત્મસ્વભાવનો અનુભવ; એનાથી વિરુદ્ધ બીજા કોઈને તે આદરે નહિ; એટલે હવે વીતરાગસ્વભાવના આદરથી રાગને તોડીને વીતરાગ થયે જ છૂટકો.

અહા, કેવળજ્ઞાનના અનંત પ્રકાશથી ખીલેલી પ્રભુની જ્ઞાનપ્રભાની તો શી વાત, પરંતુ તીર્થંકર ભગવાનના સમવસરણની શોભા, અને એમના દેહની શોભાય કોઈ દિવ્ય-અદ્ભુત હોય છે. ઈન્દ્રના મુગટ કરતાં જેના નખની પ્રભા વધે-એના સર્વાંગ રૂપની શી વાત! અરે, એ ભગવાનનો અહીં નમૂનો નથી એટલે શી રીતે બતાવવું? વિદેહક્ષેત્રમાં તો અત્યારે સાક્ષાત્ સીમંધરનાથ વગેરે તીર્થંકરો બિરાજી રહ્યા છે. એ ભગવાનના દિવ્ય દેદાર તો નજરે જોયા હોય-એને ખ્યાલ આવે. અહા, પ્રભો! તારા નખની પ્રભાવડે ઈન્દ્રના મુગટ ઝગમગે, અને તારી જ્ઞાનપ્રભા વડે તો સમસ્ત લોકાલોક ઝળકે.-તારા મહિમાની શી વાત!



ભગવાનના નખ, વચ્ચેથી ગોળાકાર જેવા જરાક ઉપસેલા, બંને બાજુ ઢળતા, વચ્ચે સહેજ લાલાશની ઝાંઈવાળા, ઝગમગ થતા હોય ને એમાંથી રંગબેરંગી કિરણો છૂટતા હોય, ચારેકોર એની પ્રભા ફેલાતી હોય.-જ્યારે ઈન્દ્ર નમસ્કાર કરે ત્યારે એના મુગટનું પ્રતિબિંબ ભગવાનના નખમાં પડે, અને એ નખનાં કિરણો મુગટના મણિ ઉપર પડે એટલે મેઘધનુષ જેવી રંગબેરંગી ઝાંઈથી તે ઝળકી ઊઠે. આમાં સ્તુતિકાર કહે છે કે હે પ્રભો! અમને જગતના મણિ-મુગટનો મહિમા નથી ભાસતો; આપના ચરણની ભક્તિ પાસે મણિ-મુગટ અમને ઝાંખા લાગે છે. જગતનો વૈભવ અમને વહાલો નથી, અમને તો આપનાં ચરણોની ભક્તિ જ વહાલી છે.

જુઓ, અંતરમાં સર્વજ્ઞપદને સાધતાં સાધતાં સાધક સંતોને ભગવાન પ્રત્યે ભક્તિનો પ્રેમ ઉલ્લસ્યો છે. જેમ સંસારમાં પુત્રના લગ્ન વખતે જેને તે જાતનો પ્રેમ છે તે કેવા ગાણાં ગાય છે? 'મેં તો થાળ ભર્યો રે શગ મોતીએ, આંગણે હાથી ઝૂલે અને મારે સોનાસમો રે સૂરજ ઊગીયો '-એમ પ્રેમથી ને ઉમંગથી ગાય છે, ભલે ઘરમાં એમાંનું એકેય ન હોય, ઘરમાં સાચું એક મોતી પણ ન હોય ને હાથી બાંધવા જેટલી જગ્યા પણ ન હોય, છતાં ત્યાં તો ખોટા વખાણ કરીને ગાય છે; અને અહીં તો ભગવાનમાં જે ગુણો વિદ્યમાન છે તેના સાચાં વખાણ છે; ભગવાનમાં સર્વજ્ઞતા, વીતરાગતા વગેરે જે ગુણો પ્રગટ્યા છે તેની લગની લગાડીને, પરમ પ્રેમથી ભક્ત તેનાં ગાણાં ગાય છે; પોતાને તે ગુણ ગોઠ્યા છે ને પોતામાં તેવા ગુણો પ્રગટ કરવા માંગે છે તેથી તેના ગાણાં ગાય છે. એ ગાણાં કોઈ બીજાને માટે નથી ગાતા પણ પોતામાં તે ગુણો પ્રાપ્ત કરવાની જે ભાવના જાગી છે તે ભાવનાને જ પોતે મલાવે છે. તેથી સમંતભદ્રસ્વામીએ કહ્યું છે કે 'वन्दे तद्गुणलब्धये' એકવાર સમંતભદ્ર કહે છે: હે દેવ! મને બીજું તો કોઈ વ્યસન નથી, એકમાત્ર આપનાં ગુણની સ્તુતિનું વ્યસન છે; તેના વિના મારાથી રહેવાતું નથી. (સમંતભદ્રસ્વામીએ ભગવાનની અદ્‌ભુત અને ગંભીર ભાવોથી ભરેલી કેટલીયે સ્તુતિઓ રચી છે.)

હે નાથ! મેં આપના અચિંત્ય ગુણોને ઓળખ્યા છે તેથી મને આપના ઉપર અપાર પ્રમોદ અને બહુમાન જાગ્યું છે. ગુણોની ઓળખાણ સહિતની ભક્તિ તે જ ખરી ભક્તિ છે. આવી ઓળખાણ સહિત કહે છે કે હે જિનેન્દ્ર! કેવળજ્ઞાન પામીને આપનું ચૈતન્યદ્રવ્ય ઝળકી ઊઠ્યું; આપના આ ચૈતન્યઝળકારાની તો શી વાત! આપના કેવળજ્ઞાનપ્રકાશનો તો અચિંત્ય મહિમા છે; એ કેવળજ્ઞાનપ્રકાશ થતાં ત્રણલોકમાં અજવાળાં થાય; અને તેના સાથે (સારા અનાજની સાથે જેમ ઘાસ પણ ઊંચા પાકે તેમ) સાધકદશામાં આપને જે પુણ્ય થયા તેના ફળમાં આપનું જે દિવ્ય શરીર રચાયું-તે શરીરની શોભાની પણ શી વાત! આપનો આત્મા તો લોકોત્તર ને દેહ પણ લોકોત્તર! ચક્રવર્તીએ અને ઇન્દ્રો કાળજેથી ભગવાનને નમી પડે છે—હે નાથ! આપની પાસે અમે ન નમીએ તો જગતમાં અમારે નમવાનું બીજું સ્થાન ક્યાં છે? પ્રભો! અમારું હૃદય આપને જોતાં ઉલ્લસી જાય છે. અહા, આપની વીતરાગતા! જગતમાં જેનો જોટો નથી. એ વીતરાગતા પ્રત્યે નમેલું અમારું હૃદય હવે કદી રાગ પ્રત્યે નમવાનું નથી. હે દેવ! જગતમાં મોક્ષાર્થી જીવોને નમવાનું કોઈ સ્થાન હોય તો એક આપ જ છો, એટલે પરમાર્થે આપના જેવો જે વીતરાગી જ્ઞાનસ્વભાવ છે તે જ મોક્ષાર્થીને આદરણીય છે. રાગ તરફ જે નમે તે આપનો ભક્ત નહિ. બહારમાં કુદેવાદિને માથાં ઝૂકાવે એની તો શી વાત, પણ એમ ન કરે ને અંદરમાં સૂક્ષ્મરાગના કણિયાથી ધર્મનો લાભ થશે એમ માને તો તેણે પોતાનું માથું રાગ તરફ ઝૂકાવ્યું છે, વીતરાગનો તે ખરો ભક્ત નથી. વીતરાગના ભક્તનું માથું રાગને ન નમે. અહીં

તો ઇન્દ્ર કહે છે કે હે પ્રભો, આપને અમે ન નમીએ તો જગતમાં એવું બીજું કયું સ્થાન છે કે જ્યાં અમે નમીએ ?–પવિત્રતામાં અને પુણ્યમાં આપ જ સર્વોત્કૃષ્ટ છો....તેથી આપને જ અમે નમીએ છીએ, જગતના સામાન્ય જીવો ઇન્દ્રને પુણ્યવંત ગણીને આદરે છે, ને તે ઇન્દ્રો ભગવાન જિનેન્દ્રદેવને મહાન ભક્તિથી આદરે છે.—આવા ભગવાનની સ્તુતિ હું આ ભકતામર-સ્તોત્ર દ્વારા કરું છું.

ભગવાનના ચરણોમાં ભક્તિથી નમનારા ઇન્દ્રો જાણે કહે છે કે હે નાથ! અમારા માથાના મુગટના મણિ કરતાં આપના પગના નખની શોભા વિશેષ છે; આપના ચરણની ભકિત તો અજ્ઞાનઅંધકારનો ને પાપનો નાશ કરનારી છે, એ તાકાત અમારા મુગટમણિના તેજમાં નથી; તેથી અમારા મુગટવંતા મસ્તક આપના ચરણોમાં ઝૂકી રહ્યા છે. પ્રભો! આપના આત્માની સર્વજ્ઞતાનું દિવ્ય તેજ તો અમને જ્ઞાનપ્રકાશ આપે છે ને આપના ચરણની ભકિત નિબિડ પાપાંધકારનો નાશ કરે છે. આપની ભકિતથી પાપનો વંશ નિર્વંશ થઈ જાય છે.

હે આદિનાથ જિનેન્દ્ર! આ ભરતક્ષેત્રમાં આપ જ આદ્યગુરુ છો. આપના અવતાર પહેલાં ૧૮ કોડાકોડી સાગરોપમ સુધી આ ભરતક્ષેત્રમાં મોક્ષમાર્ગ ન હતો, જુગલીયાની ને ભોગભૂમિની રચના હતી. ૧૮ કોડાકોડી સાગરોપમ (એટલે ઘણા અસંખ્યાત વર્ષો)ના અંતરે આ ભરતક્ષેત્રમાં આપ આ ચોવીસીના આદ્યતીર્થંકર થયા ને આપે જ મોક્ષમાર્ગ ઉઘાડયો તેથી આપ જ ધર્મયુગના આદિતીર્થંકર છો ને આપ જ આદ્યગુરુ છો. ભવસાગરમાં પડેલા જીવોને મોક્ષમાર્ગ બતાવીને આપે આલંબન આપ્યું; આપે અનેક જીવોને ભવ-સાગરથી તાર્યા. અહો, આપે ધર્મયુગની આદિ કરી; અમારા આત્મામાં અનાદિકાળથી ધર્મનો અભાવ હતો, હવે આપના પ્રતાપે અમારામાં ધર્મની આદિ થઈ. પ્રભો! અમે આપના ધર્મના સાધક થઈને આપના ચરણમાં નમ્યા ત્યાં અમારા મિથ્યાત્વાદિ પાપોની અનાદિની સાંકળ તૂટી ગઈ, ને ભવજળથી તરવાનું આલંબન (સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન) અમને મળી ગયું.

જુઓ તો ખરા...આ ભગવાનની ભક્તિ! પોતાના આત્માને ભગવાનના માર્ગમાં ભેગો ભેળવીને આ ભકિત કરી છે. ભગવાન ઋષભદેવ તીર્થંકર આ અવસર્પિણીના ત્રીજા આરામાં થયા છે ને સ્તુતિકાર આચાર્ય પંચમઆરામાં થયા છે; તેમની વચ્ચે અસંખ્ય વર્ષનું આંતરું છે; છતાં ભગવાન જાણે કે અત્યારે પોતાની સામે પ્રત્યક્ષ સાક્ષાત્ બિરાજતા હોય એવી અદ્‌ભુત સ્તુતિ કરી છે. હે પ્રભો! આપના ગુણોની એટલે કે આપના ચરણોની ભક્તિ સંસારસમુદ્રથી તારવા માટે આલંબનરૂપ છે. આપનો વીતરાગ ઉપદેશ ભવસમુદ્રથી તારનારો ને મોક્ષને દેનારો છે. પ્રભો! હું આપને જ અવલંબું છું એટલે કે આપે ઉપદેશેલા વીતરાગ માર્ગને જ અવલંબું છું, એ જ આ ભવસમુદ્રથી તરવા માટેનો સહારો છે. અહો! આપની ભક્તિ તો મુક્તિ દેનારી છે. શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના ધ્યેયપૂર્વક

વીતરાગભાવને ભજતો ભજતો સાધક ભવને તરીને મોક્ષને પામે છે.—આ રીતે હે નાથ! ભવથી તરવા માટે આપ અમને આલંબનરૂપ છો. જુઓ, રાગને માટે આપ આલંબનરૂપ છો–એમ ન કહ્યું, પણ વીતરાગરૂપ ધર્મને માટે જ આપ આલંબનરૂપ છો–એમ કહ્યું; કેમકે રાગ થાય ને પુણ્ય બંધાય એના ઉપર ભગવાનના ભક્તનું લક્ષ નથી; ભગવાનના ખરા ભકતનું લક્ષ તો આત્માની શુદ્ધિ ઉપર જ છે. ભગવાને જેવું કર્યું તેવું જ તે કરવા માંગે છે, ભગવાને તો વીતરાગભાવનું સેવન કરીને રાગને છોડયો, તો તેનો ભકત પણ એમ જ કરવા માંગે છે. જો ભગવાને કર્યું તેથી વિરુદ્ધ કરે એટલે કે રાગનો આદર કરે તો તેને ભગવાનનો ભકત પણ કેમ કહેવાય? માટે ભગવાનના ભકતની જવાબદારી છે કે તે વીતરાગભાવને જ આદરણીય માને ને રાગના કોઈ અંશને આદરણીય માને નહિ.

આ ભકતામર-સ્તોત્ર બોલે છે તો ઘણા લોકો, પણ તેમાં વીતરાગતાના કેવા અદ્‌ભુત ભાવો ભર્યા છે તે તો કોઈ વિરલા જ સમજે છે. અરે, ચૈતન્યના મહિમા પાસે દેવોની ઋદ્ધિ પણ જ્યાં તૂચ્છ છે, ત્યાં તે બહારની ઋદ્ધિ ( પૈસા વગેરે )ની ભાવનાથી ભકતામર બોલે તેને સર્વજ્ઞ ભગવાનની ભકિત કરતાં આવડતી નથી. અરે ભાઈ! વીતરાગની ભકિત વડે તું સંસારને ઇચ્છે છે?–એ તે ભકિત કેવી? આ વીતરાગની સ્તુતિમાં તો મોક્ષના મંત્રો છે, ભાવરોગ મટાડવાના મંત્રો આમાં ભર્યા છે. ભગવાનની ભકિત ભવભય-ભેદિની છે.

સ્તુતિકાર કહે છે કે 'सम्यक् प्रणम्य' અર્થાત્ સમ્યક્ પ્રકારે પ્રણમીને' હું આ સ્તુતિ કરીશ; એકલા શબ્દોથી કે એકલા રાગથી નહિ પણ સમ્યક્ પ્રકારે એટલે જ્ઞાનપૂર્વક વીતરાગભાવનો અંશ પ્રગટ કરીને હે જિનેન્દ્ર! હું આપને સ્તવીશ. સમ્યગ્દર્શન તે ભગવાનનું પરમાર્થસ્તવન છે. 'વસ્તુસ્તવ' એટલે સર્વજ્ઞદેવના ગુણોનું જેવું સ્વરૂપ છે તેવું લક્ષમાં લેવું તે સર્વજ્ઞની સ્તુતિ છે. હું આ સ્તોત્ર દ્વારા એવી સમ્યક્ સ્તુતિ કરીશ.


હે ઋષભજિનેન્દ્ર! યુગની શરૂઆતમાં આપ ભવસમુદ્રમાં ડૂબતા જીવોને આલંબનરૂપ થયા, આપે મોક્ષનો માર્ગ ખુલ્લો કરીને અસંખ્ય જીવોને તાર્યા. યુગની શરૂઆતમાં કહેતાં ધર્મયુગની શરૂઆતમાં અથવા કર્મભૂમિની શરૂઆતમાં સમજવું. ઋષભદેવ ભગવાન કાંઈ ચોથા આરામાં નથી થયા, તેઓ તો ત્રીજા આરાના અંતભાગમાં થયા છે ને મોક્ષ પણ ત્રીજા આરામાં જ ( થોડા વર્ષ બાકી હતા ત્યારે ) પામ્યા છે. તેમના પહેલાં આ ભરત-ભૂમિમાં અસંખ્ય વર્ષોથી ભોગભૂમિની રચના હતી એટલે મુનિપણું કે કેવળજ્ઞાન ન હતું; કલ્પવૃક્ષનાં ફળથી જીવનનિર્વાહ ચાલતો. પણ પછી કાળક્રમે ભોગભૂમિનો કાળ પૂરો થતાં કલ્પવૃક્ષનાં ફળ પણ બંધ થવા લાગ્યા ને લોકોને ખેતી વગેરે કાર્યોથી નિર્વાહ કરવાની જરૂર ઊભી થઈ. એવા યુગપરિવર્તનના કાળની આદિમાં ભગવાન ઋષભદેવ થયા અને તેમણે જીવોને માર્ગદર્શન આપ્યું, મોક્ષનો માર્ગ પણ તેમણે જ દેખાડયો. ત્યારથી મુનિદશા–કેવળજ્ઞાન અને મોક્ષ આ ભરતક્ષેત્રમાં અસંખ્યવર્ષે શરૂ થયા.




ભગવાન ઋષભદેવ, મુનિ થયા પહેલાં એકવાર અયોધ્યાના રાજદરબારમાં બેઠા હતા. ઈન્દ્ર દેવ–દેવીઓના નૃત્યસહિત ભકિત કરતો હતો. એવામાં નીલંજસા નામની એક અપ્સરાનું આયુષ નૃત્ય કરતાં કરતાં જ પૂરું થઈ ગયું ને એકાએક તેના દેહનો વિલય થઈ ગયો. આવી ક્ષણભંગુરતા જોતાં જ ભગવાન સંસારથી વૈરાગ્ય પામ્યા ને સ્વયં દીક્ષિત થઈને કેવળજ્ઞાન સાધ્યું. પછી સમવસરણમાં એમના દિવ્યધ્વનિવડે ધર્મની 'આદિ' થઈ, અનેક જીવો ધર્મ પામ્યા ને મોક્ષગતિ પણ શરૂ થઈ ગઈ. ઋષભદેવના અવતાર પહેલાં તો આ ભરતક્ષેત્રમાં અસંખ્યવર્ષો સુધી જુગલીયા જીવો જ હતા; તેઓ અહીંથી મરીને એક દેવગતિમાં જ જતા. પણ જ્યાં તીર્થંકર ભગવાનના ધ્વનિનો દિવ્યધોધ ચાલુ થયા ત્યાં ધર્મ પામીને જીવોનું મોક્ષમાં જવાનું પણ શરૂ થઈ ગયું, તેમજ ધર્મનો વિરોધ કરનારા જીવો નરકમાં પણ જવા લાગ્યા. આ રીતે મોક્ષગતિ અને નરકગતિ બંને ખૂલી ગઈ; પરંતુ ભગવાન તો ધર્મના જ 'આદિનાથ' છે, પાપના નહિ; ભગવાનનો ઉપદેશ તો ભવથી તરવાનું જ નિમિત્ત છે, પાપનું નિમિત્ત તે નથી. આથી ભકત કહે છે કે હે ભગવાન ! જેમ મેડી ઉપર ચડનારને દોરીનો સહારો છે તેમ મોક્ષમહેલની શ્રેણીમાં ચડતાં અમને આપના ચરણની ભકિતનો સહારો છે. આપની વીતરાગતાનું અને સર્વજ્ઞતાનું બહુમાન અમને ભવમાં ડૂબવા દેતું નથી. આપના ચરણનો સહારો લેનારા ભવ્ય જીવો પરભાવમાં ડૂબતા બચીને મોક્ષને સાધે છે. મોક્ષમાર્ગ આપે બતાવ્યો છે તેથી આપ જ મોક્ષમાર્ગના નેતા છો, આપ જ અમને મોક્ષમાર્ગે દોરી જનારા છો.

...જુઓ તો ખરા, કેવા સુંદર ભાવથી સ્તુતિ કરે છે!!

પ્રભો, હું આપની સ્તુતિ કરું છું; આપની સ્તુતિ કોણ ન કરે? મહા પ્રવીણ એવા સુરલોકનાથ પણ ત્રણ જગતનું ચિત્ત હરે એવા ઉદાર સ્તોત્રવડે આપની ભક્તિની રેલમછેલ કરે છે. તીર્થંકરભગવાનનો જન્મ થાય ત્યાં ઇન્દ્રો આવીને ભક્તિથી તેમને મેરુપર્વત ઉપર લઈ જાય ને દૈવી ઠાઠમાઠથી તેમનો જન્માભિષેક કરે.



પછી આનંદકારી તાંડવનૃત્ય કરીને ૧૦૦૮ ગુણવાચક મંગળ નામોથી એવી અલૌકિક સ્તુતિ કરે કે લોકો સ્તબ્ધ થઈ જાય. જિનેન્દ્રદેવનો એ અચિંત્ય મહિમા જોઈને ઘણા જીવો સમકિત પામી જાય. ભગવાન તો હજી એક જ દિવસના બાળક છે—પણ અસંખ્યદેવોના સ્વામી ઇન્દ્ર સ્તુતિ કરતાં કહે છે કે હે પ્રભો! આપ તો ત્રણ લોકના નાથ છો....આપ તરણ-તારણ છો...આપ આ અવતારમાં મોક્ષ પામશો ને જગતના ઘણાય જીવોને મોક્ષ પમાડશો. પ્રભો! હજી કેવળજ્ઞાન થયા પહેલાં આપના અવતારનો (દ્રવ્ય-તીર્થંકરનો) આવો મહિમા, તો જ્યારે કેવળજ્ઞાન પ્રગટાવીને સાક્ષાત્ પરમાત્મા (ભાવ-તીર્થંકર) થશો, એના મહિમાની તો શી વાત! લૌકિકમતમાં અજ્ઞાનીઓએ માનેલા જગદીશ તો પોતે ફરી સંસારમાં અવતાર ધારણ કરે છે ને જીવોને સંસારમાં મોકલે છે,—પરંતુ એ ખરા જગદીશ નથી; જીવોને સંસારમાં રખડાવે ને પોતેય જન્મ-મરણ કરે એને જગદીશ કેમ કહેવાય? ખરા જગદીશ તો આપ છો, આપ મુક્ત થયા પછી ફરી કદી સંસારમાં અવતાર ધારણ કરતા નથી, એટલું જ નહિ, ઉલટું આપના નિમિત્તે અનેક જીવો ધર્મ પામીને મોક્ષમાં જાય છે; એ રીતે આપનો અવતાર ધર્મોપદેશ વડે સંસારમાંથી જીવોને છોડાવીને મોક્ષમાં લઈ જાય છે. તેથી મોક્ષના ઇચ્છક જીવો આપની જ સ્તુતિ કરે છે ને આપના જ માર્ગને આદરે છે.

અહા, જગતમાં જેટલા ઉત્તમ જીવો છે તે બધાય આપની જ સ્તુતિ કરે છે. ગણધરો, ચક્રવર્તીઓ, વાસુદેવ-બળદેવ વગેરે સૌ આપની જ સ્તુતિ કરે છે, અન્ય કોઈની નહીં. બાર અંગના જાણનારા મહા બુદ્ધિમાનો પણ હે જિનેન્દ્ર! આપને જ સ્તવે છે કોઈ મૂર્ખ જીવો ભગવાનને ન ઓળખે તો તેની શી ગણતરી? જગતમાં જેટલા બુદ્ધિમાન ઉત્તમ પુરુષો છે તે તો બધાય મહાન ભક્તિથી જિનચરણને જ સેવે છે. ભગવાનની ભક્તિ-પૂજાનો

કોઈ નિષેધ કરતું હોય તો કહે છે કે અરે ભાઈ! બારઅંગને જાણનારા ને દેવોના સ્વામી પણ ભગવાનની ભકિત-પૂજા કરે છે, એમની અગાધબુદ્ધિ પાસે તારી શી ગણતરી? ઈન્દ્ર જેવા પણ ભગવાન પાસે ભકિત કરતાં બાળકની જેમ થનગની ઊઠે છે. ધર્મના પ્રેમીને એ જાતનો પ્રમોદ ઉલ્લસ્યા વગર રહેતો નથી. જુઓને, મોટા મોટા જ્ઞાનીઓ ને મુનિઓનાં હૃદય પણ ભગવાનની ભકિતમાં કેવા ઉલ્લસી પડે છે!


**પ્રશ્ન :—**ભગવાન તો પરદ્રવ્ય છે, શું સમકિતી પરની સ્તુતિ કરે?

**ઉત્તર :—**ભાઈ, તેં હજી વીતરાગ પરમાત્માના ગુણનો મહિમા જાણ્યો નથી એટલે તને આવો પ્રશ્ન ઊઠે છે. સર્વજ્ઞપરમાત્મા પ્રત્યે સ્તુતિનો જેવો ભાવ જ્ઞાનીને ઉલ્લસે છે તેવો અજ્ઞાનીને નહિ ઉલ્લસે. ભલે ભગવાન છે તો પરદ્રવ્ય, પણ પોતાને ઇષ્ટ-સાધ્ય એવી જે વીતરાગતા ને સર્વજ્ઞતા, જ્યાં ભગવાનમાં દેખે છે ત્યાં તે ગુણ પ્રત્યેના બહુમાનથી ધર્મીનું હૃદય ઉલ્લસી જાય છે. જગતમાં રાગી જીવો સ્ત્રીની પ્રશંસા કરે છે તે શું સ્ત્રીને માટે કરે છે?-નહિ, પોતાને તેનો જે રાગ છે તે પાપ-રાગનાં પોષણ માટે કરે છે; તેમ વીતરાગતાનો જેને પ્રેમ છે તે વીતરાગ સર્વજ્ઞપરમાત્માને દેખતાં ભકિત કરે છે, તે કાંઈ ભગવાનને પ્રસન્ન કરવા માટે નહિ પણ પોતાના ભાવમાં વીતરાગતાનાં પોષણ માટે છે. ભકિત વખતે ભલે શુભરાગ છે પણ તે વખતેય જ્ઞાનમાં તો વીતરાગસ્વભાવનું જ બહુમાન ઘૂંટાય છે, ને એનું જ નામ વીતરાગની ભકિત છે.

ચૈતન્યની અચિંત્ય શકિત ખીલી તેનો મહિમા શબ્દોથી પૂરો થાય-એમ નથી; સમવસરણમાં ૧૦૦૮ નામોથી ઉત્તમ સ્તુતિ કરીને છેવટે ઈન્દ્ર કહે છે કે હે નાથ! આ શબ્દોથી કે આ વિકલ્પોથી આપનાં ગુણની સ્તુતિ પૂરી નહિ થાય, જ્યારે આ વિકલ્પ તોડીને નિર્વિકલ્પપણે સ્વરૂપમાં ઠરશું ને વીતરાગ થશું ત્યારે આપની સ્તુતિ પૂરી થશે.

અહો, કેવળજ્ઞાનના દિવ્ય પ્રકાશ સહિત તીર્થંકરદેવ, સમવસરણમાં ગણધરો અને મુનિવરોની સભા વચ્ચે બિરાજતા હોય ને ઇન્દ્ર નમ્રપણે ૧૦૦૮ નામોથી ભગવાનની સ્તુતિ કરતા હોય...ત્યારે તો એ દિવ્ય સ્તુતિ સાંભળતાં ત્રણ લોકના જીવો મુગ્ધ બનીને થંભી જાય છે. દેવો કે મનુષ્યો તો શું, તીર્યંચોનાં ટોળાં પણ સ્તબ્ધ બની જાય છે કે અરે, આ તે કોણ સ્તુતિ કરનાર! ને ઇન્દ્ર જેવા જેની આવી સ્તુતિ કરે એ ભગવાનનો મહિમા કેટલો? એમ સર્વજ્ઞતાના મહિમામાં ઊંડા ઊતરી જતાં કોઈ કોઈ જીવો તો સમ્યક્-દર્શન પણ પામી જાય છે. અહો! સર્વજ્ઞની સ્તુતિ કોનું મન મુગ્ધ ન કરે! જેને સાંભળવાના કાન જ નથી મળ્યા એવા બિચારા એકેન્દ્રિયાદિ જીવોની શી ગણતરી? અહીં તો આત્માનું હિત કરવા જે તૈયાર થયા છે-એવા જીવની વાત છે. એવો જીવ ભગવાન સર્વજ્ઞદેવની સ્તુતિ સાંભળે ને એનું ચિત્ત ભકિતથી ડોલી ન ઊઠે-એમ બને નહિ.

શાસ્ત્રકાર તો અલંકારથી કહે છે કે અરે, આ મૃત્યુલોકનું મુમુક્ષુ-હરણીયું પણ ભગવાનની સ્તુતિ સાંભળવા માટે ઊડીને ચંદ્રલોકમાં ગયું, તો મનુષ્યને ભક્તિનો ઉલ્લાસ ન આવે એ કેમ બને? સૂર્ય-ચંદ્રના જ્યોતિષ દેવોના વિમાનોમાં શાશ્વત રત્નમય જિનબિંબો છે. (-ચક્રવર્તી પોતાના મહેલમાંથી એ જિનબિંબના દર્શન કરે છે.) ત્યાંના ઈન્દ્રો ને દેવો તેની સ્તુતિ કરે છે. પ્રભો! આપની સ્તુતિ કોને પસંદ ન પડે? દેવલોકના દેવો દિવ્ય સંગીતસહિત આપની જે સ્તુતિ કરે છે તે સાંભળીને હરણીયા જેવા તિર્યંચ જીવો પણ મુગ્ધ થઈ ગયા ને સાંભળવા માટે ચંદ્રલોક સુધી પહોંચ્યા તો બીજાની શી વાત? ચંદ્રમાની અંદર હરણીયા જેવી જે આકૃતિ દેખાય છે, કેટલાક કહે છે કે તે કલંક છે, પણ ના, તે કલંક નથી, પરંતુ તે તો ચંદ્રલોકમાં દેવો ભગવાનની જે દિવ્ય સ્તુતિ કરે છે તે સ્તુતિના ગુણગાન સાંભળવાનું રસીયું હરણીયું અહીંથી ચંદ્રલોકમાં તે ગુણગાન સાંભળવા ગયું છે, તે દેખાય છે. વાહ! ભગવાનના ભક્ત હરતાં ફરતાં સર્વત્ર ભગવાનનો જ મહિમા દેખે છે; એના હૃદયમાં વીતરાગતાનો મહિમા વસ્યો છે એટલે બહારમાં પણ એ જ દેખે છે. આમ ઈન્દ્રોની સ્તુતિને યાદ કરીને અહીં સ્તુતિકાર કહે છે કે હે જિનેન્દ્ર! મોટામોટા ઈન્દ્રોએ જેમ આપની સ્તુતિ કરી તેમ હું પણ આપની મનોહર સ્તુતિ કરું છું.



શ્રી માનતુંગ-મુનિરાજે આ સ્તુતિમાં સર્વજ્ઞદેવની ભક્તિનાં પૂર વહાવ્યા છે, ધર્મતીર્થની આદિ કરનારા એવા આદિનાથ તીર્થંકરની આ સ્તુતિ છે. અંદરમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વડે સર્વજ્ઞસ્વભાવી આત્માની સેવના તે પરમાર્થ ભક્તિ છે, ને બહારમાં સર્વજ્ઞ પરમાત્માને ઓળખીને તેમના પ્રત્યે પ્રમોદ-ભક્તિ-બહુમાનનો ભાવ તે વ્યવહારભક્તિ છે. અહીં માનતુંગ સ્વામીને પ્રભુભક્તિનો ઉછરંગ આવ્યો છે. અહો! સર્વજ્ઞ જેવો મારો જ્ઞાનસ્વભાવ છે—એવી અનુભૂતિ તો થઈ છે ને સાથે આ ભક્તિનો ભાવ આવ્યો છે.

ઉપસર્ગ વખતે જેલમાં બેઠા બેઠા આ સ્તુતિ કરી રહ્યા છે. પ્રભો ! તારા ભક્તને વળી બંધન કેવા ? તારી ભક્તિ કરે ત્યાં ભવના બંધન પણ તૂટી જાય છે. પ્રભો ! આપે આપના તો ભવનો નાશ કર્યો ને અમારા ભવનો પણ નાશ કરનારા છો. ભવમાં ડૂબતા જીવોને તરવા માટે આપનો ઉપદેશ આલંબનરૂપ છે. આપ પાપઅંધકારનો નાશ કરનારા છો, પુણ્યપ્રકાશનો ઉદ્યોત કરનારા છો ને ધર્મની પ્રાપ્તિ કરાવીને ભવસમુદ્રથી તારનારા છો. બાર અંગને જાણનારા મહા બુદ્ધિમાનો, તેમજ ઇન્દ્ર અને ગણધર જેવા સમર્થ પુરુષોએ આપની સ્તુતિ કરી છે તેમ હું પણ મારી અલ્પ બુદ્ધિ-અનુસાર આપની સ્તુતિ કરું છું. બુદ્ધિ અને શક્તિ ભલે થોડી હોય પણ ભક્તિભાવ તો પૂરો છે.—આમ કહીને માનતુંગ-સ્વામીએ આ ભક્તામર-સ્તોત્રમાં ભક્તિરસનાં પૂર વહાવ્યા છે.

પ્રભો ! આપે તો મોક્ષનો જ ઉપદેશ આપ્યો છે. ભગવાનનો ખરો ભક્ત મોક્ષ સિવાય બીજા વૈભવને ઇચ્છે નહીં. બહારના વૈભવની અભિલાષાથી ભગવાનનું સેવન કરે તેને અમે ભગવાનનો ખરો ભક્ત કહેતા નથી. રાગને ઇચ્છે તે વીતરાગનો ભક્ત કેમ કહેવાય ? ઇન્દ્ર, પોતાને મળેલા ઇન્દ્રપદના દૈવી વૈભવને પણ ભગવાનના અચિંત્ય આત્મ-વૈભવ પાસે અત્યંત તૂચ્છ ગણીને, ભક્તિભાવથી ભગવાનના ચરણને સેવે છે, ને ૧૦૦૮ નામોથી અદ્ભુત સ્તુતિ કરે છે; આદિપુરાણમાં તેનું સરસ વર્ણન છે. તે ૧૦૦૮ નામોમાં સૌથી પ્રથમ શ્રીમાન્ ( એટલે અનંતચતુષ્ટયરૂપ અંતરંગલક્ષ્મી તથા અષ્ટપ્રાતિહાર્યરૂપ બહિરંગ લક્ષ્મી સહિત ) તેમજ સ્વયંભૂ વિભુ વગેરે, અને છેલ્લે धर्मसाम्राज्यनायक એવું નામ છે; એ રીતે ભક્તિમાં અધ્યાત્મનું રહસ્ય પણ ભેગું જ ગૂંથેલું છે. પં બનારસીદાસજીએ પણ ૧૦૦૮ નામોથી ભગવાનની સ્તુતિ રચી છે, તેમાં પ્રથમ જ ' ૐકારરૂપ ' એવા નામથી શરૂઆત કરી છે; તેમજ જ્ઞાનગમ્ય, અધ્યાત્મગમ્ય, બહુગુણ-રત્નકરંડ વગેરે અને વિશેષણોથી સ્તુતિ કરી છે. ( આ ઉપરાંત ૧૦૦૮ નામોથી જિનેન્દ્રદેવના મહાપૂજનનું ખાસ મંડલ-વિધાન છે; તે મંડલવિધાનપૂજન સોનગઢમાં અનેકવાર થઈ ગયું છે, તેમાં પણ ઘણા ભાવો ભર્યા છે. )

હે ભગવાન ! એવો કોણ બુદ્ધિમાન છે કે જે આપની સ્તુતિ ન કરે ! અહો ! આપની સર્વજ્ઞતાને લક્ષમાં લઈને જેનું ચિત્ત આપની ભક્તિમાં લીન થયું તેને જગતનો ભય હોય નહિ. અરે, ક્રૂર સિંહ હરણને મારવા છલંગ મારે, હરણ સિંહના પંજા વચ્ચે પડ્યું હોય, પણ આપની ભક્તિનું શરણ લેતાં તેને સિંહનો ભય રહેતો નથી; આપની ભક્તિ કરતાં મારા સર્વજ્ઞ-સ્વભાવનું મને ભાન થયું ને તે સ્વભાવનું શરણ લીધું ત્યાં હે નાથ ! ક્રૂર કર્મના ઉદયરૂપ સિંહ કે પ્રતિકૂળતાના સંયોગ તેની દાઢમાં અમે દબાઈ જવાના નથી, કર્મરૂપી સિંહનો પંજો હવે અમારા ઉપર ચાલવાનો નથી. બહારમાં સિંહની વાત લીધી ને અંદરમાં આ વાત છે : હે નાથ ! કોઈ કર્મમાં કે સંયોગમાં એવી તાકાત નથી કે મારી ભક્તિને તોડી શકે. હૃદયમાં સર્વજ્ઞતાને સ્થાપીને તારી ભક્તિ કરતો કરતો સર્વજ્ઞપદને

સાધવા નીકળ્યો ત્યાં તારા ભકતને શુભનો પણ એવો રસ થઈ જાય છે કે પાપનું પુણ્યરૂપે સંક્રમણ થઈ જાય છે, એટલે સિંહ વગેરેની કોઈ પ્રતિકૂળતા તેને નડતી નથી.—એ વાત આ સ્તોત્રમાં આગળ બતાવશે. હે પ્રભો! આપની સર્વજ્ઞતાનો મને પરમ પ્રેમ છે તેથી હું આપની સ્તુતિ કરું છું; તેમાં મને જગતના બંધન નડવાના નથી. સર્વજ્ઞસ્વભાવની સન્મુખ થઈને આપની ભકિત કરતાં કરતાં અમેય આપના જેવા થઈ જશું.

આમ પ્રથમના બે શ્લોકમાં સ્તુતિ માટેની ભૂમિકા બાંધીને હવે ત્રીજા શ્લોકમાં સ્તુતિકાર પોતાને બાળક જેવા વર્ણવીને સ્તુતિ કરશે. (૧-૨)

—૦—

અહો જિનેન્દ્ર ભગવંતો! અમને મહાન આનંદ થાય છે કે ભક્તિદ્વારા આપ અમારા હૃદયમાં બિરાજ્યા છો ને અમારી હૃદય-વીણામાંથી આપની સ્તુતિનું મધુર સંગીત વાગી રહ્યું છે. આપની સ્તુતિના મધુર સંગીતના નાદથી સમ્યક્ત્વાદિ ગુણો આકર્ષાઈ રહ્યા છે.

અહા, ભગવાન પોતે જે ભક્તના હૃદયમાં વસ્યા તેને હવે ભગવાનના મોક્ષમાર્ગમાં જતાં કોણ અટકાવી શકે? અને તે ભક્ત હવે ભગવાનને છોડીને કોની ભાવના ભાવે!

મોક્ષમાર્ગનો પથિક હું આવ્યો તુજ દરબાર,
તુજ સમ આતમભાવના એ જ ભક્તિનો સાર.

—✱—

[ ૩ ]

# પ્રભુ પાસે બાળક જેવા બનીને સ્તુતિ કરે છે

*

પ્રભો ! કયાં આપનું કેવળજ્ઞાન, ને કયાં મારી અલ્પબુદ્ધિ ! આપની પાસે તો હું બાળક છું; આવો હોવા છતાં આપના ગુણો પ્રત્યેના પરમ પ્રેમને લીધે હું આપની સ્તુતિ કરવા ઉદ્યમી થયો છું—એવા ભાવ ત્રીજા શ્લોકમાં કહે છે —

**बुद्धया विनापि विबुधार्चितपादपीठ**
**स्तोतुं समुद्यतमतिः विगतत्रपोऽहं ।**
**बालं विहाय जलसंस्थितमिंदुबिम्बं**
**अन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ॥**

બુદ્ધિ વિના જ સુરપૂજીત–પાદપીઠ !
મેં પ્રેરી બુદ્ધિ સ્તુતિમાં તજી લાજ શુદ્ધ !
લેવા શિશુ–વિણ જળે સ્થિત ચન્દ્રબિંબ,
ઇચ્છા કરે જ સહસા જન કોણ અન્ય ?




ઇન્દ્રાદિ વિબુધજનો દ્વારા જેમનું સિંહાસન પૂજાય છે એવા હે જિનેન્દ્ર ! મારામાં બુદ્ધિ ન હોવા છતાં લજ્જા છોડીને હું આપની સ્તુતિ કરવા સમુદ્યત થયો છું; પાણીમાં દેખાતા ચંદ્રબિંબને ગ્રહણ કરવા બાલક સિવાય બીજું કોણ ઇચ્છા કરે ?

પ્રભો, આપ તો જગતમાં સર્વોત્કૃષ્ટ મહાન છો ને મારી બુદ્ધિ ઘણી અલ્પ છે; તોપણ, હે દેવ! હું મારી શક્તિની અલ્પતાનો વિચાર નથી કરતો, હું તો આપના અપાર ગુણોનો વિચાર કરું છું; આપના અપાર ગુણોનો વિચાર કરતાં મારા અંતરમાંથી સહેજે સ્તુતિનું ઝરણું સ્ફૂરે છે. તેથી આપના ગુણોની સ્તુતિ કરવામાં મને શરમ નથી આવતી.

હે નાથ! મારી બુદ્ધિ ભલે થોડી છે પણ સમ્યક્ છે ને આપના ગુણમાં જ લાગેલી છે. ભલે શક્તિ થોડી, જ્ઞાન થોડું, પણ પ્રેમ તો આપની સર્વજ્ઞતાનો ને વીતરાગતાનો જ જાગ્યો છે, તેથી તે લેવા માટે હું ભક્તિ દ્વારા ઉદ્યમી થયો છું. પ્રભો! જીવનમાં અધ્યાત્મની ઉત્કૃષ્ટ સાધના કરીને આપ પરમાત્મા થયા ને જગતને તેવી આત્મસાધનાનો માર્ગ બતાવ્યો; અમે પણ તે જ માર્ગે આવીએ છીએ. આમ ભગવાનના માર્ગે ચાલવું તે ભગવાનની સમ્યક્ ભક્તિ છે. જિનદેવના મહાન સ્તુતિકાર સમંતભદ્રસ્વામી કહે છે કે હે દેવ! આપ એવા અચિંત્ય છો કે સમ્યગ્દૃષ્ટિ જ આપને ભજી શકે છે; મિથ્યાત્વી જીવો આપને ભજી શકતા નથી, ઓળખી શકતા નથી.


જેમ ઝગઝગતા ચંદ્રનું પ્રતિબિંબ નિર્મળ પાણીમાં દેખીને, બાળક પોતાના હાથ લંબાવીને તે ચંદ્રને પકડવાની ચેષ્ટા કરે, પરંતુ ક્યાં ઊંચે આકાશમાં રહેલો ચંદ્ર ને ક્યાં બાળકના હાથ! તેમ હે પ્રભો! કેવળજ્ઞાનથી ઝગઝગતા આપને દેખીને હું તે લેવા માટે મારા હાથ (શ્રદ્ધા-જ્ઞાન) લંબાવું છું; એટલે આપની સ્તુતિ કરવા જાગ્યો છું. જો કે આપની પાસે હું બાળક જેવો છું; ક્યાં આપની સર્વજ્ઞતા...ને ક્યાં મારી અલ્પજ્ઞતા! છતાં હે નાથ! મારા હૃદયસરોવરની નિર્મળતામાં, મારા સ્વચ્છ મતિ-શ્રુતજ્ઞાનમાં આપની સર્વજ્ઞતાનું પ્રતિબિંબ કોતરાઈ ગયું છે, તેથી તેની પ્રાપ્તિ માટે હું આપની સ્તુતિ કરું છું.

જેમ આકાશમાંથી ચંદ્ર લેવાનું બાળકને અશક્ય નથી લાગતું, તેમ હે દેવ! અમે સાધક-નાના બાળક જેવા હોવા છતાં આપના જેવું પરમાત્મપદ પ્રાપ્ત કરવાનો સંકલ્પ કરીએ છીએ, તેમાં અમને કાંઈ અશક્ય નથી લાગતું; કે લોકલાજ નડતી નથી. લજ્જા છોડીને આપની સ્તુતિ કરતાં કરતાં પરમાત્મપદને સાધવા નીકળ્યા છીએ. અહીં બાળકપણું એ દોષના અર્થમાં નથી લેવાનું પણ ઇષ્ટવસ્તુને પ્રાપ્ત કરવાની ઉત્કંઠા તરીકે લેવાનું છે. જેમ બાળક લજ્જા છોડીને ગમે તેવી મહાન વસ્તુને પણ પ્રાપ્ત કરવાની ચેષ્ટા કરે છે તેમ હે દેવ! મેં પણ આપની સ્તુતિ વડે મહાન પરમાત્મપદ પ્રાપ્ત કરવાની ચેષ્ટા કરી છે. જેમ બાળક પોતાના નાનકડા હાથ પહોળા કરીને મોટા સમુદ્રનું માપ બતાવે કે 'આવડો મોટો સમુદ્ર! તેમ હું મારા નાનકડા મતિ-શ્રુતજ્ઞાનનો વિસ્તાર કરીને આપના ગુણસમુદ્રની સ્તુતિ કરું છું.



[ રામને વહાલો ચાંદલો... ]

આ બાબતમાં બાલ-મહાત્મા રામચંદ્રજીની વાત પ્રસિદ્ધ છે. ચંદ્રને દેખીને રામ કહે છે—'મા ! મને ચાંદલિયો વહાલો...એ મારા ગજવામાં આલો....' ચંદ્રને દેખીને બાળક-રામચંદ્રજી તેને હાથમાં લેવાની માંગણી કરે છે; ત્યારે દીવાનજી તેમના હાથમાં દર્પણ આપીને તેમાં ચંદ્રનું પ્રતિબિંબ દેખાડે છે; તે દેખીને રામ પ્રસન્ન થાય છે. બાળકને ચંદ્ર ઉપર પ્રેમ છે તેથી તેના પ્રતિબિંબને જોઈને પણ તે ખુશી થાય છે; તેમ અહીં સાધક કહે છે :—



[ સાધકને વહાલા સિદ્ધ ]

હે નાથ ! અમને આપના ઉપર (–સર્વજ્ઞતા ઉપર) પરમ પ્રેમ છે, તેથી આપની ગેરહાજરીમાં પરોક્ષપણે પણ આપની સ્તુતિ વડે અમારા મતિ–શ્રુતજ્ઞાનરૂપ દર્પણમાં આપનું પ્રતિબિંબ ઝીલીને (એટલે કે આપના જેવા અમારા જ્ઞાનસ્વભાવને અંતરમાં દેખીને), અમે પ્રસન્નતા અનુભવીએ છીએ. જુઓ, નાના રામચંદ્રનું ધ્યેય મહાન હતું, તેમ નાના સાધકના ધ્યેયમાં તો પૂર્ણ પરમાત્મપદ છે.

હે સર્વજ્ઞનાથ! આપ તો પૂજ્ય છો જ, આપના પગ જ્યાં પડ્યા એવી 'પાદપીઠ' (સિંહાસન) પણ દેવો દ્વારા પૂજ્ય છે. જ્યાં જ્યાં તીર્થંકરોના કે સંતોના પગલાં પડે તે 'તીર્થ' છે. અહા, ભગવાનનો અને ધર્માત્માઓનો આત્મા તો પૂજ્ય, તેમનું શરીર પણ પૂજ્ય, અને જ્યાં તેમના પગલાં પડ્યા તે પૃથ્વી પણ પૂજ્ય! આમ કોણ કહે?—જેણે અંતરમાં આત્માની પૂજ્યતા દેખી છે તે બહારમાં પણ તેનો ઉપચાર કરે છે, ને તે બહાને અંદરના શુદ્ધાત્માને લક્ષમાં લ્યે છે. જુઓ આ ધર્માત્માની દૃષ્ટિ! તેના વ્યવહારની પાછળ પણ પરમાર્થનું જોર હોય છે. અહો! પ્રભુના અંતરમાં પૂરા આનંદનો સમુદ્ર ઉલ્લસી રહ્યો છે, તેની તો શી વાત! બહારમાં તેમના દેહ અને સિંહાસનમાંય તેનો અચિંત્ય પ્રભાવ દેખાઈ રહ્યો છે. વિબુધજનો વડે તે પણ પૂજ્ય છે. ભગવંતોના ચરણોથી સ્પર્શાયેલી ભૂમિની (સમ્મેદશિખર–ગીરનાર–શત્રુંજય વગેરેની) યાત્રા કરવા મુનિઓ પણ જાય છે; ને ક્ષેત્ર સાથે ભાવની સંધિ કરીને ભગવંતોના ગુણોનું સ્મરણ કરે છે. ખરેખર તો ગુણ સ્તુત્ય છે. ક્ષેત્ર વગેરે તેમાં નિમિત્ત છે. અહીં જો કે આ યુગના આદિપુરુષ ભગવાન ઋષભદેવને સંબોધીને આ સ્તુતિ કરી છે; તોપણ, કેવળજ્ઞાન વગેરે ગુણોની અપેક્ષાએ બધાય કેવળી ભગવંતો સરખા હોવાથી એક સર્વજ્ઞભગવાનની ગુણસ્તુતિમાં બધાય ભગવંતોની સ્તુતિ સમાઈ જાય છે.

ભગવાન ઋષભદેવ ધર્મયુગના આદિકર્તા છે; તેમને લક્ષમાં લઈને ધર્માત્મા પોતાના આત્મામાં સાધકભાવની શરૂઆત કરે છે.—તે કઈ રીતે કરે છે? કે ઇન્દ્રિયોથી પાર, રાગથી પાર, અતીન્દ્રિય–જ્ઞાનસ્વભાવને અનુભૂતિમાં લઈને સાધકભાવની શરૂઆત કરે છે; તે પરમાર્થ–સ્તુતિ છે. તેનું ફળ મુક્તિ છે.

હે ભગવાન! આપની પરમાર્થ ભક્તિનું ફળ મુક્તિ છે; સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ પરમાર્થ ભક્તિ વડે ભવના બંધન તૂટી જાય છે, ને તેની સાથે પુણ્યના યોગે બહારનાં બંધન પણ તૂટી જાય–એમાં શું આશ્ચર્ય! વીતરાગ–સર્વજ્ઞને વંદન કરનારને તો પોતામાં વીતરાગ-વિજ્ઞાનની ભાવના છે; ત્યાં વિશુદ્ધતાને લીધે કોઈવાર બહારની અનુકૂળતા બની જાય ને પ્રતિકૂળતા દૂર થઈ જાય–એવું બને છે. પણ બાહ્ય સામગ્રી ધન વગેરે મેળવવાની ઇચ્છા તે તો કષાય છે.

પ્રશ્નઃ—કોઈવાર જિનસ્તુતિ વગેરે મંગળ ન કરનાર પાપીને પણ બહારમાં સુખ (અનુકૂળતા) જોવામાં આવે છે ને પાપનો ઉદય દેખાતો નથી; તથા કોઈવાર મંગળ કરનાર ધર્મીને પણ બહારમાં સુખ દેખાતું નથી ને પાપનો ઉદય દેખાય છે; તેનું શું કારણ? (જેમ કોઈવાર પાપી પણ ધનવાન–નીરોગી–દેખાય છે ને ધર્મી પણ નિર્ધન–રોગી દેખાય છે.)

ઉત્તરઃ—ભાઈ, એ પૂર્વનાં પાપ-પુણ્યમાં ફળ અત્યારે દેખાય છે; જીવોનાં સંક્લેશ–વિશુદ્ધ પરિણામ અનેક પ્રકારનાં છે. પૂર્વે બાંધેલાં અનેક કર્મો અત્યારે એક સાથે ઉદયમાં આવે છે. કોઈ ને પૂર્વનાં ઘણાં પુણ્યનો અત્યારે ઉદય હોય તે અત્યારે મંગળ કર્યા વગર પણ બહારમાં સુખી દેખાય છે, ને તેને પાપનો ઉદય દેખાતો નથી; તથા જેને પૂર્વના કોઈ પાપનો ઉદય હોય તેને અત્યારે મંગળ કરવા છતાં બહારમાં સુખ દેખાતું નથી, પ્રતિકૂળતા દેખાય છે. તે કાંઈ વર્તમાન ભાવોનું ફળ નથી. હા, એટલું ખરૂં કે પાપભાવથી પાપી જીવને પૂર્વના પુણ્યકર્મો પણ ઘટી જાય છે; તથા ધર્મભાવનાવાળા જીવને પૂર્વનાં પાપકર્મો ઘટીને ઉદયમાં આવે છે. મોક્ષમાર્ગપ્રકાશકના મંગલાચરણમાં પં. ટોડરમલજીએ આ વાત દૃષ્ટાંતપૂર્વક સ્પષ્ટ કરી છે.—

જેમ કોઈ માણસને પૂર્વનું ઘણું ( એક કરોડ રૂપિયાનું ) દેણું હોય, ને અત્યારે ૯૯ લાખ કમાય, છતાં તેને હજી એક લાખનું દેણું દેખાય છે. ( પણ ખરેખર તે કમાયો છે, ખોટ નથી ગઈ. ) તથા બીજો માણસ જેની પાસે પૂર્વની કમાયેલી કરોડ રૂપિયાની મૂડી હતી, તેમાંથી અત્યારે ૯૯ લાખની ખોટ કરે છે, તેની પાસે એકલાખની મૂડી દેખાય છે ( પણ ખરેખર તેને ખોટ ગઈ છે. ) તેમ ધર્મીને પાપનો ઉદય દેખાય તોપણ, તેને પૂર્વનાં ઘણાં પાપ હતાં તે ઓછા થઈ ને ઉદયમાં આવ્યા છે; ને પાપી જીવને પુણ્યનો ઉદય દેખાય તોપણ તેને પૂર્વનાં ઘણાં પુણ્ય હતા તે ઓછા થઈ ને ઉદયમાં આવ્યા છે—એમ સમજવું. કાંઈ વર્તમાન પાપના ભાવથી અનુકૂળતા ન મળે, ને ધર્મભાવને કારણે પ્રતિકૂળતા ન મળે. એટલે ધર્મીને પ્રતિકૂળતામાં કોઈ દેવાદિક સહાય કરે જ એવો કોઈ નિયમ નથી, ને અધર્મીને દેવ આવીને દંડ કરે એવો કોઈ નિયમ નથી; તે પૂર્વનાં પુણ્ય-પાપ અનુસાર થાય છે.

આ વાત વધુ સ્પષ્ટ સમજાવવા બીજું એક દૃષ્ટાંત આવે છે :—બે મિત્રો હતા. એક આસ્તિક, બીજો નાસ્તિક. એકવાર બંને ફરવા ગયા; રાત પડી. આસ્તિકે તો એક મંદિરમાં જઈ ને આખી રાત ધર્મધ્યાનમાં ને પ્રભુભજનમાં વીતાવી; ત્યારે બીજા નાસ્તિકે આખી રાત વેશ્યાના ઘરમાં જઈ ને પાપકાર્યોમાં વીતાવી.

* હવે સવાર પડતાં જ્યાં આસ્તિક માણસે મંદિરમાંથી બહાર પગ મૂકયો કે તેને પગમાં એક કાંટો લાગ્યો.

* બીજી તરફ નાસ્તિક માણસે વેશ્યાના ઘરની બહાર જ્યાં પગ મૂકયો ત્યાં તેને સાચા મોતીની એક માળા મળી.

ત્યારે તે નાસ્તિકે આસ્તિકને કહ્યું : દેખ, તેં આખી રાત ધર્મકાર્યમાં ગાળી છતાં તને તો કાંટો લાગ્યો ને મને આ મોતીની માળા મળી ! -આમ કેમ બન્યું ?

આસ્તિકે કહ્યું : હે મિત્ર ! સામે જૈનગુરુ બિરાજે છે, તેમની પાસે ચાલ, તેઓ તને આ વાતનું રહસ્ય સમજાવશે.

જૈન ગુરુએ કહ્યું : સાંભળો ! આ આસ્તિકને પૂર્વના કોઈ તીવ્ર પાપના ઉદયે આજે ફાંસી મળવાની હતી, પણ તેણે ધર્મધ્યાન કર્યું તેથી પાપકર્મો એકદમ ઘટી ગયા એટલે ફાંસીને બદલે તેને ફક્ત એક કાંટો જ લાગ્યો, ને એટલાથી તેનાં પૂર્વના પાપકર્મ ખપી ગયા....તથા નવાં પુણ્ય પણ બંધાયા; અને આ નાસ્તિકને પૂર્વના એવા વિશેષ પુણ્ય હતા કે આજે તેને મોટું રાજ્ય મળત, પણ તેણે પાપકાર્યો કર્યા તેથી તેનાં પૂર્વ પુણ્ય ઘટી ગયા, ને મહાન રાજ્યને બદલે તેને માત્ર એક રત્નમાળા મળી. તેનાં પુણ્યકર્મ ખપી ગયા ને નવાં પાપ બંધાયા. પોતપોતાના પુણ્ય-પાપનું ફળ ભવિષ્યમાં બંનેને આવશે. કાંઈ પાપના ફળમાં રત્નમાળા નથી મળી, ને પુણ્યના ફળમાં કાંટો નથી લાગ્યો.

—આ રીતે જીવનાં વિશુદ્ધ પરિણામથી પૂર્વનાં કર્મોમાં પણ પરિવર્તન થઈ જાય છે. તેમાં કોઈને જિનસ્તુતિ વગેરે કરતાં વિશેષ પુણ્યોદયના યોગે દેવાદિની સહાયના પ્રસંગ બની જાય છે; પણ જિનસ્તુતિ કરનારા બધા જીવોને તેમ થાય જ એવો કોઈ નિયમ નથી. સાચી જિનસ્તુતિ કરનારને તો પોતામાં વીતરાગ–વિજ્ઞાનની જ ભાવના છે, ને એ ભાવના વડે ધર્મ સાધનામાં તેને વિઘ્ન આવતું નથી. ધર્મનું ફળ અંતરમાં તો તત્ક્ષણ શાંતિ આપે જ છે,

અહા પ્રભો ! આપ કેવળજ્ઞાનને પામેલા ને ભવબંધનથી છૂટા; પૂર્ણાનંદથી પૂરા અને દુઃખોથી મુક્ત; તો આપને હૃદયમાં લેનારા અમે અલ્પજ્ઞ કે ભવબંધનમાં રહીએ તે કેમ પાલવે ? આપ મુક્ત, અને આપના ભકતને બંધન,–એ શોભે નહિ. જુઓ, આ પ્રકારની સ્તુતિ કરતાં કરતાં માનતુંગ મુનિરાજના બંધન તડાક કરતાં તૂટી ગયા. હે ભાઈ! તું સર્વજ્ઞસ્વરૂપને લક્ષમાં લઈને તેની ઉપાસના કર, તારા ૧૪૮ કર્મબંધનની બેડી ક્ષણમાં તૂટી જશે. અરે, વીતરાગભાવરૂપ જિનભક્તિ તો અંદરના મોહના અને ભવના બંધન ક્ષણમાં છેદી નાંખે છે, ત્યાં બહારનાં તાળાં તૂટી જાય–એમાં તે શું આશ્ચર્ય છે! લોકો બહારના આશ્ચર્યમાં અટકી જાય છે, ને બહારની આશાથી ભક્તામર વગેરે સ્તોત્ર ભણે છે, પણ ભાઈ, સ્તુતિનું ખરું પ્રયોજન તો અંતરમાં પોતાને વીતરાગ ભાવની વૃદ્ધિ થાય—તે છે. તું જેની સ્તુતિ કરે છે તેમણે તો સર્વ રાગને છોડયો છે, તો તેમની સ્તુતિ પણ રાગ વગરના ભાવથી જ શોભે. ભગવાન અને ભકત બંનેના ભાવમાં જેટલો સુમેળ થાય તેટલી સાધક દશા, અને તે જ પરમાર્થસ્તવન.

હે પ્રભો! ત્રીજા આરામાં જેઓ કેવળજ્ઞાન પામ્યા એવા આપની, હું પંચમઆરાનો અલ્પજ્ઞ–સાધક સ્તુતિ કરું છું. આપના કેવળજ્ઞાન પાસે તો મારું જ્ઞાન અનંતમા ભાગનું અલ્પ છે; ભલે અલ્પ, છતાં સમ્યક્ છે તેથી તેના વડે લજ્જાવગર હું આપની સ્તુતિ કરું છું...પામરતાનું ભાન રાખીને પ્રભુતાની ઉપાસના કરું છું. હે નાથ! મારામાં કેવળજ્ઞાન નથી પણ આપના કેવળજ્ઞાનને તો નજરે નીહાળું છું ને તેની ભાવના ભાવું છું; તેથી

આપની સ્તુતિ કર્યા વગર મારાથી રહેવાતું નથી. સર્વજ્ઞસ્વભાવનું ભાન થયું છે પણ હજી સર્વજ્ઞતા પ્રગટી નથી, ત્યાં સાધકને ગુણપ્રત્યેના પ્રમોદરૂપ આવો ભક્તિભાવ આવે છે. જ્ઞાનસ્વભાવની ઉપાસનાપૂર્વકની આ સ્તુતિ છે. જેમની સ્તુતિ કરે છે તેમના જેવો વીતરાગી–અંશ પોતામાં પ્રગટ કરીને, જવાબદારીના ભાનસહિતની આ ભક્તિ છે. 'હે ભગવાન! તમે જ મને તારી દેજો' એમ બીજા ઉપર ઢોળી દેવાની (પરાધીનતાની) આ વાત નથી.

મારા જ્ઞાનમાંથી વિભાવોને કાઢી નાંખું છું ને સિદ્ધોને સ્થાપું છું; ચંદ્રની જેમ સિદ્ધપ્રભુ તો કાંઈ ઉપરથી નીચે નહિ આવે, પણ મારા સ્વચ્છ જ્ઞાનદર્પણમાં તેમનું પ્રતિબિંબ ઝીલીને, એટલે કે તેમના જેવા શુદ્ધાત્માને અનુભવમાં લઈને હું પોતે સિદ્ધ થઈશ ને ઉપર જઈશ.—આવા ભાવથી સાધક જીવો સર્વજ્ઞની સ્તુતિ કરે છે.

—૦—

### હજાર હાથવાળા ઇન્દ્ર કરતાંય વધારે!


(કોઈ પૂછે :) ઇન્દ્રની જેમ તમે ભગવાનની સ્તુતિ કરવા તૈયાર થયા છો, પણ તમારી પાસે ક્યાં હજાર હાથ કે હજાર નેત્ર છે?

(મુનિરાજ કહે છે :) ભલે અમારી પાસે હજાર આંખ કે હજાર હાથ કરવાની લબ્ધિ ન હોય. પરંતુ વીતરાગદેવની ભક્તિ કરવા માટે કાંઈ હજાર હાથ કે હજાર આંખની જરૂર નથી, તેને માટે તો શ્રદ્ધા જ્ઞાનના બે હાથ બસ છે! ને જિનવરદેવનું અનંતગુણમય અતીન્દ્રિય રૂપ જોવા માટે તો સ્વાનુભવનું એક ચક્ષુ (અતીન્દ્રિય જ્ઞાન) બસ છે. સર્વજ્ઞના સ્તવન–ગુણચિંતન માટે અમારે બહારના બીજા સાધનની જરૂર નથી. અમારા અંતરના શ્રદ્ધા–જ્ઞાનના સાધન વડે જ અમે જિનસ્તુતિ કરશું; અને એકાગ્રતાના બળે, હજારહાથવાળા ઇન્દ્ર કરતાંય વધારે ઊંચી જિનસ્તુતિ અમે કરશું.

# [ ४ ]

## જિનગુણસ્તુતિ તે સમુદ્રને તરવા જેવું મહાન કાર્ય છે

હે દેવ! હું આપની સ્તુતિ કરવા ઉદ્યમી તો થયો છું, પરંતુ સમુદ્ર જેટલા આપનાં ગુણોનો પાર હું અલ્પજ્ઞ કઈ રીતે પામીશ ?—




वक्तुं गुणान् गुणसमुद्र शशांक-कान्तान्
कस्ते क्षमः सुरगुरु प्रतिमोपि बुद्धया ?
कल्पान्तकाल–पवनोद्धत्त नक्रचक्रं,
को वा तरीतुमलं अम्बुनिधिं भुजाभ्याम् ॥

કે'વા ગુણો ગુણનિધિ ! તુજ ચંદ્રકાન્ત,
છે બુદ્ધિથી સુરગુરુ સમ કો સમર્થ ?
જ્યાં ઊછળે મગરમચ્છ મહાન વાતે,
રે કોણ તે તરી શકે જ સમુદ્ર હાથે ?

હે ચંદ્ર જેવી ઉજ્જવળ કાંતિવાળા દેવ! આપ તો ગુણના સમુદ્ર છો, અનંત ગુણનો સમુદ્ર આપના આત્મામાં ઊછળી રહ્યો છે, તે ગુણોનું વર્ણન કરવા બૃહસ્પતિ જેવા બુદ્ધિમાન પણ કોણ સમર્થ છે ? અહા, આપના અચિંત્ય ગુણો ! –વાણીનો વિલાસ ત્યાં પહોંચતો

નથી, ને વિકલ્પમાં તે આવતા નથી. વચન–વિકલ્પોથી પાર સ્વાનુભવ વડે જ તેનો પાર પમાય છે. જેમ—પ્રલયકાળે ( પંચમ આરાના છેડે ) કલ્પાંતનો એવો ઉગ્ર પવન ફૂંકાશે કે દરિયાના મોટામોટા મોજાંમાં મગરમચ્છના સમૂહ પણ ઊછળી જશે. આવા ઊછળતા દરિયાને બે હાથથી તરવા કોણ સમર્થ છે! તેમ આ પંચમ કાળમાં શ્રદ્ધા–જ્ઞાનરૂપી બે હાથ વડે હું ભવસમુદ્રને તરવાનું સાહસ કરું છું; આપની ભક્તિવડે હું જરૂર ભવસમુદ્રને તરી જઈશ...વિકલ્પથી પાર થઈને સ્વાનુભૂતિ વડે હું અનંતગુણનો અનુભવ કરીશ.—આમ ધર્મીજીવ આનંદના સમુદ્રને પોતાના અંતરમાં ઉલ્લસતો દેખે છે.

હે પ્રભો! રાગથી ભિન્ન ચૈતન્યભાવને જેઓ નથી અનુભવતા એવા અભવ્ય કે મિથ્યાદૃષ્ટિ જીવો ખરેખર આપને નમી શકતા નથી, ઉપાસી શકતા નથી, આપના અતીન્દ્રિય સ્વરૂપને તેઓ ઓળખતા જ નથી. રાગથી ભિન્ન એવા ચૈતન્યભાવના અનુભવ વડે સમ્યગ્દૃષ્ટિ–જીવો જ આપને ખરેખર ઓળખીને નમે છે, ઉપાસે છે.

**પ્રશ્ન** :—વ્યવહાર દેવ-ગુરુની શ્રદ્ધા કરીને અજ્ઞાની જીવ અનંતવાર ઊંચા સ્વર્ગમાં, નવમી ગ્રૈવેયક સુધી ગયો, છતાં 'તે ભગવાનને નથી નમતો' એમ કેમ કહ્યું?

**ઉત્તર** :—હે ભાઈ! જે રાગમાં અટક્યો તે વીતરાગને નમ્યો કેમ કહેવાય? રાગથી જુદો પડે તો જ વીતરાગને સાચા નમસ્કાર થાય. વીતરાગ દેવની ઉપાસના વીતરાગ ભાવ વડે થાય છે, રાગવડે નહિ.-સાથે રાગ હો ભલે, પણ રાગ તે કાંઈ ઉપાસના નથી, તે મોક્ષમાર્ગ નથી. જેટલી વીતરાગતા થઈ તેટલી જ સર્વજ્ઞની ઉપાસના અને તેટલો જ મોક્ષ-માર્ગ છે; અને તે તો ભેદજ્ઞાની જીવોને જ હોય છે. જેને ભેદજ્ઞાન નથી તે ભગવાનને નથી નમતો, પણ રાગને નમે છે.

અરે ભાઈ, તેં આત્માને તો ન ઓળખ્યો ને સર્વજ્ઞ ભગવાનનેય સાચા સ્વરૂપે કદી ન ઓળખ્યા. ભગવાનની ભક્તિના નામે પણ તેં અજ્ઞાનથી રાગનું જ સેવન કર્યું. જે રાગને નમ્યો તે ભગવાનને નહીં નમે; ને જે ભગવાનને નમ્યો તે રાગને નહીં નમે.

'નહિ નમશે...નહિ નમશે, નિશાન ભૂમિ ભારતનું'

સ્વરાજ લેવા માટે એમ બોલતા;—તેમ અહીં કહે છે કે—

'નહિ નમશે, નહિ નમશે, ધર્મી રાગને નહિ નમશે.'

સર્વજ્ઞપદના સાધક ( મોટાના છોરૂ ) થયા તે હવે રાગને નહીં નમે.

જુઓ તો ખરા, સર્વજ્ઞની અલૌકિક સ્તુતિ કરતા જાય છે અને સાથે સાથે નમ્રતા પણ પ્રગટ કરતા જાય છે. આપના ગુણો તો દરિયા જેટલા ને મારી બુદ્ધિ અલ્પ! હે દેવ! ઉપશમરસથી ઉછળતા આપના કેવળજ્ઞાનાદિ અનંત ગુણસમુદ્રનું વર્ણન કોણ કરી શકે?

અરે, બૃહસ્પતિ જેવા એટલે દેવોમાં ગુરુસમાન, બારઅંગ ધારક, તેઓ પણ અસંખ્ય વર્ષો સુધી હજારો જીભે આપનાં ગુણગાન ગાય તોપણ આપના ગુણોનું પૂરું વર્ણન કરી નથી શકતા; એનો પાર તો અનુભવથી જ પમાય છે, વચનથી કે વિકલ્પોથી પાર નહિ પમાય. એમ લક્ષમાં રાખીને, પરમ પ્રીતિને લીધે હું આપના ગુણોનું સ્તવન કરું છું.

ભગવાનના ગુણોની આ સ્તુતિ કાંઈ ભગવાનને રાજી કરવા માટે નથી પણ પોતાના ભાવમાં ગુણના પ્રમોદ વડે તેની ભાવના કરીને વિશુદ્ધિ માટે છે. ને તે વિશુદ્ધિથી સંવર-નિર્જરા પણ થાય છે. એટલે ખરેખર તો સ્તુતિના બહાને ભેદજ્ઞાનની ભાવના વડે જ ભવનો નિસ્તાર થાય છે.

* કુંદકુંદસ્વામીએ એ જ વાત પ્રવચનસારમાં સમજાવી છે—

જે જાણતો અર્હંતને ગુણ-દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. (૮૦)

* સમયસારમાં પણ પરમાર્થસ્તુતિના વર્ણનમાં એ જ વાત બતાવી છે—

જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,
નિશ્ચયવિષે સ્થિત સાધુઓ, ભાખે જિતેન્દ્રિય તેહને. (૩૧)

* નિયમસારમાં પણ તેઓશ્રી કહે છે કે—

શિવપંથ સ્થાપી આત્મને નિર્વાણની ભક્તિ કરે,
તે કારણે અસહાય ગુણ નિજ આત્મને આત્મા વરે. (૧૩૬)

* પંચાસ્તિકાયમાં પણ કહે છે કે—

તે કારણે મોક્ષેચ્છુ જીવ અસંગ ને નિર્મમ બની,
સિદ્ધો તણી ભક્તિ કરે, ઉપલબ્ધિ જેથી મોક્ષની. (૧૬૯)

તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ;
વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે. (૧૭૨)

જુઓ તો ખરા, જૈનશાસનમાં સર્વત્ર જ્ઞાનસ્વભાવના અનુભવનો ને વીતરાગતા કરવાનો જ ઉપદેશ છે.

જેમ નાનો બાળક પણ 'આવડો મોટો દરિયો'—એમ પોતાના બે હાથ પહોળા કરીને દરિયાનું વર્ણન કરવાની ચેષ્ટા કરે છે, તેમ હે દેવ! મારા શ્રદ્ધા-જ્ઞાનરૂપી બે નાનકડા હાથને વિસ્તારીને હું આપના ગુણસમુદ્રની સ્તુતિ કરું છું.-આમ કહીને મુનિરાજે સર્વજ્ઞની સ્તુતિના અદ્ભુત ભાવોની રેલમછેલ કરી છે. [ ૪ ]

—૦—

# [ ૫ ]

## શક્તિ છે અલ્પ પણ ભક્તિ છે મહાન

### ( નાની જ્ઞાનચેતનાવડે મહાન પરમાત્માની સ્તુતિ )

*

ભલે હું અલ્પબુદ્ધિ બાળક જેવો છું તોપણ હે સર્વજ્ઞદેવ! આપના પ્રત્યેની પરમ પ્રીતિને લીધે હું આપની સ્તુતિ કરવા ઉદ્યમી થયો છું—એમ હવે કહે છેઃ—

सोहं तथापि तव भक्तिवशान् मुनीश !
कर्तुं स्तवं विगतशक्तिः अपि प्रवृत्तः ।
प्रीत्यात्मवीर्यमविचार्य मृगी मृगेन्द्रं
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ॥


તેવો તથાપિ તુજ ભક્તિ વડે મુનીશ!
શક્તિરહિત પણ હું સ્તુતિને કરીશ;
પ્રીતે વિચાર બળનો તજી સિંહ સામે,
ના થાય શું મૃગી શિશુ નિજ રક્ષવાને?

હે મુનિનાથ! હું શક્તિહીન છું પણ ભક્તિહીન નથી. જેમ, મૃગલીના બચ્ચાં ઉપર મૃગેન્દ્ર (સિંહ) પંજાની ઝાપટ મારવા આવે ત્યાં, પોતાના બચ્ચાં પ્રત્યેની પરમ પ્રીતિને લીધે, તેનું રક્ષણ કરવા માટે મૃગલી પણ પોતાના બળનો વિચાર કર્યા વગર મોટા સિંહની સામે થાય છે; તેમ આપના ગુણોની પરમ પ્રીતિને લીધે હું પણ મારી શક્તિનો વિચાર કર્યા વગર ભક્તિમાં પ્રવૃત્ત થયો છું. જુઓ. આ ભક્તિમાં આત્મગુણોની પ્રીતિ અને રક્ષા સિવાય બીજી કોઈ લૌકિક ભાવના નથી. જો લૌકિક (પુત્ર–પૈસા વગેરેની) આશાથી ભક્તિ કરે તો તે ખરેખર ભગવાનનો ભક્ત નથી. અરે, ધર્માત્માને બહારની અનેક ઋદ્ધિ સહેજે આવી મળે તો પણ તેને તેની ભાવના નથી, ભાવના તો આત્મગુણોની જ છે. હે જીવ! જો ધર્મના સેવન વડે તું બહારની ઋદ્ધિને ચાહતો હો તો તું મૂઢમતિ છો; તું ભોગહેતુ રાગને સેવે છે, મોક્ષહેતુ ધર્મને નહિ.

અહા, પરમાત્માના ગુણો પ્રત્યે સાધકનું હૃદય ભક્તિથી ઊછળી જાય છે. નિયમસાર-ટીકામાં મુનિરાજ કહે છેઃ 'ભવભયને ભેદનારા એવા ભગવાન પ્રત્યે શું તને ભક્તિ નથી? –તો તું ભવસમુદ્રની વચ્ચે મગરના મુખમાં છો.' આ ભક્તિમાં એકલા રાગની વાત નથી, રાગથી ભિન્ન ગુણની ઓળખાણ સહિતની વાત છે,–કે જે મોક્ષનું કારણ થાય છે.

વળી મોક્ષગત પુરુષો તણો ગુણભેદ જાણી તેમની
જે પરમ ભક્તિ કરે, કહી શિવભક્તિ ત્યાં વ્યવહારથી.

'અરેરે, આ પંચમકાળ છે, હું અલ્પજ્ઞ છું, શક્તિહીન છું' એમ બહાનાં કાઢ્યા વગર, મુમુક્ષુજીવ આત્માના ગુણસ્વભાવની પરમ પ્રીતિથી મોહની સામે થઈને મોક્ષમાર્ગને સાધે છે; 'આ કાળે મોક્ષ નથી'–એમ કહીને હતાશ થઈને બેસી રહેતો નથી.




જેમ હરણીના બચ્ચાંને પકડવા સિંહ આવે ત્યાં તેને બચાવવા તે હરણી સિંહની સામે પણ શીંગડા ભરાવે છે, નિર્બળ હોવા છતાં પુત્રનો પ્રેમ તેને ઊછળી જાય છે; તેમ મુમુક્ષુનું આત્મવીર્ય પંચમકાળે પણ ઉદયભાવની સામે પોતાના સ્વભાવને સાધવા માટે ઉલ્લસી જાય છે, ને તેમાં નિમિત્ત તરીકે સર્વજ્ઞપરમાત્મા પ્રત્યે ભક્તિ ઉલ્લસે છે.

આહા, ધર્મીને સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યેનો પ્રેમ તો જુઓ! પ્રભો! આ વિકરાળ કાળમાં મારા સાધકભાવરૂપી બચ્ચાંની રક્ષા ખાતર, હું પૂરી શક્તિથી આપની ભક્તિ કરીશ; અલ્પજ્ઞ–સાધક હોવા છતાં હું સર્વજ્ઞપદ તરફ દોડ્યો આવું છું, તેમાં વચ્ચે બીજો વિચાર કરીને હું અટકીશ નહિ. પરમપદ પ્રાપ્ત કરવા માટે મેં મીટ માંડી છે—'ગજા વગર ને હાલ મનોરથરૂપ જો'— અત્યારે હું શક્તિ વગરનો હોવા છતાં સર્વજ્ઞપદના મનોરથ સેવું છું, ને તેની સ્તુતિ–આદર કરતો કરતો ધસમસાટ આપના માર્ગે ચાલ્યો આવું છું.–એ પરમપદ લાધે છૂટકો.

મુમુક્ષુને આત્માના પરમપદની પ્રાપ્તિ સિવાય પૈસાનો, પુત્રનો, પુણ્યનો કે સ્વર્ગનોય મનોરથ નથી. રાગ રહેશે તેથી ઈંદ્રાદિ પદ મળશે પણ તેનો મનોરથ નથી, તેની પ્રીતિ નથી; મનોરથ તો પરમ પદનો જ છે.

* * *

**'ચરણરજ'**

એકવાર એક ચક્રવર્તી રાજા મુનિરાજને વંદન કરીને રાજસભામાં આવ્યા. તેમના મુગટ ઉપર રજ લાગેલી જોઈને દીવાનજીએ તે ખંખેરવા ચેષ્ટા કરી. ત્યારે રાજા કહે છે—રહેવા દો,–દીવાનજી! એ તો મુનિવરોનાં ચરણની રજ છે. એ રજ વડે તો મારા મુગટની શોભા છે! જુઓ ભક્તિ! અહા, રત્નત્રયવંત મહાત્માઓની શી વાત! એમના ચરણોથી સ્પર્શાયેલી ધૂળ પણ ધન્ય છે.

"વે ગુરુ ચરણ જહાં ધરે, જગમેં તીરથ તેહ;
સો રજ મમ મસ્તક ચઢો, 'ભૂધર' માંગે એહ...
તે ગુરુ મેરે ઉર વસો."


[ કોઈ કહે: 'તમે આવડી મોટી સ્તુતિ ઊપાડી છે. પરંતુ લોકો તમને અલ્પજ્ઞ સમજીને તમારી હાંસી ઊડાવશે તો?' –તોપણ, સાધક કહે છે કે હું તો પરમાત્માનું સ્તવન કરીશ. પ્રભુના ગુણનો ખીલેલો બગીચો જોતાં મારાથી મૂંગા નહિ રહેવાય. હું કાંઈ લોકોને રાજી કરવા સ્તુતિ નથી કરતો, હું તો પરમાત્માના ગુણો પ્રત્યેના પ્રમોદને લીધે આ ભક્તિના ટહુકાર કરું છું. –એ વાત કોયલના દૃષ્ટાંતે હવેના શ્લોકમાં કહે છે. ]

# [ ६ ]

## કોયલનો ટહૂકાર....ને....ભક્તનો રણકાર

अल्पश्रुतं श्रुतवतां परिहासधाम,
त्वद्भक्तिरेव मुखरी कुरुते बलान्माम् ।
यत्कोकिलः किल मधौ मधुरं विरौति
तत् चाम्र चारु-कलिका निकरैक हेतु ।।

શાસ્ત્રજ્ઞ 'અજ્ઞ' ગણીને હસતાં છતાંએ,
ભક્તિ તમારી જ મને બળથી વદાવે;
જે કોકીલા મધુર ચૈત્રવિષે ઉચારે,
તે માત્ર આમ્રતરુ મોર તણા પ્રભાવે.




यत् कोकिलः किल मधौमधुरं विरौति ....तत्..

જેમ ચૈત્રમાસમાં આંબાના વૃક્ષ ઉપર કોર (ફૂલ) દેખીને કોયલ મીઠા-મધુર ટહૂકારા કરે છે...હવે આંબા પાકશે ને ખાશું–એમ પ્રસન્નતાથી કોયલ ટહૂકી ઊઠે છે; તેમ હે દેવ! જો કે હું અલ્પ શ્રુતવાળો છું ને બુદ્ધિમાન જનો વડે ઉપહાસને યોગ્ય છું તોપણ, જ્યાં આપનામાં ચૈતન્યગુણોની વસંત પૂરબહારમાં ખીલેલી જોઉં છું ત્યાં પ્રસન્નતાથી મારું હૃદય ભક્તિના ટહૂકારા કરી ઊઠે છે...આપના શાસનમાં અમારા અંતરમાં જ્ઞાનકલિકા ખીલી ને હવે મોક્ષનાં મધુર ફળ થોડા વખતમાં ખાશું.

કોયલ મધુર ટહૂકા કરે છે, એ કાંઈ કોઈને સંભળાવવા ટહૂકા નથી કરતી, પણ

આંબાના મોરને દેખીને તે પોતાનો પ્રમોદ વ્યક્ત કરવા ટહૂકા કરે છે; તેમ હે દેવ! મારી અલ્પજ્ઞતા દેખીને કોઈ મારી હાંસી કરો કે મને મૂરખ ગણો, પણ આપના સર્વજ્ઞતાદિ ગુણોનો જે બગીચો ખીલ્યો છે તે દેખીને, પ્રસન્નતાથી હું તો આપની ભક્તિનું મધુર ગુંજન કરીશ. સર્વજ્ઞતા પ્રત્યે મારો ભાવ ઊછળ્યો છે તે સર્વજ્ઞતા લીધા વગર અટકવાનો નથી.

સાધકને પોતાને શુદ્ધઆત્માની પ્રીતિ જાગી છે, તેથી પૂર્ણ શુદ્ધતા પામેલા ભગવાનને દેખતાં ભક્તિનો ભાવ ઊછળી જાય છે; અહા, કઈ રીતે આપની સ્તુતિ-ભક્તિ કરું! કઈ રીતે ગુણગાનના ટહૂકા કરું!

પ્રશ્નઃ—ભગવાનની ભક્તિનો ભાવ તો રાગ છે, ને રાગ તે ધર્મ નથી, તો ભક્તિની વાત કેમ કરો છો?

ઉત્તરઃ—અરે ભાઈ, ભક્તિનું સ્વરૂપ તું ન સમજ્યો. ભક્તિમાં ભગવાનની જે ઓળખાણ અને પ્રીતિ છે તે કાંઈ રાગ નથી. ગુણોને ઓળખીને તેનું બહુમાન કરતાં પરિણામમાં વિશુદ્ધિ થાય છે, પાપ ટળે છે, પૂર્વનાં પાપકર્મો પણ પુણ્યરૂપે સંક્રમી જાય છે. ત્યાં જેટલી શુદ્ધતા અને વીતરાગતા થાય છે તેટલો ધર્મ છે, ને તે પરમાર્થભક્તિ છે. તેની સાથે રાગ રહ્યો તેમાં ભક્તિનો ઉપચાર છે; તેનાથી પુણ્ય બંધાય છે, પણ ધર્મીની દૃષ્ટિ તે રાગ ઉપર નથી, સર્વજ્ઞ જેવા રાગ વગરના જ્ઞાનસ્વભાવ ઉપર તેની દૃષ્ટિ છે.—એવી શુદ્ધ દૃષ્ટિ-સહિતની ભક્તિનું આ વર્ણન છે. એકલા રાગની વાત નથી. જેને આત્માનો પ્રેમ હોય તેને ભગવાન પ્રત્યે ભક્તિનો આવો ઉલ્લાસ આવ્યા વગર રહેતો નથી. ૧૪૮ કર્મપ્રકૃતિના બંધનમાં પૂરાયેલો જીવ, ઓળખાણ સહિતની આવી ભક્તિવડે તે બંધનને તોડી નાંખે છે,—એવા અધ્યાત્મભાવો આ ભક્તિમાં ભરેલા છે.

જેમ મોરલો ઊંચી ડોકે ગહૂંકે ત્યાં સર્પો ઢીલા થઈને ભાગી જાય; તેમ હે દેવ! તમારી સર્વજ્ઞતા દેખીને અમારા જ્ઞાનનો ટંકાર થયો કે 'મારો આવો સર્વજ્ઞસ્વભાવ'—ત્યાં તે સર્વજ્ઞસ્વભાવના ટંકારથી મિથ્યાત્વાદિ સર્પો દૂર ભાગે છે.

સ્તુતિકાર નમ્રતાપૂર્વક કહે છે કે હે દેવ! મહાન શ્રુતધર ગણધરાદિ પણ આપની સ્તુતિ કરે છે, તેમની પાસે હું તો કોણ? છતાં આપના ગુણો દેખીને સ્તુતિનો ટહૂકાર કર્યા વગર મારાથી રહેવાતું નથી. —કેમકે આપના શાસનરૂપી કલ્પવૃક્ષમાં અમને સમ્યક્ત્વાદિ મીઠાં ફળ ખાવા મળે છે. અમારે માટે તો અત્યારે ધર્મની વસંતઋતુ ખીલી છે. વિદ્વાનો (એટલે કે મૂરખાઓ!) ભલે મારી હાંસી કરે, પણ આપના અચિંત્ય ગુણો પ્રત્યેની પ્રીતિ મને પરાણે વાચાળ કરીને ભક્તિ કરાવે છે.—એમાં વળી લોકલાજ શું? શું કોયલ મીઠો ટહૂકો કરતાં કોઈથી શરમાય છે! અત્યારે અમારી સાધકદશાની વસંત ખીલી છે. અહો, અમારા ભગવાનનું આવું દિવ્ય જ્ઞાન! આવી અદ્ભુત વીતરાગતા! ને આવો અપૂર્વ

અતીન્દ્રિય આનંદ!—એમ ગુણપ્રત્યેના પ્રમોદથી સાધક જીવો પરમાત્માની ભક્તિ કરે છે. વાહ, પ્રભુના ગુણો સામે જોતાં રાગ તો યાદ આવતો નથી, ચૈતન્યની વીતરાગી સુંદરતા જ દેખાય છે. ચૈત્રમાસમાં કોયલ જે ટહૂકારા કરે છે તે લૂમઝૂમ આંબાના મ્હોરનો પ્રભાવ છે, તેમ અમારા જેવા સાધકના અંતરમાં જે ભક્તિ ઉલ્લસે છે તે હે નાથ! આપના અચિંત્ય ગુણોનો જ પ્રતાપ છે. ધર્મરૂપી આંબા પાકવાના કાળમાં અમારાથી ભક્તિનો ટહૂકો થઈ જાય છે. કોયલનો ટહૂકો બહુ મીઠો હોય છે તેમ હે દેવ! તારા ગુણપ્રત્યેના પ્રેમના ટહૂકામાં જ્ઞાનની મીઠાશ છે. પરમાત્માની વીતરાગ-ભક્તિનો જ્ઞાન-ટહૂકો કરતાં અજ્ઞાનીને નથી આવડતો, તે એકલા રાગનો ટહૂકો કરે છે—તે તો કાગડાના કર્કશ અવાજ જેવો છે. કાગડાના અવાજને 'ટહૂકો' ન કહેવાય, તેને તો 'કો....કો....' કહેવાય. તેમ અજ્ઞાની રાગને ધર્મ સમજીને જે ભક્તિ કરે છે તે તો કાગડાના કો-કો જેવી છે, તેમાં જ્ઞાનનો મધુર ટહૂકો નથી.

જ્ઞાની કહે છે—અહા, આવા કપરા પંચમકાળે મને આપના શાસનરૂપ કલ્પવૃક્ષ મળ્યું, હવે રત્નત્રયરૂપ આંબા પાકશે, તે દેખીને ભક્તિથી મારું અંતર ઊછળી જાય છે. અત્યારે તો પંચમકાળ છે ને ભગવાન ઋષભદેવ તો ત્રીજા કાળમાં થયા, છતાં જાણે અત્યારે તેઓ મારી સામે સાક્ષાત્ બિરાજતા હોય, એમ ભક્તિના બળે હું તેમને પ્રત્યક્ષ કરીને સ્તુતિ કરું છું. હું અલ્પજ્ઞ છું પણ મને સર્વજ્ઞની ભક્તિનો રંગ લાગ્યો છે. લોકો ભલે હાંસી કરે કે – અરે પંચમકાળમાં આવી પરમાર્થ ભક્તિ! ને પંચમકાળમાં આત્માનો અનુભવ! – પણ પ્રભો! આપની ભક્તિના બળથી અમને તે સુગમ છે....અમારે તો અત્યારે ધર્મલબ્ધિની મધુરી મોસમ છે. — આવી ઉત્તમ ભાવનાપૂર્વક આ સ્તુતિનો ટહૂકાર છે.

જેમ મધુર આંબા દેખીને કોયલના કંઠમાંથી મધુરતા ઝરે છે તેમ આપના ગુણરૂપી મધુર આંબા દેખતાં હે દેવ! અમારા હૃદયમાંથી ગુણસ્તુતિનું જે મધુર સંગીત નીકળે છે – એ જ છે આ ભક્તામર – સ્તોત્ર! (૬)

"આ સ્તોત્રના દરેક શ્લોકના ભાવોનું ચિંતન કરતાં-કરતાં મુમુક્ષુના અંતરમાં પરમાત્મગુણોની માળા ગુંથાતી જાય છે ને કર્મોનાં બંધન તૂટતા જાય છે.


ભક્તામર ઉપર અત્યારસુધી પ્રગટ થયેલા વિવેચનોમાં આ આત્મલક્ષી વિવેચન સૌથી શ્રેષ્ઠ અને આત્મસાધનામાં ઉપયોગી છે. તત્ત્વરુચિવંત ઊંડા જિજ્ઞાસુઓને તે ખૂબ લાભનું કારણ થશે ને આત્મહિતની સુંદર-મધુરી પ્રેરણા આપીને જિનભક્તિનો કોઈ નવો જ રંગ લગાડશે.

આવી જિનભક્તિ ભક્તના હૃદયને અતીવ આનંદિત કરે છે."

卐

# [ ૭ ]

## સર્વજ્ઞસૂર્યના સ્તવનવડે મોહાંધકારનો નાશ




त्वत्संस्तवेन भवसंतति सन्निबद्धं
पापं क्षणात् क्षयमुपैति शरीरभाजाम् ।
आक्रान्त लोकम् अलिनीलमशेषमाशु
सूर्यांशु भिन्नमिव शार्वरमंधकारम् ।।

બાંધેલ પાપ જનનાં ભવ સર્વ જેહ,
ત્હારી સ્તુતિથી ક્ષણમાં ક્ષય થાય તેહ;
આ લોક વ્યાપ્ત નિશિનું ભમરા સમાન
અંધારું સૂર્ય-કિરણોથી હરાય જેમ.

હે પ્રભો ! આપ સર્વજ્ઞ છો, મુક્ત છો; આપનું સ્વરૂપ લક્ષમાં લઈને જ્યાં અમે તેનું સમ્યક્ સ્તવન કરીએ છીએ ત્યાં, અનેક ભવથી બંધાયેલા પાપો ક્ષણમાત્રમાં ક્ષય પામી જાય છે, અમારું અજ્ઞાન અને ભવબંધન છૂટી જાય છે. આપ સર્વજ્ઞ, તો આપની સમ્યક્ સ્તુતિ કરનારને અજ્ઞાન કેમ રહે ? આપ મુક્ત, તો આપની ઉપાસના કરનારને ભવબંધન કેમ રહે ? જેમ, આખા લોકને ઢાંકી દેનારો દીર્ઘકાળનો કાળો ભમ્મર અંધકાર પણ સૂર્ય-કિરણનો ઉદય થતાં જ શીઘ્ર દૂર થઈ જાય છે, તેમ હે સર્વજ્ઞ-સૂર્ય ! આપને લક્ષમાં લેતાં અમારામાં સમ્યક્ મતિશ્રુતજ્ઞાનના કિરણો પ્રગટે છે ને મિથ્યાત્વઅંધકાર નષ્ટ થઈ જાય છે, તેની સાથે

પૂર્વે બંધાયેલાં દીર્ઘકાળનાં પાપકર્મો પણ ક્ષણમાં દૂર થઈ જાય છે. પ્રભો! આપ તો ત્રિલોક-પ્રકાશી પરમ તેજસ્વી કેવળજ્ઞાનસૂર્ય છો, ને સ્તુતિ વડે આપના સંપર્કથી અમારી જ્ઞાન-ચેતના પણ સમ્યક્ત્વતેજથી એવી ચમકી ઊઠી છે કે ઘોર મિથ્યાત્વ-અંધકારને ક્ષણમાત્રમાં તેણે નષ્ટ કર્યો છે.

પ્રભો! જ્યાં આપના કેવળજ્ઞાનને અમારા હૃદયમાં લઈએ છીએ ત્યાં રાગ વગરનો અમારો જ્ઞાયકસ્વભાવ લક્ષમાં આવે છે, તેના લક્ષે અમારું પરિણમન મોક્ષ તરફ થાય છે ને ભવબંધન તૂટી જાય છે. અહા, જેણે સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય કર્યો તેને તો મુક્તિના દરવાજા ખુલી ગયા.

ઘણા જીવો મૂંઝાય છે કે અરેરે, પૂર્વે અનંતકાળમાં બંધાઈ ગયેલા કાળા કિટોડા જેવા પાપ કર્મો કેમ કરીને છૂટશે?

તેને કહે છે—અરે ભાઈ! અરિહંત ભગવંતોને જેવી સર્વજ્ઞતા પ્રગટી એવો જ તારો જ્ઞાનસ્વભાવ છે–એમ એકવાર લક્ષમાં લઈને તેની સ્તુતિ–આદર–ગુણગાન ને ભાવના કર, ત્યાં પૂર્વના બંધાયેલા બધા પાપકર્મો એકક્ષણમાં છૂટી જશે ને તારો મોક્ષપંથ ઊઘડી જશે. અને, કર્મો અનંતકાળનાં તો કોઈ જીવને હોતાં નથી, અસંખ્ય વર્ષોનાં જ હોય છે. ગમે તેવું કર્મ બંધાયું હોય તે અસંખ્ય વર્ષે તો ખરી જ જાય; તે ઉપરાંત, જેમ ઝગઝગતો સૂરજ ઊગે ત્યાં અંધારા ન રહે, તેમ જ્ઞાનસ્વભાવની ભાવના હોય ત્યાં મિથ્યાત્વાદિ પાપકર્મો રહી શકે નહિ. અહા, ભગવાન જેના હૃદયમાં બિરાજે એને વળી ભવનો ભય શો? ને પાપનાં બંધન કેવા?

જુઓ, આ સાચી જિનભક્તિનો મહિમા અને તેનું ફળ!

ભાઈ, તું ભવથી ડરતો હો તો જિતભવ એવા જિનવરોની ભક્તિ કર. ભગવતી આરાધનામાં કહે છે કે 'એકલી આ જિનભક્તિ દુર્ગતિનું નિવારણ કરવા તથા પુણ્યોને પૂરવા અને સિદ્ધિ પર્યંત સુખોની પરંપરા આપવા સમર્થ છે. (ગા. ૭૫૨) તેથી જેના અંતરમાં ઓળખાણપૂર્વકની દૃઢ જિનભક્તિ છે તેને સંસારમાં ભય નથી. [ **जस्स दढा जिणभत्ति तस्स भयं णत्थि संसारे** ] (ગા. ૭૫૧) અલ્પકાળમાં જ ભવબંધનને તોડીને તે મોક્ષને સાધી લેશે.

ભરતચક્રવર્તી અને રામચંદ્રજી જેવા મહાત્માઓ પણ જિનભક્તિ કરતા, તેનું અદ્‌ભુત વર્ણન પુરાણોમાં આવે છે. જેમ અમાસની આખી રાતનું ૧૨ કલાકનું અંધારું ભેગું થયું હોય તેને ટાળતા કાંઈ ૧૨ કલાક નથી લાગતા, સવારમાં પ્રકાશનું એક કિરણ આવતાંવેંત ક્ષણમાત્રમાં તે ટળી જાય છે; તેમ દીર્ઘકાળ (અસંખ્યવર્ષો)ના ભેગા થયેલા પાપકર્મોને દૂર કરવામાં કાંઈ અસંખ્ય વર્ષો નથી લાગતા, જિનદેવને ઓળખીને તેમના ધર્મની ઉપાસના વડે સમ્યજ્ઞાન–પ્રકાશ થતાંવેંત અજ્ઞાનઅંધકાર અને પાપકર્મો એકક્ષણમાં છૂટી જાય છે.

હે દેવ! આપના ગુણમાં અમારું ચિત્ત લાગતાં જ તે પાપ વગરનું વિશુદ્ધ થઈ જાય છે; તેથી 'મારું શું થશે! હું કર્મોથી ક્યારે છૂટીશ!'–એવી શંકા આપના ભક્તને થતી નથી. અહીં ભક્તિમાં એકલા રાગની વાત નથી, સર્વજ્ઞસ્વભાવની દૃષ્ટિપૂર્વકની આ ભક્તિ છે. 'નથી મોહ તે મારો કંઈ, હું એક જ્ઞાયકભાવ છું'–આવા લક્ષવડે ધર્માત્મા સમસ્ત કર્મોથી ભિન્ન પોતાના આત્માને અનુભવે છે. અહો દેવ! આપની ભક્તિથા જ્યાં આવો સ્વાનુભવ–સૂર્ય ઊગ્યો ત્યાં હવે અમારા અંતરમાં અજ્ઞાન–અંધકાર કેમ રહે? ભવરહિત સ્વભાવને ભૂલીને અજ્ઞાનથી અનંત ભવ થઈ ગયા, પણ હવે જિનદેવના શાસનમાં આવીને ભવરહિત જ્ઞાનસ્વભાવની ભાવનામાં આવ્યો ત્યાં અનંત ભવનો નાશ થઈને મોક્ષની સાધના શરૂ થઈ ગઈ.

આ ભક્તિમાં 'ભક્તામર–સ્તોત્ર'ના એકલા શબ્દો બોલી જાય કે સરસ રાગ–રાગણીથી ગાય, તેની વાત નથી; જેમની આ સ્તુતિ છે એવા સર્વજ્ઞ ભગવાનને ઓળખીને, અને તેમના જેવા શુદ્ધાત્માને લક્ષમાં લઈને જેણે ભક્તિ કરી તેને સંસાર અને મોક્ષ વચ્ચે તીરાડ પડી ગઈ, તે મોક્ષનો સાધક થયો ને ભવથી છૂટયો. અહા, સર્વજ્ઞ–પરમાત્મા જેના હૃદયમાં બેઠા ત્યાં હવે સંસાર કેવો? આવી ભક્તિનો સાચો ઊછાળો પણ અજ્ઞાનીને કદી નથી આવતો. સર્વજ્ઞ પ્રત્યે એક વાર હૃદયથી ઊછળી જાય તો મોક્ષનો પંથ હાથમાં આવી જાય ને ન્યાલ થઈ જાય. હે દેવ! આપના દિવ્ય ગુણો દેખતાં અમારો આત્મા ઉલ્લસિત થાય છે, અમારી દૃષ્ટિ ખૂલી જાય છે ને અજ્ઞાન દૂર થાય છે.—

કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.

આ સ્તુતિકાર માનતુંગસ્વામી તો મુનિરાજ છે, પણ સમ્યગ્દૃષ્ટિ–ગૃહસ્થને, તેમજ સમ્યગ્દર્શન પહેલાં પણ સુપાત્ર જીવને પરમાત્મા પ્રત્યે ભક્તિનો આવો ભાવ આવ્યા વિના રહેતો નથી. જો પ્રભુ પ્રત્યે ભક્તિભાવ ન જાગે ને વિષયોનો પ્રેમ વધી જાય તો તે જીવ અપાત્ર છે; તેને સ્વછંદી કૂલટા જેવો કહ્યો છે. ધર્મનો પ્રેમી જીવ પોતાના તન–મન–ધન ને જ્ઞાનની શક્તિ સાચા દેવ–ગુરુ–ધર્મની પ્રભાવનામાં વાપરે. પહેલાં અજ્ઞાનદશામાં કુદેવાદિ પ્રત્યે જેવો પ્રેમ હતો તેના કરતાં હવે જ્ઞાનદશામાં દેવ–ગુરુ–ધર્મના મહિમાની સાચી ઓળખાણ થતાં ધર્મીને ભક્તિનો ઉલ્લાસ કોઈ અનેરો હોય છે. આવો સર્વજ્ઞ ભગવાનનો ભકત સંસારથી ખસીને જ્ઞાનસ્વભાવ તરફ વળ્યો છે, હવે અલ્પકાળમાં રાગને તેમજ કર્મોને છેદીને તે મુક્તિને પામશે. (૭)

—o—

# ભક્તિ અને શાંતિ

## [ સાચી ભક્તિ નિષ્ફળ જતી નથી ]

પ્રભો! આપનાં અનંતગુણ કે જે કેવળજ્ઞાનગમ્ય છે, તેનું પૂરું સ્તવન તો દૂર રહો! એના અચિંત્ય પ્રભાવની તો શી વાત! પરંતુ ઓળખાણપૂર્વક લેવાતું આપનું નામ પણ, જગતના જીવોનું જન્મ-મરણના દુઃખોથી રક્ષણ કરે છે.—જેમ સાક્ષાત્ કમળ-સરોવર તો દૂર રહો, પણ તેની શીતળ હવા પણ ગ્રીષ્મના આતાપથી તપ્ત જીવોને શાંતિ આપે છે.

'અમે સર્વજ્ઞપ્રભુની ભક્તિ તો કરીએ છીએ પણ કાંઈ શાંતિ કેમ મળતી નથી!'

અરે ભાઈ! એમ બને નહિ. સર્વજ્ઞપ્રભુ એટલે પૂર્ણ શાંતરસના પિંડલા! ભક્તિવડે તેમનામાં ચિત્ત જોડતાં જ ભક્તનો આત્મા પણ શાંતરસમાં તરબોળ થઈ જાય છે. અને જો તને ભકિતમાં શાંતિ નથી દેખાતી તો તેં તારા ચિત્તને પ્રભુના ગુણોમાં જોડયું જ નથી. અને તો પછી ચિત્ત લગાડયા વગરની ભક્તિ કયાંથી સફળ થાય! જો એકવાર પણ સમ્યક્સ્વરૂપે ઓળખીને ભગવાનના દર્શન કર્યા હોત તો આજે આવી દુઃખદશા ન રહેત.

'પૂજ્યો છતાં શ્રુત છતાં નિરખ્યો છતાંય,
ધાર્યો ન ભક્તિથી તને મુજ ચિત્તમાંય;
તેથી થયો હું દુઃખભાજન જિનરાય,
ના ભાવવિહીન ક્રિયા ફલવંત થાય.' (કલ્યાણમંદિર)

બહારથી ભગવાનની સ્તુતિ-પૂજા કરી પણ તેમના ગુણોને હૃદયમાં ધારણ ન કર્યા...તો ત્યાં સમ્યક્ ભક્તિ કયાંથી થાય? ને સમ્યક્-ભક્તિ વગર તેનું મહાન ફળ કયાંથી આવે!

માટે હે ભાઈ! તું સર્વજ્ઞનું સ્વરૂપ ઓળખીને તેમના ગુણોને ચિત્તમાં ધારણ કર. તો જરૂર તને મોક્ષમાર્ગની અપૂર્વ શાંતિ મળશે.


આત્મસ્વરૂપની નિર્વિકલ્પ અનુભૂતિની તો શી વાત! એ તો અચિંત્ય-આનંદકારી છે; ને તે સ્વરૂપની સન્મુખ થઈને તેનું ચિંતન કરતાં, તેની ઠંડી હવા આવે-તે પણ મુમુક્ષુને આનંદ ઉપજાવે છે.

—૦—

# [ ૮ ]

## પ્રભુના ગુણના સાન્નિધ્યને લીધે સ્તોત્રની શોભા

સર્વજ્ઞસ્વભાવના સ્તવન વડે સાધકનું અલ્પજ્ઞાન પણ શોભી ઊઠે છે.
[ વાચ્યરૂપ જ્ઞાનની શોભાને લીધે વાચકરૂપ શબ્દોની પણ શોભા ]




मत्वेति नाथ तव संस्तवनं मयेदं
आरभ्यते तनुधियापि तव प्रभावात् ।
चेतो हरिष्यति सतां नलिनी-दलेषु
मुक्ताफलद्युति-उपैति ननूदबिन्दुः ।८।

માની જ તેમ સ્તુતિ નાથ તમારી આ મેં,
આરંભી અલ્પમતિથી, પ્રભુના પ્રભાવે...
તે ચિત્ત સજ્જન હરે જયમ બિંદુ પામે
મોતીતણી કમળપત્રવિષે પ્રભાને. ૮.

હે દેવ! એ રીતે આપની સ્તુતિનો અપાર મહિમા જાણીને, હું અલ્પબુદ્ધિ હોવા છતાં આપના સ્તવનનો પ્રારંભ કરું છું; પ્રભો! આપના ગુણના પ્રભાવને લીધે આ સ્તવન (ભક્તામરસ્તોત્ર) સજ્જન પુરુષોના ચિત્તને હરી લેશે; આ સ્તવનમાં આપના ગુણનો મહિમા દેખીને સત્પુરુષોનું ચિત્ત પ્રસન્ન થશે.—જેમ ખીલેલા કમળ ઉપર બાઝેલું ઝાકળનું બિંદુ પણ મોતી જેવી ચમકથી શોભી ઊઠે છે, તેમ આ સ્તોત્રના શબ્દો પાછળ (વાચ્યરૂપે)

આપના અચિંત્ય ગુણોનો પ્રભાવ હોવાથી તે પણ સજ્જનોના કંઠમાં મોતીની માળા જેમ શોભી ઊઠશે. આપ મહાન છો, આપના ગુણો મહાન છે, તેથી આપના ગુણનું વાચક આ સ્તોત્ર પણ અત્યંત શોભી ઊઠશે ને સજ્જનોના મનને હરી લેશે.


પ્રભો! હું ભલે મંદબુદ્ધિ છું પણ જેમનું સ્તવન કરું છું એવા આપ તો કેવળજ્ઞાનના સમુદ્ર છો. મારા શબ્દો નહિ પણ આપના ગુણો સત્પુરુષના ચિત્તને હરી લ્યે છે. આ સ્તોત્રમાં આપની સર્વજ્ઞતાનાં વખાણ સાંભળીને મુમુક્ષુજીવો પ્રસન્ન થશે કે વાહ! પ્રભુની કેવી ભકિત કરી છે! આમ સ્તુતિ વડે આપના ગુણોમાં મુમુક્ષુનું ચિત્ત થંભી જશે. મારું સાધકજ્ઞાન અલ્પ હોવા છતાં તેની સંધિ પૂર્ણ સાધ્ય એવા સર્વજ્ઞસ્વભાવ સાથે છે તેથી તે જ્ઞાન પણ મોક્ષમાર્ગ તરીકે શોભી રહ્યું છે. પાણીનું ટીપું સામાન્ય જમીન પર પડયું હોય તો તેની કાંઈ કિંમત નથી, પણ કમળના ફૂલની પાંદડી પર લાગેલું પાણીનું ટીપું ( તે કમળના અલિપ્ત સ્વભાવને લીધે ), તેના પર સૂર્યકિરણ પડતાં મોતીની જેમ ઝગમગી ઊઠે છે. તેમ આપના ગુણ ઉપર લાગેલું મારું આ ભકિતનું બિંદુ સાચા મોતીની જેમ શોભી ઊઠશે. જગતમાં સામાન્ય શબ્દોની કાંઈ કિંમત નથી, પણ જેની સાથે વાચ્યરૂપે આપના અચિંત્યગુણોનો મહિમા રહેલો છે તે શબ્દો સજ્જનોના ચિત્તને પ્રિય લાગે છે ને જિનવાણીની જેમ શોભી ઊઠે છે; તથા તેને લક્ષમાં લેનારું જ્ઞાનબિંદુ પણ મોક્ષમાર્ગમાં સાચા રત્નની જેમ શોભી ઊઠે છે.

જુઓને, આ ભક્તામર-સ્તોત્ર કેવું પ્રસિદ્ધ શોભે છે! તે કાંઈ બહારના પ્રભાવને લીધે નહિ પણ તેના અંદર પરમાત્માના ગુણોનું અદ્‌ભુત વર્ણન ભરેલું છે તેથી તે શોભે છે. પ્રભો, હું ( સ્તુતિકાર ) ભલે નાનો, પણ સ્તુત્ય એવા આપ તો ત્રણલોકમાં મહાન છો તેથી આપની સ્તુતિનો મહિમા પણ ત્રણલોકમાં ફેલાઈ જાય છે; ઊર્ધ્વલોકના દેવેન્દ્રો પણ ભકિતપૂર્વક આપની સ્તુતિ કરે છે, મધ્યલોકમાં મુનીંદ્રો પણ આપની સ્તુતિ કરે છે, ને અધોલોકમાં ધરણેન્દ્ર વગેરે પણ આપની સ્તુતિ-ગુણગાન કરે છે. અહા, આપ તો અનંત ગુણોની પ્રભુતાથી શોભી રહ્યા છો, ને અમારા અંતરમાં ઊછળતી આ ભક્તિ પણ મોતીની માળા જેવી શોભી ઊઠશે; તેનાથી અમારા પરિણામ ઊજ્જવળ થશે. ધર્માત્માનું હૃદય પરમાત્માના ગુણો પ્રત્યે આનંદથી ઉલ્લસી જાય છે. પ્રભો, કુકવિઓ વિષય-કષાયોની પોષક જે કાવ્યરચના કરે છે તે નથી શોભતી, તે તો જીવોનું અહિત કરનારી છે; પરંતુ આપના વીતરાગી ગુણોનું આ સ્તવન તો જીવોને વિષય-કષાયોથી છોડાવીને વીતરાગતાની ભાવના જગાડે છે, તેથી તે સુંદરપણે શોભે છે. સજ્જનોનું ચિત્ત તે સાંભળીને પ્રસન્ન થાય છે. પરમાત્મપદના ગુણગાન ગાતાં અને સાંભળતાં સાધક સન્તોને પ્રમોદ જાગે છે; ને તેના દ્વારા પોતાના ચિત્તને પરમાત્મગુણોની ભાવનામાં જોડીને સમ્યક્‌ત્વાદિ મોતી વડે તેમનો આત્મા શોભી ઊઠે છે.—આવા અધ્યાત્મભાવો આ વીતરાગી-સ્તવનમાં ભર્યા છે. (૮)

卐

## [ ९ ]

# ભગવાનના ગુણની કથા પણ આત્મવિકાસ કરનારી છે




आस्तां तव स्तवनं अस्त समस्त दोषं,
त्वत् संकथापि जगतां दुरितानि हंति ।
दूरे सहस्रकिरण: कुरुते प्रभैव
पद्माकरेषु जलजानि विकासभांजि ।।

દૂરે રહો રહિત દોષ સ્તુતિ તમારી!
ત્હારી કથા પણ અહો! જન-પાપહારી;
દૂરે રહે રવિ કહિ તદપિ પ્રભાએ-
ખીલે સરોવર વિષે કમળો ઘણાંએ.

જુઓ તો ખરા. દૂર રહેલા ( અસંખ્ય વર્ષ પહેલાં થયેલા ) પરમાત્માને પણ ભક્તિના બળે નજીક લાવીને કહે છે કે હે પ્રભો! આપના સાક્ષાત્ કેવળજ્ઞાનસૂર્યની તો શી વાત! તેનાં પ્રકાશનાં કિરણો પણ અમારા સુધી પહોંચીને અમારા આત્માને વિકસિત કરે છે. ક્ષેત્ર અને કાળથી ભલે દૂર હો પણ અમારા ભાવમાં તો આપ સમીપ જ છો.

સામાન્યપણે 'સ્તુતિ' તો તેને કહેવાય છે કે જેનામાં જે ગુણ હોય તેને વધારીને કહેવામાં આવે; પરંતુ હે જિનદેવ! સમસ્ત દોષરહિત અને સર્વ ગુણે પૂરા એવા આપનામાં જે અગાધ ગુણો વિદ્યમાન છે તેનું પણ પૂરું વર્ણન કરવાની મારી શક્તિ નથી, તોપછી તેને વધારીને કહેવાની તો વાત જ શી! આપનામાં ન હોય એવો કોઈ ગુણ જગતમાં

ક્યાં છે કે જે વધારીને હું સ્તુતિ કરું? પ્રભો, આપની પૂરી સ્તુતિની વાત તો દૂર રહો, આપનાં ઉત્તમ ગુણોની સુકથા પણ જગતનાં પાપોને હરનારી છે. ભક્તિથી આપનું નામ લેતાં પણ જીવોનાં પાપો દૂર થઈ જાય છે ને તેમના ગુણો વિકસવા માંડે છે. પાણીનું સરોવર તો જરાક દૂર હોય પણ તેના ઉપરથી પસાર થતી જલબિંદુવાળી ઠંડી હવા પણ, ગ્રીષ્મના તાપથી તપ્ત પથિકને કેવી મધુરી શાંતિ આપે છે! અથવા, હજારો કિરણોવાળો સૂર્ય તો દૂર હોય છતાં તેની પ્રભા પણ સરોવરનાં કમળોને વિકસિત કરે છે; તેમ હે સર્વજ્ઞસૂર્ય! આપના જેવા ગુણોના નિર્વિકલ્પ અનુભવની તો શી વાત,-આપના ઉત્તમ ગુણોની કથા કરીએ (કે સાંભળીએ) છીએ ત્યાંપણ અમારું ચિત્ત આપના ગુણોમાં જોડાય છે ને વિષય-કષાયોથી પાછું વળી જાય છે, એ રીતે અમારું હૃદયકમળ વિકસી જાય છે. આ રીતે આપનાં ગુણોની કથા પણ પાપનો નાશ કરનારી છે, ને તે ગુણોની અનુભૂતિ તો ભવનો નાશ કરનારી છે.

જુઓ, ગુણના લક્ષપૂર્વકની આ સ્તુતિ! આમાં નિશ્ચય ને વ્યવહાર બંને સમાઈ જાય છે. હે પ્રભો! આપે સર્વે દોષનો નાશ કરીને સર્વે ગુણોથી ભરેલી સર્વજ્ઞતા પ્રાપ્ત કરી, અને દિવ્યધ્વનિ વડે જગતને માટે સર્વજ્ઞપદનો ઢંઢેરો પ્રસિદ્ધ કર્યો કે હે જીવો! અંતર્મુખ થઈને સર્વજ્ઞ થવાનો તમારો પણ સ્વભાવ છે. દોષથી પાછો વળીને વીતરાગી જ્ઞાનસ્વભાવ તરફ જે ઝૂકે તેણે જ વીતરાગભગવાનની કથા સાંભળી કહેવાય. જે રાગમાં કે બાહ્યવિષયોમાં જ રોકાઈ રહે તેણે તો ખરેખર રાગની વિકથા જ સાંભળી છે, વીતરાગની સુકથા નહીં. અહા, પરમાત્માની જેમ આત્માનો વીતરાગસ્વભાવ ને સર્વજ્ઞસ્વભાવ!-એ સ્વભાવના પ્રેમપૂર્વક તેની કથા જે સાંભળે તેને મિથ્યાત્વાદિ પાપોનો જરૂર નાશ થઈ જાય છે, ને સમ્યક્ત્વ-કમળ ખીલી જાય છે.

જુઓ, અત્યારે પર્યુષણમાં આ 'ભગવતકથા' વંચાય છે. ભગવાનના ગુણોની કથા તે ભાગવતકથા. ભગવાન જે પામ્યા તે પમાડનારી આ કથા ભાગવત કથા છે. પ્રભો! સંપૂર્ણ વીતરાગભાવરૂપ આપની પૂર્ણસ્તુતિ તો અલ્પકાળમાં જ કેવળજ્ઞાન ને પૂર્ણાનંદ આપીને અમનેય આપના જેવા પરમાત્મા બનાવી દે છે; પરંતુ ત્યારપહેલાં વચ્ચે રાગવાળી ભૂમિકામાં પણ આપના ગુણો પ્રત્યેનો પ્રેમ અને તેની કથા-સ્તુતિ પણ પાપનો નાશ કરનારી છે. આપના ગુણોની પ્રીતિ કરનાર જીવ અલ્પકાળમાં મોક્ષનું ભાજન થાય છે. પદ્મનંદી મુનિરાજે પણ કહ્યું છે કે—

तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता।
निश्चितं स भवेत् भव्यो भाविनिर्वाणभाजनम् ।।

ચૈતન્યપ્રીતિ ચિત્તમાં રાખી કથા પણ સાંભળે,
તે ભવ્ય ભાવિ-મોક્ષનો પાત્ર જ ધ્રુવપણે બને.

ચૈતન્યતત્ત્વ પ્રત્યે પ્રેમપૂર્વક તેની વાર્તા પણ જેણે સાંભળી છે તે ભવ્યજીવ અવશ્ય ભાવિનિર્વાણનું ભાજન થાય છે. ચિત્તમાં ગુણપ્રત્યે પ્રીતિપૂર્વકનું શ્રવણ તે અપૂર્વ છે. સાંભળ્યું પણ ચિત્તમાં તેની પ્રીતિ ન કરી તો શું કામનું?

અહો નાથ! આપના આત્મામાંથી તો સર્વે પાપો દૂર થયા, ને આપના ગુણોની કથા સાંભળનારને પણ પાપો દૂર થાય છે. હે પ્રભો! અમારું કેવળજ્ઞાન તો હજી થોડુંક આઘું છે, પણ આપના કેવળજ્ઞાનને જ્યાં લક્ષમાં લઈએ છીએ ત્યાં અમારું સમ્યગ્જ્ઞાન-કમળ ખીલી જાય છે, ને અજ્ઞાન-પાપાંધકાર ટળી જાય છે. સંસારની જેલ કે કર્મોના તાળાનું બંધન હવે અમને રહી શકે નહીં.

વાહ, જુઓ તો ખરા પ્રભુની સ્તુતિમાં સાધકની નિઃશંકતા! અંતરમાં સર્વજ્ઞના નિર્ણયનું જોર ભર્યું છે...તેમાંથી અવાજ આવે છે કે અમારો મિથ્યાત્વઅંધકાર ટળ્યો છે ને કેવળજ્ઞાનનું પરોઢિયું ઊગ્યું છે, અમારું ચૈતન્યકમળ વિકસવા માંડ્યું છે; અસંખ્યપ્રદેશી ચૈતન્યબાગમાં શ્રદ્ધા-જ્ઞાન-આનંદનાં ફૂલ અનંત પાંખડીએ ખીલ્યાં છે. —આવી શ્રદ્ધાવાળો જીવ જ સર્વજ્ઞ-પરમેશ્વરની સાચી સ્તુતિ-ભક્તિ-ઉપાસના કરી શકે છે. ભગવાનની કથા વગેરે ચારે અનુયોગમાં વીતરાગતાનું પ્રયોજન પોષ્યું છે. વીતરાગતા પ્રત્યેનો ઉલ્લાસ તે જ વીતરાગદેવની ભક્તિ. આવી ભક્તિ રાગનો નાશ કરીને વીતરાગતા પ્રગટાવનારી છે. રાગની પુષ્ટિનો અભિપ્રાય રાખીને ભક્તિ કરે તો વીતરાગની સાચી ભક્તિ થાય નહિ.

હે જીવ! સર્વજ્ઞ-વીતરાગ ભગવાન પ્રત્યે જો તારા ચિત્તમાં ભકિત નથી ઉલ્લસતી, તો તારું ચિત્ત પત્થર જેવું છે, તે ખીલશે નહિ. પ્રભુના ગુણગાનનો ગુંજારવ સાંભળતાં તો ભકતનું હૃદય ફૂલની જેમ ખીલી ઊઠે છે; 'વાહ! આવી અદ્ભુત ભક્તિ ને આવા અદ્ભુત ગુણો!' હે નાથ, આપ મુક્ત, સર્વ બંધનથી રહિત, આપને હૃદયમાં રાખીને સ્તુતિ કરતાં અમારી દૃષ્ટિ ખુલી ગઈ ને શુદ્ધસ્વરૂપનો વિકાસ થયો, ત્યાં હવે અંદરમાં કે બહારમાં અમને કોઈ બંધન રહી શકે નહિ. તુચ્છ જીવોદ્વારા બહારમાં જૈનધર્મની હીનતા થાય તે મુનિરાજ-માનતુંગસ્વામીથી સહન થયું નહિ એટલે ઉપસર્ગ જાણીને આ સ્તોત્રદ્વારા ભક્તિની એવી ઝલક જગાડી કે ફડાક-ફડાક બંધન અને તાળાં તૂટી ગયા. જિનેન્દ્રભક્તિનો આવો અદ્ભુત મહિમા દેખીને રાજા-પ્રજા ઘણા પ્રભાવિત થયા ને જૈનધર્મના જયજયકાર થયા. આવું આ ભક્તામર-સ્તોત્ર માત્ર બહારના ચમત્કારો માટે નહિ પણ અંદરમાં જિનગુણોનો મહિમા સમજવા માટે છે; તેમાં ઊંડાં અધ્યાત્મભાવો ભર્યાં છે.

શ્રી જિનસેનસ્વામીએ 'મહાપુરાણ' ( ગુજરાતી પા. ૮૩-૮૪ )માં સ્તુતિનું સ્વરૂપ બહુ સરસ રીતે બતાવ્યું છેઃ ત્યાં ભગવાન ઋષભદેવને કેવળજ્ઞાન થયું ત્યારે સ્તુતિ કરતાં ઇંદ્ર કહે છે કે

હે ભગવન્! મારી બુદ્ધિ મંદ હોવા છતાં હું માત્ર ભક્તિથી પ્રેરાઈને ગુણરત્નોની ખાણ એવા આપની સ્તુતિ કરું છું; આપ વીતરાગ હોવા છતાં આપની સ્તુતિ કરનારને પોતાના વિશુદ્ધ પરિણામને લીધે ઉત્તમ ફળ સ્વયં પ્રાપ્ત થાય છે. પવિત્ર ગુણોનું કીર્તન કરવું તે સ્તુતિ છે. પ્રસન્નબુદ્ધિવંત ભવ્યજીવ સ્તુતિ કરનાર ( સ્તોતા ) છે; સર્વગુણસંપન્ન એવા આપ સર્વજ્ઞદેવ સ્તુત્ય છો અને મોક્ષસુખની પ્રાપ્તિ તે સ્તુતિનું ઉત્તમ ફળ છે. પ્રભો, આપની ભક્તિ—આપના ગુણોની સ્તુતિ મુમુક્ષુ જીવોને આનંદિત કરી રહી છે. રાગદ્વેષ રહિત અને જ્ઞાન-આનંદસહિત એવા આપ વસ્ત્રાભૂષણ વગર જ સર્વોત્કૃષ્ટરૂપે શોભી રહ્યા છો. આત્માની શોભા પરિગ્રહથી નથી, વીતરાગતાથી જ આત્માની શોભા છે. આપની પ્રભુત્વશક્તિ પણ કેવી આશ્ચર્યકારી છે કે ક્રોધ કર્યા વગર જ આપે મોહશત્રુને હણી નાંખ્યો. સ્વયં આત્મામાંથી જ આપ સર્વજ્ઞપણે પ્રગટ થયા છો તેથી 'સ્વયંભૂ' એવા આપને નમસ્કાર હો. આપના જેવા ગુણો અમારામાં પ્રગટ કરવા તે જ આપની પરમ સ્તુતિ છે. તેથી આપના જેવા ગુણોનો અંશ મારામાં પ્રગટ કરીને હું આપની સ્તુતિ કરવા ઉદ્યમી થયો છું. ભલે આપના પૂરા ગુણોની સ્તુતિ વચનથી ન થાય, પરન્તુ આપના ગુણોનો પ્રેમ અને તેની સુકથા પણ અમને આનંદ દેનારી છે; તેના વડે અમારામાં ન હોય એવા ગુણો અમે પ્રગટ કરીએ છીએ. અને જ્ઞાનવડે આત્માની અનુભૂતિ કરતાં તેમાં સર્વે ગુણો સમાઈ જાય છે. આવી સ્વાનુભૂતિરૂપ અભેદ ભક્તિવડે અમે પણ પરમાત્મપદ પામશું,—ત્યારે આપની સ્તુતિ પૂરી થશે; ત્યાં સ્તુત્ય અને સ્તુતિકાર ( ભગવાન અને ભક્ત, અથવા સાધ્ય અને સાધક ) એવા ભેદ પણ નહીં રહે.

જુઓ, આવી પરમ ભક્તિ તે નિર્વાણભકિત છે, તે જ મોક્ષગત એવા સિદ્ધની ભક્તિ છે, તે જ રત્નત્રય-ભક્તિ અથવા મોક્ષના કારણરૂપ ભક્તિ છે. શ્રમણો તેમજ ધર્મી શ્રાવકો પણ આવી ભક્તિ કરે છે...તેથી તે ભકત છે....ભક્ત છે.—

"भक्तो भक्तो भवति सतत श्रावकः संयमी वा"

નિયમસારમાં પરમ ભક્તિનું વર્ણન કરતાં કુંદકુંદસ્વામી કહે છે કે—

શ્રાવક-શ્રમણ સમ્યકત્વ-જ્ઞાન-ચારિત્રની ભક્તિ કરે,
નિર્વાણની છે ભક્તિ તેને, એમ જિનદેવો કહે. ( ૧૩૪ )


જે જીવ ભવભયના હરનારા આ સમ્યક્ત્વની, શુદ્ધ જ્ઞાનની અને ચારિત્રની ભવછેદક અતુલ ભક્તિ નિરંતર કરે છે, તે નિરંતર ભક્ત છે...ભક્ત છે...એટલે કે તે મોક્ષનો સાધક છે. આસન્ન ભવ્ય જીવો આવી ભક્તિ કરે છે. આ ભક્તામર-સ્તોત્રમાં પણ આવી વીતરાગી ભક્તિનું જ તાત્પર્ય સમજવાનું છે, (૯)

—૦—

# [ ૧૦ ]

## પરમાત્માની સેવાનું ફળ.... પરમાત્મપદની પ્રાપ્તિ

( પ્રભો, અમેય આપના જેવા જ થઈશું )




नात्यद्भुतं भुवनभूषण भूतनाथ
भूतैः गुणैः भुवि भवन्तमभिष्टुवन्तः ।
तुल्या भवंति भवतो ननु तेन किं वा
भूत्याश्रितं य इह नात्मसमं करोति ॥

આશ્ચર્ય ના ભુવનભૂષણ! ભૂતનાથ!
રૂપે ગુણે તુજ સ્તુતિ કરનાર અત્ર,
તે તુલ્ય થાય તુજની, ધનિકો શું પોતે
પૈસે સમાન કરતા નથી આશ્રિતોને?

હે ભુવનના ભૂષણ અને 'ભૂતનાથ' એટલે કે જીવોના નાથ! આપની સ્તુતિ કરનારા જીવો, ગુણોમાં આપના જેવા થઈ જાય છે—એ કોઈ અતિ-અદ્‌ભુત આશ્ચર્યની વાત નથી. લોકમાં પણ સ્વામી પોતાના આશ્રિત સેવકોને પોતાની સમાન સુખી કરે છે. જો સેવકનું દારિદ્રય ન મટાડે તો એવા સ્વામીથી શું પ્રયોજન છે? પ્રભો, અમે આપને નાથ તરીકે સ્વીકાર્યા છે, ઇષ્ટ દેવ તરીકે માન્યા છે,–શા માટે? કે આપના જેવા બનવા માટે.


'અદ્‌ભુત માધુર્ય! અદ્‌ભુત પરિણામ! અદ્‌ભુત કવિત્વ! એવું આ મહા કાવ્ય છે.'

જુઓ, હવે ભગવાનની સ્તુતિ જામતી જાય છે. પ્રવચનકાર શ્રી કહાનગુરુ પ્રમોદથી કહે છે કે જેમની આ સ્તુતિ કરાય છે તેમના ગુણો અદ્ભુત છે, સ્તુતિકારના ભાવ પણ અદ્ભુત છે ને ભાષાનું માધુર્ય પણ અદ્ભુત છે. ( અને હે ગુરુદેવ! પ્રવચનમાં આપ જે અધ્યાત્મભાવો બોલી રહ્યા છો તે પણ અદ્ભુત છે!)

અહીં અરિહંતપરમાત્માને 'ભૂતનાથ' એવું સંબોધન કર્યું છે, એટલે કે સાધકજીવો આપને જ પોતાના નાથ સમજે છે, કેમકે ધર્મની પ્રાપ્તિમાં રક્ષામાં ને પૂર્ણતામાં આપ જ અમારા નિમિત્ત છો. 'મહાદેવ'ને ભૂતનાથ કહેવાય છે, હે અર્હંતદેવ! હે ઋષભનાથ! આપ જ અમારા સાચા મહા દેવ છો.

હે સર્વજ્ઞ પરમાત્મા! આપ જગતના આભૂષણ છો, ત્રણ લોકની શોભા આપને લીધે જ છે; આપના કેવળજ્ઞાનાદિ ગુણોને લીધે જ અમારી શોભા છે. ગુણના ભંડાર એવા આપને સેવતાં અમનેય તેવા ગુણોની પ્રાપ્તિ થાય—તેમાં શું આશ્ચર્ય! જે જેની સેવા કરે તે તેના જેવો થઈ જાય. તેથી કહ્યું છે કે—પારસમણિ કરતાં પણ પરમાત્મા મહાન છે, કેમકે પારસમણિના સંગે તો લોઢું ફક્ત સોનું બને છે, તે પોતે પારસ નથી બનતું, જ્યારે પરમાત્માના સેવનથી તો આ જીવ પોતે પરમાત્મા બની જાય છે.

ખરેખર જગતમાં જે કાંઈ શોભા—સુંદરતા છે તે વીતરાગી દેવ-ગુરુ-ધર્મથી જ છે—એમ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે. અહા, ઉત્તમ પુણ્યનો માર્ગ પણ સાચા દેવ-ગુરુ-ધર્મના આશ્રય વિના બીજે ક્યાં છે? અન્ય કુમાર્ગમાં ઊંચા પુણ્ય પણ હોતાં નથી, ધર્મની ને મોક્ષમાર્ગની તો વાત જ કેવી? હે પ્રભો! આપના માર્ગની ઉપાસનાથી તો અમે આપના જેવા પરમાત્મા બની જશું, ત્યાં વચ્ચે મોટા પુણ્ય બંધાઈ જાય—એ કંઈ મોટી વાત છે! આરાધક ભાવ સહિતનાં પુણ્ય અલૌકિક હોય છે, છતાં મોક્ષના સાધકને તેની પણ ગણતરી નથી, એ તો પરમાત્મા જેવા કેવળજ્ઞાનાદિ ગુણોને જ સાધીને પરમાત્મા થવા માંગે છે. ભક્તની મીટ છે —પરમાત્મસ્વભાવ ઉપર; એનાથી ઓછું એને પાલવતું નથી.



[ તમે પરમાત્મા હું પરમાત્મા... ]

હે ધર્મપિતા સર્વજ્ઞ જિનેશ્વર
ચેતનમૂરતિ આપ જ છો,
મુજ ચેતનનું રૂપ જોવાને
દર્પણસમ પ્રભુ આપ જ છો.

તમે પરમાત્મા...હું પરમાત્મા...એમ આત્મામાં સિદ્ધપણું સ્વીકારીને સાધક જીવ આ સ્તુતિ કરે છે. વચ્ચે રાગમાં અટકવા માટે આ સ્તુતિ નથી. આ સ્તુતિમાં તો રાગને તોડીને પરમાત્મા બનવાની ભાવના છે.

અહા! જુઓ તો ખરા દિગંબર મુનિરાજના પડકાર! પરમાત્મપદના ભણકાર સિવાય બીજી વાત નથી. પ્રભો! આપના કેવળજ્ઞાનાદિ અદ્‌ભુત ગુણોને જોતાં અમારો આત્માય રાગથી જુદો પડીને કેવળજ્ઞાનની સાધનામાં લાગી ગયો છે; હવે અલ્પ કાળમાં કેવળજ્ઞાન લીધે જ છૂટકો!

ધર્મીજીવ પુણ્યની પાછળ પણ વીતરાગી દેવ-ગુરુને જ નિમિત્તરૂપ દેખે છે. જગતમાં તીર્થંકરપદ કે ચક્રવર્તી ઇન્દ્રાદિ મહાન પુણ્યપદ જૈનધર્મના આરાધકને જ મળે છે; એવા ઊંચા પુણ્યો બીજાને બંધાતાં નથી; અને છતાં ધર્મીને તો પુણ્યથીયે પાર એવા વીતરાગી-ચૈતન્યપદનો જ મહિમા છે.

હે દેવ! આપે ઉપદેશેલા અહિંસાદિ ધર્મો ન હોત તો જગતના જીવોને સત્ પુણ્ય પણ ક્યાંથી થાત! નિશ્ચયધર્મ કે વ્યવહારધર્મ તેની પ્રાપ્તિ જિનવાણીના પ્રસાદથી જ થાય છે. જિનદેવના ઉપદેશ વગર કંદમૂળ વગેરેમાં અનંતજીવોનું અસ્તિત્વ ક્યાંથી જણાત? ને જીવોનું અસ્તિત્વ જાણ્યા વગર તેની દયા ક્યાંથી પાળી શકાત? ને જીવોની દયા વગર પુણ્ય પણ ક્યાંથી થાત? માટે હે દેવ! અમે તો ધર્મમાં કે પુણ્યમાં પણ આપનો જ પ્રભાવ દેખીએ છીએ. વીતરાગી દેવ-ગુરુ વિના અમે પૂજા કોની કરત? આ રીતે હે ત્રિલોકનાથ! આપ જ અમારા ધર્મના રક્ષક અને પોષક છો, આપના આશ્રયથી અમને પણ પરમાત્મપદની પ્રાપ્તિ થશે—આવા ભાવથી સાધક જીવો સર્વજ્ઞપરમાત્માની સ્તુતિ કરે છે; તેમના ગુણનો મહિમા ધર્મીના જ્ઞાનમાં કોતરાઈ ગયો છે. —જુઓ આ ભક્તિમાં ધર્મીનો ઉલ્લાસ! આ સ્તુતિમાં 'માન-તુંગ' સ્વામીના ઊંડા રણકાર છે કે પ્રભુ આદિનાથના લક્ષે ધર્મની 'આદિ' કરી છે—સાધકદશાની શરૂઆત કરી છે, તે હવે પૂર્ણ પરમાત્મા થઈને મોક્ષ પામશું. અત્યારે આ પંચમકાળમાં પરમાત્મપદ લેવાનું અમારું ગજું નથી, તોપણ આત્માની આરાધનાના જોરે નિશ્ચય છે કે એકાદ ભવમાં જ તે પરમાત્મપદને પ્રાપ્ત કરશું. પ્રભુના માર્ગમાં ભળ્યા છીએ...હવે પ્રભુ થયે જ છૂટકો.

( આ ભક્તામરસ્તુતિમાં કેવા ગંભીર ભાવો ભર્યા છે તેનું સ્પષ્ટીકરણ થાય છે. )

અહા, ભગવાનનો ભક્ત પોતે ભક્ત મટીને ભગવાન થઈ જાય-એમાં અમને કોઈ નવાઈ નથી લાગતી, અતિરેક નથી લાગતો; પણ એ તો સહજ વસ્તુસ્થિતિ જ છે, એમાં આશ્ચર્ય શું? પ્રભો! આપનો આશ્રય લીધા પછી અમે આપના જેવા ન થઈએ, તો શું આપનાથી હલકા જ ( સંસારી ) રહીએ?-તો પછી આપના જેવા મોટાનો આશ્રય લીધો

શું કામનો? એક સ્તુતિમાં આવે છે કે 'સહકાર આગે શી માંગણી....' સહકાર એટલે આંબો; આંબા પર જ્યાં લૂમઝૂમ કેરી પાકે ત્યાં બાળક નીચે ઊભો ઊભો તે કેરી લઈ લ્યે; તેને આંબા પાસે કેરી માંગવી ન પડે. તેમ હે નાથ! આપ તો ચૈતન્યધર્મના આંબા; આપની ભક્તિ કરીએ ત્યાં પરમાનંદદશારૂપ ફળ સહેજે પ્રાપ્ત થઈ જાય છે; આપની પાસે માંગવું ન પડે કે મને પરમાત્મપદ આપો. અને જો કે પરમાત્મપદની આવી સાધનામાં વચ્ચે ઉત્તમ પુણ્યનો યોગ પણ સહેજે થઈ જાય છે, પણ હે પ્રભો, અમે તો આપના જેવા થવા માટે આપની સેવા કરીએ છીએ.

જૈનધર્મમાં જ આ એક ખાસ વિશિષ્ટતા છે કે તેમાં સર્વજ્ઞસ્વામીનો સેવક, સદાય સેવક જ નથી રહેતો પરંતુ તે પોતે પણ કેવળજ્ઞાનાદિ વૈભવ પ્રગટ કરીને સર્વજ્ઞ-પરમાત્મા બની જાય છે. પરમાત્માની ઉપાસના કરનારનું લક્ષ પોતે પરમાત્મા બનવાનું છે એટલે પોતામાં પરમાત્મસ્વભાવ છે તેની પ્રતીત કરીને તેની અંતરંગ ઉપાસનાવડે તે પણ પરમાત્મપદને સાધી લ્યે છે, ભક્ત પોતે ભગવાન બની જાય છે...આ છે જૈનભક્તિનું ફળ!

—卐—

### સંકટમાં અમોઘ ઉપાય : : : જિનભક્તિનું પવિત્ર ઝરણું

'કોઈ મનુષ્ય જ્યારે ઘનઘોર સંકટમાં ફસાયો હોય, ને બીજો કોઈ ઉપાય ન સૂઝે ત્યારે, છેવટના અમોઘ ઉપાય તરીકે તે પોતાના ઈષ્ટદેવને (સર્વોત્તમ સર્વજ્ઞ-જિનદેવ અરિહંત પરમાત્માને) યાદ કરીને તેમની આરાધનામાં તન્મય થઈ જાય છે. ઉપાસના વડે પરમાત્મા સાથે તન્મયતા થતાં જ તેનામાં અપૂર્વ બળ અને કોઈ અદ્‌ભુત સાહસ જાગી ઊઠે છે, નિરાશાને ખંખેરીને તેનામાં અચિંત્ય ઉત્સાહ જાગે છે અને ચમત્કારિક રીતે તેનું સંકટ છિન્નભિન્ન થઈ જાય છે.'—આ રીતે ઈષ્ટ દેવની ભક્તિ મુમુક્ષુજીવનમાં કોઈ નવું જ બળ જગાડે છે.

મુમુક્ષુને પોતાના ભાવોની પવિત્રતા રાખવા માટે અને આરાધનામાં જાગૃતી રાખવા માટે જિનભક્તિ જેવું સરલ સાધન બીજું કોઈ નથી. જિનભક્તિમાં આત્મગુણોનું વર્ણન આવતું હોવાથી સ્વાધ્યાય અને આત્મચિંતન પણ અનાયાસે થઈ જાય છે. આ રીતે જિનભક્તિ વીતરાગતાની પોષક ને કષાયોની શોષક છે. ભગવતી આરાધના જેવા મહા શાસ્ત્રમાં, સંલ્લેખનામાં તત્પર મુનિને પણ દઢ-જિનભક્તિનો ઉપદેશ આપ્યો છે.

—o—


# [ ११ ]

## પ્રભુદર્શનથી પરમ તૃપ્તિ

પ્રભુમાં ચિત્ત લાગ્યું...તે હવે બીજે નહીં ભમે;
અતીન્દ્રિય ચૈતન્યરસ ચાખ્યો હવે ઇન્દ્રિયવિષયો નહીં ગમે.

दृष्ट्वा भवन्तमनिमेष विलोकनीयं
नान्यत्र तोषमुपयाति जनस्य चक्षुः ।
पीत्वा पयः शशिकरद्युति दुग्धसिंधोः
क्षारं जलं जलनिधे रसितुं क इच्छेत् ?

જો દર્શનીય પ્રભુ એક ટશેથી દેખે,
સંતોષથી નહિ બીજે જન-નેત્ર પેખે;
પી ચંદ્રકાન્ત પય ક્ષીરસમુદ્ર કેરું,
પીશે પછી જળનિધિ જળ કોણ ખારું ?




હે દેવ ! અનિમેષ નયને–એકીટસે અવલોકવા યોગ્ય એવું આપનું શાંત–વીતરાગ રૂપ દેખ્યા પછી હવે બીજે ક્યાંય અમારી આંખ ઠરતી નથી. આપના અદ્‌ભુત રૂપમાં જ અમારી દૃષ્ટિ સ્થિર થઈ છે તે હવે બીજે ક્યાંય સંતોષ પામતી નથી. ક્ષીરસમુદ્રનું ચંદ્રના કિરણ જેવું ઊજળું ને મીઠું દૂધ પીધા પછી લવણસમુદ્રનું ખારું ને મેલું જળ પીવા કોણ ઇચ્છે ? આત્માનો અતીન્દ્રિય ચૈતન્યરસ ચાખ્યા પછી ઇન્દ્રિયવિષયોમાં કોણ રમે ?

જુઓ, આ ભગવાન પ્રત્યેની ભક્તિમાં અર્પણતા, અને સત્–અસત્‌નો વિવેક. આ જંબુદ્વીપને ફરતો ખારો–લવણ સમુદ્ર છે, પછી પાંચમો ક્ષીરસમુદ્ર છે, તેનું પાણી સ્વાદમાં દૂધ જેવું મીઠું ને રંગમાં ચંદ્ર જેવું ઊજળું છે; તે ક્ષીરસમુદ્રના જળથી તીર્થંકરોનો જન્માભિષેક થાય છે. અહીં કહે છે કે આવા ક્ષીરસમુદ્રનું મીઠું જળ પીધા પછી હવે ખારૂં પાણી કોણ પીએ? તેમ હે દેવ! આપ તો અતીન્દ્રિય શાંતિના સમુદ્ર છો; આપના માર્ગમાં ચૈતન્યની શાંતિ ચાખ્યા પછી હવે રાગ–દ્વેષ–કષાયનો કડવો સ્વાદ કોને ગમે? આપનું શાંત–વીતરાગસ્વરૂપ જોયા પછી અન્ય રાગી–દ્વેષી કુદેવો તો અમને ખારા-ખારા લાગે છે, તે કોઈ અમારા ચિત્તને આકર્ષી શકતા નથી. પ્રભો! રાગમાં અમને સંતોષ નથી થતો; વીતરાગમાં જ અમારું ચિત્ત સંતુષ્ટ થાય છે.

જુઓ, આ સુદેવ અને કુદેવ વચ્ચેનો વિવેક! ને અંદરમાં સ્વભાવ અને વિભાવ વચ્ચેનો વિવેક! શાંતરસના મીઠા સ્વાદ પાસે કષાયો કડવા લાગે છે. પ્રભો! આપના જેવા શુદ્ધસ્વભાવમાં અમારી દૃષ્ટિ અનિમેષપણે થંભી ગઈ છે, તે રૂપ એવું અદ્‌ભુત છે કે હવે દૃષ્ટિ ત્યાંથી હટતી નથી; શુદ્ધસ્વભાવની દૃષ્ટિથી જે સમ્યગ્દર્શન થયું, જે જ્ઞાનદૃષ્ટિ ઊઘડી તે હવે કદી બીડાવાની નથી. તીર્થંકર ભગવાનનું રૂપ બહારમાં પણ એકદમ શાંત આશ્ચર્યકારી હોય છે, ને અંદરના ચૈતન્ય–અતીન્દ્રિય રૂપની તો વાત જ શી! તે રૂપને દેખતાં જે સ્વભાવદૃષ્ટિ થઈ તે હવે કદી રાગાદિમાં જવાની નથી; ને જિનદેવનો ભક્ત બહારમાં પણ રાગી–દ્વેષી કુદેવને કદી માનતો નથી. સર્વજ્ઞદેવને ઓળખીને તેમના પ્રત્યે શિર નમાવ્યું તે હવે બીજાને (કુદેવને) નહીં નમે. પ્રભો! આપનું દિવ્ય શાંત રૂપ હજાર નેત્રો વડે નીહાળતાં 'હરિ'ને એટલે કે ઇન્દ્રને એવી તૃપ્તિ થઈ કે તેનાં નેત્રો હવે ટમકાર પણ મારતા નથી, ['ન જાનૂં કિતનો સુખ હરિકો...નયન પલક ન મારે!'] તેનાં નેત્રો થંભી ગયા છે.–આવું તો આપના શરીરનું રૂપ! તો સર્વજ્ઞતાથી શોભતા આપના શાંત રૂપની તો શી વાત! એને જોયા પછી અમારી દૃષ્ટિ હવે બીજે ક્યાંય જવાની નથી. અપ્રતિહતભાવે અંતર્દૃષ્ટિથી આપનું રૂપ (શુદ્ધાત્મ–સ્વરૂપ) દેખતાં–દેખતાં અમેય પરમાત્મા થઈ જશું. વચ્ચે વિભાવમાં ક્યાંય નહીં અટકીએ. હવે સ્વભાવને છોડીને સ્વપ્નમાં પણ વિભાવનો આદર થવાનો નથી, ને કુદેવાદિ પ્રત્યે આંખીને પણ જોવાના નથી. અહા, સ્વાનુભવમાં આપની સર્વજ્ઞતા દેખી, વીતરાગતા દેખી, શાંતિ દેખી, હવે બીજે ક્યાંય અમારું ચિત્ત મોહિત થવાનું નથી. જેમ બાળક પોતાની વહાલી માતાને વારંવાર નીરખ્યા કરે છે તેમ ધર્મી જીવ પોતાના પરમ ઇષ્ટ સર્વજ્ઞદેવની શાંત–વીતરાગમુદ્રાને એકીટશે નીહાળીને પ્રસન્ન થાય છે.

ભગવાનની અંતરંગ ને બહિરંગ બન્ને પ્રકારની ઓળખાણ સહિત આ ભક્તિ છે. તીર્થંકરોને આત્મામાં કેવળજ્ઞાનની દિવ્યતા, ને બહારમાં પુણ્યની પણ દિવ્યતા હોય છે. જેમ ઝવેરાત વગેરે ઊંચા માલ રાખવાના ડબ્બા (Box) પણ ઊંચા હોય છે, તેમ

તીર્થંકરદેવના આત્માની સર્વજ્ઞતા તો અચિંત્ય-અદ્ભુત હોય છે, ને તેને રાખવાની પેટી-પરમઔદારિક શરીર, તે પણ એવું સુંદર દિવ્ય રૂપવાળું હોય છે કે ઈન્દ્ર જેવા પણ તેને દેખીને આશ્ચર્ય પામે છે. એકલા બહારના ડબાને (શરીરને) દેખે પણ અંદરના માલને ન ઓળખે તો ખરો લાભ ન થાય. ધર્મી જીવો તો અંદરના માલને એટલે કે ચૈતન્ય-સ્વભાવને ઓળખીને ભગવાનની ભક્તિ કરે છે. જગતથી ઉદાસ પણ ભગવંતના દાસ એવા ધર્મી જીવ ભગવાનને જોતાં શાંતરસમાં ઠરી જાય છે. પરમાત્માને પૂર્ણતા અને સાધકને શરૂઆત, એવી સંધિપૂર્વકની આ ભક્તિ છે. પૂર્ણતાના લક્ષે સાધકને શાંતભાવની જે શરૂઆત થઈ છે તે અપ્રતિહતપણે પૂરી થશે.

જેમ ૧૬ વર્ષના વિરહ બાદ પુત્ર-પ્રદ્યુમ્નને દેખીને માતારુક્મિણી અત્યંત પ્રસન્ન થઈ ને હૈયાના હારની જેમ તેને ભેટી પડી; તેમ પરમ પ્રિય એવા હે પરમાત્મા! અનાદિથી આપનો વિરહ હતો, હવે મને આપનો ભેટો થતાં મારું હૃદય પ્રસન્નતાથી ઊછળી જાય છે; મારા હૈયાના હાર, મારી આંખોના તારા...આપ મને મળ્યા, હવે મેં આપને ઓળખ્યા; આપની લગની લાગી, હવે સંસારમાં ક્યાંય મારું ચિત્ત ચોંટતું નથી. કુદેવાદિની સામે જોવાનું તો દૂર રહો, ધન-સ્ત્રી-રાગ-પુણ્ય....એ બધું નહીં....નહીં....તે કાંઈ અમને હવે ઈષ્ટ લાગતું નથી, માત્ર આપના જેવું પરમ ચૈતન્યપદ જ અમને પરમ ઇષ્ટ વહાલું લાગે છે; તેની સાધના માટે હે દેવ! આપ જ અમારા નેતા, માર્ગદર્શક છો. જુઓ, ભક્ત આવા ભાવની જવાબદારી સહિત ભગવાનની ભક્તિ કરે છે.

ક્ષીરસમુદ્રમાં મચ્છ-કચ્છ નથી, મેલ નથી, તેનું પાણી ખીર જેવું મીઠું છે; તે ચાખ્યા પછી લવણસમુદ્રનું ખારૂં પાણી મોઢામાં કોણ નાંખશે? તેમ હે દેવ! આપના શાસનમાં આવીને ચૈતન્યસમુદ્રની અતીન્દ્રિય શાંતિનો રસ ચાખ્યો, હવે આખોય સંસાર અમને ખારો લાગે છે...સમસ્ત પરભાવોથી પાછી વળીને અમારી પરિણતિ અંતરના સ્વભાવ તરફ ઢળે છે. હવે સર્વજ્ઞ વીતરાગદેવ સિવાય બીજા અજ્ઞાની-રાગી કુદેવોની માન્યતા આત્માના સર્વ પ્રદેશેથી છૂટી ગઈ છે. જે રાગાદિમાં ધર્મ માને તેણે તો હે દેવ! વીતરાગ એવા આપને દીઠા જ નથી. આપનું વીતરાગી રૂપ જગતમાં સૌથી સુંદર છે, તેને ઓળખ્યા પછી અમારી દૃષ્ટિ હવે બીજે ક્યાંય થંભતી નથી; અમારા રોમરોમમાં-પ્રદેશપ્રદેશમાં આપની વીતરાગતા વસી ગઈ છે.


—આ પ્રમાણે વીતરાગસ્વભાવની ભક્તિ કરતાં કરતાં સિદ્ધપદને સાધી રહ્યા છીએ.

# [ १२ ]

## શાંત આત્મા....શાંત શરીર; બંનેનું ઉત્કૃષ્ટપણું

यैः शांतरागरुचिभिः परमाणुभिः त्वं
निर्मापितः त्रिभुवनैक ललामभूत ।
तावन्त एव खलु तेप्यणवः पृथिव्यां
यत्ते समानमपरं न हि रूपमस्ति ।।

જે શાંતરાગ રુચિનાં પરમાણુ માત્ર,
તે તેટલાં જ ભુવિ આપ થયેલ ગાત્ર;
એ હેતુથી ત્રિભુવને શણગારરૂપ,
ત્હારા સમાન નહિ અન્યતણું સ્વરૂપ.




ત્રણલોકના તિલકરૂપ હે પ્રભો! આપનો આત્મા તો ઉત્કૃષ્ટ ને આપનું શરીર પણ પરમાણુઓમાં ઉત્કૃષ્ટ! રાગની ચેષ્ટા વગરના શાંતરસવાળા જે સુંદર પરમાણુઓ વડે આપનું શરીર રચાયું છે તેવા સુંદર પરમાણુઓ જગતમાં એટલા જ હતા; જગતમાં જેટલા શ્રેષ્ઠ પરમાણુઓ હતા તે બધાય આપના અતિ સુંદર પરમઔદારિક શરીરરૂપે પરિણમી ગયા; હવે એવા સુંદર પરમાણુઓ બાકી ન રહ્યા; તેથી આપના સમાન અદ્ભુત શાંત રૂપ બીજા કોઈને હોતું નથી. આપનો આત્મા તો શાંતરસનો સાગર ને દેહ સૌન્દર્યનો સાગર.

ભગવાનની વીતરાગ મુદ્રા પર જેવી શાંતિ હોય છે તેવી શાંતિ અન્ય કોઈ રાગી-દ્વેષી કુદેવની મુદ્રામાં હોતી નથી. પ્રભુના આત્મામાં તો શાંતરસ પ્રસરી ગયો, ને દેહ પણ રાગચેષ્ટા વગરનો થઈને જાણે શાંતરસમાં ભીંજાઈ ગયો હોય! 'ઉપશમરસ વરસે રે પ્રભુ

તારા નયનમાં.'—જે મુદ્રા જોતાં મુમુક્ષુને આત્માના શાંતરસની પ્રતીત થઈ જાય, એવી શાંતિની ઝલકવાળી પ્રભુની મુદ્રા હોય છે; અને તીર્થંકરપ્રભુનો એક અતિશય એવો હોય છે કે તેમના દિવ્ય શરીરમાં જોનારને પોતાના આગલા-પાછલા સાત ભવનું જ્ઞાન થઈ જાય છે; અને સર્વપ્રકારે શુદ્ધ પ્રભુના 'ચૈતન્ય-રૂપને' જે જુએ તેને તો ભવ વગરનો પોતાનો સ્વભાવ અનુભવમાં દેખાય છે. સર્વજ્ઞદેવ તે આત્માનું શુદ્ધ રૂપ જોવા માટેનો અરીસો છે.

જુઓ તો ખરા, ભગવાન જાણે સામે જ બિરાજતા હોય ને પોતે તેમની સ્તુતિ કરતા હોય એવા અદ્‌ભુત ભાવોથી આ સ્તોત્ર રચ્યું છે. પ્રભુની મુદ્રા એકદમ વીતરાગ, મહા સુંદર, શાંત-શાંત, ગંભીર અને પ્રસન્ન હોય છે. જોનારને ચારે બાજુથી ભગવાન પોતાની સન્મુખ જ દેખાય છે. પ્રભુના શરીરમાં રોગાદિ હોતાં નથી; આહાર-પાણી વગર પણ હજારો-લાખો-કરોડો વર્ષો સુધી ભગવાનનું શરીર એવું ને એવું તેજસ્વી રહે છે. અશરીરી-અતીન્દ્રિય શાંતરસમય જીવન જીવનારા ભગવાનને વળી ખોરાક-પાણી કે ઝાડા-પેશાબ કેવા? ભગવાન થયા પછી પણ ખોરાક-રોગ કે મળમૂત્ર હોવાનું માને તેણે ભગવાનના દેહની દિવ્યતાને પણ ઓળખી નથી, ને અંદરના અતીન્દ્રિય સુખને પણ તેણે જાણ્યું નથી. ભગવાનની ગંભીરતા સમુદ્ર જેવી હોય છે, ને તેમની સમીપમાં એવી શાંતિ છવાઈ જાય છે કે સિંહ-વાઘ વગેરે જીવો પણ એકબીજા ઉપર ઉપદ્રવ નથી કરતા, તોપછી ભગવાનની પોતાની ઉપર કોઈ ઉપદ્રવ કરે એ તો વાત જ કેવી? ભગવાન તો શાંતરસમાં લીન છે ને તેમની સમીપમાં બીજા રાગી-દ્વેષી જીવો પણ શાંતભાવમાં ઠરી જાય છે. અરે જીવ! આવા ત્રણલોકમાં શ્રેષ્ઠ પરમાત્માને ઓળખીને તેમની ભક્તિ કર...તો તારોય ભવનો અંત આવી જશે. કેવળી ભગવાનની ને તેમના અતીન્દ્રિય સુખની પ્રતીતિ જેના અંતરમાં બેઠી તે જીવ અત્યંત આસન્નભવ્ય એટલે કે નજીકમાં જ મોક્ષગામી છે—એમ કુંદકુંદસ્વામીએ પ્રવચનસાર ગા. ૬૨ માં કહ્યું છે. અરે, હજી તો કેવળી-તીર્થંકરના દિવ્ય પુણ્યની પ્રતીત પણ જે જીવોને અઘરી પડે છે, તો અંતરના દિવ્ય જ્ઞાન અને સુખને તો તેઓ ક્યાંથી જાણે? એ જાણવા માટે પોતાને પણ તેવી જાતનો અતીન્દ્રિય ભાવ જાગવો જોઈએ. એકલા રાગથી કે ઇન્દ્રિયજ્ઞાનથી પ્રભુની સાચી ઓળખાણ કે સાચી ભક્તિ થઈ શકતી નથી. અંશે અતીન્દ્રિય ભાવ ને અંશે વીતરાગભાવ પોતામાં પ્રગટ કરે ત્યારે જ એવા પૂર્ણ-પરમાત્માની પ્રતીત ઓળખાણ અને ભક્તિ થાય છે.—આ અપૂર્વ ન્યાય છે...ને તે ભેદજ્ઞાનનું તથા સમ્યગ્દર્શનનું કારણ છે.

હે દેવ! ત્રણ ભુવનમાં આપ જ સૌથી સુંદર ને શ્રેષ્ઠ છો; અહીં ચૈતન્યમાં ઉત્કૃષ્ટ પરિણમનરૂપ સર્વજ્ઞતા થઈ, ત્યાં બહાર પુદ્‌ગલમાં પણ ઉત્કૃષ્ટ પરિણમનરૂપ પરમ શાંત દેહરચના થઈ.—આવો જ કુદરતનો મેળ છે.—બીજાને એવો દેહ હોય નહિ. જેમ કેવળજ્ઞાનથી ઊંચુ કોઈ જ્ઞાન જગતમાં નથી, તેમ પ્રભુના પરમ ઔદારિક શરીરથી વધુ કોઈ રૂપ જગતમાં નથી. ચેતનની જેટલી શોભા હતી તે બધી આપના આત્મામાં ભેગી થઈ, ને પુદ્‌ગલની જેટલી શોભા હતી તે બધી આપના દેહમાં ભેગી થઈ. તેથી આપના સમાન સુંદરતા જગતમાં

બીજા કોઈમાં નથી. અરે, આવા ભગવાનને છોડીને બીજાને કોણ ભજે?

પ્રભો! પૂર્વે સાધકદશામાં શુદ્ધોપયોગ વધતાં વધતાં તેની પરાકાષ્ટારૂપે કેવળજ્ઞાન થયું, અને સાધકદશા સાથેના રાગથી પુણ્યનો રસ વધતાં વધતાં ઉત્કૃષ્ટપુણ્યરૂપ તીર્થંકરપણું થયું. આ રીતે ચેતન અને જડ બંને પોતપોતાની સુંદરતાની ઉત્કૃષ્ટ હદને પામીને, છેવટે બંને છૂટા પડીને આપ સિદ્ધપરમાત્મા બની ગયા. પુણ્ય જીવનો સ્વભાવ નથી તેથી અંતે તે છૂટી જાય છે. સર્વજ્ઞતા ને સિદ્ધપદ જીવનો સ્વભાવ છે તે કદી છૂટતા નથી. આ રીતે બંનેનું ભેદજ્ઞાન સમજવું જોઈએ. આવા ભેદજ્ઞાનપૂર્વક ભગવાનનાં ગાણાં ગાય તેને ભવની બેડીનાં બંધન તૂટી જાય; એનાં પૂર્વનાં પાપકર્મો પણ પુણ્યરૂપે પલટી જાય. આવું સમ્યક્સ્તુતિનું ફળ છે.

## ભગવાન અને ભક્ત

ભક્તિ એટલે ભગવાન અને ભક્ત વચ્ચેની સંધિ.–તેમાં વચ્ચે કોઈ ત્રીજું ન હોય, અરે ભક્ત અને ભગવાનનું દ્વૈત પણ ન હોય.

સર્વજ્ઞ–વીતરાગ દેવની ભક્તિ સજાતીય એવા વીતરાગીજ્ઞાન–વડે થાય છે, વિજાતીય એવા રાગ વડે નહીં.

જિજ્ઞાસુને ધ્યાન રહે કે, ભગવાન અને ભક્તનો સંબંધ કાંઈ રાગવડે નથી થતો; ભક્તિ વખતે જે શુભરાગ છે તે કાંઈ વીતરાગ ભગવાન સાથે સંધિ નથી જોડતો, તે તો ઊલ્ટો વચ્ચે આડો આવે છે. રાગ તોડીને જ્ઞાનચેતના વડે જ વીતરાગ ભગવાન સાથે સંધિ થાય છે. જેમજેમ રાગ તૂટીને વીતરાગી–ચૈતન્ય પરિણમન થાય છે તેમ તેમ ભગવાન અને ભક્ત વચ્ચેનું અંતર તૂટીને, એકતા (ભાવ-ઐક્ય) થાય છે, તે સાચી ભક્તિ છે; અને તેના ફળમાં અંતે ભક્ત અને ભગવાન વચ્ચેનું અંતર સાવ ભૂંસાઈને ભક્ત પોતે જ ભગવાન બની જાય છે.

વાહ, ભક્તને ભગવાન બનાવનારી અદ્ભુત જૈન ભક્તિ!

વીતરાગ દેવની વીતરાગી ભક્તિ... તેમાં રાગની કે રાગનાં ફળની વાંછા નથી, માત્ર વીતરાગતા ને તેના ફળની જ ઉપાસના છે. જૈનભક્તિનું આવું સુંદર સ્વરૂપ સમજીને હે ભવ્ય! તું વીતરાગતાને જ ભજ... રાગને ભજીશ મા.


卐

# ( ૧૩ )

## ભગવાનની પ્રશાંત મુદ્રા ચંદ્રની ઉપમાથી પણ પાર

वक्त्रं क्व ते सुरनरोरग-नेत्रहारि
निःशेष निर्जित जगत् त्रितयोपमानम्
बिंबं कलंक मलिनं क्व निशाकरस्य
यत् वासरे भवति पांडु पलाश कल्पम्।

ત્રૈલોક સર્વ ઉપમાને જ જીતનારું,
ને નેત્ર દેવ-નર-ઉરગ હારી ત્હારું;
કયાં મુખ! કયાં વળી કલંકિત ચંદ્રબિંબ?
જે દિવસે પીળચટું પડી જાય ખૂબ.




ઘણા કહે છે કે ભગવાનનું મુખ ચંદ્રસમાન છે; પરંતુ હે દેવ! અમને તે ઉપમાથી સંતોષ થતો નથી. કેવળજ્ઞાનની દિવ્યપ્રભાથી ઝળકતી આપની નિષ્કલંક મુદ્રા પાસે ચંદ્રની શી ગણતરી? ચન્દ્ર તો કલંકવાળો છે (તેમાં કાળા-કાળા ડાઘા દેખાય છે), ને આપ તો રાગ-દ્વેષ રહિત નિષ્કલંક છો; તથા ચંદ્રનું તેજ તો દિવસે સૂકા ઘાસની જેમ સાવ ઝાંખુ ને પીળું પડી જાય છે, ત્યારે આપનું તેજ તો દિવસે કે રાત્રે સદાય એક સરખું રહે છે. કેવળજ્ઞાન-તેજ તો સદાય અનંતકાળ એવું ને એવું રહે છે ને શરીર હજારો-લાખો-કરોડો વર્ષો સુધી રહે તોપણ ઠેઠ સુધી તેનું તેજ એવું ને એવું રહે છે, કદી ઝાંખુ પડતું નથી.

માટે કયાં ચંદ્રબિંબ ને કયાં આપનું મુખમંડળ! આપની પરમ ઉપશાંત દિવ્ય વીતરાગી મુદ્રા તો ઊર્ધ્વલોકના સુરેન્દ્ર, મધ્ય લોકના નરેન્દ્ર ને અધોલોકના નાગેન્દ્ર–ધરણેન્દ્ર એમ ત્રણે લોકના જીવોના નેત્રને મુગ્ધ કરનારી છે, અને ત્રણલોક સંબંધી સમસ્ત ઉપમાને જીતનારી છે; આપના દિવ્ય રૂપની સરખામણી કરી શકે એવું ત્રણ જગતમાં કોઈ નથી.

પ્રભો! આપનો આત્મા તો પરમ શાંત છે ને તે શાંતિની પ્રભા આપની મુદ્રામાં પણ દેખાઈ આવે છે. જેમ મીઠા તળાવનું પાણી પીવામાં તો ઠંડું....ને તેની નજીકની હવા પણ ઠંડી! તેમ પ્રભુનો આત્મા તો શાંતરસમાં મગ્ન, ને દેહની મુદ્રા પણ શાંત! ચંદ્રમાની અંદર તો કાળા ધાબા દેખાય છે પણ પ્રભુની મુદ્રામાં કોઈ કલંક નથી, રાગ–દ્વેષના કોઈ ડાઘા પ્રભુમાં નથી. આવા પ્રભુને દેખ્યા પછી જગતની કોઈ વસ્તુ મુમુક્ષુના ચિત્તને હરી શકતી નથી, કેમકે સર્વજ્ઞપ્રભુની તૂલના કરી શકે એવી કોઈ વસ્તુ જ જગતમાં નથી. સમવસરણની વચ્ચે બિરાજમાન સાક્ષાત્ તીર્થંકર પરમાત્માને જોવાનું મહા ભાગ્ય તો ઘણા પુણ્ય હોય તેને જ મળે છે; સાધારણ જીવોને તેની અદ્ભુત શોભાનો ખ્યાલ ન આવે. પ્રભુના મુખ પર અતીન્દ્રિય સુખ છવાયેલું દેખાય છે; તે દેખીને મુમુક્ષુને આત્માનો સુખ-સ્વભાવ પ્રતીતમાં આવી જાય છે.

પ્રભો! સૂર્ય-ચંદ્રની ઉપમાવડે આપની ખરી ઓળખાણ થઈ શકતી નથી; સૂર્ય-ચંદ્રમાં રહેનારા જ્યોતિષીદેવો તો આપના સેવક છે. ઉપરના ઈન્દ્રો, મધ્યમાં મનુષ્યો ને નીચેના નાગેન્દ્રો એમ ત્રણલોકના જીવો આપનું રૂપ દેખીને મુગ્ધ બની જાય છે. (બિચારા નારકી જીવોને તો આપના દર્શનનું સુભાગ્ય મળતું નથી.) અહા, આપની મુદ્રાની નમણાઈ, શાંતિ, વીતરાગતા, ગંભીરતા એ બધું અનુપમ છે...અદ્ભુત છે. 'મારા ભગવાન આવા સુંદર...!' એમ ભગવાનના વખાણ કરતાં ભક્તજનો ધરાતા નથી. સંસારમાં મા પુત્રનાં વખાણ કરી કરીને રાગને પોષે છે, અહીં ધર્મમાં વીતરાગદેવનાં વખાણ કરી કરીને ભક્તજન પોતાની વીતરાગી ભાવનાને મલાવે છે. અહો પ્રભો! આપના નિષ્કલંક રૂપને દેખીને ધ્યાવતાં અમારા આત્મામાંથી પણ કલંક દૂર થઈ જાય છે.

હે દેવ! આપનું મુખ કાંઈ ચંદ્ર જેવું કલંકિત નથી, આપનું નાક કાંઈ પોપટની ચાંચ જેવું વાંકું નથી, આપની આંખ કાંઈ હરણીયાની આંખ જેવી ભયભીત નથી, એ તો અંતર્મુખ સ્થિર છે; આપનો અવાજ કાંઈ કોયલ જેવો નથી, એનાથીયે અત્યંત મધુર છે; આપની સુખમુદ્રા કાંઈ કમળની જેમ કરમાઈ જતી નથી, સદા પ્રસન્ન રહે છે.—આ રીતે લોકના સર્વે પદાર્થોની ઉપમાને હરી લેનારા આપ સર્વોત્તમ સર્વાંગ સુંદર છો. જગતના પદાર્થોમાં કોઈને કોઈ પ્રકારે દોષ હોય છે ત્યારે આપ તો સર્વ પ્રકારે દોષરહિત, સર્વગુણસમ્પન્ન છો, તેથી નિરૂપમ છો.


પ્રભુના આત્મામાં રાગ નથી ને શરીરમાં રોગ નથી. આત્મામાં સૌથી ઊંચી કેવળજ્ઞાન દશા થઈ છે, ને શરીરમાં સૌથી ઊંચી પરમ-ઔદારિક દશા થઈ છે.—આમ બંને પ્રકારે (અંતરમાં ને બાહ્યમાં) સર્વોત્કૃષ્ટપણું બતાવીને ભગવાનની સ્તુતિ કરી છે. (૧૩)

## ( १४ )

# પ્રભુનો આશ્રય કરનારને મોક્ષમાં જતાં કોઈ રોકી શકે નહીં

सम्पूर्णमंडल शशांककला कलाप
शुभ्रा गुणाः त्रिभुवनं तव लंघयंति
ये संश्रिताः त्रिजगदीश्वर नाथमेकं
कः तान्निवारयति संचरतो यथेष्टम् ॥

સંપૂર્ણ ચંદ્રતણી કાન્તિ સમાન ત્હારા,
રૂડા ગુણો ભુવન ત્રૈણ ઉલંઘનારા!
ત્રૈલોકનાથ, તુજ આશ્રિત એક તેને,
સ્વેચ્છાથકી વિચરતાં કદિ કોણ રોકે?




હે દેવ! પૂનમની ચાંદની જેવા આપના ઉજ્જવળ ગુણો ત્રણલોકમાં ફેલાઈ ગયા છે અથવા ત્રણેલોકને ઉલ્લંઘીને ઠેઠ સિદ્ધલોકમાં પહોંચી ગયા છે. ખરૂં જ છે, આપના જેવા પરમાત્માને નાથ તરીકે સ્વીકારીને તેનો જેણે આશ્રય કર્યો તે ગુણોને ત્રણલોકમાં સુખપૂર્વક સંચાર કરતાં કોણ રોકી શકે? પ્રભો, અમારી સાધક પરિણતિએ પણ આપના જેવા મહા પુરુષનો (અંતરમાં પરમાત્મભાવનો) આશ્રય લીધો છે તેથી અમનેય હવે મોક્ષમાં પ્રવેશતાં કોઈ રોકી શકશે નહિ.

હે પ્રભો! સર્વજ્ઞતા, ક્ષાયિકસમ્યક્ત્વ, પૂર્ણઆનંદ વગેરે ગુણોએ આપનો આશ્રય લીધો તેથી ત્રણલોકમાં તેમનો મહિમા વિસ્તરી ગયો. જેમ મોટા રાજા-મહારાજાના દૂતને

રાજદરબારમાં પ્રવેશતાં કોઈ રોકી શકે નહિ, તેમ સાધકજીવ કહે છે કે અમે સર્વજ્ઞ-પરમાત્માના દૂત છીએ; અમને ઈચ્છાનુસાર મોક્ષમાર્ગમાં વિચરતાં કોઈ રોકી શકે નહિ, કેમકે અમે મોટાનો આશરો લીધો છે. પ્રભો, અમને તો ત્રણુલોકમાં સર્વત્ર આપનાં ગુણો જ ફેલાયેલા દેખાય છે. દોષો તો આપનાથી ડરીને બિચારા ક્યાંય ભાગી ગયા. અહા પ્રભો, આપની તો શી વાત! જ્યાં આપનો આશ્રય લીધો ત્યાં અમારા આત્મામાંય બધા ગુણો ખીલવા માંડયા છે ને દોષો દૂર થવા માંડયા છે. —આ રીતે સાધકદશા વૃદ્ધિગત થવા માંડી છે.

પ્રભુનો જ્યાં જન્મ થયો કે કેવળજ્ઞાન થયું ત્યાં દિવ્ય અજવાળા ત્રણુલોકમાં ફેલાઈ ગયા, ને જીવોને સાતા થઈ. ત્યારે આશ્ચર્ય પામી જિનમહિમાનું ચિંતન કરતાં ઘણાય જીવો સમ્યગ્દર્શન પામી ગયા. એ રીતે પ્રભુના પ્રતાપે ત્રણુલોકમાં ગુણુનો વિસ્તાર થવા માંડયો. પ્રભુના ગુણોની કીર્તિ તો ત્રણુલોકમાં ફેલાઈ ગઈ ને બીજા જીવોમાં પણ પ્રભુના નિમિત્તે ગુણુનો વિસ્તાર થવા માંડયો. આ રીતે ભક્તને ત્રણુલોકમાં પ્રભુનાં ગુણો જ દેખાય છે.

કોઈ કહે કે 'આમાં પરાધીનતા નથી આવતી?'

–ના; કેમકે ભગવાનનો ભક્ત, ભગવાનની જેમ પોતાના આત્મામાં પણ ગુણોની પરિપૂર્ણતા દેખે છે, ને તે પૂર્ણ સ્વભાવના આશ્રયે તેની સાધના (સમ્યકત્વાદિ ગુણો) વૃદ્ધિગત થાય છે. આવા સ્વાશ્રયની ભાવનાપૂર્વક ભગવાનના આ ગુણગાન છે. બાકી ભક્તિમાં તો 'ભક્તની ભાષા' હોય તેથી કાંઈ તેમાં પરાધીનતાની બુદ્ધિ નથી; તે તો ભગવાન પ્રત્યેનો વિનય છે.

હે નાથ! આપને કેવળજ્ઞાન થતાં આપના આનંદની તો શી વાત!—૧૪ બ્રહ્માંડમાં આનંદનો આંચકો આવે, દેવતાઓના દિવ્યાસનો ડગમગી ઊઠે ને દેવોનાં વાજાં એની મેળે વાગવા માંડે, આકાશમાંથી રત્નવૃષ્ટિ થવા માંડે. પ્રભો, આ બધામાં અમને તો આપના ગુણોનો જ પ્રભાવ દેખાય છે. આપના જેવી આશ્ચર્યકારી બાહ્યલબ્ધિ પણ બીજા કુદેવોને થઈ શકે નહિ, અંદરના ગુણવૈભવની તો શી વાત! આપના કેવળજ્ઞાનાદિ અનંતગુણોનો મહિમા જગતમાં પ્રસિદ્ધ છે, ત્રણુલોકમાં કયા સત્પુરુષ તેને નથી જાણતા? અહા, જ્યાં આપના મોક્ષગમનની તૈયારી થાય ત્યાં દુનિયામાં આનંદનાં વાજાં વાગે...સર્વત્ર આહ્લાદ ને પ્રહ્લાદ ફેલાઈ જાય આપના ગુણવૈભવની કીર્તિ પાસે હે જિનેન્દ્ર! ઈન્દ્ર કે ચક્રવર્તીનો વૈભવ તથા કીર્તિ પણ સાવ તૂચ્છ લાગે છે. તે ચક્રવર્તી ને ઈન્દ્રો પણ આપને જ સેવે છે, ને આપની સેવાના ફળથી જ તેને ઈન્દ્રપણું કે ચક્રવર્તીપણું મળ્યું છે. માટે ત્યાં પણ અમને તો આપના ગુણુનો જ મહિમા દેખાય છે. જગતમાં એવું કોઈ સ્થાન નથી કે જ્યાં આપના ગુણુનાં ગાણાં ન ગવાતા હોય! અમે પણ જ્યાં જશું ત્યાં આપના ગુણુનાં ગાણાં ગાશું ને તે ગાતાં ગાતાં મોક્ષમાં આવશું. દોષનું નામ-નિશાન અમારી પાસે નહીં રહે.—જુઓ, આ વીતરાગના ભક્તનો અંદરનો પડકાર! પ્રભો, અમે સર્વગુણસમ્પન્ન એવા આપના ઉપાસક

થયા....હવે અમારામાં કોઈ દોષ કેમ રહી શકે? હવે અમારા ગુણના વિસ્તારને રોકવા જગતમાં કોઈ સમર્થ નથી.

આવી અદ્‌ભુત ગુણભક્તિ જ્ઞાની સિવાય બીજા કરી શકે નહિ, ને સર્વજ્ઞ ભગવાન સિવાય બીજા તે ઝીલી શકે નહીં. જે ભગવાનના ગુણોને (અને તેવા નિજાત્મસ્વભાવને) ઓળખે પણ નહિ તે તેમની સ્તુતિ કે ઉપાસના ક્યાંથી કરી શકે! અને જે પોતે મોહી-અજ્ઞાની હોય તે જ્ઞાનીની વીતરાગભક્તિ કેમ ઝીલી શકે? તેથી ખરેખર જ્ઞાનસ્વભાવની અનુભૂતિ-રૂપ સમ્યગ્દર્શન ને આત્મજ્ઞાન તે જ સર્વજ્ઞભગવાનની સૌથી પહેલી સ્તુતિ છે. આવી ભાવ-સ્તુતિ કરનારને પણ શાસ્ત્રમાં જિન કહ્યા છે. અરે જીવ! ભગવાન આત્માના આવા ગાણાં ગાતાં તો શીખ! એનો મહિમા તો કર!...તો તારા ભવના છેડા આવી જશે, ને તું મોક્ષપુરીના માર્ગમાં આવી જઈશ. સંસારમાં છેવટનો ને સૌથી ઊંચો સર્વાર્થસિદ્ધિનો ભવ કરનારા સમ્યગ્દૃષ્ટિ દેવો, તે ભવે મોક્ષ પામનારા મધ્યલોકના મુનિવરો, કે નીચે સાતમી નરકમાં રહેલા સમ્યગ્દૃષ્ટિ-જીવો, એ બધા ધર્માત્માઓ પરમાત્માનાં ગુણ ગાય છે. તીવ્ર મિથ્યાદૃષ્ટિ જીવો તો પરમાત્માને ઓળખતા જ નથી, તેમની શી ગણતરી? દેખતા જીવોને તો સર્વત્ર ભગવાનના ગુણનો મહિમા દેખાય છે, આંધળાને ન દેખાય તેથી શું? આંધળાને તો પગ પાસે નિધાન હોય તોપણ નથી દેખાતા. પ્રભો! આપને જોતાં અમારી તો અંતર્‌દૃષ્ટિ ખુલી ગઈ, અંતરમાં અમને ચૈતન્યનિધાન દેખાવા માંડ્યા. હવે તે નિધાન લેતાં અમને કોઈ રોકી શકે નહિ. અમે આપના નંદન થયા, આપના વારસ થયા, સર્વજ્ઞપદના યુવરાજ થયા, હવે મોક્ષપદ લેતાં શી વાર!–આમ સાધકને પોતાના મોક્ષની નિઃશંકતા થઈ ગઈ છે. સર્વજ્ઞપદની સત્તાનો નિશ્ચય થયો ત્યાં પોતામાં પણ તે પદ દેખાવા માંડ્યું. તે સર્વજ્ઞસ્વભાવના આશ્રયે અમે પણ સર્વજ્ઞ થઈશું ને અમારો જ્ઞાનવિસ્તાર પણ ત્રણ લોકમાં ફેલાઈ જશે.

—આવી નિઃશંકતાપૂર્વક સાધકજીવો મોક્ષને સાધતાં સાધતાં આ ભક્તિ કરે છે.


—o—

પ્રભુજી! તારા પગલે પગલે હું તો ચાલીયો રે...
ઝટઝટ મારે તારી મોક્ષપુરીમાં આવવું રે...
હું તો જ્યાં જોઉં ત્યાં દેખું તારા ગુણને રે...
મારા હૈયે એક વીતરાગતા વસી રહી રે...

☆

# ( ૧૫ ]

## પ્રભુની અચલ વીતરાગતા ને નિર્વિકારતા




चित्रं किमत्र यदि ते त्रिदशांगनाभिः
नीतं मनागपि मनो न विकारमार्गम् ।
कल्पांतकाल-मरुता चलिताचलेन
किं मन्दराद्रि-शिखरं चलितं कदाचित् ॥

આશ્ચર્ય શું પ્રભુતણા મનમાં વિકાર
દેવાંગના ન કદી લાવી શકી લગાર!
સંહારકાળ પવને ગિરિ સર્વ ડોલે,
મેરુગિરિ શિખર શું કદી તોય ડોલે?

હે વીતરાગપ્રભો! સ્વર્ગની દેવાંગનાઓ આપના ચિત્તમાં જરાય વિકાર ઉપજાવી ન શકી,—પણ એમાં શું આશ્ચર્ય છે! શંકર વિષ્ણુ વગેરે અન્ય દેવો તો સાધારણ સ્ત્રીઓમાં પણ મોહિત થઈ ગયા, જ્યારે આપ તો ઈંદ્રાણીને દેખીને પણ મોહિત ન થયા; પણ આપની મેરુ જેવી મહાનતા જોતાં એ કાંઈ આશ્ચર્યની વાત નથી, કેમકે આપ તો સંપૂર્ણ વીતરાગ છો.—સામાન્ય પર્વતોને ઊખેડી નાંખનારો પ્રલયકાળનો પવન શું મેરુપર્વતના શિખરને ડગાવી શકે છે?—કદી નહીં.

ભગવાન ઋષભદેવની રાજસભામાં સ્વર્ગની દેવીઓ ભક્તિથી નૃત્ય કરતી હતી; તે દેવાંગનાઓના હાવભાવમાં પ્રભુ મોહિત તો ન થયા, અપિતુ નીલાંજનાદેવીના મૃત્યુદ્વારા સંયોગની ક્ષણભંગુરતા ચિંતવીને તેઓ સંસારથી વિરક્ત થયા.—આ વૈરાગ્યપ્રસંગને

યાદ કરીને કહે છે કે હે પ્રભો! દેવલોકની અપ્સરાઓ વડે આપ મોહિત ન થયા—એમાં અમને કાંઈ આશ્ચર્ય નથી લાગતું; કેમકે આપના માર્ગમાં અતીન્દ્રિય સુખને ચાખનારા અમારા જેવા સાધકો પણ સ્વર્ગના વૈભવમાં સુખ નથી માનતા, તેમાં મૂર્છાતા નથી, તો પછી આપ તો પૂર્ણ વીતરાગ, આપની નિર્વિકારતાની શી વાત! આપના ચિત્તમાં જરાય વિકાર ન થાય—એ કોઈ આશ્ચર્યની વાત નથી. બીજા કુદેવો તો સ્ત્રીઆદિમાં મોહિત થયેલા છે અથવા શત્રુ પ્રત્યે ક્રોધ કરીને તેને હણે છે, પણ આપ તો સર્વજ્ઞ-વીતરાગ છો, આપનામાં કદી જરાપણ રાગદ્વેષ થતા નથી. આપ નથી ભક્ત ઉપર રાગ કરતા, કે નથી દુશ્મન ઉપર દ્વેષ કરતા. આવી વીતરાગતા જગતમાં એક આપને જ શોભે છે.

પંચમકાળના અંતે પ્રલયકાળ આવશે ત્યારે એવો ઘનઘોર વાયરો ફૂંકાશે કે હિમાલય વગેરે મોટા મોટા પર્વતો પણ વીખરાઈને ઊડી જશે, પરંતુ મેરુપર્વત જરાય નહીં ડગે, એ તો શાશ્વત એવો ને એવો સ્થિર રહેશે. તેમ જગતના તૂચ્છ દેવો જ્યાં રાગ-દ્વેષથી ડગી જાય છે ત્યાં હે જિનદેવ! આપ વીતરાગભાવમાં મેરુ જેવા નિશ્ચલ રહો છો. સમવસરણની દિવ્યવિભૂતિ પણ આપને રાગ ઉપજાવી શકતી નથી. આવી વીતરાગતા જગતમાં એક આપનામાં જ છે, બીજા કોઈમાં નથી.

આપણે રહીએ છીએ તે ભરતક્ષેત્ર જંબુદ્વીપમાં છે; સીમંધર પરમાત્મા બિરાજે છે તે વિદેહક્ષેત્ર પણ આ જંબુદ્વીપમાં જ છે જંબુદ્વીપ એકલાખ મહાયોજનનો ગોળાકાર છે; તેની વચમાં શાશ્વત મેરુપર્વત છે અને તેના ઉપર શાશ્વત જિનાલયો આવેલા છે. પ્રલયકાળના પવન વચ્ચે પણ આ મેરુપર્વત એમને એમ અચલ રહે છે. એ જ રીતે ભરતક્ષેત્રનું સમ્મેદશિખર-નિર્વાણસ્થાન પણ શાશ્વત છે. અત્યારે તેના ઉપર પૃથ્વીના જે નવા પડ ચડી ગયા છે તે પ્રલયકાળે ઉડી જશે ને અસલી ચિત્રાપૃથ્વી સ્ફટિક જેવી પ્રગટ થશે, તે ચિત્રાપૃથ્વીના ઉપસેલા ભાગરૂપ સમ્મેદશિખર પર્વત અને તેના પર સાથિયો છે તે શાશ્વત છે. અહીં તે મેરુની ઉપમા આપીને કહે છે કે હે નાથ! આપનું ચિત્ત પણ મેરુપર્વત જેવું સ્થિર છે; દેવલોકની અપ્સરાવડે કે જગતના કોઈ પદાર્થોવડે તેમાં જરાપણ વિકાર —રાગદ્વેષ થતા નથી. અહા, આવી વીતરાગતા આપના સિવાય બીજે ક્યાંય નથી. અને આપના વીતરાગ માર્ગમાં લાગેલું અમારું ચિત્ત તેને પણ માર્ગથી કોઈ ડગાવી નહીં શકે; તે હવે વિષયોમાં લીન નહીં થાય. આમાં એ પણ આવી ગયું કે વિષયોમાં જેનું ચિત્ત લીન હોય તે જીવો વીતરાગ પરમાત્માની સાચી ભક્તિ કરી શકતા નથી.

જુઓ, આ ભક્તામર-સ્તોત્રના ભાવોનું રહસ્ય ખોલાય છે. भक्त—अमर એટલે ભક્તિવંત દેવો, તેઓ પણ દેવલોકના વૈભવને તુચ્છ ગણીને સર્વજ્ઞ પરમાત્માની સ્તુતિ કરે છે, ને તેમાં વીતરાગતાની જ ભાવના ભાવે છે. સ્તોત્રના આવા ભાવો નહિ સમજનારા જીવો દીન થઈને પૈસા—નીરોગતા વગેરે લૌકિક આશાથી ભક્તામર સ્તોત્ર બોલે છે, તેમને ભગવાનની

ખરી સ્તુતિનો ભાવ નથી. અહા, આ તો વીતરાગ પરમાત્માના ગુણોની સ્તુતિ! તેમાં વીતરાગી ગુણ સિવાય બીજી ભાવના કેમ હોય? આવી ભાવના સહિત ભગવાનની ભક્તિ કરનારને પછી જે બેચાર ભવ હોય તે દીનતાવાળા નથી હોતા, આરાધના સહિત ઉત્તમ પુણ્યફળવાળા હોય છે. અને ત્યાં સ્વર્ગાદિમાં અપ્સરા વગેરે દિવ્યવૈભવોની વચ્ચે પણ આત્માની આરાધનાને ભૂલ્યા વગર, સમ્યક્ત્વમાં મેરુવત અકંપ રહીને અનુક્રમે મોક્ષ પદને સાધે છે.

—આ છે પરમાત્માની પરમાર્થભક્તિનું ફળ! (૧૫)

—૦—

## ❋ ભગવાનના ભક્તના હૃદયના ઉદ્‌ગાર ❋

❋ જિનશાસનમાં કહેલા ભેદજ્ઞાન વડે અમે ભગવાનના માર્ગમાં ભળ્યા છીએ… ભગવાને દર્શાવેલો અમારો નિજવૈભવ અમે દેખ્યો છે, ને તેના અત્યંત મધુર સુખનો સ્વાદ ચાખ્યો છે. અહો, કેવું અદ્‌ભુત છે મારું તત્ત્વ!


❋ ‘અહો, પંચપરમેષ્ઠી ભગવંતો! મારા સ્વસંવેદનજ્ઞાનના બળે આપના સ્વરૂપનો સાક્ષાત્કાર કરીને હું નમસ્કાર કરું છું’—આવા મંગલપૂર્વક પંચપરમેષ્ઠી ભગવંતોને પોતાની સાથે રાખીને મુમુક્ષુસાધક આરાધકભાવની ઝણઝણાટી બોલાવતો મોક્ષપુરી તરફ ચાલ્યો જાય છે. વાહ રે વાહ, પંચમકાળેય એને પંચપરમેષ્ઠીનો વિરહ નથી.

❋ પ્રભો, વીતરાગ થયેલા આપને નમસ્કાર કરતાં ને આપનાં ગુણોનું સ્તવન કરતાં મારો આત્માય રાગથી જુદો પડીને નિજભાવમાં પરિણમે છે. જગતથી ન્યારો ને પોતામાં પૂરો—એવો અદ્‌ભુત આત્મા, હે જિનદેવ! આપના જ શાસનમાં બતાવ્યો છે…. તેનો પરમ શાંત ચૈતન્યરસ અમારા ચિત્તને તૃપ્ત કરે છે…અમને મોક્ષનો સ્વાદ ચખાડે છે.

—૦—

# [ ૧૬ ]

## સર્વજ્ઞના કેવળજ્ઞાન-દીપકની અદ્ભુતતા




निर्धूम-वर्तिः अपवर्जित तैल-पूरः
कृत्स्नं जगत्त्रयमिदं प्रगटी करोषि ।
गम्यो न जातु मरुतां चलिताचलानां
दीपोपरः त्वमसि नाथ जगत्प्रकाशः ॥

ધૂમે રહિત, નહિ વાટ, ન તેલવાળો,
ને આ સમગ્ર ત્રણ લોક પ્રકાશનારો;
ડોલાવનાર ગિરિ વાયુ ન જાય પાસે,
તું નાથ! છો અપર દીપ જગત્પ્રકાશે.

હે નાથ! કેવળજ્ઞાનને લીધે આપ એવા અદ્વિતીય જગતપ્રકાશી દીવા છો...કે જેને ધૂમાડો કે વાટ નથી, જેમાં તેલ પૂરવું પડતું નથી; પર્વતોને ડોલાવી દેનારા ઝંઝાવાતી વાયરા વડે પણ જે દીવો ઓલવાતો નથી, અને એકસાથે ત્રણે જગતને પ્રકાશિત કરે છે.

'સર્વજ્ઞ લબ્ધસ્વભાવ ને ત્રિજગેન્દ્રપૂજિત એ રીતે
સ્વયમેવ જીવ થયો થકો તેને સ્વયંભૂ જિનો કહે.'

—આ રીતે કુંદકુંદસ્વામીએ પણ સર્વજ્ઞપદના મહિમારૂપ સ્તુતિ કરી છે.

જુઓ, આ સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાન-દીપકની સ્તુતિ! જગતના તેલ-ઘીના દીવામાં તો રૂની વાટનું અવલંબન જોઈએ ને તેમાંથી ધૂમાડો નીકળે, તેમ ઇન્દ્રિયજ્ઞાનવાળા જીવોમાં તો મોહરૂપી ધૂમાડો હોય છે ને પાંચ ઇંદ્રિયોરૂપી વાટનું આલંબન જોઈએ છે; પરંતુ હે દેવ! સ્વયંભૂ એવા આપના કેવળજ્ઞાન-દીવડાને કોઈ ઇન્દ્રિયોરૂપ વાટનું આલંબન નથી કે તેમાં રાગ-દ્વેષરૂપી કાલિમા નથી. લૌકિક દીવામાં તો તેલ પૂરવું પડે, પરંતુ આપનો કેવળજ્ઞાન-દીવડો તો આત્મામાંથી પ્રગટેલો સ્વયંભૂ છે, તેમાં તેલ પૂરવું પડતું નથી. વળી લૌકિક દીવો તો પવનના ઝકોરા વચ્ચે બુઝાઈ જાય છે, પણ આપનો કેવળજ્ઞાન-દીવડો ગમે તેવા ઉપસર્ગ-પરીષહના પવન વચ્ચે પણ કદી બૂઝાતો નથી. અને લૌકિક દીવો તો પોતાની મર્યાદાના થોડાક જ રૂપી પદાર્થોને પ્રકાશે છે, ત્યારે આપનો કેવળજ્ઞાનદીવડો તો એકસાથે ત્રણેલોકના રૂપી-અરૂપી સમસ્ત પદાર્થોને પ્રકાશે છે. પ્રભો! આપના આવા કેવળજ્ઞાનને પ્રતીતમાં લેતાં, એટલે કે રાગથી ભિન્ન અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવને વેદનમાં લેતાં અમારા અંતરમાં સ્વાનુભવનો જે અતીન્દ્રિય શ્રુતજ્ઞાન-દીવડો પ્રગટ્યો તે પણ હવે પરિષહોના પવન વચ્ચે કદી ઓલવાશે નહિ ને કષાયની કાલિમાથી જુદો જ રહીને વૃદ્ધિગત થતાં-થતાં કેવળજ્ઞાન સુધી પહોંચશે. આ રીતે સાધકને સર્વજ્ઞની સાથે પોતાના જ્ઞાન-દીવડામાં પણ નિઃશંકતા છે. એકલા ઇન્દ્રિયજ્ઞાન વડે કે રાગ-દ્વેષથી મલિન જ્ઞાનવડે કેવળજ્ઞાન-દીવડાની શ્રદ્ધા કે સ્તુતિ થઈ શકતી નથી.

અહો દેવ! આપના આત્મામાં અસંખ્ય પ્રદેશે અનંત ચૈતન્યદીવડા પ્રગટ્યા છે, તે આનંદ-પ્રકાશથી ભરપૂર છે ને કષાયનો ધૂમાડો તેમાં નથી. 'દીવે દીવો પ્રગટે,' તેમ આપના કેવળજ્ઞાનની પ્રતીત વડે પ્રગટેલો અમારો સમ્યગ્જ્ઞાન-દીવડો ભલે નાનો, પણ તેની જાત તો આપના કેવળજ્ઞાન જેવી જ છે, તેમાં પણ અતીન્દ્રિયઆનંદ છે ને કષાય નથી ઇન્દ્રિયજ્ઞાનનો દીવડો બૂઝાઈ જશે, અતીન્દ્રિય જ્ઞાનદીવડો કદી નહીં બૂઝાય.

કેટલાક કહે છે કે વિકારરૂપી ધૂમાડાનો નાશ કરવા માટે જ્ઞાનદીવો જ ઓલવી નાંખો! —એમ કહેનારા મૂર્ખ જીવોને વિકારથી જુદા જ્ઞાનસ્વભાવની ખબર નથી. કેટલાક નાસ્તિકમતિ એમ પણ માને છે કે મોક્ષમાં જ્ઞાનનું અસ્તિત્વ જ નથી રહેતું.—અરે મૂઢ! તો શું મોક્ષ પામતાં આત્મા જડ-અચેતન થઈ ગયો?—નહીં; જો જ્ઞાનનો જ નાશ થઈ જતો હોય તો એવા મોક્ષને કોણ ઇચ્છે?

હે નાથ! ઇન્દ્રિયો વગર ને રાગદ્વેષ વગર પણ મોક્ષમાં આપનો અદ્‌ભુત કેવળજ્ઞાન-દીવડો ઝગઝગી રહ્યો છે; ઈન્દ્રિયો છૂટી જાય તોપણ તે બુઝાતો નથી; તેમાં રાગરૂપી તેલની ચીકાસ નથી. સાધારણલોકો તો વીજળીના હજારો-લાખો દીવાનો ઝગઝગાટ દેખે ત્યાં આશ્ચર્ય પામી જાય છે (—એને તો તેલની જરૂર પડે છે ને ઓલવાઈ જતાં વાર લાગતી નથી), પરંતુ તેલ વગર બળે એવા આ અદ્‌ભુત કેવળજ્ઞાનદીવડાને જ્ઞાનીજનો જ ઓળખે

છે. આ અતીન્દ્રિય દીવડાની જાત જ જુદી! જગતના બીજા બધા દીવડા, અરે! સૂર્ય-ચંદ્ર પણ એની પાસે તૂચ્છતા પામે છે.

કોઈ પણ બહારના સાધન વગર સ્વયંભૂપણે આ કેવળજ્ઞાનદીવડો પ્રભુને પ્રગટ્યો છે. લોખંડની દીવાલો પણ એ દીવાના તેજને રોકી શકતી નથી, કોઈ પદાર્થ તેનાથી ગુપ્ત રહેતો નથી. અહા, જગતમાં જેની બીજી જોડ નથી એવો અજોડ કેવળજ્ઞાન દીવડો શાશ્વતપણે પ્રભુના આત્મામાં ઝગમગી રહ્યો છે આમ કહીને, ઈન્દ્રિયોથી ને કષાયોથી ભિન્ન જ્ઞાન સ્વભાવની પ્રતીત પૂર્વક સર્વજ્ઞભગવાનની સ્તુતિ કરી છે. અહા પ્રભો! આપની આવી સ્તુતિ કરતાં અમને પણ મિથ્યાત્વઅંધકારનો નાશ થઈને સમ્યગ્જ્ઞાનનો અલૌકિક દીવડો પ્રગટ્યો છે, તે પણ કદી બુઝાવાનો નથી. (૧૬)

## જૈનધર્મના ભગવાનની વિશેષતા

જૈનધર્મમાં સ્તુત્ય-પરમાત્મા ઇષ્ટદેવ વીતરાગ—સર્વજ્ઞ છે, તેઓ રાગ-દ્વેષ રહિત છે; તેમને નથી તો સ્તુતિ કરનાર પ્રત્યે રાગ, કે નથી નિંદા કરનાર પ્રત્યે દ્વેષ. છતાં તેમના ગુણોનું સ્તવન-ચિંતન-બહુમાન કરનાર જીવને સ્વયં પોતાની ભાવશુદ્ધિનો લાભ, તથા પાપનો નાશ થાય છે. ભગવાન પોતે બીજાના અકર્તા અને રાગ-દ્વેષ વગરના હોવા છતાં ભક્તને પોતાના ભાવોનું ફળ સ્વયમેવ પ્રાપ્ત થાય છે.

વળી, જૈનધર્મનો આ લોકોત્તર સિદ્ધાંત છે કે ભગવાન અને ભક્ત બંને આત્માનો સ્વભાવ એક સરખો છે. દરેક જીવમાં પરમાત્મસ્વરૂપ રહેલું છે ને તેની ઉપાસના વડે ( એટલે કે તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને તથા તેમાં ઉપયોગની લીનતા કરીને ) કોઈ પણ જીવ પોતે પરમાત્મા બની શકે છે. પરમાત્મા બનવાની આ પ્રક્રિયા તે જ પરમ ભક્તિ, તે જ પરમાત્માની ઉપાસના, તે જ આરાધના, તે જ મોક્ષમાર્ગ અને તે જ ધર્મ.


ઋષભાદિ જિનવર આ રીતે કરી શ્રેષ્ઠ ભક્તિ યોગની,
શિવ-સૌખ્ય પામ્યા, તેથી કર તું ભક્તિ ઉત્તમ યોગની.

—આવી ભક્તિ સાધકજીવોના અંતરમાં સદાય વર્તે છે.

—o—

# [ १७ ]

## સૂર્ય કરતાંય અધિક તેજસ્વી જ્ઞાનભાનુ




नास्तं कदाचिदुपयासि न राहुगम्यः
स्पष्टीकरोषि सहसा युगपज्जगन्ति ।
नाम्भोधरोदर निरुद्ध महा प्रभावः
सूर्यातिशायि महिमासि मुनींद्र लोके ।।

ઘેરી શકે કદી ન રાહુ, ન અસ્ત થાય,
સાથે પ્રકાશ ત્રણ લોક વિષે કરાય;
તું હે મુનીંદ્ર, નહીં મેઘ વડે છવાય,
લોકે પ્રભાવ રવિથી અદકો ગણાય.

પ્રભો ! આપ સૂર્ય જેવા નહિ પરંતુ તેના કરતાંય અધિક મહિમાવંત છો. સૂર્ય તો અસ્ત થઈ જાય છે પરંતુ આપનું જ્ઞાન કદી અસ્ત થતું નથી; રાહુ કદી આપને ઘેરી શકતો નથી; સૂર્યની જેમ માત્ર દિવસે જ, અને પૃથ્વીના થોડાક જ ભાગને નહિ, અપિતુ એક સાથે સમસ્ત જગતને આપ નિરંતર પ્રકાશો છો; અને ઘનઘોર વાદળાં પણ આપના જ્ઞાન-પ્રકાશને રોકી શકતા નથી. —આ રીતે સૂર્ય કરતાં પણ હે મુનીંદ્ર ! આપનો અતિશય મહાન છે.

જુઓ, ભગવાનના ભક્તને જગતની કોઈ ચીજ પરમાત્માથી અધિક નથી લાગતી. શ્લોક ૧૩ માં કહ્યું કે ચંદ્રની ઉપમા પ્રભુને લાગુ પડતી નથી, પછી દીવાની ઉપમા લાગુ

પડતી નથી—એમ શ્લોક ૧૬ માં કહ્યું; ને અહીં શ્લોક ૧૭ માં કહે છે કે હે દેવ! આપને સૂર્યની ઉપમા પણ લાગુ પડતી નથી. ચંદ્ર-સૂર્ય કે દીપક એ બધાયથી પાર, કોઈ અદ્‌ભુત -આશ્ચર્યકારી આપનું કેવળજ્ઞાન છે. સૂર્ય તો જગતને આતાપ કરનારો છે, પરંતુ હે જ્ઞાનસૂર્ય! આપનું જ્ઞાનતેજ તો જગતને અપૂર્વ શાંતિ દેનારું ને આતાપ હરનારું છે; આપના જ્ઞાનસૂર્યનો ઉદય થયો તે હવે કદી અસ્ત થવાનો નથી; કોઈ કર્મોનાં વાદળ હવે તેના દિવ્ય પ્રકાશને ઢાંકી શકતા નથી. જ્ઞાનદર્શનના આવરણરૂપી વાદળાને આપે સર્વથા વીખેરી નાંખ્યા છે. સૂર્યના પ્રકાશને તો પાટીયા વગેરે રોકે છે, આપના જ્ઞાનપ્રકાશને લોખંડની દીવાલો પણ રોકી શકતી નથી આવા અદ્વિતીય જ્ઞાનભાનુ આપ છો.

આ જંબુદ્વીપમાં બે સૂર્ય ને બે ચન્દ્ર છે; પણ તેઓ એક જંબુદ્વીપનેય પૂરો પ્રકાશિત કરી શકતા નથી; ત્યારે સર્વજ્ઞ પ્રભુનું કેવળજ્ઞાન તો એક સાથે જગતના બધા પદાર્થોને પ્રકાશે છે, ઊંડી ગૂફા વગેરેમાં કે જીવના અરૂપી ભાવોમાં તો સૂર્યનો પ્રકાશ પહોંચતો નથી, પરંતુ જગતમાં એવું કોઈ સ્થાન કે ક્ષેત્ર નથી કે જ્યાં પ્રભુના જ્ઞાનસૂર્યનો પ્રકાશ ન પહોંચે હે નાથ! આવો દિવ્ય જ્ઞાનપ્રકાશ આપના સિવાય બીજા કોને છે? અને આપના આવા જ્ઞાનપ્રકાશની પ્રતીતિ કરવાની તાકાત અમારા જેવા જિનભક્ત સિવાય બીજા કોનામાં છે?—'અહો, એ જ્ઞાનનો મહિમા!'

આ સ્તોત્રમાં સ્તુતિ તો ઋષભદેવની છે, પણ જેમનામાં આવું દિવ્યજ્ઞાન હોય તે બધાય સર્વજ્ઞ ભગવંતોની ગુણસ્તુતિ આમાં સમાઈ જાય છે. આવા ગુણવાળા અનંત તીર્થંકરો-અરિહંતો થયા ને અનંતા થશે. અત્યારે પણ આવા લાખો સર્વજ્ઞ ભગવંતો વિદેહક્ષેત્રમાં વિચરી રહ્યા છે. તે પ્રભુની પ્રભુતાને ઓળખતાં જીવને સમ્યકત્વ ને ભેદજ્ઞાન થઈ જાય છે. ભગવાન જેવા જ્ઞાનાનંદસ્વભાવની જે પ્રતીતિ અને પ્રીતિ કરે તે જ જીવ ભગવાનનો ભક્ત હોઈ શકે છે. સર્વજ્ઞ-સ્વભાવની પ્રીતિ-પ્રતીતિ કરતાં ઇન્દ્રિયો-રાગ કે સંયોગોની પ્રીતિ છૂટી જાય છે, તેથી તે જીવને પરમાર્થથી જીતેન્દ્રિય કહેવામાં આવે છે. (સમયસાર ગા ૩૧)

જીતી ઇન્દ્રિયો, જ્ઞાનસ્વભાવે અધિક જાણે આતમને,
નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જીતેન્દ્રિય તેહને.

સાધક કહે છે: હે જગતના અદ્વિતીય-સૂર્ય! આપ જ અમારા નેતા અને પિતા છો; અમે આપના બાળક છીએ, ને ભક્તિ કરતા-કરતા આપના માર્ગે ચાલી રહ્યા છીએ. અમારા અંતરમાં અમે એવી દૃઢ ભક્તિથી આપને વસાવ્યા છે કે તેમાં હવે સંસારનો ભય નથી. 'જ્યાં ભગવાન વસ્યા ત્યાં ભવ કેવા; ને ભય કેવો?'

આકાશમાં જે સૂર્યબિંબ દેખાય છે તે તો અચેતન પ્રકાશનો પૂંજ છે; ને હે ભગવાન! આપ તો ચૈતન્યપ્રકાશી સૂર્ય છો; સૂર્ય ગરમ છે, આપ શાંત છો; 'चंदेसु निम्मलयरा...आइच्चेसु

अहियं पयासकरा' લોગસ્સ-સૂત્ર દ્વારા સ્તુતિ કરતાં કહે છે કે ૨૪ તીર્થંકરો-કેવળી ભગવંતો ચંદ્ર કરતાંય વધુ નિર્મળ છે ને આદિત્ય-સૂર્ય કરતાંય અધિક પ્રકાશ કરનારા છે. અરે, તીર્થંકરોનું શરીર પણ ચંદ્ર-સૂર્ય કરતાં વધુ ઊજળું ને તેજસ્વી હોય છે ત્યાં કેવળજ્ઞાનની શોભાની તો શી વાત! પ્રભો, આપને આવો કેવળજ્ઞાન-સૂર્ય પૂર્ણ ઉદિત થયો છે ને મારે હજી તેનું પરોઢિયું છે...પણ પરોઢિયા પછી અલ્પકાળમાં પૂરો સૂરજ ઊગવાનો જ છે; અને તેની તત્પરતાપૂર્વક અમે આપનાં ગાણાં ગાઈએ છીએ. આ સૂર્ય તો દિવસે ઊગીને સાંજે અસ્ત થઈ જાય છે, ત્યારે આપને ઉગેલો કેવળજ્ઞાનસૂર્ય હવે કદી અસ્ત થતો નથી, કે તેના ઉપર કર્મના આવરણરૂપ કોઈ ગ્રહણ નથી. પૂર્ણિમાએ ચંદ્ર-પ્રકાશને તથા અમાસે સૂર્ય-પ્રકાશને રાહુ નડે છે એટલે કે ગ્રહણ થાય છે, પણ પ્રભુએ તો જ્ઞાનાવરણરૂપ રાહુને નષ્ટ કરી નાંખ્યો છે, તેથી પ્રભુના જ્ઞાનમાં હવે કોઈ ગ્રહણ નથી, ને પ્રભુની પ્રતીતવાળા ભક્તને પણ કોઈ રાહુ નડનાર નથી; તે આનંદ કરતો કરતો મોક્ષને સાધશે.

આજે જે સૂર્ય અહીં દેખાય છે તે કાલે નહીં આવે; કાલે બીજો સૂર્ય આવશે; કાલનો સૂર્ય આજે ઐરવતક્ષેત્રમાં પ્રકાશતો હશે, ને કાલે જે ઐરવતમાં હતો તે સૂર્ય આજે અહીં આવ્યો છે.—પણ હે નાથ! આપ તો ભરત, ઐરવત કે વિદેહ બધાય ક્ષેત્રોને એક સાથે પ્રકાશનારા છો; તેથી આપ જ જગતના અદ્વિતીય સૂર્ય છો.—આવી ભક્તિ કરનારા જીવને ભવિષ્યમાં સાક્ષાત્ ભગવાનનો ભેટો થશે ને તે પોતે પણ ભગવાન થઈ જશે. (૧૭)


—❋—

આ પુસ્તકમાં શ્રી માનતુંગ-મુનિરાજ રચિત મૂળ સંસ્કૃત શ્લોકની સામે જે ગુજરાતી-અનુવાદ આપેલ છે તે પદો આમોદવાળા શેઠ શ્રી હરજીવન રાયચંદના રચેલા છે; આ સુંદર અનુવાદ માટે તેમના આભારી છીએ. —સં.

—૦—

# (૧૮)

## ચંદ્ર કરતાંય સુશોભિત જ્ઞાનચંદ્ર




नित्योदयं दलितमोह-महांधकारं
गम्यं न राहु वदनस्य न वारिदानाम् ।
विभ्राजते तव मुखाब्जमनल्पकान्ति
विद्योतयत् जगदपूर्व शशांकबिंबम् ।।

મોહાંધકાર દળનાર સદા પ્રકાશી,
રાહુ મુખે ગ્રસિત ના, નહીં મેઘરાશી;
શોભે તમારું મુખ-પદ્મ અપાર રૂપે,
જેવો અપૂર્વ શશિ લોક વિષે પ્રકાશે.

હે પ્રભો ! હું આપને ચંદ્ર જેવા કહું ? – ના ! તેથી પણ આપ વિશેષ છો. આપ સદાય ઉદયરૂપ છો; રાહુ કે વાદળાં ચંદ્રની જેમ આપને ઘેરી શકતા નથી; આપનો ઉદય મોહ–મહાઅંધકારને દૂર કરનારો છે. કોઈ અપૂર્વ કાંતિથી શોભતું આપનું મુખમંડળ જગતમાં અપૂર્વ ઉદ્યોત કરનારું છે. ૧૩ મા શ્લોકમાં પણ આ વાત કરી હતી કે હે દેવ ! આપના દિવ્ય તેજ પાસે ચંદ્રનું તેજ પણ ઝાંખું પડી જાય છે. તે ચંદ્રમાં મોહઅંધકારને દૂર કરવાની તાકાત નથી, ઊલટો તે તો રાત્રે જીવોને મોહમાં ( નિદ્રામાં ) નાંખે છે; ત્યારે આપની વાણીનાં કિરણો તો અમને મોહનિંદમાંથી જગાડે છે ને અમારા અજ્ઞાનઅંધકારને ભગાડે છે. જેના અંતરમાં આપનાં જ્ઞાનકિરણનો પ્રવેશ થાય તેના આત્મામાં અજવાળાં

થઈ જાય ને કર્મનાં વાદળાં વીખાઈ જાય. —આવા અદ્ભુતીયચંદ્ર, હે સર્વજ્ઞ! આપ જ છો. ચંદ્ર કરતાંય આપનામાં વિશેષતા છે.

જુઓ તો ખરા, વીતરાગ ભગવંતની આ ભક્તિ! ભક્ત જ્યાં જુએ ત્યાં ભગવાનનો જ મહિમા દેખે છે; આકાશમાં સૂર્ય-ચંદ્ર દેખતાંય તેને સર્વજ્ઞભગવાન યાદ આવે છે. અંદરમાં ભગવાનને દેખે છે ને બહારમાંય ભગવાનને જ દેખે છે. ભગવાનની ભક્તિના રંગમાં સંસાર ભૂલાઈ જાય છે. રાગ કે સ્વર્ગ તો યાદેય આવતાં નથી. બસ, કેવળજ્ઞાન અને ભગવાનપણું જ અંદરમાં ઘૂંટાય છે. જરાક રાગ હોવા છતાં વીતરાગભાવ તરફનું જોર ઊછળે છે.—આનું નામ વીતરાગી ભક્તિ.

અરે, લોકો ભગવાનને ઓળખતા નથી.—જેના હાથમાં હથિયાર કે સંગમાં સ્ત્રી હોય, જે ખાય-પીએ, જેને રાગ કે રોગ હોય,—તે ભગવાન નહિ; ભગવાન તો પરમ શાંત-વીતરાગ છે, સર્વજ્ઞ છે, જેને સ્ત્રી નથી, રાગ નથી, હથિયાર નથી, ભૂખ-તરસ કે રોગ નથી. આવા ભગવાનને ઓળખે તો અંદરના ભગવાન-આત્માની ઓળખાણ થાય. ભગવાનને ઓળખવામાંય જે ભૂલ કરે તે આત્માના સાચા સ્વરૂપને ઓળખી શકે નહીં. અરે, દુનિયાને ક્યાં ખબર છે કે ભગવાન કેવા હોય! એને તો એમના ભક્ત....સાધક ધર્માત્મા જ ઓળખે છે. એક સારો રાજા પણ પુણ્યપ્રકૃતિથી કેવો શોભે છે!—તો, આ તો ત્રણલોકના ધર્મરાજા-તીર્થંકર....તેમના અંતરમાં સર્વજ્ઞતાનો અતીન્દ્રિય વૈભવ ને બહારમાં ધર્મસભાનો દિવ્ય વૈભવ તેના મહિમાની શી વાત!! જ્યાં ઉપરથી વિમાનમાં ઈન્દ્રો ઊતરતા હોય ને પ્રભુચરણે નમતા હોય; સિંહ-વાઘ જેવા તીર્યંચો શાંત થઈને પ્રભુનું મુખ જોતા હોય, મુનિવરો પ્રભુની સ્તુતિ કરતા હોય, રત્નોની વૃષ્ટિ થતી હોય, અનેક જીવો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામતા હોય. સાધારણ પુણ્યવાળા જીવોને આવી વાત જોવા-સાંભળવાય ક્યાંથી મળે! ભગવાનનો આવો અચિંત્ય મહિમા જેના અંતરમાં બેસે તેના મહા સદ્‌ભાગ્યની શી વાત! એ તો જાણે મોક્ષના દરબારમાં આવ્યો.

એકવાર આહારદાન પ્રસંગની રત્નવૃષ્ટિ વગેરેમાં કોઈએ શંકા કરી ત્યારે શ્રીમદ્‌રાજચંદ્રજીએ કહ્યું કે અરે ભાઈ! આત્માની અચિંત્ય શક્તિના મહિમા પાસે રત્નવૃષ્ટિની શી વાત! પરમાત્મવૈભવ પાસે પુણ્યવૈભવનું શું આશ્ચર્ય! ચૈતન્યની પૂર્ણ પવિત્રતા પ્રગટી તેની સાથેનાં પુણ્ય પણ જગતને માટે આશ્ચર્યકારી છે. અને ધર્મી તો તેમાં પણ ચૈતન્યતત્ત્વની જ મહત્તાને દેખે છે. જ્યાં તીર્થંકરનો જન્મ થવાનો હોય ત્યાં ૧૫ માસ સુધી દરરોજ કરોડો અદ્‌ભુત રત્નોની વૃષ્ટિ થાય છે; અહીં આત્મા પરમાત્મા થવા માંડ્યો, ત્યાં પરમાણુઓ પલટીને રત્નોરૂપ પરિણમવા લાગ્યા. જુઓ તો ખરા...ધર્મ સાથેના સત્ પુણ્યનોય અચિંત્ય પ્રભાવ!

હે દેવ! લોકમાં તેજસ્વી મનાતા સૂર્ય-ચંદ્ર પણ આપના મુખમંડળની પ્રભા પાસે તો ઝાંખા લાગે છે; તેમ અતીન્દ્રિય ચૈતન્યભાવ પાસે ઇન્દ્રિયભાવો જાણે ચેતનાહીન લાગે છે.-આમ ભગવાનને દેખીને ભવ્યજીવો ભેદજ્ઞાન કરે છે.

હે દેવ! ચંદ્રના ઉદયથી તો (સૂર્યમુખી) કમળ સંકોચાય છે, ત્યારે આપના મુખચંદ્રના દર્શનથી તો ભવ્યકમળ ખીલી ઊઠે છે. ચંદ્ર તો સોળકળાએ ખીલ્યા પછી પાછો સંકોચાવા માંડે છે, આપને જે પૂર્ણ કેવળજ્ઞાનકળા ખીલી તે કદી સંકોચાતી નથી. અને આપની ભક્તિથી અમને સાધકભાવરૂપ જે સમ્યગ્જ્ઞાનકળા ખીલી તે પણ હવે સંકોચાશે નહિ, વૃદ્ધિગત થઈને પૂર્ણ થશે ને આપના જેવા પરમાત્મપદને પામશે. (૧૮)

—×—

## * સ્તુતિનું રહસ્ય.......ગુણપ્રધાન સ્તુતિ *

સ્તુતિકાર મુનિરાજે શરૂઆતમાં એમ કહ્યું કે હું તે પ્રથમ જિનેન્દ્ર (ભગવાન ઋષભદેવ)ની સ્તુતિ કરીશ;—પણ પછી આખા સ્તોત્રમાં ઋષભદેવનું નામ ક્યાંય લીધું નથી, કે તેમના જીવનની (સર્વજ્ઞતા ને વીતરાગતા વગેરે ગુણો સિવાય) બીજી કોઈ વાત કરી નથી. આ રીતે ગુણસ્તુતિની પ્રધાનતા છે. ગુણપ્રધાનસ્તુતિમાં, એક સર્વજ્ઞપરમાત્માની સ્તુતિ કરતાં તેમાં સર્વે સર્વજ્ઞપરમાત્માની સ્તુતિ સમાઈ જાય છે, કેમકે આત્મગુણોમાં તે બધાય ભગવંતો સરખા છે.

આવા ગુણસ્તવનમાં ક્યાંય નામ વગેરેનો મતભેદ ઊભો થતો નથી, એટલે આવા ગુણધારક પરમાત્માનું કોઈ અમુક નામ જ હોવું જોઈએ—એવો આગ્રહ રહેતો નથી. આ રીતે નામ અને શરીરથી નિરપેક્ષ એવા આત્મગુણો વડે ઓળખાણ તે જ સર્વજ્ઞપરમાત્માની સાચી સ્તુતિ છે. સમયસારમાં પ્રભુ કુંદકુંદસ્વામીએ એ જ પરમાર્થ સમજાવ્યો છે કે, જે સર્વજ્ઞના ગુણોવડે સર્વજ્ઞને સ્તવે છે તે જ સર્વજ્ઞની સાચી સ્તુતિ કરે છે, ને તે જીવ પોતે પણ તેવા ગુણોને અવશ્ય પ્રાપ્ત કરે છે.


—જૈનધર્મનો આ મહત્ત્વનો સિદ્ધાંત બરાબર લક્ષમાં રાખીને આ સ્તોત્રના ભાવો સમજવા જોઈએ. સર્વજ્ઞની ગુણ-સ્તુતિમાં એકલો રાગ નથી, સાથે સર્વજ્ઞ-સ્વભાવનું લક્ષ (જ્ઞાયકસ્વભાવની અનુભૂતિ) છે, તો જ સાચી સ્તુતિ છે. ભગવાન વીતરાગ છે અને તેમની સ્તુતિ-ઉપાસના પણ આંશિક વીતરાગભાવ વડે જ થાય છે; અને તે વીતરાગભાવ જ્ઞાનસ્વભાવની સન્મુખતા વડે થાય છે.

—*—

# ( ૧૯ )

## દેહનું દિવ્ય–તેજ; આત્માનું અતીન્દ્રિય–તેજ

( આત્માના અતીન્દ્રિય જ્ઞાન ને સુખ પરથી નિરપેક્ષ છે )




किं शर्वरीषु शशिनाह्नि विवस्वता वा
युष्मन् मुखेन्दु दलितेषु तमःसु नाथः ।
निष्पन्न शालि वनशालिनो जीवलोके
कार्यं कियत्जलधरैः जलभारनम्रैः ॥

શું રાત્રિમાં શશિ થકી દિવસે રવિથી?
અંધારું તુજ મુખ-ચંદ્ર હરે પછીથી;
શાલી સુશોભિત રહી નીપજી ધરામાં
શી મેઘની ગરજ હોય જ આભલામાં!

હે પરમ દેવ! જ્યાં આપ બિરાજમાન છો તે ધર્મદરબારમાં ( સમવસરણમાં ) આપના દિવ્ય મુખની એવી પ્રભા પ્રસરી જાય છે કે દિવસ–રાતનો ભેદ રહેતો નથી. આ રીતે આપના મુખની પ્રભા વડે જ જ્યાં અંધકાર દૂર થઈ જાય છે તો પછી ત્યાં રાત્રે ચંદ્રનું કે દિવસે સૂર્યનું શું કામ છે? —જે ખેતરમાં ચોખા વગેરે અનાજ પાકી ગયું છે ત્યાં હવે સજળ–વાદળાંનું શું કામ છે?

હે દેવ! આપના અતીન્દ્રિય જ્ઞાનતેજ પાસે ઇન્દ્રિયજ્ઞાન તો સાવ ફીક્કા પડી ગયા. અતીન્દ્રિયજ્ઞાન ખીલ્યું ત્યાં હવે ઇન્દ્રિયોનું શું કામ છે? સ્વાનુભૂતિમાં સાધકનું જ્ઞાન પણ

ઇન્દ્રિયોથી પાર રહીને કામ કરે છે. તીર્થંકરપ્રભુની મુદ્રાનું તેજ પણ એવું અદ્ભુત હોય છે કે સૂર્ય-ચંદ્રના તેજ પણ તેની પાસે ઢંકાઈ જાય છે.


ઋષભદેવના જન્મ પહેલાં આ ભરતક્ષેત્રમાં (ત્રીજા આરામાં) ભોગભૂમિ હતી ને કલ્પવૃક્ષો હતાં; તે કલ્પવૃક્ષોમાં એવું તેજ હતું કે તેની પાસે સૂરજ-ચંદ્ર દેખાતા ન હતા. પછી જ્યારે કલ્પવૃક્ષોનાં તેજ ઝાંખા પડવા માંડયા ત્યારે સૂરજ-ચંદ્ર દેખાવા માંડયા. પહેલી વાર તેને દેખીને ભોળા જીવો મૂંઝાયા કે અરે, આકાશમાં આ બે તેજસ્વી ગોળા શેનાં છે? કયાંથી આવ્યા? કાંઈ ઉપાધિ તો નહીં કરેને! ત્યારે ઋષભદેવે સમજાવ્યું કે એ તો સૂરજ ને ચાંદો છે; હવે કલ્પવૃક્ષો તેજ નહીં આપે ત્યારે આ સૂરજ ને ચાંદ પ્રકાશ આપશે, માટે તેનાથી ડરશો નહિ. અહીં તો ભક્ત કહે છે કે હે ભગવાન! અમને જ્ઞાન પ્રકાશ દેનારા આપ જ્યાં બિરાજો ત્યાં અમને સૂર્ય-ચંદ્રના તેજ પણ ઝાંખા લાગે છે. સૂર્ય-ચંદ્રનો પ્રકાશ તો ઇન્દ્રિયજ્ઞાનમાં નિમિત્ત છે, ને આપ તો અતીન્દ્રિયજ્ઞાનનો પ્રકાશ દેનારા છો. આપના દેહનું તેજ પણ કોઈ અલૌકિક-આશ્ચર્યકારી છે ને અંદર આત્માનું ચૈતન્યતેજ પણ અચિંત્ય-આશ્ચર્યકારી છે. જેમ ખેતરમાં ભરપૂર અનાજ પાકી ગયું પછી વરસાદની શી જરૂર? તેમ આપ જ્યાં બિરાજો ત્યાં પ્રકાશ જ છે-પછી સૂર્ય-ચંદ્રની શી જરૂર? અને આત્મામાં અતીન્દ્રિયજ્ઞાન ખીલ્યું ત્યાં ઇન્દ્રિયોની કે તેના નિમિત્તરૂપ સૂર્ય-ચંદ્રના પ્રકાશની શું જરૂર? જ્ઞાનતેજ ખીલી ગયું ત્યાં હવે પ્રકાશ-ઇન્દ્રિય વગેરેની પરાધીનતા રહેતી નથી. તેનો અદ્ભુત મહિમા પ્રવચનસારમાં કુંદકુંદદેવે સમજાવ્યો છે. પ્રવચનસાર ગા. ૬૭ માં કહે છે કે જો અંધારામાં દેખાય એવી આંખની જ શક્તિ હોય તો (બિલાડી વગેરેને) દીવાની શી જરૂર છે? તેમ જો આત્મા પોતે જ સ્વભાવથી જ સુખરૂપ પરિણમ્યો છે તો વિષયો તેને શું કરે છે? હે દેવ! આપનું જ્ઞાન અને સુખ બંને બાહ્ય-વિષયોથી નિરપેક્ષ છે, સ્વાધીન-સ્વયંભૂ છે.

પ્રભો, આપની પ્રાપ્તિ થતાં અમારા આત્મામાં જ્ઞાનપ્રકાશ થયો, અજ્ઞાનઅંધારા દૂર થઈ ગયા, તેને માટે હવે સૂર્ય-ચંદ્રની કોઈ જરૂર નથી; ચૈતન્યના અતીન્દ્રિય સુખ પાસે હવે બાહ્ય વિષયોની જરૂર નથી. વળી આપના શાસનને પામીને અમારા ચૈતન્યખેતરમાં ધર્મના પાક પાકયા ત્યાં હવે જગતમાં બીજા કોઈ દેવોનું અમારે શું કામ છે? અરે, ધર્મનો બગીચો ગુણોથી ખીલ્યો તેમાં પુણ્યની કે રાગનીયે અપેક્ષા હવે કયાં છે? ચૈતન્યના અંતરમાંથી ધર્મનું પરિણમન થયું તેમાં બાહ્ય સાધનનું કોઈ પ્રયોજન નથી. પ્રભો! આપની સન્મુખ જોતાં જ મોહ અંધારા દૂર થઈ જાય છે, ને બધા સંશય મટી જાય છે; જો આપ સર્વજ્ઞદેવ અમને મળ્યા તો હવે બહારમાં બીજા કોઈનું પ્રયોજન નથી. આવા ભક્તિભાવપૂર્વક ધર્મીજીવ પોતાની પરિણતિને પરભાવોથી પાછી વાળીને અંતર્મુખ લઈ જાય છે... એ સ્તુતિનું તાત્પર્ય છે. (૧૯)

—૦—

# ( ૨૦ )

## ક્યાં સર્વજ્ઞ–સુદેવ, ક્યાં રાગી–કુદેવ !
## ક્યાં મણિ, ક્યાં કાચનો કટકો !!




**ज्ञानं यथा त्वयि विभाति कृतावकाशं**
**नैवं तथा हरि-हरादिषु नायकेषु ।**
**तेजः स्फुरन् मणिषु याति यथा महत्त्वं**
**नैवं तु काच-शकले किरणाकुलेपि ।।**

**શોભે પ્રકાશ કરી જ્ઞાન તમો વિષે જે,**
**તેવું નહીં હરિ-હરાદિકના વિષે તે;**
**રત્નો વિષે સ્ફુરિત તે જ મહત્ત્વ ભાસે,**
**તેવું ન કાચ કટકે ઊજળે જણાશે.**

ભગવાનના અતીન્દ્રિયજ્ઞાનપ્રકાશનો મહિમા કરતાં સાધક કહે છે કે હે દેવ! અનંતભાવોથી ભરેલા આપના કેવળજ્ઞાનમાં જેવી શોભા છે, તેવી શોભા લોકના અન્ય દેવો બ્રહ્મા–વિષ્ણુ–મહેશ–શંકર વગેરેમાં નથી, તેમનું જ્ઞાન તો ઇન્દ્રિયોને આધીન તથા ક્રોધાદિ કષાયોથી મલિન છે. ચમકદાર મણિરત્નનું જેવું મહાન તેજ છે તેવું તેજ કાચના કટકામાં હોતું નથી,—ભલેને તે સૂર્યકિરણોથી ચમકતો હોય! ( એ ચમક એની અંદરની નથી, એ તો બહારના કિરણોથી થયેલી છે. )

ક્યાં ઝગઝગતો મણિ ને ક્યાં કાચનો કટકો! તેમ હે દેવ, આપના અતીન્દ્રિયજ્ઞાન પાસે અન્ય કુદેવો તો અમને કાચના કટકા જેવા લાગે છે—ભલે કદાચ તેમનામાં પુણ્યનો


થોડોક ચળકાટ દેખાતો હોય ને કોઈ વ્યંતરાદિ દેવો તેને પૂજતા હોય! પણ ત્રણલોકના ઈન્દ્રો જેને પૂજે એવું મહાન કેવળજ્ઞાન તો આપનામાં જ શોભે છે. આપના જેવી પવિત્રતા કે આપના જેવા પુણ્ય બીજાને હોતાં નથી. પ્રભો! અજ્ઞાનદશામાં કાંઈ ખબર ન હતી ત્યારે તો કાચના કટકા જેવા રાગી-દ્વેષી કુદેવોને મેં પૂજ્યા, પણ હવે ત્રણલોકમાં તેજ પાથરનારા આપ સર્વજ્ઞ-મણિ મને મળ્યા, મેં આપને ઓળખ્યા, હવે આપને છોડીને બીજે ક્યાંય મારું મન મોહતું નથી. અન્ય રાગી જીવોને ભલે જગતમાં કરોડો જીવો પૂજતા હોય પણ અમારા ચિત્તમાં તો વીતરાગ એવા આપ જ વસ્યા છો. સાચો મણિ કોઈકને જ મળે છે, કાચના કટકા તો ચારેકોર રખડતા હોય છે, તેમ કુદેવને માનનારા તો કરોડો જીવો હોય છે, પણ સર્વજ્ઞ-વીતરાગદેવને ઓળખનારા જીવો તો અતિ વિરલ હોય છે. પ્રભો! આપના જેવું જ્ઞાન ને આપના જેવી વીતરાગતા જગતમાં બીજે ક્યાંય નથી. અતીન્દ્રિય સ્વસંવેદન-જ્ઞાનમાં અમને ચૈતન્યમણિ દેખાયો તેના ચૈતન્યતેજ પાસે પુણ્ય તો કાચના કટકા જેવા લાગે છે, તે અમારા ચિત્તને આકર્ષી શકતા નથી. જુઓ, આ જ્ઞાન અને રાગ વચ્ચે સાધકજીવોનો વિવેક! સુદેવ અને કુદેવના અંતરની પરીક્ષા! હીરાનો અપરીક્ષક અજાણ્યો માણસ તો ચમકતી કાચની કટકીને હીરો માની લ્યે, પણ કુશળ ઝવેરી કાચ અને હીરા વચ્ચેનો ભેદ તરત પારખી લ્યે; તેમ અજ્ઞાનીઓ, દેવની પરીક્ષાને નહિ જાણનારા તો કાંઈક પુણ્યવંતને કે વ્યંતરાદિ દેવને ભગવાન માની લ્યે, પણ કુશળ-મુમુક્ષુ તો વીતરાગ-સુદેવ ને સરાગ-કુદેવ વચ્ચેનો ભેદ તરત પારખી લ્યે.

આત્માની શોભા ને પૂજ્યતા રાગવડે નથી પણ સર્વજ્ઞતા અને વીતરાગતા વડે જ આત્માની શોભા છે. જેને રાગ-દ્વેષ હોય, જે ક્રોધ વડે દુશ્મનોનો કે રાક્ષસોનો સંહાર કરતા હોય, જેને સ્ત્રીનો સંગ હોય, મુગટ-વસ્ત્ર-આભરણ વગેરે શણગાર હોય—એવા જીવો લોકમાં ભલે ગમે તેવા મોટા ગણાતા હોય, પણ જૈનધર્મમાં તે દેવ તરીકે શોભતા નથી. ભગવાનનો ભક્ત એવા કોઈ કુદેવને માને નહિ. જૈનધર્મમાં તો જે સર્વજ્ઞ ને વીતરાગ હોય તે જ દેવ શોભે છે. પ્રભો, પુણ્ય વડે નહિ પણ સર્વજ્ઞતા વડે આપ અમારા પૂજ્ય ને ઈષ્ટ છો.

સર્વજ્ઞ પરમાત્માનો ભક્ત, પંચપરમેષ્ઠી સિવાય બીજા કોઇ દેવ-દેવલાંને માને નહિ, પૂજે નહિ. પરમાત્માનો ભક્ત થયો તેને હવે જગતનો ભય હોય નહિ, કુદેવ-દેવીની બીક તેને હોય નહિ; ચૈતન્યમણિ—મારા સર્વજ્ઞપ્રભુ, તેમની પાસે તો એ બધાય કાચના કટકા જેવા છે-એમ સમજીને તે સર્વજ્ઞ પ્રભુના વીતરાગમાર્ગ સિવાય બીજા કોઇ કુમાર્ગમાં ઝુકતો નથી. નિઃશંકપણે વીતરાગમાર્ગમાં ચાલે છે. -આનું નામ ભગવાનની ભક્તિ. આ રીતે સર્વજ્ઞતાના મહાન આદરપૂર્વક ભગવાનની સ્તુતિ કરી છે. (૨૦)

## ( ૨૧ )

# સર્વજ્ઞ સિવાય બીજું કોઈ મારા ચિત્તને હરી શકે નહીં



मन्ये वरं हरि-हरादय एव दृष्टा
दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति ।
किं वीक्षितेन भवता भुवि येन नान्यः
कश्चिन् मनो हरति नाथ भवांतरेपि ॥

માનું રૂડું હરિ–હરાદિકને દીઠાં તે,
દીઠે છતે હૃદય આપ વિષે ઠરે છે;
જોવા થકી જગતમાં પ્રભુનો પ્રકાશ,
જન્માન્તરે ન હરશે મન કોઈ નાથ.

હે અરિહંતા! પહેલાં અજ્ઞાનદશામાં હું કુદેવોને માનતો હતો, ત્યારે મેં બ્રહ્મા–વિષ્ણુ–મહેશ વગેરે અનેક રાગી–દ્વેષી દેવોને દેખી લીધા,–તે સારું થયું એમ હું માનું છું કેમકે તેમને જોયા પછી હવે એક આપનામાં જ મારું હૃદય સંતુષ્ટ થયું છે. પહેલાં તો મેં આપને જોયા જ ન હતા,–ઓળખ્યા ન હતા, પણ હવે આપને ઓળખ્યા પછી આ ભવમાં કે બીજા ભવમાં પણ મારા મનને બીજું કોઈ હરી શકશે નહીં.

જુઓ, આ ભગવાન સાથે ભક્તના કોલકરાર! પ્રભુ, હવે હું જાગ્યો; વીતરાગ–સર્વજ્ઞ સુદેવ અને અન્ય કુદેવ, તેમની વચ્ચેના મહાન ભેદને મેં જાણી લીધો. અન્ય મતોમાં ઈશ્વરને જગતકર્તા તથા રાગદ્વેષી માને છે, –એ વાતમાં ક્યાં ભૂલ છે તે મેં આપના વીતરાગ મતમાં આવીને જાણી લીધું. આપે તો સ્વયંસિદ્ધ જે જગતનું ( જડ–ચેતનનું ) અસ્તિત્વ હતું તેને સર્વજ્ઞતા વડે જાણી લીધું, એટલે આપ જગતના જ્ઞાતા છો, કર્તા નથી. જે પોતાને સ્વયં-

સિદ્ધ વસ્તુના કર્તા માને તે અનાદિસિદ્ધ વસ્તુના જ્ઞાતા હોઈ શકે નહિ એટલે કે સર્વજ્ઞ હોઇ શકે નહિ, ને તેને સર્વજ્ઞની શ્રદ્ધા પણ હોઈ શકે નહિ; કેમકે જો પહેલાં વસ્તુ ન હતી તો તેના કોઈ જ્ઞાતા પણ ન હતા એટલે કે સર્વજ્ઞ–ત્રિકાળજ્ઞ પણ ન હતા;–એમ નાસ્તિકપણું થઈ જાય. પ્રભો! હવે આપને જોતાં એ બધો ભ્રમ ભાંગી ગયો, ને સત્ય સ્વરૂપ સમજાયું. પહેલાં આપના સિવાય બીજા બધાને જોયા, પણ એમાં ક્યાંય મને મોક્ષમાર્ગ ન મળ્યો, એટલે મારું ચિત્ત એમાં ક્યાંય ઠર્યું નહિ; પ્રભો, હવે મને સર્વજ્ઞ–વીતરાગ એવા આપ મળ્યા, ને આપની પાસેથી મોક્ષમાર્ગ મળ્યો, તેથી મારું ચિત્ત સંતુષ્ટ થયું ને આપનામાં ઠર્યું...કે સાચા દેવ હો તો આવા હો. અહો, સર્વજ્ઞભગવાનનું જ્ઞાન, તેમનો દેહ, ને તેમની વાણી એ બધુંય જગત કરતાં જુદી જાતનું હોય છે. પ્રભો! અમે પરીક્ષા કરીને તુલના કરી કે આપ જેવા અરિહંત ભગવાનમાં જ સર્વજ્ઞ–વીતરાગપણું છે, અને એકેક આત્મામાં પરમાત્મપણું ભર્યું છે–એમ આપે જ અમને ઉપદેશ્યું; તે જાણીને તેમાં જ અમારું મન લલચાયું, એના સિવાય જગતના બીજા કોઈ પદાર્થમાં હવે અમારું મન લાગતું નથી. અનાદિના વિભાવોમાં કદી જે તૃપ્તિ નહોતી થઈ, તે તૃપ્તિ હવે આપના માર્ગમાં આપના જેવા સ્વભાવને દેખતાં જ થઈ. આવી તૃપ્તિ આપના વીતરાગમાર્ગમાં આવીને જ થઈ. તેથી એક જ વીતરાગ–ધણી ધાર્યો, હવે બીજો ધણી ધારવાના નથી; ને આપના માર્ગને કદી છોડવાના નથી.

અહા પ્રભો! એકેક આત્મામાં સ્વતંત્રપણે નિજવૈભવથી પરિપૂર્ણપણું છે તે આપ જ બતાવો છો. આપ કહો છો કે 'અમારા પ્રત્યેની ભક્તિમાં તમને જે રાગ છે તે પણ હિતનું કારણ નથી; રાગ વગરનો જેવો અમારો આત્મા છે તેવો જ તમારો સ્વભાવ છે, તે સ્વભાવની સન્મુખ થશો ત્યારે જ તમને અમારા જેવું પરમાત્મપદ પ્રગટ થશે.'—આમ સ્વાધીન–પરિપૂર્ણતાનો ઢંઢેરો હે નાથ! આપે જ પ્રસિદ્ધ કર્યો છે, ને તેથી અમારું ચિત્ત આપનામાં જ સંતોષને પામ્યું છે. પ્રભો! આપના સિવાયના બીજાને પહેલાં દેખી લીધા તે સારૂં થયું કેમકે તે રાગી–દ્વેષી–અજ્ઞાની જીવોની સાથે સવર્જ્ઞ-વીતરાગ એવા આપની સરખામણી કરતાં અમને આપનો સમ્યક્ મહિમા સમજાયો, મોક્ષમાર્ગ સમજાયો; હવે અમારું ચિત્ત એવું સંતુષ્ટ થયું કે આ ભવમાં કે અન્ય ભવમાં પણ આપના માર્ગથી અમે ચલિત થશું નહીં ને બીજા કુમાર્ગો કે કુદેવો પ્રત્યે કદી ઝાંખીને પણ જોશું નહીં.

'ભગવાને દુશ્મનોને માર્યા, ભગવાને ભક્તો ઉપર કરુણા કરીને ઉદ્ધાર કર્યો'—એવી વાત અજ્ઞાનીઓને મીઠી લાગે છે, પણ તેમાં તો ઘણી વિપરીતતા છે, અને ભગવાનની વીતરાગતાની વિરાધના છે. ભક્ત—જીવોનાં દુઃખ દેખીને જેનું હૃદય દ્રવી જાય ને કરુણાની રાગવૃત્તિ થઈ આવે તે વીતરાગ નથી, પરમાત્મા નથી, પણ રાગી–અલ્પજ્ઞ છે; તેમજ દુષ્ટ જીવોની દુષ્ટતા દેખીને જેના હૃદયમાં ક્રોધ જાગે ને તે દુષ્ટને મારે તે પણ ભગવાન નહિ, તે તો ક્રોધી છે. પરમાત્માને શત્રુ–મિત્ર પ્રત્યે સમભાવ છે, ક્યાંય પણ રાગ–દ્વેષ

તેમને થતા નથી; આવી અત્યંત વીતરાગતાથી શોભતા સર્વજ્ઞ પરમાત્મા તે જ સાચા દેવ છે. એવા ભગવાનની અદ્‌ભુત સર્વજ્ઞતા અને વીતરાગતા દેખીને મુમુક્ષુ જીવને પરમ તૃપ્તિ અને બહુમાન જાગે છે.

પ્રભો, બીજાને દેખવાથી તો આપનામાં સંતોષ થયો, પણ આપને દેખીને તો અમે બીજા બધાને ભૂલી ગયા, બધેયથી અમારું મન ઊઠી ગયું.–આવો અચિંત્ય આપનો મહિમા અમારા હૃદયમાં વસી ગયો છે. આપના દર્શને ને આપની ઓળખાણે તો અમારા આત્મામાં કોઈ જાદુઈ—આશ્ચર્યકારી અસર કરી. અનાદિકાળમાં બીજા બધા કુદેવો જે સંતોષ ન આપી શકયા તે સંતોષ આપને દેખવામાત્રથી અમને પ્રાપ્ત થઈ ગયો. પરભાવમાં તો કદી સંતોષ ન થયો, હવે આપના માર્ગમાં શુદ્ધાત્માનું સમ્યક્ દર્શન થતાં જ અપૂર્વ સંતોષ થયો, પરમ તૃપ્તિ થઈ, મહા આનંદ થયો. –આમ પરમ બહુમાનપૂર્વક જિનેન્દ્ર દેવની શ્રદ્ધા કરીને તેમની સ્તુતિ કરવામાં આવે છે. ઓળખાણ વગરની આંધળી ભક્તિ નથી; સત્-અસતનો વિવેક કરીને જાગેલો સાધકજીવ આવી ભક્તિ કરી શકે છે. તે સ્વપ્નેય રાગનો આદર નથી કરતો; વીતરાગતાનો જ આદર કરતો કરતો અલ્પકાળમાં રાગ તોડીને પોતે પણ પરમાત્મા થઈ જાય છે. (૨૧)

* જૈનશાસનના ધૂરંધર આચાર્ય સમંતભદ્રસ્વામી, કે જેમની સ્તુતિના પ્રભાવે એક પત્થરમાંથી પરમાત્મા (ચંદ્રપ્રભ) પ્રગટ થયા, તેમણે સ્વયંભૂ-સ્તોત્ર, દેવાગમ-સ્તોત્ર (આપ્તમીમાંસા) તથા યુક્તિઅનુશાસન વગેરે મહાન ગ્રંથો જિન-સ્તુતિરૂપે રચીને તેમાં આધ્યાત્મિક દ્રવ્યાનુયોગના મહાન રહસ્યો ભરી દીધાં છે; આ રીતે વીતરાગસ્તુતિમાં દ્રવ્યાનુયોગના જૈનસિદ્ધાંતો તેમજ અધ્યાત્મચર્ચાઓ પણ ભરેલી હોય છે.

* ભાવપૂર્વક કરવામાં આવેલી આ એકલી જિનભક્તિ જ એવી સમર્થ છે કે દુર્ગતિને નિવારે છે, પુણ્યોને પૂરે છે ને મુક્તિવૈભવ આપે છે.

( સમાધિભક્તિ : ૮ તથા ભગવતી આરાધના : ૭૫૨ )

* આરંભ-પરિગ્રહ તથા વિષય-કષાયોના પાપમાં ફસાઈને સંસાર-સમુદ્રમાં ડુબતા જીવોને જિનભક્તિ નૌકાસમાન પાર ઉતારનારી છે; તેમજ તે સમ્યક્ત્વાદિ રત્નોથી ભરેલા મોક્ષ-ખજાનાને ખોલવાની ચાવી છે.

—*—

## ( २२ )


# અદ્વિતીય પુત્ર....અદ્વિતીય માતા

स्त्रीणां शतानि शतशो जनयंति पुत्रान्
नान्या सुतं त्वदुपमं जननी प्रसूता ।
सर्वा दिशा दधति भानि सहस्ररश्मि
प्राच्येव दिग्जनयति स्फुरदंशुजालम् ।।

સ્ત્રી સેંકડો પ્રસવતી કદિ પુત્ર ઝાઝા,
ના અન્ય આપ સમ કો પ્રસવે જનેતા;
તારા અનેક ધરતી જ દિશા બધીય,
તેજે સ્ફુરિત રવિને પ્રસવેજ પૂર્વ.

ભગવાન ઋષભદેવ આ સ્તુતિના સ્તુત્ય છે; માનતુંગ આચાર્ય સ્તુતિકાર છે, પરિણામની વિશુદ્ધિ એટલે કે વીતરાગભાવની વૃદ્ધિ તે સ્તુતિનું ફળ છે.

જે પરમાત્માના માર્ગમાં ભળ્યા છે એવા ધર્માત્મા, પરમાત્માની સ્તુતિ વડે, પરમાત્મા થવાની પોતાની ભાવનાને પુષ્ટ કરે છે. તેમાં ભગવાનની સાથે તેમની માતાને પણ યાદ કરીને તેનો મહિમા કરે છે:




હે દેવ! આપ તો જગતમાં અદ્વિતીય, ને આપને જન્મ દેનારી માતા પણ જગતમાં અદ્વિતીય! જગતમાં સ્ત્રી તો સેંકડો છે ને તે સેંકડો પુત્રોને જન્માવે છે, પરંતુ આપના જેવા હોનહાર-તીર્થંકરપુત્રને જન્મ દેનારી તો આપની માતા એક જ છે, બીજી કોઈ તેવી

સ્ત્રી જગતમાં નથી. મનુષ્યોમાં તીર્થંકરો જ એવા છે કે જેઓ મતિ-શ્રુત-અવધિ એ ત્રણ જ્ઞાન સહિત અવતરે છે, બીજા બધા મનુષ્યો બે જ જ્ઞાનસહિત જન્મે છે. આવા ત્રણજ્ઞાન-સહિત અદ્વિતીય પુત્રને જન્મ દેનારી માતા પણ જગતમાં અદ્વિતીય છે. આમાં એ ન્યાય પણ આવી જાય છે કે તીર્થંકરની જનની તીર્થંકરને એકને જ જન્મ આપે છે, તેને બીજું સંતાન હોતું નથી. અહા, જે જનેતા તીર્થંકરની મા કહેવાણી તેના મહિમાની શી વાત! એને તો જગતમાતા કહીને ઇન્દ્રો પણ તેનું સન્માન કરે છે. જેમ સામાન્ય તારલિયા તો આકાશમાં ચારેકોર બધી દિશામાં ઊગે છે, પરંતુ હજારો કિરણોથી ઝળહળતા સૂર્યને તો પૂર્વ દિશા જ પ્રગટ કરે છે. તેમ જગતની સેંકડો સ્ત્રીઓ અનેક પુત્રોને ભલે જણે, પણ આપના જેવા અસાધારણ-તીર્થંકરપુત્રને જન્મ દેવાનું સુભાગ્ય શું બધી સ્ત્રીને મળે છે?- ના, એ સુભાગ્ય તો ફક્ત આપની માતાને એકને જ છે. જગતમાં સેંકડો-લાખો-કરોડો પુત્રો થાય છે,-પણ આપના જેવા કેટલા?-આપના જેવા તો આપ એક જ છો. આપ જગતમાં અદ્વિતીય છો, આપની માતા પણ જગતમાં અદ્વિતીય છે...તેને 'રત્નકૂંખધારિણી' કહીને ઇન્દ્ર પણ બહુમાન કરે છે. પુત્ર (તીર્થંકર) તો તદ્ભવ-મોક્ષગામી, ને એની માતા પણ એક ભવ પછી મોક્ષગામી.-'ધન્ય અવતાર!' ઇન્દ્ર કહે છે: હે માતા! તમારો તે પુત્ર છે પણ અમારો તો નાથ છે, આખા જગતનો તે નાથ છે; જગતના જીવોને મોક્ષપંથ બતાવીને તેમનો ઉદ્ધાર કરશે. લોકો કહે છે-'નારી નરકની ખાણ' પણ હે માતા! આપ તો તીર્થંકરની ખાણ છો...તીર્થંકર જેવું અજોડ રત્ન આપના ઉદરમાં પાક્યું છે....તમે વીરપુત્રની જનેતા છો.-આમ માતાના મહિમા દ્વારા પણ ખરેખર તીર્થંકરની સ્તુતિ કરે છે કે અહા, તે પુત્રનો અવતાર ધન્ય છે-કે જેણે આ ભવમાં જ પરમાત્મપદને સાધી લીધું.


હે દેવ! જેના ઉદરમાં આપ બિરાજ્યા તે સ્ત્રી પણ ધન્ય બની, તો અમારા હૃદયમાં આપ બિરાજો છો તેથી અમારું જીવન પણ અમે ધન્ય સમજીએ છીએ. જેમ આપ જેના અંતરમાં બિરાજ્યા તે માતા પણ અશુચી વગરની પવિત્ર હોય છે, તો અમારા અંતરમાં આપ બિરાજો ને અમે પવિત્ર ન થઈએ એમ કેમ બને? જેના અંતરમાં આપ વસ્યા તેના અંતરમાં મિથ્યાત્વાદિની મલિનતા રહે નહિ; એટલે આપનો ભક્ત પવિત્ર થઈને મોક્ષને સાધી લ્યે છે. અહા, મુક્ત પરમાત્મા જેના અંતરમાં વસ્યા તે જીવ મોક્ષગામી ન હોય એમ બને નહિ.-આમ ભગવાનના ભક્તને પોતાના મોક્ષના નિઃશંક ભણકાર અંદરથી આવી જાય છે. ભગવાન્! તમારા માતા-પિતા નિયમથી મોક્ષગામી છે તો અમે તમારા ભક્તો પણ મોક્ષગામી જ છીએ. —આવા અંતરના ભાવસહિતની આ સ્તુતિ છે. (૨૨)

'માતા, દરશન તારા રે... જગતને આનંદ દેનારા'

## ( ૨૩ )

# ગુણવાચક નામો દ્વારા પ્રભુની સ્તુતિ (1)

[ હવે ૨૩-૨૪-૨૫ એ ત્રણ શ્લોકમાં ગુણવાચક અનેક નામો વડે સ્તુતિ કરે છે- ]




त्वां आमनन्ति मुनयः परमं पुंमांसं
आदित्यवर्णम् अमलं तमसः परस्तात् ।
त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं
नान्यः शिवः शिवपदस्य मुनींद्र पंथा ॥

માને પરં પુરુષ સર્વ મુનિ તમોને,
ને અંધકાર સમીપે રવિ શુદ્ધ જાણે;
પામી તને સુરીત મૃત્યુ જીતે મુનીંદ્ર,
છે ના બીજો કુશળ મોક્ષ તણો જ પંથ.

હે દેવ! મુનિઓ આપને જ પરમપુરુષ માને છે; વળી સૂર્ય જેવા તેજસ્વી (સુવર્ણ-વર્ણ) પણ આપ જ છો કેમકે અજ્ઞાનઅંધકારથી રહિત છો; રાગાદિ દોષોની મલિનતાથી રહિત આપ અમલ-નિર્મળ છો. સમ્યક્‌પણે આપને ઉપલબ્ધ કરીને ભવ્યજીવો મૃત્યુને જીતે છે તેથી મૃત્યુંજય પણ આપ જ છો; અને હે મુનીન્દ્ર! આપ જ શિવ છો, શિવપદ-પ્રાપ્તિનો પંથ મોક્ષમાર્ગ આપે જ દેખાડ્યો છે, આપનાથી અન્ય કોઈ શિવમાર્ગ નથી. એક તીર્થંકરના ગુણની સ્તુતિમાં બધાય તીર્થંકર-કેવળી ભગવંતોની સ્તુતિ આવી જાય છે કેમકે ગુણમાં બધાય ભગવંતો સરખા છે; દેહ વગેરે ભલે મોટા-નાના હોય પણ કેવળ-

જ્ઞાનાદિ આત્મગુણો બધાના એકસરખા છે; તે ગુણો વડે ભગવાનના સ્વરૂપની સાચી ઓળખાણ ને સ્તુતિ થાય છે.

**પરમ પુરુષ:**—હે ઋષભદેવ! આ યુગમાં સૌથી પહેલાં પરમપદને સાધનારા ને ભવ્ય જીવોને મોક્ષનો માર્ગ દેખાડનારા પરમ પુરુષ આપ જ છો. પરમપદને સાધીને પરમાત્મા થયા તેથી પુરુષોમાં આપ શ્રેષ્ઠ છો. જ્ઞાન-આનંદ વગેરે અનંત-ઉત્કૃષ્ટ ગુણરૂપી જે ચૈતન્યપૂર, આત્માનું પરમ સ્વરૂપ, તેમાં રમનારા...લીન રહેનારા હોવાથી આપ પરમ-પુરુષ છો.—આ રીતે મુનિજનો આપને જ પરમપુરુષ માનીને ઉપાસે છે. કેવળજ્ઞાનનો ઉત્કૃષ્ટ પુરુષાર્થ કરનારા પરમપુરુષ આપ જ છો.

**આદિત્ય-વર્ણ:**—પ્રભો! આપનું જ્ઞાન સૂર્ય જેવું તેજસ્વી છે ને આપનો દેહ પણ સુવર્ણવર્ણ છે; આપના દેહની દિવ્યપ્રભા બહારના અંધકારને દૂર કરે છે ને આપનું ચૈતન્યતેજ અજ્ઞાનઅંધકારને દૂર કરે છે. જ્યાં આપ બિરાજો ત્યાં અંદર કે બહાર અંધારાં હોય નહીં. આ રીતે આપ 'સૂર્ય' કરતાં પણ વિશેષ 'કીર્તિ' વાળા છો.

**અમલ:**—કષાયરૂપ મોહમેલથી રહિત હોવાથી આપ અમલ છો, નિર્મળ છો; આપનો દેહ પણ સર્વપ્રકારની મલિનતાથી રહિત પવિત્ર છે. અહીં તો આત્માની મુખ્ય વાત છે.

**મૃત્યુંજય:**—હે દેવ! મોહને સર્વથા નષ્ટ કરીને આપે મૃત્યુને જીતી લીધું છે. (મૃત્યુ મરી ગયું રે લોલ....) આપ જન્મ-મરણ રહિત થયા છો; અને સમ્યક્‌પણે આપને ઉપલબ્ધ કરીને, આપના જેવા સમ્યક્ આત્મસ્વરૂપને ઓળખીને અને પ્રગટ કરીને અમારા જેવા ભવ્યજીવો પણ મૃત્યુને જીતીને જન્મ-મરણથી રહિત થઈ જાય છે, તેથી આપ મૃત્યુના વિજેતા 'મૃત્યુંજય' છો. અહા, અંતર્મુખ થઈને આપના સમ્યક્ સ્વરૂપને જે અનુભવે તેને જન્મ-મરણના ફેરા રહે નહિ. આપના સ્વરૂપની સાચી ઓળખાણ કરે ત્યાં તો રાગથી ભિન્ન ઉપયોગસ્વરૂપ શુદ્ધ આત્મા અનુભવમાં આવે ને સમ્યગ્દર્શન થાય; પછી તે જ સ્વરૂપમાં એકાગ્ર થઈને રાગ-દ્વેષ દૂર કરતાં શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય એટલે પરમાત્મદશા પ્રગટે; હવે તેને ભવ ન રહ્યા, મૃત્યુ ન રહ્યું એટલે તે મૃત્યુંજયી થયો. આ રીતે હે નાથ! આપ પોતે તો મૃત્યુંજય છો ને આપની સમ્યક્ ઉપલબ્ધિ કરનારા જીવો પણ મૃત્યુંજય થઈ જાય છે.

વળી હે મુનીન્દ્ર! હે મુનિઓના નાથ! આપ પોતે શિવ એટલે કલ્યાણસ્વરૂપ છો, ને આપ જ અમને શિવપંથ દેખાડનારા છો. આપના સિવાય બીજો કોઈ શિવપદ-પ્રાપ્તિનો પંથ નથી. મોક્ષ અને મોક્ષપંથ આપ જ છો. આપના સેવન વડે જ મુનિજનો મોક્ષમાર્ગને સાધે છે. મોક્ષમાર્ગે ચાલનારા મોક્ષાર્થીજીવોના આપ નાયક છો, એટલે મોક્ષમાર્ગના નેતા છો. આપના વીતરાગી શાસન સિવાય બીજે ક્યાંય મોક્ષમાર્ગ નથી.—આવી સ્તુતિદ્વારા મુનિરાજ માનતુંગસ્વામી પ્રસિદ્ધ કરે છે કે હે ભવ્યજીવો! મોક્ષને માટે તમે આવા પરમાત્માને સેવો, તેમણે ઉપદેશેલા મોક્ષમાર્ગનું સેવન કરો; મોક્ષ માટે બીજો કોઈ પંથ નથી.

જિનેન્દ્રપરમાત્મા, ધર્માત્મા જીવોના નાથ છે; સમકિતી જીવો જ ભગવાનને નાથ તરીકે સ્વીકારે છે, તેઓ જ ધર્મના રક્ષક અને પોષક છે. જેને રાગની રુચિ છે તેવા અજ્ઞાની જીવો ભગવાનને નાથ તરીકે સ્વીકારતા નથી, કેમકે ભગવાન કાંઈ રાગના રક્ષક કે પોષક નથી. ભગવાને બતાવેલો મોક્ષપંથ તો રાગનો નાશક ને ધર્મનો રક્ષક છે; તેથી ધર્માત્મા જીવોના હૃદયમાં જ પરમાત્મા બિરાજે છે. રાગમાં ભગવાન નથી વસતા. અહા, આ રીતે ભગવાનનું સ્વરૂપ ઓળખીને તેની ઉપાસના કરે તેને ભવનો અંત આવી જાય. આ જ મૃત્યુને જીતવા માટેનો 'મૃત્યુંજય-મંત્ર' છે ને આ જ શિવપંથ છે. મરણથી બચવાને ને મોક્ષને પામવાનો બીજો કોઈ માર્ગ જગતમાં નથી.

અહા, ભક્તિદ્વારા હૃદયમાં આપને ધારણ કરતાં જ અમારા મોહબંધન ઢીલા પડી જાય છે...જેમ મોરલાના ટહૂકારથી સર્પો ઢીલા પડી જાય છે.

વીતરાગદેવના જિનમાર્ગમાં આ વિશિષ્ટતા ધ્યાનમાં લેવા જેવી છે કે, ભક્તને ભક્તિનું ફળ ભગવાન નથી દેતા, પણ પોતાના ચિત્તની વિશુદ્ધતાને લીધે ભક્તને પોતાના ભાવનું ફળ સ્વયં મળે છે.—તે માટે ભગવાન પ્રત્યે દીન થઈને તે કાંઈ માંગતો પણ નથી. હા, ભગવત્‌ભક્તિ વડે પોતાના ચિત્તમાં પ્રસન્નતા થતાં, વિનયને લીધે તે એમ કહે છે કે 'ભગવાન મારા પર પ્રસન્ન થયા....'

'प्रसन्नेन मनसा उपास्यमानो...भगवन् प्रसन्न इति अभिधीयते ।'

ખરેખર વીતરાગ ભગવાન કોઈના ઉપર તુષ્ટ કે રૂષ્ટ થતા નથી, રાગ કે દ્વેષ કરતા નથી. આવા વીતરાગના ભક્ત ધર્માત્માને સમ્યક્‌ભક્તિમાં વીતરાગી–ગુણ પ્રત્યેનો પ્રમોદ અને વીતરાગતાની ભાવના પ્રધાન છે, કંઈક રાગાંશ હોય તેની પ્રધાનતા નથી.

# ( ૨૪ )


## ગુણવાચક નામો દ્વારા પ્રભુની સ્તુતિ (ચાલુ–૨)

( સાધ્યની સ્તુતિદ્વારા સાધકભાવની પુષ્ટિ )

*

त्वां अव्ययं विभुमचिंत्यं असंख्यमाद्यं
ब्रह्माणमीश्वरम् अनंतमनंगकेतुम् ।
योगीश्वरं विदितयोगं अनेकमेकं
ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥

તું આદ્ય, અવ્યય, અચિંત્ય, અસંખ્ય, વિભુ
છે બ્રહ્મ, ઈશ્વર, અનંત, અનંગકેતુ;
યોગીશ્વર, વિદિતયોગ, અનેક-એક,
કહે છે તને વિમળ જ્ઞાનસ્વરૂપ સંત.




હે દેવ! આપ અવ્યય, વિભુ અને અચિંત્ય છો; સંખ્યાતીત, આદ્ય બ્રહ્મા અને ઇશ્વર છો; આપ અનંત અને અનંગકેતુ છો, યોગને જાણનારા આપ જ યોગીશ્વર છો; અનેક તેમજ એક પણ આપ જ છો; વળી આપ જ્ઞાનસ્વરૂપ અને અમલ છો; —આ રીતે ગુણવાચક નામો વડે સંત–જ્ઞાનીજનો આપનું સ્તવન કરીને, આપના સ્વરૂપનો મહિમા પ્રસિદ્ધ કરે છે.

અવ્યયઃ—જે ધ્રુવ–મોક્ષપદ આપે પ્રાપ્ત કર્યું, જે સિદ્ધ દશા ઉત્પન્ન થઈ, તેનો હવે કદી વ્યય નહીં થાય, તેથી આપ અવ્યય છો. સ્વર્ગના દેવોને ‘અમર’ કહેવાય છે તે દીર્ઘ આયુને હિસાબે કહેવાય છે, પરંતુ અંતે તો તે પણ ત્યાંથી ચ્યુત થઈને બીજી ગતિમાં

અવતરે છે, તે કાંઈ અવ્યય નથી; એટલે પુણ્યપદવી અવ્યય નથી; વ્યય વગરનું ખરૂં અમર -ધ્રુવ રહેનાર તો કેવળજ્ઞાન અને સિદ્ધપદ છે, વ્યય વગરનો તેનો ઉત્પાદ છે; તે આત્માના સ્વભાવથી થયેલ હોવાથી અવ્યયરૂપ છે-ધ્રુવરૂપ છે. આવા સિદ્ધપદને પામેલા હે દેવ! આપ જ અવ્યય છો; અમારે પણ એવું જ ધ્રુવપદ સાધ્ય છે તેથી તેને લક્ષમાં લઈને આપનું સ્તવન કરીએ છીએ. પુણ્ય-પાપ કે તેનાં ફળ અધ્રુવ-નાશવંત છે, તે અમને ઇષ્ટ નથી. આત્માના ધ્રુવ સ્વભાવને અવલંબનારું અવિનાશી સિદ્ધપદ જ અમને ઇષ્ટ છે. જે ફરીને સંસારમાં અવતાર લ્યે તે પરમાત્મા ન કહેવાય, એ તો રાગી-દ્વેષી સંસારી છે. મોક્ષ પામેલા પરમાત્મા ફરીને કદી સંસારમાં અવતરે નહીં. આવા અવ્યય-પરમાત્મા હે જિનદેવ! આપ જ છો.

વિભુઃ—હે જિનદેવ! વિભુ પણ આપ જ છો, કેમકે પોતાના અનંત સ્વધર્મોમાં તન્મયરૂપે વ્યાપીને આપ રહેલા છો. અથવા, કેવળજ્ઞાન પછી જ્યારે આપે મોક્ષની તૈયારી-રૂપે સમુદ્ઘાત ( આત્મપ્રદેશોનો વિસ્તાર ) કર્યો ત્યારે એક સમય માટે આપના આત્મ-પ્રદેશો આખા લોકમાં સર્વક્ષેત્રે વ્યાપી ગયા, તે અપેક્ષાએ પણ આપ સર્વવ્યાપી વિભુ છો. આવું સર્વવ્યાપીપણું કેવળી ભગવાન સિવાય બીજાને હોતું નથી; જૈનધર્મમાં જ તે હોય છે. આ રીતે હે દેવ! સર્વવ્યાપી વિભુ આપ જ છો, બીજો કોઈ આત્મા સર્વવ્યાપી નથી.

વળી જ્ઞાનની સર્વેને જાણવાની શક્તિ આપનામાં જ છે, લોકઅલોક સર્વ જ્ઞેયોમાં આપનું કેવળજ્ઞાન વ્યાપે છે (-સર્વેને જાણે છે) તે અપેક્ષાએ પણ આપ લોકાલોક સર્વજ્ઞેયોમાં વ્યાપક વિભુ છો. આ જ્ઞાનની સર્વજ્ઞશક્તિ બતાવવા નિમિત્તથી કથન છે; પરમાર્થથી સર્વજ્ઞપ્રભુ ક્યાંય બહારમાં નહિ પણ પોતાના અસંખ્યપ્રદેશમાં રહેલા અનંત ગુણ-પર્યાયોમાં જ સર્વત્ર વ્યાપીને રહેલા વિભુ છે. આવી વિભુતા હે દેવ! આપનામાં જ છે; અને અમારો આત્મા પણ અમારા સર્વગુણ-પર્યાયોમાં વ્યાપક છે—એમ આપે અમને અમારું વિભુત્વ દેખાડયું છે.

સમયસારના પરિશિષ્ટમાં, શુદ્ધ જ્ઞાનપરિણમનમાં રહેલી અનંત શક્તિમાંથી ૪૭ શક્તિઓનું અદ્‌ભુત વર્ણન કર્યું છે; તેમાં જીવત્વ, સ્વચ્છતા, પ્રભુતા, વિભુત્વ, કર્તૃત્વ વગેરે આત્મશક્તિઓ બતાવી છે. તે દરેક ગુણવાચક નામથી ભગવાન-આત્માને ઓળખી શકાય છે. જેમકે-હે પ્રભો! આપ સ્વચ્છ છો, આપનું સ્વસંવેદન અત્યંત સ્પષ્ટ-પ્રત્યક્ષ છે; આપ અનંત નિજગુણોમાં વ્યાપક વિભુ છો; આપ આત્મિક ગુણોથી શોભાયમાન અખંડ પ્રતાપવંત પ્રભુ છો; આપ શુદ્ધ સ્વપરિણામના કર્તા છો, આપ જ તેના સાધન (કરણ) છો; આપ અતીન્દ્રિય આનંદના ભોક્તા છો; આપ રાગાદિ વિભાવના અકર્તા-અભોક્તા છો. —આ પ્રમાણે અનેક સંત-વિદ્વાનોએ ૧૦૦૮ ગુણવાચક નામોથી સર્વજ્ઞ પરમાત્માની સ્તુતિ કરી છે. અને જેટલા સર્વજ્ઞ પરમાત્માના વિશેષણ છે તે બધાય આ જીવના સ્વભાવમાં પણ લાગુ પડે છે. એટલે સર્વજ્ઞદેવની સ્તુતિના બહાને આત્માનો શુદ્ધ સ્વભાવ લક્ષમાં લેતાં

સાધકભાવ શરૂ થાય છે, ને તેના બહુમાન વડે સાધકભાવ વધતાં વધતાં અંતે તેવો સ્વભાવ પ્રગટ કરીને આત્મા પોતે પરમાત્મા થઈ જાય છે. -આવા ભાવો સર્વજ્ઞની આ સ્તુતિમાં ભર્યા છે; સાધ્યની સ્તુતિદ્વારા પોતાના સાધકભાવની પુષ્ટિ કરી છે.

**પ્રશ્ન :**—ભૂતકાળ અનાદિ છે, ભવિષ્યકાળ અનંત છે, આકાશક્ષેત્ર અનંત છે; આપે કહ્યું કે વિભુ—આત્મા 'સર્વજ્ઞ' છે, તો તે સર્વજ્ઞ 'અનાદિ—અનંત'ને કઈ રીતે જાણે? જો જાણે તો તો જ્ઞાનમાં તેનો છેડો આવી ગયો ?

**ઉત્તર :**—હે ભાઈ! સર્વજ્ઞની શક્તિ કોઈ અચિંત્ય અદ્ભુત છે, તે શક્તિની અનંતતા સૌથી મહાન છે. આકાશપ્રદેશોની અનંતતા કરતાંય જ્ઞાનશક્તિની અનંતતા મહાન અનંતગુણી છે. જ્ઞાનની અનંત ગંભીરતામાં આકાશનું અનંતપણું કે કાળનું અનાદિ—અનંતપણું ક્યાંય ઊંડે (જ્ઞેયપણે) સમાઈ જાય છે. અનંત આકાશ ને અનાદિઅનંત કાળ, જ્ઞાનમાં પરિપૂર્ણ જણાઈ જવા છતાં કાંઈ તે આદિ—અંતવાળા થઈ જતા નથી; 'અનાદિ' અનાદિરૂપે રહીને અને 'અનંત' અનંતરૂપે રહીને જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાઈ જાય છે, એવી કોઈ અચિંત્ય અનંત મહાનતા જ્ઞાનમાં છે; જો 'અનાદિ'ને પણ 'આદિ—વાળું' જાણે, કે 'અનંત'ને પણ 'અંતવાળું' જાણે તો તો તે જ્ઞાન મિથ્યા ઠરે. અનાદિને અનાદિરૂપે ને અનંતને અનંતરૂપે જ જો જ્ઞાન ન જાણે તો તે જ્ઞાનને પૂર્ણ કે દિવ્ય સામર્થ્યવાળું કોણ કહે ? 'અનાદિની શરૂઆત ક્યારે થઈ' એવો પ્રશ્ન તે તો 'મારા મોઢામાં જીભ નથી' એમ બોલવા જેવું (સ્વવચન-વિરોધ) છે. ભાઈ, સર્વજ્ઞનું સ્વરૂપ ઘણું ગંભીર છે. તર્કથી એનો પાર નહીં પમાય. આકાશની અનંતતા કરતાંય જ્ઞાનની અનંતતા ઘણી ગંભીર મહાન અનંતગુણી છે; તે અનંતજ્ઞાનસામર્થ્યની પ્રતીત કરવા જતાં જ્ઞાન અતીન્દ્રિય અને નિર્વિકલ્પ થઈ જાય છે. આવા અચિંત્ય જ્ઞાનસ્વભાવની પ્રતીતનો ઘણો જ મહિમા છે. સમ્યગ્દષ્ટિ જીવો જ તેની પ્રતીત કરી શકે છે.

**અચિંત્ય :**—હે સર્વજ્ઞદેવ ! આપનું સ્વરૂપ અચિંત્ય છે, તે વાણી કે વિકલ્પોથી પાર છે. મનના વિકલ્પ વડે તે પકડાતું નથી, અતીન્દ્રિયજ્ઞાન વડે જ તે અનુભવમાં આવે છે. કેવળજ્ઞાનની જેમ સાધકના સમ્યક્ત્વાદિ ભાવો પણ અતીન્દ્રિય ને અચિંત્ય છે એટલે ઇન્દ્રિયોથી ને મનથી પાર છે. મિથ્યાદષ્ટિ જીવો અનુભવ વગર માત્ર મનની કલ્પનાથી કે વિકલ્પથી આપના સ્વરૂપની કલ્પના કરે છે, પણ વાસ્તવિક સ્વરૂપ તેમના ચિંતનમાં આવી શકતું નથી. મનના વિકલ્પથી આત્માના શુદ્ધ સ્વરૂપને જે પકડવા માંગે છે તેણે આત્માને સ્થૂળ માન્યો છે, તેને આત્માના અતીન્દ્રિયસ્વરૂપનો સાચો નિર્ણય પણ નથી, પરમાત્માને તે ઓળખતો નથી. પરમાત્મા તે ઇન્દ્રિયજ્ઞાનનો વિષય નથી, પણ અતીન્દ્રિય જ્ઞાનમાં સ્વસંવેદનથી તે ગમ્ય છે, અનુભવમાં આવે છે. આ રીતે સ્તુતિદ્વારા આત્માના સ્વસંવેદનની એટલે કે ધર્મના અનુભવની રીત પણ બતાવી દીધી.

**અસંખ્ય :**—હે દેવ! આપનામાં સંખ્યાતીત ગુણો છે, સંખ્યા વડે તેની ગણતરી થઈ શકે નહિ. જ્ઞાનના અનુભવમાં બધા ગુણ એકસાથે આવી જાય છે, પણ ભેદ પાડીને સંખ્યા વડે તેની ગણતરી થઈ શકતી નથી.

**આદિપુરુષ :**—હે ઋષભદેવ! ભરતક્ષેત્રની આ ચોવીસીમાં આપ પહેલા તીર્થંકર છો, તેથી ધર્મયુગના આદિપુરુષ છો. તીર્થંકરો તો અનાદિથી થયા જ કરે છે, પણ અમારે માટે આ ચોવીસીમાં આપ આદ્ય છો.

**બ્રહ્મા :**—બ્રહ્મસ્વરૂપ—જ્ઞાનસ્વરૂપ આત્મામાં લીન હોવાથી બધાય ભગવંતો બ્રહ્મા છે, પોતપોતાની ધર્મસૃષ્ટિના રચનારા છે. બ્રહ્માનું સ્વરૂપ એવું નથી કે આ જગતની રચના કરે. જડ-ચેતનરૂપ આ જગત અનાદિ સ્વયંસિદ્ધ છે, તેને રચનારા કોઈ બ્રહ્મા નથી. પણ હે આદિનાથ જિનેન્દ્ર! આ યુગમાં ભવ્યજીવોને માટે મોક્ષમાર્ગ બતાવીને આપે ધર્મસૃષ્ટિની રચના કરી; પોતાના આત્મામાં શુદ્ધોપયોગરૂપ ધર્મની રચના કરી; ને ઉપદેશ વડે ભવ્યજીવોમાં ધર્મની રચના કરી, તેથી આપ જ સાચા બ્રહ્મા છો. બ્રહ્માનું આવું સ્વરૂપ જે ઓળખે તેને બહારમાં સૃષ્ટિના કર્તૃત્વની કે પરમાં કર્તૃત્વની ભ્રમણા છૂટી જાય. હે દેવ! અમારા આત્મામાં સમ્યગ્દર્શનાદિ ધર્મની સૃષ્ટિ ઉત્પન્ન થવામાં આપ જ નિમિત્તરૂપ છો, તેથી આપને જ અમે બ્રહ્મા જાણીએ છીએ.

**ઈશ્વર :**—ચૈતન્યના નિજગુણનો જે અનંત વૈભવ, તેના સ્વામી હોવાથી આપ જ ઈશ્વર છો. આત્માનું કેવળજ્ઞાન-સુખ વગેરે જે અનંત ઐશ્વર્ય તેમજ બહારમાં સમવસરણની દિવ્ય વિભૂતિરૂપ ઐશ્વર્ય, તેના સ્વામી હોવાથી જ્ઞાની-સંતો આપને જ ઈશ્વર તરીકે સંબોધન કરે છે. બીજો કોઈ જગતકર્તા ઈશ્વર નથી. 'કર્તા ઈશ્વર કો નહિ; ઈશ્વર શુદ્ધ સ્વભાવ.' ઈશ્વરના આવા સર્વજ્ઞ-વીતરાગ સ્વરૂપની ઓળખાણ જૈનધર્મમાં જ છે, લોકો ઈશ્વરનું બીજું કલ્પિત સ્વરૂપ માને છે તે યથાર્થ નથી.

**અનંત :**—હે દેવ! અનંત ગુણના વૈભવથી ભરેલા આપ અનંતસ્વરૂપ છો; આપના જ્ઞાન વગેરેનું સામર્થ્ય પણ અનંત છે.

**અનંગ-કેતુ :**—અનંગ એટલે કામ-ભોગ; કેતુ એટલે પૂંછડીઓ તારો (ધૂમકેતુ વગેરે...) લોકોમાં પૂંછડીયા તારા (કેતુ)નો ઉદય નાશનું ચિહ્ન મનાય છે; તેમ હે દેવ! આપ કામભોગના નાશક હોવાથી અનંગ-કેતુ છો; આપનો ઉદય જગતના કામ-ભોગની વાસનાનો નાશ કરનાર છે, આપની દિવ્યવાણી ભવ્યજીવોને વિષય-કષાયોનો નાશ કરાવીને અશરીરી સિદ્ધપદ દેનારી છે. તેથી હે દેવ! સંતો આપને જ અનંગકેતુ કહે છે.

**યોગીશ્વર :**—અહા, શુદ્ધ ઉપયોગ વડે ચૈતન્યનું ધ્યાન કરનારા આપ જ પરમ યોગીશ્વર છો. રાગ વગરના શુદ્ધ-ઉપયોગનું સ્વરૂપ જાણનારા આપ જ 'વિદિત-યોગ' છો, ને યોગી—શુદ્ધોપયોગી મુનિઓ તેમાં આપ શ્રેષ્ઠ છો તેથી સાચા યોગીશ્વર આપ જ છો.

જેને આત્મગુણોનો પ્રેમ હોય તેને તો આવા વિધવિધ ગુણો વડે સર્વજ્ઞની સ્તુતિ કરવામાં ને એ રીતે આત્મગુણોનું ચિંતન કરવામાં રસ પડે છે—મજા આવે છે. જેને આત્માના ગુણોની ઓળખાણ નથી તેને આવી સ્તુતિનો ઉલ્લાસ નથી આવતો. આમાં તો પરમાત્માની ઓળખાણ સહિત ભક્તિનો અપૂર્વ ઉલ્લાસ છે.

**અનેક તેમજ એક:**—હે પરમાત્મા! વસ્તુરૂપે આપ એક છો, ને તેમાં જ રહેલા દ્રવ્ય-ગુણ-પર્યાય ઉત્પાદ-વ્યય-ધ્રુવતા અસ્તિત્વ—નાસ્તિત્વ એવા અનેક ધર્મસ્વરૂપ આપ જ છો. એકપણું તેમજ અનેકપણું બંનેને એક સાથે પોતામાં રાખનાર એવું આશ્ચર્યકારી અનેકાન્તસ્વરૂપ આપે જ અમને બતાવ્યું છે. અંતર્ દૃષ્ટિ વડે તેનું ચિંતન આનંદ ઉપજાવનારું છે.

**જ્ઞાનસ્વરૂપ અને અમલ:**—હે પ્રભો! આપ પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છો, ને દરેક આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ આપે બતાવ્યું છે. તથા કષાય-કલંકથી રહિત આપ જ અમલ-મલિનતા રહિત પવિત્ર છો. અહા, જ્ઞાનનો પાર નહિ ને રાગ જરાય નહિ, જ્ઞાનની પૂર્ણતા ને રાગની શૂન્યતા, આવું આપનું સ્વરૂપ અમારા આત્માના શુદ્ધસ્વરૂપને પ્રસિદ્ધ કરીને દેખાડે છે.

હે નાથ! યોગી-સંતો આ રીતે અનેક ગુણવડે આપને ઓળખીને સ્તુતિ કરે છે. મિથ્યાબુદ્ધિ જીવ આપને ઓળખી શકતો નથી, તેથી તે આપની સમ્યક્ સ્તુતિ પણ કરી શકતો નથી; ધર્માત્મા-જ્ઞાની-સંતો જ આપને ઓળખીને આપની સમ્યક્ સ્તુતિ કરે છે.

[ હજી ત્રીજા શ્લોકમાં પણ ગુણવાચક નામોથી પ્રભુની સ્તુતિ કરશે. ]

---

### કેવી અદ્‌ભુત સ્તુતિ....જેને આચાર્ય પી ગયા!

'લઘુતત્ત્વસ્ફોટ' અથવા 'શક્તિમણિત-કોશ'માં ૨૪ તીર્થંકર ભગવંતોની સ્તુતિનો પ્રથમ અધ્યાય પૂર્ણ કરતાં, ગ્રંથકાર શ્રી અમૃતચંદ્રાચાર્ય કહે છે કે—ઋષભાદિ ૨૪ તીર્થંકરોની નામાવલિરૂપ આ સ્તુતિને ચેતનાવડે હું પી ગયો છું. અને અવિકલ-પરિપૂર્ણ અર્થવાળી આ સ્તુતિને જે ભવ્ય જીવ ભાવે છે-ચિંતવે છે તે લીલામાત્રમાં સમસ્ત વિશ્વને પી જાય છે (—જ્ઞેયપણે જ્ઞાનમાં ઊતારી લે છે), પણ તે કદી પરદ્રવ્યથી પીવાતો નથી,-કર્મોથી ગ્રહાતો નથી.

( આ રીતે સર્વજ્ઞની સ્તુતિનું ફળ સર્વજ્ઞપણું છે—એમ કહ્યું. )

# ( ૨૫ )


## ગુણવાચક નામો દ્વારા પ્રભુની સ્તુતિ (ચાલુ–૩)

( જિનગુણ–સ્તુતિ દ્વારા નિજગુણ–પુષ્ટિ )

❋

बुद्धस्त्वमेव विबुधार्चित–बुद्धि–बोधात्
त्वं शंकरोसि भुवनत्रय शंकरत्वात् ।
धातासि धीर शिवमार्गविधेः विधानात्
व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोसि ।।

છો બુદ્ધિ બોધથકી હે સુરપૂજ્ય બુદ્ધ,
છો લોકને સુખદ શંકર તેથી શુદ્ધ;
છો મોક્ષમાર્ગ વિધિ ધારણથી જ ધાતા,
છો સ્પષ્ટ આપ પુરુષોત્તમ સ્વામી ત્રાતા.




જુઓ, આ જ્ઞાની–મુનિદ્વારા અરિહંત પરમાત્માની સ્તુતિ ચાલે છે. વિબુધજનો વડે એટલે કે આત્મજ્ઞ સંતો વડે પૂજિત એવા હે જિન પરમાત્મા! કેવળજ્ઞાન–બુદ્ધિરૂપ સર્વોત્કૃષ્ટ બોધને લીધે આપ જ 'બુદ્ધ' છો; અથવા બુદ્ધિમાન ઈન્દ્રાદિ વડે પૂજ્ય હોવાથી આપ બુદ્ધ છો. ત્રણ લોકને માટે શં-કર એટલે કે કલ્યાણના કારણ હોવાથી ખરેખરા 'શંકર' આપ જ છો; હે ધીરપુરુષ! મોક્ષમાર્ગની વિધિના વિધાયક હોવાથી આપ 'વિધાતા'

છો, અર્થાત્ મોક્ષસુખનું નિર્માણ કરવાથી આપ 'બ્રહ્મા' છો. હે ભગવન્! પ્રસિદ્ધપણે આપ જ પુરુષોત્તમ...સર્વોત્કૃષ્ટ પુરુષ...પરમાત્મા છો. આવું આપનું સમ્યક્ સ્વરૂપ ઓળખીને અમે–વિબુધજનો આપને જ શંકર-બુદ્ધ–વિધાતા બ્રહ્મા કે પુરુષોત્તમરૂપે માનીને ઉપાસીએ છીએ. આનાથી વિપરીત સ્વરૂપવાળા-ક્રોધી-મોહી-રાગી-દ્વેષી કોઈ જીવોને અમે ઉપાસતા નથી, તેમને ભગવાન તરીકે સ્વીકારતા નથી.

**બુદ્ધ**:—હે જિનેશ! કેવળજ્ઞાનરૂપ સર્વોત્કૃષ્ટ બુદ્ધિના સ્વામી હોવાથી 'બુદ્ધ' ભગવાન આપ જ છો. એકેક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ વસ્તુને આપે જ કેવળજ્ઞાન વડે જાણી છે. અન્ય જીવો (કુદેવો) ભલે સર્વજ્ઞ હોવાનું મિથ્યાઅભિમાન રાખતા હોય, પણ વસ્તુને એકાંત–કૂટસ્થ કે એકાન્ત–ક્ષણભંગુર માનનારા તે કોઈ બુદ્ધ નથી, તેમને વસ્તુસ્વરૂપનો સાચો બોધ નથી, તેથી તેઓ તો અબુધ છે. ઇન્દ્ર–ચક્રવર્તી–ગણધર વગેરે વિદ્વાન–આત્મજ્ઞ–વિબુધજનો આપને જ બુદ્ધ તરીકે પૂજે છે.

**શંકર**:—બુદ્ધ શંકર વગેરે નામ વાંચીને ભડકવું નહિ, કેમકે આ તો બધા અરિહંત-દેવના ગુણવાચક નામો છે. અરિહંત પરમાત્મા જ સાચા શં-કર એટલે કલ્યાણ કરનારા છે. ભગવાનનો ઉપદેશ કલ્યાણ માર્ગ—મોક્ષમાર્ગ દેખાડીને ત્રણ જગતનું હિત કરનાર છે. ભગવાન પોતે ન તો કોઈ સ્ત્રીમાં લલચાયા, કે ન કોઈ ઉપર ક્રોધ કર્યો. જે સ્ત્રીમાં મોહિત થાય કે ક્રોધ કષાય વડે કોઈને બાળી નાંખે એને તે શંકર કોણ કહે? સર્વજ્ઞ-વીતરાગ થઈને જેમણે સ્વયં પોતાનું કલ્યાણ કર્યું, ને કલ્યાણનો માર્ગ બતાવીને ત્રણ જગતના જીવોને હિતનું કારણ થયા, એવા હે જિનેન્દ્રદેવ! આપ જ અમારા 'શં-કર ભગવાન છો, કલ્યાણ કરનારા છો.

**ધીર**:—હે દેવ! આપ પરમ ધીર છો. ત્રણકાળ ત્રણલોકને એકસાથે જાણતા હોવા છતાં આપનું જ્ઞાન ધીર છે—શાંત છે, તેમાં જરાય આકુળતા નથી. જગતના સુખમાં આપ લલચાતા નથી કે જગતના દુઃખો દેખીને આપનું ધૈર્ય ખૂટતું નથી, ખેદ થતો નથી. આવું વીતરાગી ધૈર્ય આપના સિવાય બીજા કોઈમાં નથી.

**બ્રહ્મા=વિધાતા**:—મોક્ષમાર્ગનું જે વિધાન, તે બતાવનારા વિધાતા આપ જ છો. સૃષ્ટિના ઉત્પાદક તો કોઈ વિધાતા કે બ્રહ્મા છે જ નહીં; પણ ભવ્યજીવોની પર્યાયમાં મોક્ષ-માર્ગરૂપ સૃષ્ટિ (—પર્યાયના) રચનારા વિધાતા આપ છો તેથી આપ જ બ્રહ્મા છો. ખરેખર ભગવાન કાંઈ બીજા જીવોના કર્તા નથી, પણ મોક્ષમાર્ગની રીત બતાવી, વિધિ બતાવી તે અપેક્ષાએ તેઓ વિધાતા છે. હે દેવ! આપના દ્વારા મોક્ષમાર્ગની વિધિ જાણીને અમે અમારા આત્મામાં તેની રચના કરી, તેમાં આપ ઉપકારી છો. આમ પોતે મોક્ષમાર્ગને ઉપાસતા થકા સાધક જીવો સર્વજ્ઞ ભગવાનની સ્તુતિ કરે છે.

**પુરુષોત્તમઃ**—સર્વ પુરુષોમાં શ્રેષ્ઠ તીર્થંકર પરમાત્મા આપ જ છો. હે દેવ ! મોક્ષનો શ્રેષ્ઠ પુરુષાર્થ કરનારા આપ જ પુરુષોત્તમ છો.

—આ રીતે અન્ય કુદેવોનું નિરાકરણ કરીને, સમ્યક્ ગુણોવડે ભગવાનનું સ્વરૂપ ઓળખીને તેમની સ્તુતિ કરી છે. આવા ગુણસ્વરૂપે ભગવાનને ઓળખીને હવેના શ્લોકમાં અત્યંત બહુમાનપૂર્વક વારંવાર નમસ્કાર કરે છે.—

## પચાસ વર્ષ પહેલાં...અને પછી

* શ્રી ગુરુકહાને આ ભક્તામર-સ્તોત્ર ૫૦ વર્ષ પહેલાં સં. ૧૯૭૨ માં મોઢે કર્યું હતું. ત્યારપછી લગભગ ૫૦ વર્ષ બાદ તેના ઉપર આ પ્રવચનો થયા. તેમાં તેમણે કહ્યું કે 'આ સ્તોત્રમાં સર્વજ્ઞપરમાત્મા પ્રત્યે કેવા અપાર ભાવો ઉલ્લસે છે-તેનું વારંવાર ઘોલન થતાં, તે વ્યાખ્યાનમાં વંચાય છે.'

* અતીન્દ્રિય અને અશરીરી એવા સિદ્ધ ભગવંતો વગેરે પ્રત્યે જેવી ભક્તિ સમ્યગ્દૃષ્ટિને હોય છે તેવી મિથ્યાદૃષ્ટિને નથી હોતી, કેમકે તે તેમના સ્વરૂપને જ ઓળખતો નથી. તેમનું સ્વરૂપ ઓળખે તો જ સાચી ભક્તિ જાગે.

* સાધકજીવો પોતાની વિશુદ્ધ પરિણતિદ્વારા સર્વજ્ઞ પરમાત્મા સાથે ગોઠડી બાંધે છે...એ જ છે પરમાર્થ સ્તુતિ. પરમાત્મપદના સાધક ધર્માત્મા જીવો જે સ્તુતિ વડે પરમાત્મા સાથે સંધિ કરે છે તેમાં અદ્ભુત અલૌકિક ભાવો ભર્યા છે. સર્વજ્ઞપદ પ્રત્યે ભક્તિની રેલમ-છેલ કરીને ગુરુકહાને તે ભાવો આ પ્રવચનોમાં ખોલ્યા છે.

—*—


# ( २६ )

## અહો દેવ ! આપને નમસ્કાર...નમસ્કાર...નમસ્કાર

*

तुभ्यं नमः त्रिभुवनार्तिहराय नाथ !
तुभ्यं नमः क्षितितलामल-भूषणाय !
तुभ्यं नमः त्रिजगतः परमेश्वराय !
तुभ्यं नमो जिन भवोदधिशोषणाय ।।

ત્રૈલોકદુઃખહર નાથ ! તને નમોસ્તુ,
તું ભૂતળે અમલ ભૂષણને નમોસ્તુ;
ત્રૈલોકના જ પરમેશ્વરને નમોસ્તુ,
હે જિન શોષક-ભવાબ્ધિ ! તને નમોસ્તુ.




ત્રણ ભુવનના દુઃખને હરનારા હે જિનદેવ ! આપને નમસ્કાર હો.
સમસ્ત પૃથ્વીમંડળના ભૂષણ સ્વરૂપ હે દેવ ! આપને નમસ્કાર હો.
ત્રણ જગતના પરમેશ્વર એવા હે દેવ ! આપને નમસ્કાર હો.
ભવસમુદ્રને સૂકવી નાખનારા હે જિનદેવ ! વારંવાર આપને નમસ્કાર હો.

જુઓ તો ખરા, ભક્તને ભગવાન પ્રત્યેનું બહુમાન ! પરમાત્માને વારંવાર નમસ્કાર કરીને તે પરમાત્મપદ તરફ પોતાની પરિણતિને ઝુકાવી છે. જેઓ પોતે સાધુ છે—પરમેષ્ઠી-પદમાં વર્તે છે એવા માનતુંગ-મુનિ આ સર્વજ્ઞપરમાત્માનું સ્તવન કરી રહ્યા છે; આમાં

સાધકના અંતરની ભક્તિના નાદ ગુંજે છે. આવી ભક્તિ કરતાં કરતાં ભક્તજનો ભવનાં બંધનને પણ તોડી નાંખે છે, ત્યાં બહારની બેડી કે તાળાં તૂટી જાય—તો એમાં શું આશ્ચર્ય છે? સાધક જીવોને કોઈને પુણ્યની ઉદીરણા થતાં ઉપસર્ગ દૂર થઈ જાય છે. પણ ધર્મના ફળમાં બહારના અનુકૂળ વિષયો ધન–પુત્ર–સ્ત્રી વગેરે માંગવા તે તો પાપ છે–નિદાનશલ્ય છે; ધર્મી–જિજ્ઞાસુને તેવી આશા ન હોય. એને તો પ્રભુ જેવા પરમાત્મપદને પામવાની જ ભાવના છે એવી ભાવનાથી તે વારંવાર પ્રભુને નમસ્કાર કરે છે.

હે દેવ! વીતરાગતાના ઉપદેશવડે દુઃખને દૂર કરનારા ને સુખની પ્રાપ્તિ કરાવનારા આપ જ અમારા નાથ છો; આપના નિમિત્તે અમારા દુઃખના દા'ડા ટળ્યા ને સુખના વારા આવ્યા...તેથી આપને નમસ્કાર હો. અમારા સમ્યકત્વાદિના રક્ષક ને ચારિત્રના પોષક એવા હે વીતરાગ દેવ! આપ જ અમારા સ્વામી ને ઇષ્ટદેવ છો; બીજા કોઈ રાગી–દ્વેષી જીવોને અમે ઇષ્ટદેવ કે સ્વામી માનતા નથી, ને તેમને નમતા નથી.

હે દેવ! સર્વજ્ઞતા અને વીતરાગતા વડે શોભી રહેલા આપ જ આ પૃથ્વીના નિર્મળ આભૂષણ છો, આપને લીધે જ આ પૃથ્વી શોભી રહી છે. રાગદ્વેષ વડે દુનિયા નથી શોભતી, વીતરાગતાવડે જ દુનિયા શોભે છે. તેથી દુનિયામાં સર્વોત્કૃષ્ટ શોભતા હે દેવ! આપને નમસ્કાર કરું છું...મને પણ આપના જેવી પવિત્ર વીતરાગતા જ ગમે છે, તેનો જ હું આદર કરું છું.

બહારમાં પણ, જ્યાં તીર્થંકરનો જન્મ થાય ત્યાં ત્રણ જગતના દુઃખ–અસાતા બે ઘડી દૂર થઈ જાય છે ને સર્વે જીવોને શાંતિ મળે છે; વળી તીર્થંકરનું સુંદર રૂપ ત્રણ જગતમાં શ્રેષ્ઠ છે; તેથી ભગવાન ત્રિભુવનના દુઃખ દૂર કરનારા છે, ને ત્રણ જગતના અલંકારરૂપ છે. હે દેવ! સોના–રૂપા કે રત્નોના ઝવેરાતવડે કાંઈ જીવની ખરી શોભા નથી, પણ આપના માર્ગમાં સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્ર વડે જ જીવની ખરી શોભા છે. જીવ જ્ઞાનથી શોભે છે, રાગથી નહીં. હે સર્વજ્ઞ દેવ! આપ અમારા હૃદયના હાર છો, આપ અમારા અંતરમાં બિરાજતા હોવાથી અમારો આત્મા પણ સમ્યકત્વાદિ વડે શોભી ઊઠયો છે. તેથી નિર્મળ આભૂષણરૂપ એવા આપને નમસ્કાર હો.

'સર્વજ્ઞ તે ધર્મના મૂળ છે' એમ કહ્યું છે, એટલે કે સર્વજ્ઞની શ્રદ્ધા વડે જ ધર્મ શોભે છે. સર્વજ્ઞની શ્રદ્ધા નથી ત્યાં ધર્મ શોભતો નથી એટલે કે ત્યાં સાચો ધર્મ કે મોક્ષ-માર્ગ હોતો જ નથી. સર્વજ્ઞની શ્રદ્ધા તે સાધકના હૃદયની શોભા છે. સર્વજ્ઞની શ્રદ્ધા વગરનું દેવપદ પણ શોભતું નથી. પ્રભો! અમારા હૃદયમાં આપ શોભી રહ્યા છો તેથી હવે અમને દેવપદ રાગ કે જગતના કોઈ વિષયો લલચાવી શકતા નથી, તેમાં અમને શોભા લાગતી નથી. હે વીતરાગદેવ! અમારી શોભા તો આપનાથી જ એટલે આપે બતાવેલા વીતરાગભાવથી જ છે.—આવા સ્વીકારપૂર્વક અમે આપને નમ્યા છીએ.

મહાન સ્તુતિકાર સમન્તભદ્ર સ્વામી કહે છે કે–હે ભગવાન! આપ મોક્ષમાર્ગના નેતા છો, કર્મના પહાડને તોડનાર છો, ને સમસ્ત તત્ત્વોના જ્ઞાતા છો; તે ગુણોની લબ્ધિ માટે હું આપને વંદન કરું છું.

ત્યારે જાણે કે ભગવાન તેને પૂછે છે—હે ભદ્ર! સ્તુતિમાં અમારું આ દિવ્ય સમવસરણ, દેવોનું આગમન, આકાશમાં ગમન, છત્ર-ચામર વગેરે વૈભવનું તો તેં સ્તવન ન કર્યું?

ત્યારે સમન્તભદ્ર જવાબ આપતાં કહે છે હે કે નાથ! શું આ દેવોનું આવવું, આકાશમાં ચાલવું કે ચામરાદિ વૈભવ,-તેને લીધે આપ અમારા મનને પૂજ્ય છો? શું તેને લીધે આપની મહત્તા છે?—ના, ના, પ્રભો! એવું તો કોઈ માયાવી પણ દેખાડી શકે. પ્રભો, અમે તો આપના સર્વજ્ઞતા-વીતરાગતા વગેરે ગુણોને ઓળખીને તેના વડે જ આપનું સ્તવન કરીએ છીએ.—

'देवागम नभोयान चामरादि विभूतयः
मायाविष्वपि दृश्यंते नातः त्वमसि नो महान् ।।'

જુઓ, આ સર્વજ્ઞની સ્તુતિમાં પણ ભક્તનું ભેદજ્ઞાન! તીર્થંકરપ્રભુને (દીક્ષા લીધા પહેલાં) પહેરવા માટેનાં વસ્ત્રો ને દાગીના સ્વર્ગમાંથી ઈન્દ્ર આપી જાય છે; પણ, ભક્ત કહે છે–હે દેવ! દેવલોકના એ અલંકારો વડે આત્માની શોભા નથી, આત્માની શોભા તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગભાવ વડે જ છે. ભગવાન પોતે પહેલેથી એમ જાણે છે; પછી જ્યારે વૈરાગ્ય પામી દીક્ષા લ્યે છે ત્યારે શુદ્ધોપયોગ સહિત રત્નત્રયથી આત્મા શોભી ઊઠે છે, ને કેવળજ્ઞાન થતાં તો આત્મા ત્રણભુવનમાં સર્વોત્કૃષ્ટરૂપે શોભી ઊઠયો. પ્રભો! આવી શોભાવાળા આપને ઓળખીને સ્તવન કરતાં અમારો આત્માય સમ્યક્ત્વાદિથી શોભી ઊઠયો. કેવળજ્ઞાનથી શોભતા આપને નમીએ છીએ......નમવાના બહાને અમે અમારા અંતર સ્વભાવમાં ઢળીએ છીએ. હવે અમે રાગમાં નમીએ કે કોઈ કુદેવ અમારા નમસ્કાર લઈ જાય—એમ કદી બનવાનું નથી.

**પરમેશ્વર:**—હે દેવ, સર્વજ્ઞતા ને વીતરાગતાથી શોભતા આપ જ ત્રણ જગતના પરમેશ્વર છો. અનંતજ્ઞાન-અતીન્દ્રિયસુખ વગેરે અનંતગુણના વૈભવરૂપ ઐશ્વર્ય આપની પાસે જ છે, તેથી જગતમાં આપ જ પરમ ઈશ્વર છો; આપને જ અમારો આત્મા નમે છે.

**હે ભવસમુદ્રના શોષણહાર જિન!** અનાદિનો જે ભવસમુદ્ર તેને આપે સૂકવી નાંખ્યો, આપ પોતે ભવથી રહિત થયા, ને મોક્ષનો માર્ગ બતાવીને અમને પણ ભવથી રહિત કર્યા. ભવના નાશનો ને મોક્ષની પ્રાપ્તિનો માર્ગ બતાવનારા આપ જ છો. અહા, આપને પામીને અમે ભવસમુદ્રને તરી ગયા,–એમ પ્રસન્નતાપૂર્વક ફરી ફરીને આપને નમસ્કાર કરીએ છીએ.

–આ રીતે અનેક વિશેષણોપૂર્વક સ્તુતિ કરીને ભગવાનને નમસ્કાર કર્યા.

—*—


## ( ૨૭ )

# સર્વગુણસંપન્ન પ્રભુમાં દોષોનો અત્યંત અભાવ

☆

को विस्मयोत्र यदि नाम गुणैरशेषैः
त्वं संश्रितो निरवकाशतया मुनीश ।
दोषैः उपात्त विविधाश्रय जात गर्वैः
स्वप्नांतरेऽपि न कदाचिदपीक्षितोऽसि ।।

આશ્ચર્ય શું ગુણ જ સર્વ કદિ મુનીશ,
ત્હારો જ આશ્રય કરી વસતા હંમેશ;
દોષો ધરી વિવિધ આશ્રય ઉપજેલા,
ગર્વાદિકે ન તમને સપને દીઠેલાં.




હે મુનીશ! આપ સર્વગુણસમ્પન્ન છો અને સર્વ દોષથી રહિત છો,–એમાં કોઈ આશ્ચર્ય નથી; કેમકે હું સમજું છું કે તે સર્વજ્ઞતા–વીતરાગતા વગેરે ગુણોને અન્યત્ર રાગી–દ્વેષી જીવોમાં ક્યાંય રહેવાની જગ્યા ન મળી, માત્ર એક આપનામાં જ તે ગુણોને આશ્રય મળ્યો, તેથી બધાય ગુણો આપનામાં આવીને રહ્યા છે. અને હે દેવ! આપનામાં ગુણો એટલા બધા ભર્યા છે કે હવે તેમાં દોષોને રહેવાની કોઈ જગ્યા જ નથી રહી, એટલે ક્રોધાદિ કોઈ દોષને આપે આશ્રય ન આપ્યો, આપે તેનો અનાદર કર્યો; છતાં એને તો જગતના રાગી-દ્વેષી–મોહી અનેક જીવોમાં આશ્રય મળી ગયો, તેથી અભિમાનને લીધે તે કોઈ દોષો સ્વપ્નમાંય આપની પાસે કદિ દેખાતા નથી. આ કારણે આપ સર્વ ગુણોથી પૂરા છો, ને સર્વ દોષોનો

આપનામાં અભાવ છે.–આમ ભગવાનની સ્તુતિ કરીને ભક્ત–સાધક પોતામાં પણ ગુણને આશ્રય આપે છે ને દોષનો અનાદર કરે છે. ગુણ–દોષ વચ્ચેના ભેદજ્ઞાનપૂર્વકની આ ભક્તિ છે.

હે દેવ! આપ ગુણના જ ભંડાર છો ને દોષને દૂર કરનારા છો; આપનામાં ગુણ દેખીને અમને પ્રમોદ આવે છે તેથી અમે આપને ભજીએ છીએ. અન્ય કુદેવોમાં તો ક્રોધાદિ કોઈને કોઈ દોષ દેખાય છે તેથી અમારું હૃદય ત્યાં નમતું નથી. અમને ગુણનો પ્રેમ છે ને દોષને દૂર કરવા માંગીએ છીએ.

પ્રભો, આપે એટલા બધા ગુણોને આશ્રય આપ્યો કે સર્વ ગુણોથી આપ પરિપૂર્ણ થઈ ગયા (–પ્રભુ મેરે...તું સબહી બાતેં પૂરા), હવે દોષને રહેવાનું કોઈ સ્થાન આપનામાં નથી રહ્યું, તેથી દોષો તો આપની પાસે પણ ફરકતા નથી. આપનાથી તો દોષ દૂર થયા, આપની સમીપ આવનાર જીવોથી પણ દોષો દૂર ભાગે છે, ને ગુણો તેમની પાસે દોડતા આવે છે.–જુઓ, આમાં ભક્તિનું ફળ પણ બતાવી દીધું. દોષની હાનિ ને ગુણની વૃદ્ધિ તે સાચી ભક્તિનું ફળ છે. શ્રાવકો અને શ્રમણો આવી ભક્તિ કરે છે.

પ્રભો, આપનામાં સર્વજ્ઞતા વગેરે ગુણો દેખીને અમને વિસ્મય નથી થાતું, કેમકે તે મહાન ગુણો આપના જેવા પવિત્ર પુરુષમાં ન હોય તો બીજે ક્યાં હોય? તે આપનામાં જ શોભે છે; બીજા કોઈ મોહી–અજ્ઞાની જીવોમાં તે સર્વજ્ઞતા વગેરે ગુણો રહી શકતા નથી. અને કોઈ દોષ આપની પાસે આવતા નથી કેમકે દોષને રહેવા માટે આપ પોતામાં જરાય સ્થાન આપતા નથી, તેથી તે બિચારા આશ્રય રહિત થઈને સંસારમાં જ્યાં–ત્યાં ભટકે છે. આમાં એ સિદ્ધાંત આવી ગયો કે, સમ્યક્‌ત્વાદિ ગુણોનો જ આશ્રય થવાનો આત્માનો સ્વભાવ છે; રાગાદિ કોઈ દોષનો આશ્રય થાય એવો આત્માનો સ્વભાવ નથી, તે તો પરાશ્રિત ભાવો છે. આમ સમજીને હે દેવ! અમે સ્વભાવઆશ્રયે ગુણ પ્રગટ કરીએ છીએ, ને પરાશ્રિત એવા દોષ ભાવોને આત્મામાંથી દૂર કરીએ છીએ; આ જ આપની પરમાર્થ ભક્તિ છે. જેને રાગાદિ દોષમાં આદરબુદ્ધિ છે તે જીવો સ્વપ્નમાંય આપને દેખી શકતા નથી, આપની સાચી ભક્તિ કરી શક્તા નથી, ને આત્માને અનુભવી શકતા નથી.

મિથ્યાત્વ–અજ્ઞાન–ક્રોધાદિ તે દોષો પ્રભુની સામે પણ કેમ નથી જોતા?—કેમકે તે દોષોને એવો ગર્વ થઈ ગયો છે કે 'ભલે સર્વજ્ઞ–અરિહંતદેવે અમને આશરો ન આપ્યો, પણ જગતમાં બીજા અનંતા જીવો તો અમારો આદર કરનારા છે!'—આવા અભિમાનને લીધે તે દોષો ભગવાનની સામુંય જોતા નથી. ભગવાનની સન્મુખ જોવા જાય તો, ભગવાનનો એવો પ્રતાપ છે કે તે દોષો નાશ પામી જાય છે. ભગવાનમાં દોષ નહિ, ને દોષ ત્યાં ભગવાન નહીં.

'હે સર્વજ્ઞ! તમારામાં ગુણો જ ઠાંસી ઠાંસીને ભર્યા છે એટલે તમે અમને (દોષોને) રહેવાનું સ્થાન નથી આપતા, પણ અમને તમારી પરવા નથી કેમકે જગતમાં અનંતા જીવો

અમને સ્થાન તથા આદર આપનારા છે; એક તમે સ્થાન ન આપો તેથી શું થઈ ગયું?–' આમ આપના વડે અનાદર પામવાથી અપમાનિત થયેલા તે મોહાદિ દોષો ગર્વને લીધે આપની સામે પણ જોતા નથી. કુદેવ-કુગુરુઓ વગેરે સંસારમાર્ગી જીવો તે ક્રોધાદિ દોષોને આદરપૂર્વક સ્થાન આપીને પુષ્ટ કરે છે એટલે તે જીવોમાં તેઓ મોજ કરે છે; તેમને છોડીને તે દોષો આપની નજીક પણ આવતા નથી.–પણ એમાં અમને કાંઈ આશ્ચર્ય લાગતું નથી, કેમકે જ્યાં અનાદર થાય ત્યાં કોણ જાય? એટલે દોષો આપની પાસે આવતા નથી. અને હે દેવ! આપે તે દોષોને પોતામાં જરાપણ અવકાશ ન આપીને, આત્મામાંથી તેમને કાઢી મુકીને તેના ગર્વના ચૂરેચૂરા કરી નાંખ્યા છે, તેથી તેઓ આપના વિરોધી એવા કુદેવોના આશ્રયે જતા રહ્યા છે, ને આપનામાં તો એકલા ગુણો જ બાકી રહી ગયા છે. આ રીતે અલંકારથી સર્વજ્ઞદેવમાં દોષનો અભાવ ને ગુણની પૂર્ણતા બતાવીને તેમની ભાવસ્તુતિ કરી છે. સાથે સાથે કુદેવોને દોષના આયતન ને ગુણના અનાયતન પણ સિદ્ધ કર્યા છે.

દોષના આધાર તો જગતમાં ઘણાય છે, પણ ગુણોના આધાર તો હે જિન! આપ એક જ છો. જે જીવો રાગને ધર્મ માને છે તેઓ દોષને જ આધાર આપે છે. એવા અજ્ઞાની જીવોમાં સર્વજ્ઞતા–વીતરાગતા વગેરે ગુણોને રહેવા માટે જગ્યા ન મળી, તેથી તે બધા ગુણો આપનામાં જ આવીને રહી ગયા. (૨૭)

—०—

એક સખીએ બીજી સખીને આંખમાં અંજન આંજવાનું કહ્યું; ત્યારે તે કહે છે—હે સખી! મારી આંખમાં પ્રભુનો પ્રેમ એટલો બધો ઠાંસી ઠાંસીને ભર્યો છે કે તેમાં હવે અંજનને માટેય અવકાશ નથા; તેમ ભગવાનનો ભક્ત કહે છે—અમારી દૃષ્ટિમાં ચૈતન્યગુણોનો એટલો બધો પ્રેમ છે કે તેમાં હવે રાગના શુભ-કણિયાને પણ રહેવાનો અવકાશ નથી. સાધકને આત્માના સ્વભાવનો આવો પ્રેમ હોય છે; ને ભગવાનમાં તેવા ગુણો પ્રગટ દેખીને તેમના પ્રત્યે પ્રેમ-ભકિત ઉલ્લસે છે.


—०—

[ભગવાન ઋષભદેવ, તીર્થંકરપણે સમવસરણમાં બિરાજતા હોય ને તેમનો દિવ્યવૈભવ નીરખીને પોતે તેમની સ્તુતિ કરતા હોય! એવા ભાવથી, હવેના આઠ શ્લોકમાં અશોકવૃક્ષ, સિંહાસન, ચામર, છત્ર, દેવદુદુંભી, પુષ્પવૃષ્ટિ, ભામંડળ અને દિવ્યધ્વનિ—એ આઠ પ્રાતિહાર્યનું વર્ણન કરે છે. કુમુદચંદ્ર કવિએ 'કલ્યાણમંદિર'-સ્તોત્રમાં પણ આઠ પ્રાતિહાર્યનું અધ્યાત્મ-શૈલિથી સુંદર–અલંકારિક વર્ણન કર્યું છે. આ ભક્તામરસ્તોત્ર તથા કલ્યાણ-મંદિર સ્તોત્રમાં ઘણું સામ્ય છે.]

—०—

# [ २८ ]

## (૧) અશોકવૃક્ષની છાયામાં શોભતા તેજસ્વી ભગવાન




उच्चैः अशोकतरु-संश्रितमुन्मयूखम्
आभाति रूपममलं भवतो नितांतम् ।
स्पष्टोल्लसत् किरणमस्त-तमोवितानं
बिम्बं रवेरिव पयोधर पार्श्ववर्ति ॥

ઉંચા અશોકતરુ આશ્રિત કિર્ણ ઉંચ,
અત્યંત નિર્મળ દીસે પ્રભુ આપ રૂપ;
તે જેમ મેઘ સમીપે રહી સૂર્યબિંબ,
શોભે પ્રસારી કિરણો હણીને તિમિર.

હે પ્રભો! સમવસરણમાં અશોકવૃક્ષની નીચે બિરાજમાન આપનું નિર્મળ તેજસ્વી રૂપ, તે વૃક્ષને ભેદીને ઉપર ઉલ્લસતા કિરણો વડે અત્યંત શોભી રહ્યું છે.—જેમ ઘનઘોર વાદળાંની વચ્ચે ઊગતો સૂરજ, ઉપર ઊઠતા પોતાના ઝગઝગતા સોનેરી કિરણો વડે શોભે અને સમસ્ત અંધકારને નષ્ટ કરે, તેમ આપ શોભી રહ્યા છો; અને ઉદયભાવોની વચ્ચે આપનું કેવળજ્ઞાન ક્ષાયિકભાવે શોભી રહ્યું છે.

તીર્થંકરભગવાન સમવસરણમાં બિરાજે છે ત્યારે તેમના ઉપર તેમના દેહથી ૧૨ ગણું ઊંચું દિવ્ય અશોકવૃક્ષ હોય છે. આ વૃક્ષ એ કાંઈ વનસ્પતિકાયનું ઝાડ નથી પણ દિવ્ય પુદ્ગલોની એવી સુંદર રચના છે. તે ઝાડની છાયાને ભેદીને પ્રભુના દિવ્ય રૂપમાંથી ચમકતા કિરણો ઊંચે આકાશમાં ફેલાય છે, તેનો દેખાવ અત્યંત સુંદર લાગે છે. અથવા, જેમ

સઘન વાદળાંના પાણી વચ્ચેથી પસાર થતા સૂર્યકિરણોના પ્રકાશ વડે સપ્તરંગી સુંદર મેઘધનુષ રચાય છે, તેમ અશોકવૃક્ષની છાયાને ભેદીને ઉપર ફેલાતા આપના મુખમંડળના તેજસ્વી કિરણોવડે ઊંચે આકાશમાં સુંદર પ્રકાશ ફેલાય છે ને અંધકાર દૂર થાય છે.

તીર્થંકર પ્રભુના અતિશયરૂપ જે આઠ પ્રાતિહાર્ય, તેમાં પ્રથમ આ અશોકવૃક્ષ છે; તેના વર્ણનદ્વારા પ્રભુની સ્તુતિ કરી છે. પ્રભુની અંતર્વિભૂતિ તો કેવળજ્ઞાનાદિ ચૈતન્યગુણો છે, ને તેની સાથે તીર્થંકરપ્રભુને આવી અદ્દભુત બાહ્ય વિભૂતિ હોય છે.

જોકે આત્મા અને શરીર તો જુદા છે, છતાં આશ્ચર્ય છે કે આત્મા જ્યાં પૂર્ણ શુદ્ધ થયો ત્યાં શરીર પણ શુદ્ધ ( મલિનતા વગરનું ) થઈ ગયું; આત્મામાં કેવળજ્ઞાનમય ચૈતન્ય-પ્રકાશ ખીલ્યો ત્યાં સાથેનું શરીર પણ અલૌકિક પ્રકાશથી ખીલી ઊઠ્યું.–એવો જ કુદરતનો મેળ છે. તેમજ આસપાસ પણ દિવ્ય રચના થાય છે. તેમાં દિવ્ય અશોકવૃક્ષ દેખીને ભક્ત કહે છે કે પ્રભો! એમાંય અમને આપનો જ પ્રતાપ દેખાય છે. આપ અંધકારનો નાશ કરનારા છો; જાણે વાદળાં વચ્ચેથી ઝગઝગતો સૂરજ ઊગતો હોય તેમ અશોકવૃક્ષની લીલી છાયાને ભેદીને આપનાં શરીરમાંથી ચમકતા કિરણો આકાશમાં ફેલાઈ રહ્યા છે ને અતિશય શોભી રહ્યા છે. કલ્યાણમંદિર–સ્તોત્રમાં અલંકારિક વર્ણન કરતાં કહે છે કે હે દેવ! આપની દિવ્યપ્રભાના તેજ પાસે આ અશોકવૃક્ષ પણ નિસ્તેજ – રંગવગરનું – નીરાગી બની ગયું; તોપછી આપના સાન્નિધ્યથી ચેતનવંતો કયો જીવ નીરાગિતા–વીતરાગતા નહીં પામે? આપનો ઉપદેશ જીવોને વીતરાગતા કરાવે છે, ને રાગનો રંગ ઊડાડી દે છે.

હે પ્રભો! આપની સમીપમાં પ્રસન્નતાથી ખીલી રહેલું આ ' અશોક ' વૃક્ષ જોતાં અમને તો એમ થાય છે કે અહા! પરમાત્માની સમીપતા પામીને આ ઝાડવું પણ અ–શોક, શોક-વગરનું થઈને પ્રસન્નતાથી ખીલી ઊઠ્યું તો પછી અમારા જેવા ચેતનવંતા જીવો શોક-રહિત–અશોક કેમ નહીં થાય? પ્રભો! આપનું સાન્નિધ્ય પામીને અમે પણ પ્રસન્નતાથી આનંદિત થઈને ખીલી ઊઠ્યા છીએ. આપની પાસેનું ઝાડ ' અશોક ' થયું તો આપની પાસે આવેલા ભવ્ય જીવો ' અશોક ' થઈ જાય એમાં શું આશ્ચર્ય!

સાન્નિધ્યેથી તુજ ધરમના બોધવેળા વિલોક!
દૂરે લોકો, તરુ પણ અહો થાય અત્રે ' અશોક '
ભાનુ કેરો સમુદય થયે નાથ આ જીવલોક,
શું વિબોધ ત્યમ નહિ લહે સાથમાં વૃક્ષ થોક!
( કલ્યાણમંદિર સ્તોત્ર–૧૯ )

વાહ જુઓ તો ખરા, ભગવાનને દેખીને ભક્તનું હૃદય કેવું ખીલી ઊઠ્યું છે! અંતરમાં

સમ્યક્ત્વાદિ વડે આત્મા ખીલી ઊઠયો છે ત્યાં ભગવાન પ્રત્યે આવી ભક્તિના ભાવો ઉલ્લસે છે. અજ્ઞાનીને આત્મા તો ન આવડયો, પણ પરમાત્માની સાચી ભક્તિ કરતાંય ન આવડયું.

અશોકવૃક્ષ એ એક આશ્ચર્યકારી રચના છે; તેની ઊંચાઈ તીર્થંકરપ્રભુના દેહમાન કરતાં ૧૨ ગણી હોય છે. ઋષભદેવનું શરીર ૫૦૦ ધનુષ ઊંચું હતું, તેનાથી બારગણું એટલે ૬૦૦૦ ધનુષ (અર્થાત્ ૬૦,૦૦૦ ફૂટ, એટલે કે આજના હિમાલય પર્વત કરતાંય બમણાથી વધારે ઊંચું) તે અશોકવૃક્ષ છે. અત્યારના જીવોને આ વાત આશ્ચર્યકારી લાગે. ઋષભદેવના સમયમાં બધી રચનાઓ આવી મહાન હતી, પણ પછી અવસર્પિણી કાળને લીધે તેમાં અનુક્રમે હીનતા થતી ગઈ. અત્યારે તો સમવસરણની શોભા જોવાનું પણ આ ભરતક્ષેત્રમાં નથી મળતું. છતાં જાણે અસંખ્યવર્ષો પહેલાંના ઋષભદેવ પણ અત્યારે સમવસરણમાં સાક્ષાત્ બિરાજતા હોય ને પોતે તેમની સન્મુખ સ્તુતિ કરતા હોય-એવા અદ્ભુત ભાવો આ સ્તોત્રમાં ભર્યા છે.

તીર્થંકર-કેવળીભગવાન, સાધારણ મનુષ્યોની માફક નીચે પૃથ્વી ઉપર ન વિચરે કે જમીન ઉપર ન બેસે; અંદર નીરાલંબી થયેલા તે ભગવાન આકાશમાં પાંચ હજાર ધનુષ ઊંચે વિહાર કરે છે ને સમવસરણમાં દિવ્ય ગંધકૂટિ ઉપર (તેને અડયા વગર) ચાર આંગળ ઊંચે નીરાલંબીપણે બિરાજે છે. વાહ, કેવળી ભગવાનનો અંતરંગ આત્મવૈભવ તો અલૌકિક છે ને બાહ્યવિભૂતિ પણ અલૌકિક હોય છે. પ્રભુને જોતાં ભવ્ય જીવોનું અંતર ખીલી ઊઠે છે. તે કહે છે-વાહ પ્રભો! આપ જગતથી જુદી જાતના છો, તો આપના પ્રત્યેની અમારી ભક્તિનો ભાવ પણ લોકો કરતાં જુદી જાતનો છે.

વળી આ પણ એક અચંબો છે કે, અદ્ધર આકાશમાં જમીન કે મૂળિયાં વગર આવડું મોટું ઝાડ (અશોકવૃક્ષ) કઈ રીતે ઊગ્યું! એ તો પ્રભુનો જ અતિશય!-પ્રભુને આત્મામાંથી મહાન કેવળજ્ઞાન ખીલવા માટે બહારના કોઈ સાધનની જરૂર ન પડી; સ્વયંભૂપણે પોતે જ કેવળજ્ઞાનરૂપે પ્રગટયા-પરિણમ્યા. એ જગતનો સૌથી મહાન અચંબો છે.

આ રીતે અશોકવૃક્ષના કથનદ્વારા પણ પરમાત્માના ગુણનું સ્તવન કર્યું.

[ઈતિ પ્રથમ પ્રાતિહાર્ય અશોકવૃક્ષનું વર્ણન પૂરું થયું.] [૨૮]

—૦—


જેમનું જ્ઞાન પ્રમાણ હોવા છતાં અપ્રમાણ છે, તે કોણ?
સર્વજ્ઞભગવાન; તેમનું કેવળજ્ઞાન તે પ્રમાણ છે છતાં તે
અમર્યાદિત હોવાથી અપ્રમાણ છે.
રૂપ વગરના હોવા છતાં રૂપવાન કોણ છે?
પ્રભો, આપ રૂપવાન છો છતાં રૂપરહિત (અરૂપી) છો.

—૦—

## ( २९ )

# ( २ ) રત્નમય સિંહાસનથી અલિપ્ત ભગવાનની સ્તુતિ

[ હે દેવ! અમારા હૃદયસિંહાસને આપ બિરાજમાન છો ]




सिंहासने मणिमयुख शिखा विचित्रे
विभ्राजते तव वपुः कनकावदातम् ।
बिम्बं वियद् विलसदंशुलतावितानं
तुंगोदयाद्रि शिरसीव सहस्ररश्मेः ।।

સિંહાસને મણિતણા કિરણે વિચિત્ર,
શોભે સુવર્ણ સમ આપ શરીર ગૌર;
તે સૂર્ય-બિમ્બ ઉદયાચળ શિર ટોચે,
આકાશમાં કિરણ જેમ પ્રસારી શોભે.

તીર્થંકરભગવાનના આઠ પ્રાતિહાર્ય-અતિશયો છે; તેમાં બીજું સિંહાસન, તેનું આ વર્ણન છે. ( આ આઠ પ્રાતિહાર્યોના નામોનો ક્રમ બધા પુસ્તકોમાં એકસરખો નથી. પ્રાતિહાર્ય બધામાં સરખા આવે છે, પણ તેના ક્રમમાં ફેર હોય છે. )

સિંહાસન પર બિરાજમાન પ્રભુને દેખીને સ્તુતિકાર કહે છે કે હે દેવ! સુવર્ણાચલ પર્વત ઉપર ઊગતો સૂર્ય, તેના હજારો સોનેરી કિરણો સહિત આકાશમાં જેમ શોભી ઊઠે છે, તેમ દિવ્ય મણિ-રત્નોના કિરણોથી ઝગઝગતા સુવર્ણના સિંહાસન ઉપર સુવર્ણ-દેહવાળા આપ અતિશય શોભી રહ્યા છો. જેમ નવીન વરસાદને દેખીને મોરલા નાચી ઊઠે, તેમ આપને દેખીને ભવ્યજીવોનું ચિત્ત પ્રસન્નતાથી ખીલી ઊઠે છે.

સમવસરણની વચ્ચે મણિરત્નોથી જડેલું દિવ્ય સિંહાસન છે; તેના ઉપર ગંધકૂટીરૂપ કમળની રચના છે, તેની શોભા આશ્ચર્યકારી છે. તે કમળ ઉપર ભગવાન બિરાજતા હોવાથી તેમને 'કમલાસન' પણ કહેવાય છે ('जय कमलासन...सुंदर शासन भासत नभद्वय बोधवरं'). પરંતુ વિશેષ આશ્ચર્યની વાત એ છે કે, ભગવાન તો એ દિવ્ય-સિંહાસનને કે ગંધકૂટીને પણ સ્પર્શ્યા વગર, તેનાથી અલિપ્ત, ચાર આંગળ ઊંચે આકાશમાં નીરાલંબીપણે બિરાજે છે.

'જેવું નીરાલંબન આત્મદ્રવ્ય, તેવો નીરાલંબન જિન-દેહ.'

તીર્થંકરદેવના આત્માની પૂર્ણ પવિત્રતા સાથેનાં પુણ્ય પણ અતિશય-આશ્ચર્યકારી હોય છે; તેઓ કોઈના મકાનમાં રહે કે તેમને માટે આસન કોઈ પાસેથી લાવવા પડે ને પછી અંતસમયે પાછા સોંપવા પડે–આવી હીનપુણ્યતા તેમને હોતી નથી; તેમનો શ્રી-વિહાર અને આસન તો ગગનમાં છે ને તેમની આસપાસ સિંહાસનાદિ દિવ્ય વૈભવોની રચના સાતિશય પુણ્યયોગે થઈ જાય છે.

અહો પરમાત્મા! આવા ઉત્કૃષ્ટ પુણ્યફળનો પરિપાક, અને તેની વચ્ચે પણ આપ સાવ અલિપ્ત!–આવી અદ્‌ભુત વીતરાગતા તો આપનામાં જ શોભે છે. આપની સમીપમાં એટલે કે શુદ્ધાત્માની સમીપમાં અમારા અંતરમાં પણ વીતરાગતા જાગી ઊઠે છે કે અહા, આત્માનો સ્વભાવ કેવો રાગ વગરનો શોભે છે! પારસમણિનો સ્પર્શ તો લોઢાને માત્ર સોનું બનાવે (–અને તે પણ તેનામાં કાટ ન હોય તો...!) પણ તેને પોતાના જેવો પારસ ન બનાવે. ત્યારે હે પ્રભો! આપનો સ્પર્શ (અનુભવ) તો અમનેય આપના જેવા પરમાત્મા બનાવી દે છે.

હે દેવ! અમને પરમાત્મપણું આપનાર આપ મહાન દાતા છો. અહા પ્રભો! સિંહાસન પર અલિપ્ત એવા આપને દેખતાં અમને તો એમ લાગે છે કે અમને મોક્ષનું સિંહાસન મળ્યું; કેમકે અમારા હૃદયના સિંહાસનમાં આપ બિરાજો છો. એટલે હે નાથ! આપનું ધ્યાન કરતાં–કરતાં અમેય આપના જેવા બની જશું. આ રીતે આપનો ભક્ત આપના જેવો બની જાય છે. તેથી પારસમણિ કરતાંય આપનો સમાગમ શ્રેષ્ઠ છે.—'વો લોહા કંચન કરે; પ્રભુ કરે આપ સમાન.' ભગવાનનો ભક્ત પોતે ભગવાન બની જાય છે.—આ જિનશાસનની બલિહારી છે.

અહા પ્રભો, સિંહાસનને અડીને આપ નથી બેસતા, તેનાથી અદ્ધર અલિપ્ત બિરાજો છો, તે ઉપરથી અમે એમ સમજીએ છીએ કે, જે સિંહાસનને આપે છોડયું તે આપની પાછળ આવ્યું, ભલે રાજસિંહાસનને બદલે દેવસિંહાસન આવ્યું; પરંતુ આપ તો પુણ્યને અને તેના ફળને પણ આદરતા નથી; એ રીતે પુણ્યરાગનું પણ હેયપણું પ્રસિદ્ધ કરી રહ્યા છો. આપ તો રાગ વગરના મોક્ષસિંહાસને બેસનારા છો. રાગ એ આત્મ-રાજાને બેસવાનું પદ નથી, આત્મરાજાને બેસવાનું સિંહાસન તો શુદ્ધચૈતન્યનું બનેલું છે; શુદ્ધ ચૈતન્યરૂપ

નિજપદમાં હે જીવો! તમે આરુઢ થાઓ, ને રાગથી અલિપ્ત રહો—એમ ભગવાન પ્રસિદ્ધ કરી રહ્યા છે. તે રાગ–પુણ્યનાં ફળ ભલે સંસારના છેડા સુધી આત્માની પાછળ પાછળ આવે પણ મોક્ષમાં તેનો પ્રવેશ નથી, કેમકે તે આત્માનું નિજપદ નથી, અપદ છે–એમ હે ભવ્ય જીવો! તમે જાણો, ને શુદ્ધચૈતન્યમય નિજપદમાં આરૂઢ થાઓ.

વીતરાગતાની ભાવનાથી ભક્ત કહે છે કે હે દેવ! આપની શોભા કાંઈ એ દિવ્ય સિંહાસનને લીધે નથી, ઊલટું આપની નીકટતાને લીધે તે સિંહાસનની શોભા છે. અમને સિંહાસનનો મહિમા નથી લાગતો, અમને તો સિંહાસનથીયે અલિપ્ત એવા આપની સર્વજ્ઞતાનો ને વીતરાગતાનો મહિમા ભાસે છે. આમ ભક્ત સર્વત્ર ભગવાનના મહિમાને દેખે છે. [ આઠપ્રાતિહાર્યમાંથી બીજા સિંહાસનનું વર્ણન પૂરું થયું. ] (૨૯)

—o—

# ( ૩૦ )




कुन्दावदात चल-चामर चारु शोभं  
विभ्राजते तव वपुः कलधौतकांतम् ।  
उद्यत् शशांक शुचिनिर्झर वारिधारं  
उच्चैः तटं सुरगिरेरिव शातकौम्भम् ॥

ધોળાં ઢળે ચમર કુંદસમાન એવું,  
શોભે સુવર્ણસમ રમ્ય શરીર તારું;  
તે ઉગતા શશિસમા જળ ઝર્ણ ધારે,  
મેરુ તણા કનકના શિર પૈઠ શોભે.

## (૩) ચામર કહે છે: પ્રભુ પાસે નીચા નમો...ને ઊંચું પદ પામો

આ ત્રીજા પ્રાતિહાર્ય (ચામર)ના વર્ણન દ્વારા ભગવાનની સ્તુતિ છે. હે દેવ! કુંદ-પુષ્પ જેવા સફેદ ૬૪ ચામર વડે ઇન્દ્રો આપને વીંઝે છે ત્યારે આપનો સુવર્ણવર્ણો દેહ એકદમ શોભી ઊઠે છે – કેવો શોભે છે?—જેમ પૂનમના **ચંદ્રમાંથી** ઝરતી પવિત્ર જલધારા વડે સુમેરુ પર્વતનાં સોનેરી શિખર શોભે, તેમ દેવો વડે વીંઝાતા ઊજ્જવળ–ચામરના સમૂહ વચ્ચે આપનો સુંદર સુવર્ણદેહ શોભી રહ્યો છે.

જુઓ, ચામર વડે દેહની શોભા કીધી; આત્મા તો કેવળજ્ઞાન–દર્શનરૂપ ચૈતન્યભાવવડે શોભે છે.—આમ ધર્મી બંનેની ભિન્નતાને જાણે છે. જે જીવ દેહાશ્રિતગુણોને જ દેખે, કે એકલા પુણ્યના બાહ્યવૈભવના મહિમામાં જ રોકાઈ જાય, અર્થાત્—

"જે જિન દેહપ્રમાણ ને સમવસરણાદિ સિદ્ધિ,
વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજબુદ્ધિ"

—એ પ્રમાણે બહારમાં જ રોકાઈ જાય, ને અંદરના આત્મ–આશ્રિત ચૈતન્યગુણોને ન ઓળખે, તેને સર્વજ્ઞની પરમાર્થસ્તુતિ કરતાં આવડે નહીં. જે દેહાશ્રિતગુણો તથા આત્માશ્રિત ગુણો એ બંનેની ભિન્નતાને ઓળખે, અને તેમાંથી આત્મિકગુણો વડે સર્વજ્ઞદેવને ઓળખે તેને તો જડ-ચેતનનું ભેદજ્ઞાન, ને રાગથી ભિન્ન શુદ્ધ આત્માનો અનુભવ થાય જ; અને તે મોક્ષસાધિકા પરમાર્થભક્તિ છે, તેને જ 'નિર્વાણભક્તિ' કહેવાય છે. અહીં એવી ભક્તિ—સહિતની વ્યવહારભક્તિનું વર્ણન છે.

ભગવાનને આત્મામાં અનંત આનંદનાં નિર્ઝરણાં વહે છે, તેમને કાંઈ ચામર–સિંહાસન વગેરેનું સુખ નથી પણ પુણ્યયોગે બહારમાં તેવો અદ્દભુત વૈભવ હોય છે. પણ અરે, આત્માની ચૈતન્યવિભૂતિ પાસે બહારની એ પુણ્યવિભૂતિની શી ગણતરી છે! પ્રભુને ઢોળાતાં ચામર, પહેલાં નીચે ઢળીને પછી ઉપર જાય છે, તે એમ દર્શાવે છે કે જે જીવ જિનચરણોમાં નમ્રીભૂત થાય છે તે ઊંચી પદવીને પામે છે. એ વાત કલ્યાણમંદિર–સ્તોત્રમાં કરી છે:—

હે સ્વામિશ્રી, અતિ દૂર નમીને ઊંચે ઊછળંતા,
માનું શુચિ સુર-ચમરના વૃંદ આવું વદંતા:
'જેઓ એહી યતિપતિ પ્રતિ રે પ્રણામો કરે છે,
નિશ્ચે તેઓ ઊરધ ગતિને શુદ્ધભાવે લહે છે.'

નીચે નમીને ઊંચે ઊછળતા તે ચામર જાણે એમ બોલી રહ્યા છે કે હે જીવો! તમારે ઉચ્ચપદ પામવું હોય તો આ પ્રભુચરણોમાં ભક્તિથી નમી જાઓ.

જુઓ, દૃષ્ટિ–દૃષ્ટિમાં ફેર છે.–સામાન્ય લોકો ચામરનો મહિમા દેખે છે, ત્યારે મુમુક્ષુની દૃષ્ટિમાં ચામરનો નહિ, પણ તે ચામર જેમને ઢળાય છે તે ભગવાનનો મહિમા દેખાય છે:—

એકવાર એક જૈન વિદ્વાન કોહીનૂર-હીરો જોવા ગયેલા.

બીજાએ તેને પૂછ્યું : હીરો કેવો લાગ્યો ?

વિદ્વાને સામો પ્રશ્ન કર્યો : ભાઈ, હીરો કિંમતી ? કે આંખ ?—જો આંખ ન હોય તો હીરાને દેખે કોણ ?–માટે હીરા કરતાં તેને દેખનારી આંખ વધારે કિંમતી છે; અને, જ્ઞાન વગર આ આંખ પણ શું કરે ? માટે જ્ઞાન જ કિંમતી છે; અજ્ઞાનીને પરજ્ઞેયની કિંમત ભાસે છે પણ પોતાના જ્ઞાનની કિંમત ભાસતી નથી. સર્વજ્ઞનો મહિમા જ્ઞાનથી છે, અને જ્ઞાનવડે જ તેમનો ખરો મહિમા સમજાય છે, રાગ વડે નહિ.

ચોથા કાળનો પ્રારંભ પહેલાં ભગવાન ઋષભદેવ આ ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર થયા તેમની આ સ્તુતિ છે. એ વખતે પૂર્વના આરાધક ધર્માત્મા જીવો પણ આ ભરતક્ષેત્રમાં અવતરતા હતા; પરંતુ પંચમકાળ શરૂ થઈ ગયા પછી કોઈપણ આરાધક-સમ્યગ્દૃષ્ટિ જીવો અહીં અવતરતા નથી, એટલે આરાધના સાથેના ઊંચા પુણ્ય પણ આ કાળે જોવા નથી મળતા. હા, એટલું ખરું કે પંચમકાળ છતાં હજી ધર્મકાળ છે; ધર્મનો લોપ નથી થઈ ગયો. સમકિત લઈને કોઈ જીવ અત્યારે અહીં જન્મે નહિ—એ ખરું, પણ જન્મ્યા પછી સમ્યગ્દર્શન પ્રગટ કરી શકે છે. એવા આરાધકજીવને ધર્મની સાથે જે પુણ્ય બંધાય તે પણ વિશિષ્ટ-ઊંચી જાતના હોય છે; પૂર્વના પાપનો રસ પણ તેને ઘટી જાય છે ને શુભકર્મોનો રસ વધતો જાય છે. આવા આરાધક જીવો ભગવાન પ્રત્યે ભક્તિ-બહુમાનથી ઉલ્લસી જાય છે.

અહીં ભક્તામરસ્તોત્રમાં ૮ પ્રાતિહાર્યના વર્ણનપૂર્વક ભગવાનની સ્તુતિ ચાલે છે, તેમાં અશોકવૃક્ષ, સિંહાસન અને ચામર—એ ત્રણનું વર્ણન કર્યું. [૩૦]

—o—

હે સર્વજ્ઞ પ્રભો !


આપ મનથી કે ઇન્દ્રિયોથી કામ નથી લેતા, મન-ઇન્દ્રિયોથી પાર છો, તેથી અન્ય જીવો પણ મનથી કે ઇન્દ્રિયોથી આપને ઓળખી શકતા નથી. આપના સાચા સ્વરૂપને જે ઓળખે તે આત્માને પોતામાં મન ને ઇન્દ્રિયોથી પાર એવો અતીન્દ્રિય સાધકભાવ પ્રગટી જાય છે; ને પછી, આપના જેવા જ પોતાના આત્માને દેખતો-દેખતો તે પોતે પરમાત્મા બની જાય છે. —વાહ ! આપનો ભક્ત આપના જેવો થાય જ ને !

—o—

# ( ૩૧ )

# રત્નત્રયની છત્રછાયા ભવાતાપને રોકે છે

## (૪) રત્નત્રયના ફળરૂપ પરમાત્મપદની સ્તુતિ




छत्रत्रयं तव विभाति शशांककान्तम्
उच्चै स्थितं स्थगितभानुकरप्रतापम् ।
मुक्ताफलप्रकरजाल विवृद्धशोभम्
प्रख्यापयत् त्रिजगतः परमेश्वरत्वं ॥

ઢાંકે પ્રકાશ રવિનો શશિતુલ્ય રમ્ય,
મોતી સમૂહ રચનાથી દીપાયમાન;
એવા પ્રભુજી તમને ત્રણ છત્ર શોભે,
ત્રૈલોકનું અધિપતિપણું તે જણાવે.

હે દેવ! જેની ઝાલરમાં ચંદ્રની ચાંદની જેવા મોતી ચમકી રહ્યા છે એવા અત્યંત સુશોભિત ત્રણ છત્ર, આપનું ત્રણ જગતનું પરમેશ્વરપણું પ્રસિદ્ધ કરી રહ્યા છે, અને સૂર્ય-કિરણોના પ્રતાપને રોકી રહ્યા છે. ( આ ચોથું પ્રાતિહાર્ય છે. )

અહો દેવ! આપના ઉપર ઝૂલતા અતિસુંદર છત્ર-ત્રય એમ સૂચવે છે કે રત્નત્રય વડે આ ભગવાને જગતત્રયનું પરમેશ્વરપણું પ્રગટ કર્યું છે. પ્રભુ પાસે ચંદ્ર હારી ગયો, કેમકે 'પ્રભુનું પરમશાંત આત્મતેજ ત્રણ જગતને પ્રકાશિત કરે છે ને ભવના આતાપને હરે છે—પછી મારું શું કામ!' એમ પોતાનો અધિકાર હણાઈ જતાં હારેલો તે ચંદ્ર પોતે

ત્રણછત્રનું રૂપ ધારણ કરીને પ્રભુની સેવા કરી રહ્યો હોય-એમ અમને તો લાગે છે. ચંદ્ર શાંત ગણાય છે, પણ હે દેવ! આપની પરમ શાંત–શાંત મુદ્રા પાસે હારી જઈને તે ચંદ્ર જ્યોતિષઇન્દ્ર ત્રણ છત્રનું રૂપ ધારણ કરીને આપની સેવા કરી રહ્યો છે. વાહ. ત્રણ છત્રદ્વારા પણ કેવા અલંકાર કરીને પ્રભુના ગુણ ગાયા છે! પ્રભો, એ છત્રદ્વારા સૂર્યનો આતાપ રોકાઈ ગયો; રત્નત્રયવડે આપે જ્યાં ભવના આતાપને પણ દૂર કર્યો ત્યાં બહારમાં સૂર્યનો આતાપ કેવો? જેમ આપની છત્રછાયામાં સૂર્યના આતાપનો પ્રવેશ નથી, તેમ જેણે આપની છત્રછાયાનો સ્વીકાર કર્યો તે આત્મામાં ભવાતાપનો પ્રવેશ થતો નથી.

અહો, આશ્ચર્ય છે કે, આપના ઉપર જે ત્રણ દિવ્ય છત્ર છે તે સાંકળથી ક્યાંય ટાંગ્યા નથી, કે કોઈએ છત્રીની જેમ ઝાલી રાખ્યા નથી, તે કોઈ આધાર વગર આકાશમાં એમને એમ લટકી રહ્યા છે. જેમ મોક્ષમાર્ગમાં આપના શુદ્ધ રત્નત્રયને બહારમાં કોઈનું આલંબન ન હતું, તેમ આપના ત્રણ છત્રો પણ કોઈના આલંબન વગર નીરાલંબી-પણે આકાશમાં ઝૂલી રહ્યા છે. આવી અદ્‌ભુત શોભા આપના સિવાય બીજા કોને હોય!– એ જ આપનું ત્રણલોકમાં શ્રેષ્ઠપણું જાહેર કરે છે. તે છત્રમાં જે મોતી ચમકે છે તે એવા લાગે છે–જાણે કે ચંદ્રની સાથે તારાઓ અને નક્ષત્ર–ગ્રહો આવીને આપની સેવા કરત હોય. જ્યોતિષીદેવોના ઇન્દ્રો સૂર્ય–ચંદ્ર પણ જિનેન્દ્રદેવના સેવક છે. પ્રભુને ત્રણ જગતમાં કોણ ન સેવે! પ્રભુના રત્નત્રય-છત્રની છાયા ત્રણ જગતના જીવોને શાંતિ આપનારી ને કષાયના તાપથી બચાવનારી છે. પ્રભો! અમારા ઉપર શોભતી આપની છત્રછાયા અમારા ભવના તાપને દૂર કરનારી છે. આ રીતે ત્રણછત્રદ્વારા અલંકારિક રીતે ભગવાનનો મહિમા કરીને સ્તુતિ કરી છે. ( આ રીતે ભગવાનના ચોથા પ્રાતિહાર્યનું વર્ણન કર્યું.) [ ૩૧ ]

—o—

*** અનંતગુણવાળા પ્રભુની સ્તુતિ કઈ રીતે થશે? ***

મહાન સ્તુતિકાર શ્રી સમન્તભદ્ર મહારાજ 'સ્વયંભૂ–સ્તોત્ર'માં અરનાથજિનની સ્તુતિમાં કહે છે કે-કોઈમાં થોડા ગુણો વિદ્યમાન હોય તે વધારીને કહેવા તે સ્તુતિ છે; પરંતુ હે દેવ! આપના વિષે આવી સ્તુતિ કઈ રીતે બની શકશે?–કેમકે આપનામાં જે અનંત ગુણો વિદ્યમાન છે તેનું પણ કથન કરવું અશક્ય છે,—ત્યાં તેને વધારીને કહેવાની તો શી વાત! એટલે શબ્દો વડે સ્તુતિ કરવાનો વિકલ્પ તોડીને, જ્ઞાનવડે આપના જેવા અનંત ગુણસંપન્ન આત્માની અનુભૂતિ કરીએ ત્યારે જ આપની સ્તુતિ પુરી થાય છે.

પરમાત્માની સ્તુતિવડે શુદ્ધાત્માના પરમ ગુણોનું ચિંતન વીતરાગતાનું પ્રેરક છે ને મોહનું નાશક છે.–એ જિનભક્તિનું ફળ છે.

—o—

# ભજીને ભગવંત ભવંત લહો

(૧) શુભ શીતળતામય છાંય રહી, મનવાંછિત જ્યાં ફળ પંક્તિ કહી;
જિનભક્તિ ગ્રહો તરુ-કલ્પ અહો, ભજીને ભગવંત ભવંત લહો.

(૨) નિજ આત્મસ્વરૂપ મુદા પ્રગટે, મન તાપ ઉત્તાપ તમામ મટે;
અતિ નિર્જરતા વણદામ ગ્રહો, ભજીને ભગવંત ભવંત લહો.

(૩) સમભાવી સદા પરિણામ થશે, જડ-મંદ-અધોગતિ જન્મ જશે;
શુભ મંગળ આ પરિપૂર્ણ ચહો, ભજીને ભગંવત ભવંત લહો.

(૪) શુભભાવ વડે મન શુદ્ધ કરો, નવકાર મહા પદને સમરો;
નહિ એહ સમાન સુમંત્ર કહો, ભજીને ભગવંત ભવંત લહો.

(૫) કરશો ક્ષય કેવળ રાગકથા, ધરશો શુભ તત્ત્વસ્વરૂપ યથા;
'નૃપચંદ્ર' પ્રપંચ અનંત દહો, ભજીને ભગવંત ભવંત લહો.

(૧) ભક્તિના ઉપદેશનું આ કાવ્ય શ્રીમદ્ રાજચંદ્રજીએ માત્ર ૧૬ વર્ષની વયે, મોક્ષમાળાના ૧૫ મા શિક્ષાપાઠમાં લખ્યું છે. તેમાં જિનભક્તિને કલ્પતરૂની ઉપમા આપીને કહે છે કે અહો ભવ્યજીવો! કલ્પતરૂ સમાન આ જિનભક્તિને તમે ગ્રહણ કરો, જેની છાયા શુભ-શીતળ છે, અને જેના ઉપર મન વાંછિત ફળની પંક્તિ લાગેલી છે; આવી જિનભક્તિને તમે ગ્રહણ કરો...અને ભગવંતને ભજીને તમે ભવનો અંત પામો.

(૨) જે ભક્તિથી પ્રસન્નકારી નિજ આત્મસ્વરૂપ પ્રગટે છે, મનના તાપ—ઉત્તાપ બધાય મટે છે, કર્મોની ઘણી નિર્જરા થાય છે ને પૈસા કાંઈ લાગતા નથી, આવી ભક્તિને તમે ગ્રહણ કરો, ને જિન ભગવંતને ભજીને ભવનો અંત પામો.

(૩) જિનભક્તિ કરવાથી પરિણામ સદાય સમભાવી શાંત થશે; બુદ્ધિની જડતા જ્ઞાનની મંદતા ને અધોગતિના અવતાર દૂર થશે; આવા પરિપૂર્ણ શુભ-મંગળને જો ચાહતા હો તો જિન ભગવંતને ભજીને ભવનો અંત પામો.

(૪) પવિત્ર ભાવવડે મનને શુદ્ધ કરો અને નમસ્કાર મંત્ર વડે મહાન પંચ-પરમેષ્ઠિ-પદનું સ્મરણ કરો. એના જેવો બીજો કોઈ ઉત્તમ મંત્ર નથી; માટે નમસ્કારમંત્ર વડે ભગવાનને ભજો ને ભવનો અંત પામો.


(૫) જિનભક્તિમાં ચિત્તને પરોવતાં રાગની વિકથાનો એકદમ ક્ષય થશે ને તમે પવિત્ર તત્ત્વના સ્વરૂપને યથાર્થરૂપે ધારણ કરશો; માટે હે રાજચંદ્ર! અનંત પ્રપંચને દૂર કરીને, ભગવંતને ભજો ને ભવનો અંત પામો.

—૦—

# [૩૨]

## (૫) દુંદુભી–વાજાં ધર્મરાજાનો જયજયકાર કરે છે

[ દેવોનાં વાજાં મોક્ષ માટે ત્રણલોકના જીવોને પ્રભુ પાસે બોલાવે છે ]




દુંદુભી-વાજાં બોલાવે છે ધર્મના દરબારમાં

गंभीरतार–रवपूरित दिग्विभागः
त्रैलोक्यलोक शुभसंगम भूतिदक्षः ।
सद्धर्मराज जयघोषण घोषकः सन्
खे दुंदुभोः ध्वनति ते यशसः प्रवादी ॥

ગંભીર ઉંચ સ્વરથી પૂરી છે દિશાઓ;
ત્રૈલોકને સરસ સંપદ આપનારો;
સદ્ધર્મરાજ જયને કથનાર ખુલ્લો,
વાગે છે દુંદુભી નભે યશવાદી તારો.

તીર્થંકર પ્રભુના અતિશયરૂપ આઠ પ્રાતિહાર્યમાં દેવદુંદુભી એ પાંચમું પ્રાતિહાર્ય છે. દેવોના એ દિવ્યવાજાં અત્યંત ગંભીર મધુર અને સ્પષ્ટ અવાજે દશે દિશામાં ઘોષણા કરે છે કે હે ત્રણલોકના જીવો! ધર્મરાજા સર્વજ્ઞ પરમેશ્વર અહીં બિરાજે છે, તેમના દર્શન કરવા અહીં આવો, તેમનો સત્સંગ કરવા આવો, બીજા લાખ કામ છોડીને આત્માનો અચિંત્ય વૈભવ લેવા આ પ્રભુ પાસે આવો. અહા, જાણે સમવસરણના એ દિવ્ય નગારાનાં નાદ અત્યારે અહીં સંભળાતા હોય! એવા ભાવથી સ્તુતિકાર કહે છે કે અહો દેવ! એ દુન્દુભીના નાદ સત્ધર્મનો તેમજ ધર્મસામ્રાજ્યના નાયક એવા આપનો જયજયકાર કરી રહ્યા છે ને આપનાં યશગાન સંભળાવી રહ્યા છે. ભવ્ય જીવોને સાદ પાડી રહ્યા છે કે હે જીવો! ધર્મ

પામવા માટે અહીં આવો ને મોક્ષના સાથીદાર આ ભગવાનને સેવો. ધર્મની પ્રાપ્તિનો ઉત્તમ અવસર મળ્યો છે માટે પ્રભુના ધર્મદરબારમાં ધર્મનું શ્રવણ કરવા આવો.

ભગવાનના સમવસરણમાં એક સાથે સાડાબાર કરોડ વાજાં દેવો વગાડતા હોય, એમાં ઘોંઘાટ ન હોય પણ અત્યંત મધુરતા હોય. તે વાજાનાં સુમધુર ઘમકાર ઉપરાંત પ્રભુને દેવદુંદુભીનો એક અતિશય હોય છે. [ ભગવાનને આઠ પ્રાતિહાર્ય હોય છે, તેનું વર્ણન આ ભક્તામરસ્તોત્રના ૨૮ થી ૩૫ આઠ શ્લોકમાં છે. તેમાંથી, શ્વેતાંબરમાન્ય ભક્તામરસ્તોત્રમાં શરૂના ચાર લીધા છે, ને બાકીનાં ચાર દેવદુંદુભી, પુષ્પવૃષ્ટિ, ભામંડળ અને દિવ્યધ્વનિ (શ્લોક ૩૨ થી ૩૫) તેમનામાં નથી. દિગંબરમાન્ય મૂળ ભક્તામરસ્તોત્રમાં ૪૮ શ્લોકની રચના છે. કદાચ પ્રતિલેખકની અસાવધાનીથી પણ એ ચારશ્લોક છૂટી ગયા હોય! ]

સમવસરણમાં દુંદુભીના દિવ્ય નાદ વચ્ચે દેવો પ્રભુના જયજયકાર કરીને જાહેર કરે છે કે ધર્મના રાજા અહીં બિરાજે છે, આત્માનો પરમાત્મવૈભવ બતાવનારા પરમાત્મા અહીં બિરાજે છે; સત્ધર્મ પામવા હે જીવો! અહીં આવો...મોક્ષનો માર્ગ અહીં ખુલ્લો છે.—

'ભો ભો ભવ્યો! અવધૂણી તમારા પ્રમાદો સહુ ને,
આવી સેવો શિવપુરીતણા સાર્થવાહ પ્રભુને...'
માનું આવું ત્રણ જગતને દેવ! નિવેદનારો,
વ્યાપી વ્યોમે ગરજત અતિ દેવ–દુદુંભી તારો.
(—કલ્યાણમંદિરસ્તોત્ર)

માનતુંગસ્વામી રચિત ભક્તામરસ્તોત્ર, અને કુમુદચંદ્ર રચિત કલ્યાણમંદિરસ્તોત્ર, એ બંનેમાં ઘણું સામ્ય છે.

અહો, સમવસરણ એ તો તીર્થંકરપ્રભુનો ધર્મદરબાર છે, ત્યાં આવનારા જીવો મહા ભાગ્યવંત છે; પ્રભુની વાણી તેમને આત્માનો પરમ વૈભવ સંભળાવીને મોક્ષનો માર્ગ દેખાડે છે. એવા સમવસરણમાં બિરાજતા ધર્મરાજાની આ સ્તુતિ ચાલે છે. તેમાં દેવદુદુંભીના વર્ણનદ્વારા પ્રભુની સ્તુતિ કરી.

( આ રીતે પ્રભુના ૮ માંથી પાંચમા દેવ–દુન્દુભી–પ્રાતિહાર્યનું વર્ણન કર્યું. )


—o—

'હે દેવ! આપ તો રાગ-દ્વેષ રહિત વીતરાગ છો; આપને સ્તુતિ કરનાર પ્રત્યે કંઈ અનુરાગ નથી, કે નિંદા કરનાર પ્રત્યે કોઈ વેરભાવ નથી; પરંતુ હે દેવ! આપના પવિત્ર ગુણોની સ્તુતિ વડે અમારું ચિત્ત પવિત્ર થાય છે ને મલિનતા દૂર થાય છે.' —સમંતભદ્ર

—※—

# [ ૩૩ ]

## (૬) પુષ્પવૃષ્ટિ જોતાં ભવ્ય જીવની પ્રસન્નતા




मंदार-सुन्दर-नमेरु-सुपारिजात
सन्तानकादि कुसुमोत्कर वृष्टि रुद्धा
गन्धोद बिन्दु शुभ मंद मरुत्प्रयाता
दिव्या दिव: पतति ते वचसां ततिर्वा ॥

મંદાર સુંદર નમેરુજ પારિજાતે,
સંતાનકાદિ ફૂલની બહુ વૃષ્ટિ ભારે,
પાણીકણે સુરભિ મંદ સમીર પ્રેરે,
શું દિવ્યવાણી તુજ સ્વર્ગ થકી પડે તે!

પ્રભુના સમવસરણમાં ઉત્તમ સુગંધી પુષ્પો (મંદારપુષ્પ, સુંદર-પુષ્પ, નમેરુ પુષ્પ, પારિજાત પુષ્પ તથા સંતાનક વગેરે ઉત્તમ પુષ્પો) ની વર્ષા થાય છે, સુગંધી મંદમંદ વાયરો વહે છે, ને સુગંધી જળની ઝરમર વરસે છે...અહા પ્રભો! આપનાં દર્શનથી અમારા આત્મામાંય શ્રદ્ધા-જ્ઞાનના સુગંધી વાયરા વહે છે...ને આનંદ–અમૃતની ધારા વરસે છે.

જેમ પ્રભુના જન્મ પહેલાં આકાશમાંથી રત્નવૃષ્ટિ થઈ હતી તેમ હવે કેવળજ્ઞાન પછી પ્રભુના સમવસરણમાં આકાશમાંથી દિવ્ય સુગંધસહિત પુષ્પવૃષ્ટિ થાય છે. દેવો પણ કલ્પવૃક્ષનાં ફૂલો લઈને પુષ્પવૃષ્ટિ કરે છે ને કુદરતી આકાશમાંથી પણ પુષ્પવૃષ્ટિ થાય છે. અનંત-આકાશને થયું કે 'અહા, મારી અનંત વિશાળતા કરતાંય આ ભગવાનના જ્ઞાનની અનંત વિશાળતા મહાન છે, તે અનંત મહિમાવાળી છે'–આમ સમજીને જાણે આકાશ પોતે પુષ્પો વડે પ્રભુને

પૂજતું હોય !—એમ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થાય છે. આવો પ્રભુનો અતિશય છે; પરંતુ વિવેક વગર, જીવહિંસા થાય તે રીતે ફૂલ વગેરે વપરાય નહિ, અને પ્રભુના અંગ ઉપર તો ફૂલ મુકાય જ નહીં. વીતરાગની ભક્તિ પણ વિવેકવાળી હોય છે.

ધ્યાનમાં રહે કે, પ્રભુના સમવસરણમાં જે પુષ્પવૃષ્ટિ થાય છે તે સચેત નથી પણ અચેત છે; તે કાંઈ ઝાડ ઉપર નથી થતા પણ સીધા આકાશમાંથી જ પરમાણુઓ એવી દિવ્યતારૂપે પરિણમીને, સુગંધી છાંટણા ( ગંધોદક ) તથા સુગંધી હવાસહિત વરસે છે. અહો દેવ, આપનાં દર્શન થતાં જ તે ફૂલોનાં બંધન છૂટી ગયા, બંધનથી છૂટેલા તે ફૂલ ખુશી થઈને ઊંચામુખે આપની પાસે દોડ્યા આવે છે; તેમ ભવ્યજીવો પણ પોતાની મુક્તિનો માર્ગ દેખીને આપની પાસે દોડ્યા આવે છે, ને શાંત રસરૂપ સુગંધી જળ તથા સમ્યક્ત્વની મધુર હવા સહિત આપના ચરણમાં નમી પડે છે. આમ ફૂલનું વર્ણન કરતાં, અથવા પુષ્પવૃષ્ટિ દેખીને, ભક્તનું હૃદય પણ કોમળ થઈને વીતરાગદેવના ચરણોમાં નમી જાય છે ને પ્રસન્નતાથી સ્તુતિ કરે છે. પ્રભુના સમવસરણમાં વરસતા તે પુષ્પો 'ઊર્ધ્વમુખી' હોય છે. ડીંટડાં નીચે ને ખીલેલો ભાગ ઉપર; તે રીતે જિનદેવના ચરણોમાં નમેલા ભક્તો પણ ઊર્ધ્વમુખી ( વિશુદ્ધ પરિણામી ) હોય છે, તેથી તેઓ સ્વર્ગ-મોક્ષના ઊંચા પદને પામે છે.

( આ રીતે પ્રભુના ૮ માંથી છઠ્ઠા પુષ્પવૃષ્ટિ-પ્રાતિહાર્યનું વર્ણન કર્યું. ) (૩૩)

—o—

* જૈન સમાજમાં ધૂરંધર વિદ્વાનો કે આચાર્યોના રચેલા બીજા અનેક સ્તોત્રો પ્રસિદ્ધ છે, પણ તે બધાયમાં ભક્તામર-સ્તોત્રની પ્રસિદ્ધિ સૌથી વધુ છે. આજે પણ હજારો ભાવિક-સજ્જનો એવા છે કે જેઓ દરરોજ ભક્તામર-સ્તોત્રનો પાઠ કર્યા વગર મોઢામાં અનાજનો દાણો નાંખતા નથી.

* જોકે સૌરાષ્ટ્રમાં આ ભક્તામર-સ્તોત્રની પ્રસિદ્ધિ એટલી ઓછી હતી કે આ લેખકે પોતે પૂ. કાનજી સ્વામી પાસે આવ્યા પહેલાં ( ઈ. સ. ૧૯૪૨ ૧૯ વર્ષ સુધી ) આનું નામ પણ નહોતું સાંભળ્યું; અન્યત્ર આ ભક્તામરની પ્રસિદ્ધિના પ્રમાણમાં તેના ભાવોની પ્રસિદ્ધિ બહુ જ ઓછી હતી. અસ્તુ, હવે તો આ અભૂતપૂર્વ સુંદર અને સચિત્ર વિવેચન-દ્વારા એની ખૂબપ્રસિદ્ધિ થશે.


* ઈ. સ. ૧૯૬૨ માં ઇંદોરમાં ૭૨ કલાક સુધી ભક્તામર-સ્તોત્રનો અખંડ પાઠ હજારો નર-નારીઓએ મધુર કંઠે ભક્તિથી કર્યો હતો. અન્ય પણ અનેક ઠેકાણે ૨૪ કલાકના અખંડ ભક્તામરપાઠ આજેય કરવામાં આવે છે.

—*—

# [३४]

## પ્રભુના ભામંડળમાં ભવ્યને દેખાય છે મોક્ષમંડળ

### [ આપનું ભામંડળ... એટલે અમારા મોક્ષને જોવાનું મંગલ દર્પણ ]




शुंभत्प्रभावलय भूरि विभा विभोस्ते
लोकत्रये द्युतिमतां द्युतिमाक्षिपंती ।
प्रोद्यत् दिवाकर निरंतर भूरि संख्या
दीप्त्या जयत्यपि निशामपि सोम-सौम्याम् ।

શોભે વિભો પ્રસરતી તુજ કાન્તિ ભારે,
ત્રૈલોકના દ્યુતિ સમૂહની કાન્તિ હારે;
તે ઉગતા રવિસમી બહુ છે છતાં એ,
રાત્રી જીતે શીતલ ચંદ્રસમાન તેજે.

હે દેવ ! આપના દેહમાંથી નીકળતું દિવ્ય પ્ર-ભામંડળ હજારો સૂર્યના તેજ કરતાંય વધારે તેજસ્વી કાંતિવાળું છે. ત્રણલોકમાં હીરા-ચંદ્ર-સૂર્ય કે દેવોના મુગટ-વગેરે જેટલા પ્રકાશમાન પદાર્થો છે તે બધાયના તેજને, આપના ભામંડળનું તેજ ઝાંખા પાડી દે છે; અને હજારો સૂર્યો કરતાંય વધારે તેજસ્વી હોવા છતાં તે શાંત-સૌમ્ય છે, રાત્રે પણ તે પ્રકાશમાન રહે છે ને અંધકારને દૂર કરે છે.

જુઓ, આ તીર્થંકરપ્રભુનો અતિશય! આ તો હજી દેહની પ્રભાની વાત છે; આત્માના કેવળજ્ઞાન-તેજની તો શી વાત! પુણ્યવંત દિવ્ય પુરુષોની મુદ્રાની આસપાસ

પ્રકાશનું તેજ ( કુંડાળું, તેજોમંડળ ) હોય છે; તે જ્યાં જાય ત્યાં અજવાળા પથરાઈ જાય. તેમ સર્વજ્ઞતા સાથે દિવ્ય પુણ્યાતિશયવાળા તીર્થંકર ભગવાનની મુદ્રા ફરતું કોઇ દિવ્ય-તેજની પ્રભાવાળું માંડલું ( ભા–મંડળ ) હોય છે; તે હજારો સૂર્ય કરતાંય વધુ તેજસ્વી હોય છે અને છતાં તે શાંત–સૌમ્ય હોય છે; તે આતાપ નથી કરતું, તેની સામે જોવાથી આંખો અંજાઈ જતી નથી પણ ઠરે છે. સૂર્ય–ચંદ્ર કે હીરા–મોતીના તેજ પણ તેની પાસે ઝંખવાઈ જાય છે. આવા ભગવાન પાસે અંધારાં હોય નહિ. તેમની સમીપમાં આતાપ ટળી જાય છે ને શાંતિ થાય છે.

ભગવાનને પોતાને તો કોઈ રોગ કે શસ્ત્રાદિનો ઉપદ્રવ હોય નહિ; ને તે ભગવાનની હાજરીમાં ( સમવસરણમાં રહેલા ) બીજા જીવોને પણ શસ્ત્ર–રોગ વગેરેનો કોઈ ઉપદ્રવ ન થાય. ને હોય તોપણ પ્રભુની સમીપમાં ( સમવસરણમાં ) દાખલ થતાં જ તે દૂર થઈ જાય. અરે, આંધળા હોય તે પણ દેખતા થઈ જાય ને પ્રભુને દેખી હચે. અહા પ્રભો, આપને પામીને અમારી અજ્ઞાન-અંધતા દૂર થઈ ગઈ ને જ્ઞાનચક્ષુ ઊઘડી ગયા....ત્યાં આપનું દિવ્ય ચૈતન્ય રૂપ અમે દેખી લીધું...અને એના જેવું અમારું ચૈતન્ય રૂપ પણ અમે દેખી લીધું.

અહા, પ્રભુનો આત્મા તો સર્વજ્ઞ....તેમના દિવ્ય જ્ઞાનતેજમાં તો ત્રણકાળ–ત્રણલોક ઝળકે; અને પ્રભુનો દેહ પણ એવો તેજસ્વી–પ્રભાવાળો કે તેમાંય જોનારને પોતાના સાત ભવ ( પૂર્વના, ને આગલા હોય તો તે ) દેખાય. અરે, પ્રભુને ઓળખતાં ને તેમના 'જ્ઞાનદર્પણ'માં જોતાં, પોતાનો મોક્ષ પણ તેમાં દેખાય છે. પ્રભો ! આપની વીતરાગી મુદ્રા પાસેનું પ્રભામંડળ, તે ખરેખર તો અમારા મોક્ષને જોવાનું મંગલ–દર્પણ છે; જગતના તે પવિત્ર દર્પણમાં અમને તો અમારો મોક્ષ દેખાય છે; આપના જ્ઞાનમાં અમારા મોક્ષનું પ્રતિબિંબ દેખાય છે. અને આપના શુદ્ધાત્માને દેખતાં અમારો શુદ્ધાત્મા દેખાય છે.

આ રીતે ભામંડળના મહિમા દ્વારા પણ ધર્મીજીવો પોતાની મોક્ષભાવનાને ઘૂંટે છે. ભગવાનના ગુણના સ્તવન દ્વારા ખરેખર પોતાના તેવા સ્વભાવની ભાવના કરે છે.

( આ રીતે ભગવાનના ૮ અતિશયમાંથી સાતમા ભામંડળનું વર્ણન કર્યું. )

—•—

## —સંતોની ચેતના હર્ષથી નાચી ઊઠે છે—

અહો પ્રભો ! અનાદિથી નહિ દેખેલું એવું આ કેવળજ્ઞાન-તેજ મને આપના પ્રસાદથી દેખાવા લાગ્યું....તેથી મારા ચૈતન્ય–અંગને હર્ષથી ઊછાળીને, અતીન્દ્રિય આનંદથી હું નાચું છું. ( અમૃતચંદ્રસૂરિ : લઘુતત્ત્વસ્ફોટમાં )

—○—

## (૩૫)

## (૮) 'પ્રભુના દિવ્યધ્વનિએ ચૈતન્ય-ખજાના ખોલી નાંખ્યા'




स्वर्गापवर्गगम मार्ग विमार्गणेष्टः
सद्धर्मतत्त्वकथनैक पटुः त्रिलोक्याः ।
दिव्यध्वनिः भवति ते विशदार्थ सर्व-
भाषास्वभाव–परिणामगुणः प्रयोज्य ।।

જે સ્વર્ગ-મોક્ષ સમ માર્ગ જ શોધી આપે,
સદ્ધર્મ તત્ત્વકથવે પટુ ત્રૈણ લોકે;
દિવ્યધ્વનિ તુજ થતો વિશદાર્થ સર્વ-
ભાષા-સ્વભાવ-પરિણામ ગુણોથી યુક્ત.

હે દેવ! આપનો દિવ્યધ્વનિ સ્વર્ગ તેમજ અપવર્ગ એટલે કે મોક્ષમાં જવા માટેનો માર્ગ બતાવવામાં કુશળ છે, ઇષ્ટ છે. આપનો દિવ્યધ્વનિ સાંભળીને મુમુક્ષુજીવો મોક્ષનો માર્ગ પોતામાં દેખી લ્યે છે. ત્રણલોકના જીવોને સતધર્મનું સ્વરૂપ કહેવામાં તે સમર્થ છે. આપનો દિવ્યધ્વનિ સર્વ પદાર્થનું સ્વરૂપ અત્યંત સ્પષ્ટ સમજાવે છે અને વળી તે ધ્વનિમાં એક-સાથે સર્વે ભાષારૂપ પરિણમવાનું સામર્થ્ય છે, એટલે બધા જીવો પોતપોતાની ભાષામાં સમજી જાય છે.

વાણીનો આવો દિવ્ય અતિશય સર્વજ્ઞભગવાનને જ હોય છે. મોઢું ઊઘડયા વગર કે હોઠ હાલ્યા વગર તેમની વાણી સર્વાંગેથી નીકળે છે; તે જ 'અનહદ'નાદ છે. સંસ્કૃત-પ્રાકૃત-હિન્દી-ગુજરાતી કે ઇંગ્લીશ વગેરે ૭૦૦ ભાષાના જીવો, તેમજ સિંહ-ગાય-મોર-સર્પ વગેરે તીર્યંચો પણ, સૌ પોતપોતાની ભાષામાં પ્રભુનો ઉપદેશ સાંભળે છે; દરેકને એમ લાગે છે કે પ્રભુ મારી જ ભાષામાં બોલે છે.

પ્રભુના દિવ્યધ્વનિનો ઘણો મહિમા શાસ્ત્રોમાં ગાયો છે. તેમાં મુખ્ય વાત એ છે કે તે મોક્ષનો માર્ગ દેખાડનાર છે; અને તે ભવે મોક્ષ ન પામે તો સ્વર્ગનો માર્ગ પણ દેખાડે છે. જોકે પ્રભુની વાણીનું પ્રયોજન તો વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગ જ સાધવાનું છે; પણ

મોક્ષને સાધતાં-સાધતાં સાધકને કંઈક રાગભાવ બાકી રહી જાય તો તે ભગવાનની ભક્તિ કરતાં-કરતાં સ્વર્ગમાં જાય છે ને ત્યાંથી નીકળીને પછી મોક્ષને સાધે છે. મોક્ષ વીતરાગતા-પૂર્વક જ થાય છે, રાગનો કણિયો પણ ભવનું કારણ થાય છે ને મોક્ષને રોકે છે (-માટે ભગવાને કહ્યું છે કે)

તેથી ન કરવો રાગ જરીયે કયાંય પણ મોક્ષેચ્છુએ,
વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે.
(પંચાસ્તિકાય ગા. ૧૭૨)

જુઓ, આ ભગવાનનો ઉપદેશ! દિવ્યધ્વનિમાં ભગવાને આવો ધર્મોપદેશ દીધો... તે ઝીલીને જીવો સ્વર્ગ-મોક્ષમાં ગયા. વાણીમાંય આશ્ચર્ય તો જુઓ કે બોલે છતાં મોઢું બોલે નહિ. ભગવાનનો ઉપદેશ ઇચ્છા વગર નીકળે છે. રોજ સવારે-બપોરે-સાંજે ને રાત્રે છ-છ ઘડી ભગવાનની વાણી નીકળે છે. (કુલ લગભગ ૧૦ કલાક થયા.) તે વાણીમાં ક્રમ નથી હોતો; ભગવાનને ચાલવામાં પગલાંનો ક્રમ નથી હોતો, ભાષામાં પણ શબ્દોનો ક્રમ નથી હોતો, તથા જ્ઞાનમાં-જાણવામાં પણ ક્રમ નથી હોતો. ભાષામાં એકસાથે બધા તત્ત્વો આવે છે ને સર્વે જીવોનું સમાધાન થઈ જાય છે. અહો દેવ! આવા મહિમાવાળી વાણી આપના સિવાય બીજા કોને હોય? એ ઝીલીને અનેક જીવો તત્ક્ષણ અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામી જાય છે. અહો, ઇન્દ્રો અને મુનિવરો પણ જે સાંભળતાં એકાગ્રચિત્ત થઈ જાય તે વાણીની મધુરતાનું શું કહેવું? 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસમૂળ.' પ્રભુની વાણીમાં વીતરાગી અમૃત ઝરે છે, તેનું પાન ભવરોગને મટાડનારું છે. 'કલ્યાણમંદિર' સ્તોત્રમાં કહે છે કે-

સ્થાને છે આ ગંભીર હૃદયાબ્ધિ થકી ઉદ્ભવેલી,
તારી વાણી તણી પિયુષતા છે જનોએ કથેલી;
તેને પીને પર પ્રમદના સંગભાગી વિરામે,
નિશ્ચે ભવ્યો અજર-અમરા ભાવને શીઘ્ર પામે.

લોકોમાં કહેવાય છે કે સમુદ્રનું મંથન કરતાં તેમાંથી પહેલાં ઝેર ને પછી અમૃત નીકળ્યું,-એ તો બધી કલ્પિત વાતો છે. પરંતુ આપના કેવળજ્ઞાનથી ભરેલા ગંભીર સમુદ્રમાંથી નીકળેલી વાણીને સત્પુરુષો 'અમૃત' કહે છે તે યથાર્થ છે; કેમકે તેનું પાન કરનારા ભવ્યજીવો ચોક્કસ અમરપદને (સ્વર્ગ-મોક્ષને) પામે છે. આપની વાણીરૂપ શ્રુતસમુદ્રનું મંથન કરતાં તેમાંથી તો એકલું અમૃત (એકલી વીતરાગતા જ) નીકળે છે. વાહ રે વાહ જિનવાણી! તું તો જગતના ભવ્યજીવોની માતા છો. ૐ (ઓમકાર) એ જિનવાણીનું પ્રતીક છે. ભગવાન કાંઈ "ઓ....મ...ઓ...મ" એવી અક્ષરરૂપ ભાષા નથી બોલતા, ભગવાનનો દિવ્યધ્વનિ તો નિરક્ષરી છે; તેને ૐ એવા ચિહ્નવડે ઓળખાવાય છે.

ગોમ્મટસારમાં કહ્યું છે કે ભગવાને કેવળજ્ઞાનમાં જે જાણ્યું, વાણીમાં તેનો અનંતમો ભાગ જ આવ્યો; વાણીમાં જે આવ્યું તેનોય અનંતમો ભાગ ગણધરદેવે શ્રુતજ્ઞાનમાં ઝીલ્યો; ને ગણધરદેવે જે ઝીલ્યું તેનોય અનંતમો ભાગ બારઅંગ–શાસ્ત્રોરૂપે રચી શકાયો. આ ઉપરથી સર્વજ્ઞના જ્ઞાનની અને તેમની વાણીથી પરમ ગંભીરતાનો ખ્યાલ આવશે. આજે તે જ્ઞાનઅમૃત વિદ્યમાન છે;–ભલે થોડું છે, તોપણ અમૃતના સમુદ્રમાંથી ભરેલા એક કળશની માફક તે ભવ્યજીવોને મોક્ષમાર્ગ દેખાડીને તેની તૃષાને મટાડે છે. શ્રીગુરુઓના પ્રતાપે આજેય મોક્ષમાર્ગ જીવંત છે.



[ અમૃત વરસ્યા રે પંચમકાળમાં....એમ ગુરુકહાન પ્રમોદપૂર્વક મધુર હલકથી ઘણી વાર ગાતા, ને ત્યારે શ્રોતાજનો અતિ પ્રસન્નતાથી તાલી વગાડીને પોતાનો હર્ષ વ્યક્ત કરતા. ]

અહા, પ્રભુના ધર્મદરબારમાં એકકોર દિવ્ય દેવદુંદુભીના નાદ, ને બીજી કોર પ્ર ના સર્વાંગેથી દિવ્યધ્વનિના નાદ; અહો પ્રભો! આપના દિવ્યધ્વનિની મધુરતા પાસે દેવોનાં વાજાં પણ ઝાંખા પડી જાય છે. આપનો તે ઉપદેશ ભવ્યજીવોને સ્વર્ગ તેમજ મોક્ષનો પંથ દેખાડનાર છે. આપની વાણી સાંભળનારા જીવો ભવ્ય જ હોય. અભવ્યજીવ તીર્થંકરના દરબારમાં આવે જ નહિ. તીર્થંકરો મોક્ષસ્વભાવી છે ને મોક્ષનો માર્ગ દેખાડનારા છે.–'तिन्नाणं तारयाणं' પ્રભુ પોતે ભવથી તર્યા ને બીજા જીવોને ભવથી તારનારા છે.

[ આત્મામાં દિવ્યધ્વનિના સંસ્કાર અવ્યક્તપણે પડેલા હોવાથી ગુરુકહાનને દિવ્યધ્વનિ પ્રત્યે વિશેષ ઉલ્લાસ-ઉર્મિઓ જાગતી, ને તેનો મહિમા કરતાં-કરતાં તેઓ પ્રસન્નતાથી ખીલી ઊઠતા. ]

પદ્મનંદી–પચ્ચીસીનો આધાર આપીને ગુરુકહાન કહે છે: અહો ઋષભદેવ પ્રભો! આપે તો અંતરના ચૈતન્યખજાના ખોલી નાંખ્યા, ને દિવ્યધ્વનિ વડે જગતની પાસે તે ખજાના ખુલ્લા મૂકી દીધા. હવે એવો કોણ બુદ્ધિમાન છે કે જે આ ખજાના ન લ્યે! અર્થાત્ બુદ્ધિમાન ભવ્યજીવો તો આપની પાસેથી ચૈતન્યખજાનાની વાત સાંભળતાં જ, તેની પાસે રાજપાટને અત્યંત તુચ્છ સમજીને તે છોડીને ચૈતન્યખજાના લેવા માટે વનમાં ચાલ્યા ને મુનિ થઈને કેવળજ્ઞાન–ખજાના પ્રાપ્ત કર્યા; ધર્મી–સમ્યગ્દૃષ્ટિ જીવોએ પણ પોતાના તે ખજાનાને દેખી લીધા. આ રીતે હે જિનદેવ! આપ અમને ધર્મના દાતાર છો....આપના દિવ્યધ્વનિનો ઉપદેશ ચૈતન્યખજાના બતાવીને અમને મોક્ષવૈભવની પ્રાપ્તિ કરાવે છે.


આ પ્રમાણે પ્રભુના આઠમા પ્રાતિહાર્યરૂપ દિવ્યધ્વનિનું વર્ણન કર્યું. (૩૫)

—❀—

## ( ૩૬ )

# પ્રભુપ્રતાપે આકાશમાં ખીલ્યો ફૂલનો બગીચો !

[ જેના અંતરમાં પ્રભુચરણ વસે છે તેના અંતરમાં ગુણબગીચા ખીલી ઊઠે છે ]



उन्निद्र हेम–नवपंकज पुंजकान्ती
पर्युलसन्नख मयूख शिखाभिरामौ।
पादौ पदानि तव यत्र जिनेन्द्र धत्तः
पद्मानि तत्र विबुधाः परिकल्पयंति ॥

ખીલેલ હેમ–કમળો સમ કાન્તિવાળા,
ફેલી રહેલ નખ તેજ થકી રૂપાળા;
એવા જિનેન્દ્ર તુમ પાદ ડગો ભરે છે,
ત્યાં કલ્પના કમળની વિબુધો કરે છે.

શ્રી તીર્થંકર ભગવાનના ૮ અતિશયો–અશોકવૃક્ષ, સિંહાસન, ચામર, છત્ર, દેવદુંદુભી, પુષ્પવૃષ્ટિ, ભામંડળ અને દિવ્યધ્વનિ–તેમનું વર્ણન કર્યું. હવે તે ઉપરાંત ભગવાનના બીજા કેટલાક અતિશયોનું વર્ણન કરીને સ્તુતિ કરે છે. આ શ્લોકમાં, પ્રભુના વિહાર વખતે આકાશમાં પદ્મ–કમળની રચના થાય છે તેનું વર્ણન છે.

હે જિનેન્દ્રદેવ! આપનાં પગ નવીન ખીલેલા સુવર્ણકમળ જેવી કાન્તિવાળા છે, તેના નખોમાંથી મનોહર કિરણોની પ્રભા ચારેકોર ફેલાય છે. આપ જ્યાં વિહાર કરો છો ત્યાં આપનાં પગ નીચે ૨૨૫ ( ૧૫ × ૧૫ ) સુવર્ણકમલોની અદ્ભુત રચના થાય છે. અહો દેવ! જ્યાં આપનાં પગ પડે ત્યાં આકાશમાં ફૂલ રચાય. સામાન્ય લોકો કહે છે કે આકાશમાં

ફૂલ ન ઊગે; પણ પ્રભુ, આપ વિહાર કરો ત્યાં તો આકાશમાં આપના પગ નીચે દૈવી કમળો રચાય. આકાશમાં જાણે અદ્‌ભુત બગીચો ખીલ્યો. આપના આત્મામાં તો અનંતગુણ બગીચો ખીલ્યો ને બહારમાં જ્યાં આપનાં પગ પડ્યા ત્યાંપણ દૈવી કમળનો બગીચો ખીલી ઊઠ્યો, ભવ્યજીવોનું હૃદયકમળ પણ ખીલી ગયું; જેના અંતરમાં આપનાં ચરણ વસ્યા તે ભવ્ય જીવમાં ધર્મના બગીચા ખીલી ઊઠ્યા.

જુઓ, આ ભક્તિ! ભગવાનના પગનાં તળીયા કમળ જેવા કોમળ ને અત્યંત સુશોભિત હોય છે. પ્રભુ વિહાર કરે ત્યારે તેમને સાધારણ મનુષ્યોની માફક પગલાંનો ક્રમ નથી હોતો; તેમજ પ્રભુ પૃથ્વી પર પગ નથી મૂકતા. આકાશગામી પ્રભુનો શ્રી–વિહાર અદ્‌ભુત છે: 'વિના ડગ ભરે, અંતરીક્ષ જાકી ચાલ હૈ.' પ્રભુનું કેવળજ્ઞાન અક્રમે જાણનારું છે, તેમાં ક્રમ નથી; પ્રભુની વાણી અક્રમરૂપ છે, તેમાં અક્ષરોનો ક્રમ નથી; અને પ્રભુનો વિહાર પણ પગલાંના ક્રમ વગરનો છે, તેઓ એક પછી એક પગલાં નથી ભરતા. જેમ પંખીને આકાશમાં ગમન કરવા માટે પગલાં નથી ભરવા પડતા, તેમ ગગનગામી ભગવાનને બંને પગ એક સાથે રહીને આકાશગમન થાય છે. આશ્ચર્યકારી છે ભગવાનની વાત! અરે, ઋદ્ધિધારી મુનિવરો પણ પગલાં ભર્યા વગર આકાશમાં વિહાર કરી શકે છે, તો તીર્થંકર પરમાત્માની શી વાત!

પ્રભો! અંતરમાં આપના ગુણોનો બગીચો ખીલ્યો ત્યાં બહારમાં પણ ફૂલનો બાગ ખીલી ઊઠ્યો.......ચારેકોર સુંગધ પ્રસરી ગઈ. પ્રભો! આ ભક્તિદ્વારા અમારા હૃદયમાં આપના ગુણસ્વભાવની સુંગધ પ્રસરી ગઈ, તેમાં હવે વિભાવની દુર્ગંધ પ્રવેશી શકે નહિ. અને આપના ચરણોની નીચે ખીલેલાં કમળો દેખીને હું તો એમ સમજું છું કે જે ભક્તના હૃદયમાં આપનાં ચરણ બિરાજમાન છે તેના અંતરમાં ગુણના બગીચા ખીલી જાય છે. પ્રભુના શ્રી વિહાર વખતે આકાશમાં સુવર્ણકમળોની રચના એ કાંઈ કલ્પના નથી પણ દેવો તેવી રચના કરે છે. ભક્તની ભક્તિ અને ભગવાનનો મહિમા એ બંને આશ્ચર્યકારી છે. તે ૨૨૫ સુવર્ણકમળ અચેત હોય છે, તે અચેત ફૂલનેય પ્રભુ અડતા નથી, અલિપ્ત રહે છે, ત્યાં સચેત ફૂલની તો વાત કેવી? અહા, પ્રભુને ઉપરથી રત્નો વરસે ને પગ નીચે ફૂલ બિછાય. હે દેવ! આવો બાહ્ય પ્રભાવ પણ આપના સિવાય બીજાને હોતો નથી. અંતરનો કેવળજ્ઞાન-વૈભવ તો કોઈ અચિંત્ય ને અતીન્દ્રિય છે. આવા દિવ્યવૈભવ વચ્ચે પણ પૂર્ણ વીતરાગતા તો આપને જ શોભે. જેમ અત્યારે પણ મોટા માણસોનું સ્વાગત કરવા મખમલની લાલ જાજમ વગેરે બિછાવે છે તેમ પ્રભુના વિહારમાં દેવો દૈવી સુવર્ણકમળ બિછાવીને પ્રભુનું સન્માન કરે છે. વિબુદ્ધ–દેવો આવી રચના કરે છે. એવો જ તીર્થંકર પ્રભુના પુણ્યનો અતિશય છે.

જેમ મોક્ષમાં ગયેલા સિદ્ધ ભગવાન, સંસારમાં પાછા આવે નહિ, તેમ કેવળજ્ઞાન પામીને ગગનવિહારી થયેલા અરિહંત ભગવાન જમીન પર પાછા આવે નહિ; કેવળી-પ્રભુનો વિહાર આકાશમાં જ હોય, સમવસરણ પણ જમીનથી ઊંચે અદ્ધર હોય. ઊંચે

ગયેલા આત્મા નીચે કેમ આવે! તેમ હે દેવ! આપને અમારા અંતરમાં વસાવ્યા છે તેથી અમારો આત્મા પણ હવે ઊર્ધ્વગામી જ છે, અમે પણ હવે ઊંચા અર્હંતપદ તથા સિદ્ધપદને પામશું. -પાછા સંસારમાં પગ નહીં મૂકીએ.—આમ પોતાના આત્માને ભેગો ભેળવીને આ સમ્યક્‌ભક્તિ કરી છે.

જુઓ, આ સર્વજ્ઞ પરમાત્માના ગુણોની ભક્તિ! આકાશમાં પુષ્પરચનાના વર્ણન દ્વારા પ્રભુના ગુણોનું સ્તવન કર્યું. (૩૬)

—※—

# મંત્રો અને ચમત્કારો બાબત

કેટલાક લોકો આ સ્તોત્રને લૌકિક ચમત્કારોના 'મંત્ર' તરીકે જુએ છે, પરંતુ એ કાંઈ આ સ્તોત્રનું ખરું રહસ્ય કે મહત્વ નથી. આ સ્તોત્ર દ્વારા જે સર્વજ્ઞ-પરમાત્માની સ્તુતિ કરવામાં આવી છે તે સર્વજ્ઞતા જ આ વિશ્વમાં સૌથી મહાન ને આશ્ચર્યકારી અલૌકિક મંત્ર છે; તે સર્વજ્ઞની શ્રદ્ધા-ભક્તિરૂપ મંત્રદ્વારા, બહારના બંધનની તો શી વાત, આત્માના ભવના બંધન પણ તૂટી જાય છે.

બંધુઓ, આ સ્તુતિ કરનાર કોણ છે? કોની સ્તુતિ કરે છે, ને કેવા ભાવવડે સ્તુતિ કરે છે, અને સ્તુતિનું ફળ શું છે?—તેનું સ્વરૂપ સમજીને જેમ-જેમ સૂક્ષ્મ વિચારથી ઊંડા ઊતરશો તેમ તેમ તેમાં કહેલા વીતરાગી તત્ત્વના ચમત્કારો નિજાત્માના સ્વરૂપનો પ્રકાશ કરશે. આ રીતે સર્વજ્ઞ જેવા પોતાના સ્વરૂપનું પ્રકાશન (પ્રગટ અનુભવ, પ્ર-સિદ્ધિ) એ જ જૈનધર્મનો સાચો ચમત્કાર છે,—કે જે બીજે ક્યાંય હોઈ શકતો નથી. સ્તોત્રદ્વારા સર્વજ્ઞ-પરમાત્માની સ્તુતિ કરનારના અંતરમાં જે 'સર્વજ્ઞશ્રદ્ધા' છે તે જ મૂળ મંત્ર છે ને તે મંત્રમાં સિદ્ધપદને સાધવાની તાકાત છે.


સમયસાર મહા શાસ્ત્ર તે પણ એક પ્રકારે જોઈએ તો સર્વજ્ઞની પરમાર્થ-સ્તુતિ જ છે. તેમાં ( ગા. ૩૧ માં ) આચાર્યમહારાજ કહે છે કે સર્વજ્ઞ જેવા, ઈન્દ્રિયોથી પાર જ્ઞાનસ્વરૂપની અનુભૂતિ તે સર્વજ્ઞની નિશ્ચય-સ્તુતિ છે. આ રીતે શ્રીગુરુએ સમજાવેલા આ સ્તોત્રના રહસ્યભૂત ભાવો મોક્ષસાધનાના સાચા મંત્રો જેવું કામ કરશે ને મુમુક્ષુ આત્માર્થી જીવોને આત્મસાધનામાં ઉપયોગી થશે.

—o—

# [ ૩૭ ]

## જિનેન્દ્રસૂર્ય પાસે અન્ય કુદેવો ઝાંખા પડી જાય છે

### આશ્ચર્યકારી વિભૂતિ વચ્ચે પણ પ્રભુની વીતરાગતા અજોડ છે




इत्थं यथा तव विभूतिरभूत् जिनेन्द्र
धर्मोपदेशनविधौ न तथा परस्य।
यादृक्प्रभा दिनकृतः प्रहतांधकारा
तादृक्कुतो ग्रहगणस्य विकासिनोपि ॥

એવી જિનેન્દ્ર થઈ જે વિભૂતિ તમોને
ધર્મોપદેશ સમયે, નહિ તે બીજાને;
જેવી પ્રભા તિમિરહારી રવિતણી છે,
તેવી પ્રકાશિત ગ્રહોની કહિ બની છે?

હે જિનેન્દ્ર! આ રીતે ધર્મોપદેશ સમયે સમવસરણમાં આપને અષ્ટપ્રાતિહાર્ય વગેરે જે દિવ્ય–આશ્ચર્યકારી વિભૂતિ હોય છે તેવી બીજા કોઈ અજ્ઞાની–કુદેવોને હોતી નથી; એ તો બધા આપની પાસે, સૂરજની પાસે તારલા જેવા ઝાંખા લાગે છે. લાખો–કરોડો તારલાંનો સમૂહ ઊગીને ગમે તેવું ટમટમ કરે તોપણ, અંધકારને દૂર કરનારા એક જ દિનકર પાસે જેવી ઝગઝગતી પ્રભા છે તેવી પ્રભા શું તે તારલામાં કદી થાય?—ન જ થાય.

રાતના તારા ગમે તેવા પ્રકાશે પણ કાંઈ તેનો પ્રકાશ રાતનું અંધારું મટાડીને દિવસ ન બનાવી શકે; તેમ મિથ્યાત્વરૂપી રાતમાં રહેલા અજ્ઞાનીજીવો–કુદેવો ગમે તેટલો વિકાસ કરે તોપણ હે દેવ! તેને આપના જેવી વીતરાગતા ને જ્ઞાનપ્રકાશ તો દૂર રહો પરંતુ

બાહ્યવિભૂતિ પણ આપના જેવી કોઈને હોતી નથી. અહા, હજારઆરાથી ચમકતું એ ધર્મચક્ર, રત્નજડિત એ માનસ્તંભો, ઇચ્છા વગર નીકળતી એ દિવ્યવાણી, એ આશ્ચર્યકારી ભામંડળ, આકાશમાં કમલરચના, ઈન્દ્રદ્વારા પૂજ્યતા,—આવો આશ્ચર્યકારી વૈભવ હે દેવ! જેવો આપને થયો તેવો બીજા કોઈને થતો નથી.—શું ટમટમતા તારલામાં કે આગીયા જીવડામાં કદી સૂર્ય જેવો પ્રકાશ હોય છે? સૂરજ ઊગે ત્યાં તારલાના તેજ ઢંકાઈ જાય ને તે દેખાતા પણ બંધ થઈ જાય, તેમ અમારા અંતરમાં જ્યાં સર્વજ્ઞદેવરૂપી સૂર્યનો પ્રકાશ થયો ત્યાં કુદેવરૂપી તારલાનાં તેજ હણાઈ ગયા; પ્રભો! હવે અમને તે કોઈ દેવ દેખાતા નથી, અમારા પરમ ઈષ્ટ સાચા દેવ તો એક આપ જ છો. પરમ સર્વજ્ઞ અને વીતરાગ એવા આપના સિવાય બીજા કોઈ દેવને અમારા અંતરમાં સ્થાન નથી. પ્રભો, આપના દિવ્ય વૈભવના આશ્ચર્ય કરતાંય, અમને તો તે વૈભવની વચ્ચે પણ આપની વીતરાગતા વધુ આશ્ચર્ય ઉપજાવે છે.—ક્યાં આવો વૈભવ! ને ક્યાં આવી વીતરાગતા! બીજા સામાન્ય જીવો તો વાતવાતમાં રાગી–દ્વેષી–ક્રોધી થઈ જાય છે ને સ્ત્રી વગેરે વિષયોમાં લલચાઈ જાય છે,—એનામાં નથી તો વીતરાગતા કે નથી સર્વજ્ઞતા; એને તે 'દેવ' કોણ કહે! વીતરાગ અને સર્વજ્ઞપણે શોભતા દેવ તો એક આપ જ છો. કોઈ દેવ વિક્રિયા વડે કદાચ સમવસરણ વગેરેની બનાવટી રચના દેખાડવા માગે તોપણ હે પ્રભો! જેવો અચિંત્ય પ્રભાવ આપનામાં છે તેના લાખમા ભાગનોય પ્રભાવ તેમાં આવી શકતો નથી. આપની પાસે તો સાક્ષાત્ ઇન્દ્ર આવીને નમે છે, માયાચારી રચનામાં તે ક્યાંથી હોય?

જુઓ તો ખરા, પ્રભુનું આકાશગમન, આકાશમાં પગ નીચે સુવર્ણ-પુષ્પોની રચના, મોઢું ખોલ્યા વગર સર્વાંગેથી ખરતી નિરક્ષરી વાણી, કેવળી પદમાં કરોડો વર્ષો સુધી અનાહારીપણું—આ બધો વૈભવ શુદ્ધ જૈન સિવાય બીજા કોણ માને છે? જેઓ ભગવાનને પણ ભોજન હોવાનું માને, રોગ માને, આકાશને બદલે જમીન પર ચાલવાનું માને, પુષ્પવૃષ્ટિને બદલે પ્રભુ ઉપર તેજોલેશ્યાનો શસ્ત્રપ્રહાર થવાનું માને–એવા મતમાં રહેલા કોઈ જીવ, સર્વજ્ઞપરમાત્માની સાચી સ્તુતિ કરી શકે નહીં. હજી જેને આવી બાહ્યવિભૂતિનોય વિશ્વાસ ન બેસે, એને સર્વજ્ઞતા ને વીતરાગતારૂપ અંતરંગ વૈભવ તો ક્યાંથી સમજાય?—આ રીતે, ભગવાનની આશ્ચર્યકારી સ્તુતિરૂપ આ भक्तामरस्तोत्र શુદ્ધ દિગંબર જૈનઆમ્નાયવાળા મુનિરાજ માનતુંગસ્વામીની જ રચના છે...અને તેમાં અત્યંત સુંદરતા દેખીને સમસ્ત જૈનોએ તે અપનાવ્યું છે.

તીર્થંકર ભગવાનને પહેલાં સાધકદશામાં જે રાગથી આ તીર્થંકરપ્રકૃતિ વગેરે ઉત્તમ પુણ્ય બંધાયા, તે રાગનોય તે વખતે તેમને આદરભાવ ન હતો; ને હવે સર્વજ્ઞ થયા પછી તે પુણ્યનાં ફળ પાકયાં તેમાં પણ પ્રભુને રાગ થતો નથી. જેને રાગનો આદર હોય તેને તો આવાં ઉત્તમ પુણ્ય બંધાય જ નહિ. અંતરના અનંત ચતુષ્ટયરૂપ ચૈતન્યવૈભવની સાથે સાથે બહારમાં તીર્થંકરપદની વિભૂતિ તીર્થંકર ભગવંતોને જ હોય છે. બીજા સામાન્ય-

કેવળજ્ઞાની ભગવંતોને જોકે અંતરનો ચૈતન્યવૈભવ તો તીર્થંકરપ્રભુ જેવો જ હોય છે, પણ બહારનો વૈભવ તેવો હોતો નથી.-છતાંય આકાશગમન, નીરાહારીપણું વગેરે તો તેમને પણ હોય જ છે. આત્મશક્તિનો મહિમા કોઈ અલૌકિક છે, તેનો પૂર્ણ વિકાસ થતાં તેની સાથેનો બાહ્યવૈભવ પણ આશ્ચર્યકારી હોય છે. એવું કોઈ મહાન આશ્ચર્ય આ જગતમાં નથી, કે પૂર્ણ પરમાત્મપદને પામેલા ભગવંતો પાસે પણ જે ન હોય! જગતના બધા આશ્ચર્યોમાં પણ સૌથી વધુ આશ્ચર્ય ( અદ્‌ભુતથી પણ અદ્‌ભુત, અથવા બધા આશ્ચર્યથીયે પાર ) તો આત્માનો આનંદસ્વભાવ અને તેની અનુભૂતિ છે. અને તે સ્વભાવ હે દેવ! આપે જ પ્રગટ કરીને અમને દેખાડયો છે. અન્ય કોઈ દેવોને એવો સ્વભાવ પ્રગટયો નથી, તો તે દેખાડી કયાંથી શકે? આવા આશ્ચર્યકારી આપને ઓળખીને જે સમ્યક્‌સ્તુતિ કરે તેની ભવની બેડી તૂટી જાય...ને તે આપના જેવો થઈ જાય. [ ૩૭ ]

—o—

## "મંત્રો—" [ એક મજાની વાત ]

१. णमो जिणाणं જિનોને નમસ્કાર.
२. णमो ओहिजिणाणं અવધિજ્ઞાની જિનોને નમસ્કાર.
३. णमो परमोहिजिणाणं પરમઅવધિ જિનોને નમસ્કાર.
४. णमो सव्वोहि जिणाणं સર્વાવધિ-જિનોને નમસ્કાર.
५. णमो अणंतोहि जिणाणं અનંતઅવધિ-જિનોને નમસ્કાર.
६. णमो कोट्ठबुद्धिणं કોષ્ઠબુદ્ધિ-જિનોને નમસ્કાર.
७. णमो बीजबुद्धिणं બીજબુદ્ધિ-જિનોને નમસ્કાર.
८. णमो पदानुसारिणं પદાનુસારી-જિનોને નમસ્કાર.
९. णमो संभिण्ण सोदारणं સંભિન્ન શ્રોતા-જિનોને નમસ્કાર.
१०. णमो उजुमदीणं ઋજુમતિ-જિનોને નમસ્કાર.

આપે આ મંત્રો વાંચ્યા! ભક્તામર-સ્તોત્રની ઉપાસનાના યંત્રો સાથે ઋદ્ધિના મંત્રો આવે છે...તે ઋદ્ધિ-મંત્રો ખરેખર શું છે, તે જાણો છો? લગભગ ૨૦૦૦ વર્ષો પહેલાં રચાયેલા षट्खंडागम ના ચોથા ખંડમાં (પુસ્તક ૯ માં ) મંગલાચરણરૂપે ઋદ્ધિધારી મુનિશ્વરોને નમસ્કારરૂપ આવા મંત્રો ( ૪૪ સૂત્રો ) આવે છે. તે લઈને કોઈએ 'ભક્તામર'ના ઋદ્ધિમંત્રો કરીકે ગોઠવી દીધા છે. વિશેષ જાણકારી માટે ષટ્‌ખંડાગમ-પુસ્તક ૯ મું વાંચશો તો આનંદ થશે.

—c—

## (૩૮)

# જેના અંતરમાં ભગવાન બિરાજે....એને ભય કેવો ?

## (૧. જિનમાર્ગનો આશ્રય કરનારને ગાંડા હાથીનો ભય નથી.)





श्च्योतन्मदाविल विलोल कपोलमूल
मत्तः भ्रमत्भ्रमरनाद विवृद्धकोपम् ।
ऐरावताभमिमं उद्धतमापतन्तं
दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ।।

વ્હેતા મદે મલિન ચંચળ શિર તેવો,
ગુંજારવે ભ્રમરના બહુ ક્રોધી એવો;
ઐરાવતે તુલિત ઉદ્ધત હાથી સામે,
આવેલ જોઈ તુમ આશ્રિત ભો ન પામે.

પ્રભો ! આપનો ભક્ત તો મોક્ષનો સાધક, એને સંસારમાં ભય કેવો ? અહા, જેના અંતરમાં જિનદેવ બિરાજે છે, શુદ્ધાત્મા બિરાજે છે એવા જિનભક્તને સંસારમાં જુદા જુદા ભયોનો અભાવ હોય છે. તેમાં ગાંડો હાથી, ક્રૂર સિંહ, દાવાગ્નિ, સર્પ, શત્રુસેના, યુદ્ધભૂમિ, તોફાની સમુદ્ર, જલોદર--રોગ કે બેડીનાં બંધન—એ બધાના ભયોનો અભાવ બતાવનારાં નવશ્લોક ( ૩૮ થી ૪૬ ) કહે છે; તેમાં આ પહેલો શ્લોક છે; આ શ્લોકનું નામ છે—'ગજભયભંજકસ્તુતિ.' તેમાં કહે છે કે—હે દેવ ! મદઝરતો ને ભમરાના ગુંજારવથી આકુળવ્યાકુળ, મોટો ઐરાવત જેવો હાથી ગાંડો થઈને, ક્રોધપૂર્વક સૂંઢ ઊંચી કરીને સામે દોડતો આવતો હોય, તોપણ ભય પામીને આપનો ભક્ત પોતાના અંતરમાંથી આપને ભૂલતો નથી; આ રીતે આપનો આશ્રય કરનારને ગાંડો હાથી દેખીને પણ ભય

થતો નથી. અરે, આપનો ભક્ત ચૈતન્યભાવના વડે અંદરના ક્રોધભાવને પણ જીતી લ્યે છે ત્યાં વળી બહારના હાથીનો ભય કેવો ? આત્માની શાંતિમાં ભય કોનો ? અજ્ઞાની-દુષ્ટ લોકો કહેતા કે 'હસ્તિનાં તાડયેદપિ ન ગચ્છેત જિનમંદિરે અર્થાત્ હાથી મારવા માટે પાછળ પડયો હોય તોપણ જિનમંદિરમાં ન જવું.' ( એ તો અજ્ઞાનીની ધર્મદ્વેષની મિથ્યા વાત છે. ) અહીં તો કહે છે કે તારે હાથીના ભયથી બચવું હોય તો જિનદેવનું શરણ લે.

જિનદેવનો ભક્ત, બહારમાં ગાંડો હાથી કે ક્રૂર સિંહ વગેરે ઉપસર્ગોની વચ્ચે પણ નિર્ભયપણે હૃદયમાં જિનભક્તિને ભૂલતો નથી. જેનું ચિત્ત જિનગુણમાં લાગેલું છે તેને બહારનો ભય હોતો નથી; અને જિનગુણચિંતનમાં વિશુદ્ધપરિણામ થતાં તેને પૂર્વના શુભકર્મોનો રસ વધી જાય છે ને અશુભકર્મોના રસની હાનિ થઈ જાય છે; તેથી તેના ફળમાં ક્યારેક બાહ્ય ઉપસર્ગ ટળી જાય છે ને દેવાદિ તેનો આદર કરે છે. (-બ્રહ્મચારી સુદર્શન શેઠ, ફાંસીગર યમપાલ ચાંડાલ, સતી સીતા–સોમા–ચંદના–અંજના–દ્રૌપદી વગેરેના જીવનમાં આવા પ્રસંગો પ્રસિદ્ધ છે.) અને કોઈને પુણ્યનો રસ વધવા છતાં પૂર્વનો કોઈ ઉદય બાકી રહી ગયો હોય તો, મુનિ જેવાને પણ સિંહ વગેરે ખાઈ જાય કે અગ્નિમાં બાળી નાંખે–એવા પ્રસંગો પણ બને છે. (પારસનાથના પૂર્વ ભવો તથા પાંડવમુનિરાજ વગેરેના જીવનમાં એવા પ્રસંગો બન્યા છે.) પણ એવા પ્રસંગેય તે ધર્મી જીવો ભગવાન જિનેશ્વરના ગુણચિંતનને કે તેમના વીતરાગ માર્ગને છોડતા નથી, તેમાં દૃઢ રહીને આરાધના કરે છે એટલે તેમને પણ તે ઉપદ્રવો ધર્મસાધનામાં વિઘ્ન કરી શકતા નથી, નિર્ભયપણે તેઓ ધર્મને સાધે છે. આ રીતે પુણ્ય-પાપના વિચિત્ર ખેલની વચ્ચે ધર્મીજીવો જિનમાર્ગને (જ્ઞાનચેતનાને) કદી છોડતા નથી, પોતાની ધર્મસાધનામાં નિશ્ચલ રહે છે; ઉદયભાવો-રૂપી ગાંડા હાથીને જ્ઞાનચેતનાવડે વશ કરી લ્યે છે.



પારસનાથનો જીવ પૂર્વભવમાં હાથી હતો, ગાંડો થઈને તોફાને ચડયો હતો પણ



મુનિરાજને દેખતાં જ શાંત થઈ ગયો ને સમ્યગ્દર્શન પામ્યો; રામચંદ્રજીના સમયમાં ત્રિલોકમંડન-હાથી ગાંડો થઈને ભાગ્યો પણ જ્યાં ભરતે શાંતદૃષ્ટિથી તેની સામે જોયું ત્યાં પૂર્વ ભવના જાતિસ્મરણપૂર્વક તે એકદમ શાંત થઈને ઊભો રહ્યો; વૈશાલીનો હાથી ગાંડો થઈને દોડયો, ત્યાં મહાવીર-કુમાર તેની સામે જઈને નિર્ભયપણે ઉભા ને તેના ઉપર શાંતદૃષ્ટિ કરતાં જ તે એકદમ શાંત થઈ ગયો.—આ બધા મહાત્માઓ તે વખતે કાંઈ ભક્તામરનો આ શ્લોક નહોતા બોલતા, પણ તેમના અંતરમાં જિનગુણચિંતનરૂપ શાંત જિનભક્તિ વર્તતી હતી, ત્યાં કુદરતયોગે એવા પ્રસંગો બની ગયા. અંતરમાં આરાધના હોય ત્યાં બહારમાં આવો પ્રસંગ કોઈકને બને, કોઈકને ન પણ બને; પણ ધર્મીને અંતરમાં એવો ભય નથી થતો કે—આ સિંહ કે હાથી મારા સમ્યક્ત્વાદિ ધર્મનો નાશ કરશે. તે શરીરને ખાઈ જશે કે કચડી નાંખશે તોપણ મારી ધર્મઆરાધના છૂટશે નહિ, મારા અંતરમાંથી જિનભક્તિ છૂટશે નહિ. આ રીતે જિનભક્તિ 'ગજભયભંજક' છે.

ઘણા મુનિઓને ઘાણીમાં પીલી નાંખ્યા, તો શું તેમના અંતરમાં જિનભક્તિ ન હતી?

-હતી; પણ કોઈ અશુભકર્મના ઉદયે તેમ બન્યું; છતાં તે વખતેય પરમાર્થ જિનભક્તિથી ચૈતન્યના ચિંતનમાં ચિત્તને જોડીને, ઘાણીની વચ્ચે પણ કેવળજ્ઞાન પામ્યા, ને તરત ઉપસર્ગ પણ શાંત થઇ ગયો. વળી ઘણાં મુનિઓમાં એવી શક્તિ હોય છે કે વિકલ્પમાત્રથી ઉપસર્ગ દૂર કરી શકે. સંગમદેવના ઉપસર્ગને એક સંકલ્પમાત્રથી દૂર કરવાની તાકાત પ્રભુ-પારસ-મુનિમાં હતી;—પણ તેઓ બાહ્ય સંકલ્પમાં ન રોકાયા, અંદર ચૈતન્યના ચિંતનમાં જ ચિત્તને એકાગ્ર કરીને કેવળજ્ઞાન પામ્યા. ત્યાં ઉપસર્ગો એની મેળે શાંત થઈ ગયા. વિકલ્પ કરીને ઉપસર્ગને દૂર કરવો તેના કરતાં નિર્વિકલ્પ થઈને ઉપસર્ગને શાંત કર્યો, તે ઉત્તમ છે. માટે કહ્યું છે કે—

કર્મો તણો જે વિવિધ ઉદય-વિપાક જિનવર વર્ણવ્યો,
તે મુજ સ્વભાવો છે નહિ, હું એક જ્ઞાયકભાવ છું.

[ ગુરુકહાનને આ ગાથા ઘણી પ્રિય હતી; ઇસ્પિતાલમાં અંતિમ દિવસોમાં પણ તેમની સમક્ષ બ્ર. હરિભાઈ આ ગાથા બોલ્યા હતા, ને ગુરુદેવે પ્રમોદ વ્યક્ત કર્યો હતો. ]

—આ રીતે કર્મોથી ભિન્ન જ્ઞાયકસ્વભાવની ભાવના તે જ ધર્મીનું મુખ્ય કાર્ય છે, ને તે જ સાચી જિનભક્તિ છે. અંદર આત્માના આનંદના વેદનસહિતની આ ભક્તિ છે. આત્મસ્વભાવનો આશ્રય કરીને આવી ભક્તિ (-આત્મસાધના) માં મસ્ત જીવોને મદમસ્ત હાથીનો પણ ભય હોતો નથી.

હાથી કેવો ? કે મદમસ્ત, કામવાસનાથી જેના કુંભસ્થળમાંથી મદ ઝરે છે, ભમરાના ગૂંજારવથી ત્રાસીને જે ક્રોધિત થયો છે, જે ઐરાવત જેવો મોટો છે ને નિરંકુશપણે દંતૂશળ વીંઝતો થકો સૂંઢ ઊંચી કરીને સામે દોડ્યો આવે છે;—આવા હાથીને દેખીને પણ હે જિનેશ ! આપના ચરણનો આશ્રય કરનારને કોઈ ભય થતો નથી. તેમજ, અંતરમાં અશુભકર્મરૂપી મોટો હાથી ઉદયમાં આવે ને પ્રતિકૂળતાના ઢગલા થાય તોપણ, નિજ ચૈતન્યસ્વરૂપનું શરણ લઈને તેનો આશ્રય કરનારા ધર્માત્મા તે કર્મોને ગાંજતા નથી; હે દેવ ! સ્વભાવનું શરણ લેનારો આપનો ભક્ત કર્મોથી ડરી જાય કે માર્ગથી ડગી જાય—એમ બનતું નથી. તે તો માર્ગથી અચ્યૂત રહીને કર્મોની નિર્જરા કરી નાંખે છે. એને પ્રતિકૂળતા કેવી ? પ્રતિકૂળ સંયોગો એની આરાધનાને દાબી શકતા નથી. આ રીતે સમકિતી જીવો નિઃશંક અને નિર્ભય હોય છે. બહારમાં કદાચ હાથીથી ડરીને ભાગતા હોય તોપણ અંતરમાં આત્માના સ્વરૂપ સંબંધમાં તેઓ નિર્ભય છે, સ્વરૂપના નાશની તેમને શંકા થતી નથી. વજ્રપાત થાય ને આખું જગત ખળભળી જાય તોપણ ધર્મી પોતાના સ્વભાવથી ચ્યુત થતા નથી ને જિનમાર્ગનું શરણ છોડતા નથી. તેથી શાસ્ત્રમાં કહ્યું છે કે જેના અંતરમાં દૃઢ જિનભક્તિ છે તેને સંસારમાં ભય નથી.

આ રીતે ભક્તામર-સ્તોત્રમાં 'ગજભયભંજક' નામનો ૩૮ મો શ્લોક કહ્યો; હવે 'સિંહભયભંજક' નામનો ૩૯ મો શ્લોક કહેશે. (૩૮)

## 'પ્રભુ દરિયાને પી ગયા !'

સર્વજ્ઞદેવની સ્તુતિ કરતાં શ્રી અમૃતચંદ્રસૂરિ કહે છે કે હે ભગવાન ! ગંભીર મહિમાથી ભરેલા કેવળજ્ઞાનસમુદ્રને આપ ઘૂંટડાની જેમ પી ગયા છો; કેવળજ્ઞાનની ઉલ્લસતી લહરીઓ આપનામાં જ સમાઈ ગઈ છે, તે હવે બહાર ફેલાતી નથી.

હે દેવ ! આપના વૈભવના માત્ર એક કણને દેખવાથી ઉત્પન્ન થયેલા આશ્ચર્ય વડે અનુભવાતા સુખને લીધે ભવ્યજીવોનાં નેત્રો સ્તબ્ધ થઈ જાય

(–'શક્તિમણિત–કોશ'=શક્તિરૂપી મણિજડેલો ભંડાર : અ. ૨ : ૧૪–૧૫)

[ ૩૯ ]

## જેના અંતરમાં ભગવાન બિરાજે....એને ભય કેવો ?

( ૨. જિનમાર્ગનો આશ્રય કરનારને ક્રૂર સિંહનો ય ભય નથી. )





भिन्नेभ-कुंभ गलदुज्ज्वल शोणिताक्त
मुक्ताफल प्रकरभूषित भूमिभागः
बद्धक्रमः क्रमगतं हरिणाधिपोऽपि
नाक्रामति क्रमयुगाचल संश्रितं ते ॥

ભેદી ગજેન્દ્ર-શિર શ્વેત રુધિરવાળા,
મોતી સમૂહ થકી ભૂમિ દીપાવી એવા;
દોડેલ સિંહ તણી દોટ વિષે પડે જે,
ના તુજપાદ-ગિરિ આશ્રયથી મરે તે.

હે દેવ ! જેનું ચિત્ત આપના 'क्रमयुग' એટલે ચરણકમળમાં અચલપણે આશ્રિત છે તેને સિંહનો ભય નથી, સિંહ પણ તેના પર આક્રમણ કરતો નથી. સિંહ પણ કેવો ? કે જેણે પંજાના પ્રહાર વડે મોટા હાથીના કુંભસ્થળને ચીરી નાંખ્યું છે ને તે હાથીના કુંભસ્થળમાંથી વેરાયેલા, લોહીથી રંગાયેલા, સફેદ ગજમોતી–મુક્તાફળવડે પૃથ્વીનો ભાગ ચમકી રહ્યો છે; ભદ્ર જાતિના ઉત્તમ હાથીના મસ્તકમાં મોતી પાકે છે, તેને ગજમોતી કહેવાય છે; આવા ગજમોતી બધા હાથીના મસ્તકમાં નથી હોતા. આવા બળવાન હાથીના મસ્તકને પંજાના પ્રહાર વડે જેણે ચીરી નાંખ્યું છે—એવો સિંહ 'बद्धक्रम' છલાંગ મારતો આવતો હોય,

ને આપનો ભક્ત 'क्रमगतम्' તેના પંજાની વચ્ચે આવી પડ્યો હોય, તોપણ 'क्रमयुग' આપના ચરણકમળનો અચળ આશ્રય કરનાર ભક્ત ઉપર તે સિંહ આક્રમણ કરતો નથી. અહો જિનદેવ! આપની સમીપમાં સિંહ જેવા ક્રૂર જીવો પણ શાંત થઈ જાય છે.



જુઓ, મહાવીર ભગવાનનો જીવ જ્યારે પૂર્વે દશમા ભવમાં સિંહ હતો, ત્યારે બે મુનિઓ તેને સંબોધવા આકાશમાંથી ઉતર્યા, ને સિંહ તો એ મુનિવરોની વીતરાગી શાંતિ દેખીને ચકિત થઈ ગયો; મુનિઓને તો સિંહનો ભય ન લાગ્યો, પણ ઊલટો તે સિંહ મુનિઓને દેખીને શાંત થઈ ગયો ને આત્મજ્ઞાન પામ્યો. વળી, અંજના (હનુમાનની માતા) જ્યારે વનની ગૂફામાં રહેતી હતી ને મુનિસુવ્રતસ્વામીની ભક્તિ કરતી હતી, ત્યારે ગૂફાના બારણે એક ક્રૂર સિંહ આવીને ત્રાડ પાડવા લાગ્યો; ભયભીત અંજના જિનસ્મરણ કરવા લાગી; ત્યાં તો એક દેવે અષ્ટાપદ (આઠ પગવાળા સિંહ) નું રૂપ ધારણ કરીને તે સિંહને ભગાડી મૂક્યો ને અંજનાની રક્ષા કરી.—પુણ્યયોગે ધર્માત્માઓને આવો યોગ બની જાય છે.

'કોઈવાર મુનિને સિંહ-વાઘ ખાઈ પણ જાય છેને! પારસનાથના જીવને પૂર્વે આનંદરાજાના ભવમાં સિંહ ખાઈ ગયો, સુકોશલમુનિને વાઘણ (–તેને જન્મદેનારી માતા હતી તે જ વાઘણ થઈને) ખાઈ ગઈ,—આવા પણ પ્રસંગ બને છે ને!'

—એનો ખુલાસો પહેલાં કહેવાઈ ગયો છે (જુઓ પાનાં ૧૯-૨૦ તથા ૧૨૩, ૧૩૦). એ પ્રકારના અશુભકર્મનો ઉદય બાકી હોય તો તેવો પ્રસંગ બની જાય, પણ એવા પ્રસંગેય જેના અંતરમાં જિનભક્તિ છે તેને કોઈ ભય નથી; મૃત્યુ આવે તોપણ તેઓ ધર્મની આરાધના છોડતા નથી. સિંહ આવીનેય શું કરશે? શું તે મારા સમ્યક્ત્વાદિ ધર્મને ખાઈ જશે?–કદી નહીં.—એમ ધર્મીજીવ નિઃશંક ને નિર્ભય રહે છે. પાછળ સિંહ આવતો હોય ને ધર્મીજીવ ભાગે પણ ખરા, એ જાતના નોકષાયરૂપ ભય હોય, પણ જિનમાર્ગમાં તેઓ નિઃશંક છે, તે વખતેય નિજધર્મના નાશનો ભય કે મિથ્યાત્વરૂપ ભય તેમને હોતો નથી. સિંહના પગ વચ્ચે પડ્યા હોય તોપણ ધર્માત્મા નિઃશંક છે કે સિંહ મારા ધર્મ ઉપર આક્રમણ નહીં કરી શકે—જુઓ, આ જિનભક્તની અંતરંગ દશા!

બહારમાં ક્રૂર સિંહ ને અંદરમાં અશુભકર્મોના ઉદયરૂપ સિંહ, તેના ઉપસર્ગો જિન-ભક્તને વિશુદ્ધ પરિણામવડે દૂર થઈ જાય છે; એવા ઉપસર્ગ કદાચ આવે તો તે ઉપસર્ગની વચ્ચે સાધકજીવની શૂરવીરતા એવી જાગી ઉઠે છે કે, ઉપસર્ગથી ડરીને તેઓ આરાધનાને છોડતા નથી. અશુભકર્મનો ઉદય પલટવામાં કોઈવાર આવી સ્તુતિના શ્લોક પણ નિમિત્ત બની જાય છે; તેથી આગલા શ્લોકનું નામ 'ગજભયભંજક-સ્તુતિ' હતું ને આ શ્લોકનું નામ 'સિંહભયભંજક-સ્તુતિ' છે. પ્રભો! સિંહના બે પગ વચ્ચે ઊભા હોઈએ ત્યારે પણ અમારા હૃદયમાં આપ બિરાજો છો, અમારા અંતરમાં આપ હાજર છો, પછી આપની સમીપમાં અમને સિંહનો ભય કેવો? જ્યાં પરમાત્મા બિરાજતા હોય ત્યાં સમવસરણમાં સિંહ વગેરે પણ શાંત-અહિંસક બની જાય છે; ને સસલાં પણ તેનાથી ડરતાં નથી. તો જ્યાં અમારા જેવા ધર્માત્માના હૃદયમાં આપ બિરાજી રહ્યા છો ત્યાં અમને સિંહ વગેરેનો ભય કેવો? કર્મના ઉદયરૂપ સિંહનો કે પ્રતિકૂળતાનો પણ અમને ડર નથી. એનાથી ભિન્ન જ્ઞાયક-ચિદાનંદતત્ત્વની અનુભૂતિ ને ભાવના નિરંતર વર્તે છે. અમે સર્વજ્ઞનું શરણ લીધું છે; સર્વજ્ઞના સમ્યક્‌શ્રદ્ધા-જ્ઞાનરૂપ બે ચરણનું જેણે શરણ લીધું છે એવા અમે, કદાચ સિંહના પંજા વચ્ચે હોઈએ તોપણ ધર્મમાં મૂંઝાતા નથી, ભયભીત થઈને ધર્મને છોડતા નથી. અપજશ આવે, દરિદ્રતા આવે, રોગ આવે, કોઈ બેડીથી બાંધીને જેલમાં પૂરે—તોપણ હે નાથ! આપના ભક્ત કર્મરૂપી સિંહના પંજામાં સપડાતા નથી, નિર્ભયપણે તે મોક્ષના માર્ગે ચાલ્યા જાય છે. અનંતવીર્યશક્તિવાળા આત્માનું શરણ લીધું ત્યાં હવે કોનો ભય? ચૈતન્યના સાધક ધર્માત્માને પૂર્વનાં અશુભકર્મો હોય તે છૂટી જાય છે ને નવાં પુણ્ય બંધાય છે. અને કદાચ કોઈ અશુભકર્મ રહી જાય ને પ્રતિકૂળતા આવી પડે તો ત્યારે તેને વિશેષ પુરુષાર્થ જાગી ઊઠે છે; ઉદયના પંજામાં તેની ચેતના ફસાતી નથી. પુણ્ય અને પુરુષાર્થનો તેને સુમેળ હોય છે.

અહા પ્રભો! જેનું ચિત્ત આપના ધ્યાનમાં લાગેલું છે તેને બહારમાં સિંહ આવીને ખાતો હોય તોપણ શું? આપના ગુણમાં જેનું ચિત્ત લાગેલું છે તેને સિંહનો ભય નથી; અરે, માથું સિંહના મોઢામાં હોય ને અંદર આત્મામાં કેવળજ્ઞાનની તૈયારી ચાલતી હોય! —તેણે અંતરમાં પરમાર્થ ભગવાનનું (આત્મસ્વભાવનું) શરણ લીધું છે. કર્મના ઉદયરૂપ સિંહ છલાંગ મારીને અમને દબાવી દેશે કે અમારા ચેતનશરીરને (-ધર્મને) ખાઈ જશે —એવી બીક ધર્મીને થતી નથી, એણે તો અંદરમાં પરમાત્મસ્વભાવનું શરણ લીધું છે. બહારમાં કોઈ દેવ સિંહનું રૂપ ધારણ કરીને કહે કે તું જિનધર્મને છોડી દે, નહીંતર તને ખાઈ જઈશ;—તો ત્યાં પણ સિંહનો ભય પામીને જિનેન્દ્રભગવાનનું શરણ ધર્માત્મા છોડતા નથી. હે દેવ! અમે આપના ચરણનો ને આપના વીતરાગમાર્ગનો આશ્રય લીધો ત્યાં સિંહ-વાઘ અમને હવે શું કરશે? એ તો પશુ છે ને આપ તો પરમાત્મા છો. આપનું શરણ લેનારને એ તિર્યંચ-બિચારાં શું કરશે! જ્ઞાયકસ્વરૂપની ગૂફામાં કર્મરૂપી સિંહનો

પ્રવેશ નથી. જેણે જ્ઞાયકસ્વરૂપનો આશ્રય લીધો ( શુદ્ધોપયોગ વડે તેમાં પ્રવેશ કર્યો ) તેના ઉપર કર્મરૂપી સિંહ આક્રમણ કરી શકતો નથી. અંતરમાં આત્માની આવી નિર્ભયદશા ખીલી ગઈ તેની મુખ્યતા છે; ને જ્યાં સ્વસન્મુખ આવી નિર્ભયદશા થઈ ત્યાં બહારના સંયોગથી પણ નિર્ભય થઈ ગયો; હવે કોઈ સંયોગ આવીને મારા ધર્મને દાબી દેશે એવો ભય તે ધર્મીને રહ્યો નહિ.

જ્યાં ચૈતન્યસ્વભાવનો આશ્રય કર્યો ત્યાં કર્મરૂપી સિંહના પગ બંધાઈ ગયા. ચૈતન્યની ચેતના સામે હવે ઉદયનું જોર ચાલે નહીં. અમે અમારા સ્વભાવમાં જઈએ છીએ ત્યાં કર્મોદયો ખરીને અકર્મરૂપ થઈ જાય છે. આ રીતે નિર્ભયપણે ધર્મીજીવ જિનભક્તિ કરતાં કરતાં મોક્ષપુરીમાં ચાલ્યા જાય છે.

[ ભક્તામરસ્તોત્રના આ ૩૯ મા શ્લોકમાં 'बद्धक्रम, क्रमगतं અને क्रमयुग' આવા ત્રણ શબ્દો છે, તે તરફ લક્ષ ખેંચીને પૂ. કાનજીસ્વામીએ કહ્યું હતું કે જુઓ, દરેક દ્રવ્યની પર્યાયના ઉત્પાદ-વ્યય 'ક્રમબદ્ધ' થાય છે એ સિદ્ધાંત છે. વિશ્વના સમસ્ત પદર્થોમાં ક્રમબદ્ધ-નિયમિત પરિણમન, અને ભગવાન સર્વજ્ઞદેવને સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોનું જ્ઞાન, -આ રીતે સર્વજ્ઞનો જ્ઞાનસ્વભાવ, ને જ્ઞેયોનો પરિણમનસ્વભાવ, તેની સંધિ છે, તેમાં આડુંઅવળું થતું નથી; એટલે કે સર્વજ્ઞ-જ્ઞાન જાણે કાંઈક, અને પદાર્થમાં પરિણમન થાય બીજુ કાંઈક,-એમ બનતું નથી. અને આવા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરનાર જીવને શુદ્ધ જ્ઞાનરૂપ મોક્ષમાર્ગનો ક્રમ પોતામાં શરૂ થઈ જાય છે.—આ ન્યાય તેઓશ્રીને ખૂબ પ્રિય હતો અને તેનું જ્ઞાનસ્વભાવની સન્મુખતાપ્રેરક અતિ સુંદર, ગંભીર અને સ્પષ્ટ વિવેચન તેઓશ્રીએ જે ૧૩ પ્રવચનોમાં કર્યું છે તે પ્રવચનો 'ज्ञानस्वभाव और ज्ञेयस्वभाव' નામના પુસ્તકરૂપે છપાયેલા છે—જેનું સંકલન બ્ર. હરિભાઈએ કરેલું છે. ગુજરાતી આત્મધર્મ વર્ષ-૧૨ અંક-૧૩૩-૩૪ માં પણ તે છપાયા છે. આત્માના જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં અથવા સર્વજ્ઞની શ્રદ્ધામાં, અંતર્મુખી મોક્ષમાર્ગનું કેટલું જોર આવે છે તે વાત ઘણી અલૌકિક શૈલિથી તેમણે સમજાવી છે. ]

અહીં કહ્યું કે હે ભગવાન આદિનાથ! આપના જેવા સર્વજ્ઞસ્વભાવની પ્રતીત કરીને, તેનો સમ્યક્આશ્રય કરનારા જીવને મોક્ષમાર્ગ સાધવામાં સિંહના પગ વચ્ચે પણ ભય થતો નથી; સિંહ તેના પર આક્રમણ કરતો નથી; અને કદાચ આક્રમણ કરે તોપણ નિર્ભયપણે તે મોક્ષમાર્ગને સાધે છે. જ્યાં આપનો આશ્રય છે ત્યાં મોક્ષની સાધનામાં કોઈ વિઘ્ન નથી. આપના માર્ગનો, આપના ક્રમયુગનો આશ્રય લઈને અમે આનંદથી મોક્ષને સાધી રહ્યા છીએ, મોક્ષપુરી તરફ આવી રહ્યા છીએ. (૩૯)

# ( ૪૦ )

# જેના અંતરમાં જિનરાજ બિરાજે....એને ભય કેવો ?

## ( ૩. જિનમાર્ગનો આશ્રય કરનારને દાવાનળનો ભય નથી )

कल्पांतकाल पवनोद्धत वह्निकल्पं
दावानलं ज्वलितमुज्वलं उत्स्फुलिंगं ।
विश्वं जिघत्सुमिव संमुखमापतंतं
त्वत् नामकीर्तनजलं शमयत्यशेषम् ।।

જે જોરમાં પ્રલયના પવને થયેલો,
ઓઢા ઉડે બહુ જ અગ્નિ દવે ધીકેલો;
સંહારશે જગત સન્મુખ તેમ આવે,
તે તુજ કીર્તનરૂપી જળ શાંત પાડે.

આ ભક્તામરસ્તોત્રમાં વિવિધ 'ભયનિવારક' ૯ શ્લોક ( ૩૮ થી ૪૬ ) છે; તેમાં 'ગજભયભંજક' અને 'સિંહભયભંજક' પછી 'અગ્નિભયભંજક' નામનો આ ત્રીજો શ્લોક છે. હે દેવ! આપનો માર્ગ તો 'ભવ-ભયભંજક' છે, તેમાં બીજા ભયની તો શી વાત!

૧૮૫૫૦ વર્ષ પછી આ ભરતક્ષેત્રમાં કલ્પાંતકાળ આવશે, ત્યારે પાચમા આરાના અંતે એવા ભયંકર વાયરા વાશે કે ઝાડ-મકાન-પર્વતો વગેરે બધું ઊડી જશે, પ્રલય થઈ જશે. એવા પ્રલયકાળના પ્રચંડ વાયરા વડે મોટી આગ લાગી હોય, તે ધગધગતી આગના તણખાં ચારેકોર ઊડતા હોય-જાણે કે વિશ્વને સળગાવી દેશે! આવી આગનો ભભકતો દાવાનળ સામે આવતો હોય તોપણ, હે જિનદેવ! આપના નામકીર્તનરૂપી જળવડે તે એકદમ શાંત થઈ જાય છે; તેથી જેના અંતરમાં આપ બિરાજો છો તેને અગ્નિનો પણ ભય નથી. જે જીવ અંતરમાં આપનું ધ્યાન કરે છે તેના અંતરમાં સંસારનો દાવાનળ પ્રવેશી શકતો નથી, શાંતરસના સીંચન વડે ઘોર ભવાગ્નિ પણ ઠરી જાય છે.

જુઓ તો ખરા જિનગુણનો મહિમા! બહારના સંયોગની વાત નથી, ભક્તના અંતરમાં વીતરાગતાનો રસ ઘૂંટાય છે તેનું મહત્વ છે. જ્યાં વીતરાગતા છે ત્યાં ભય કેવો? જ્યાં રાગ-દ્વેષ-કષાય છે ત્યાં જ ભય છે, ને વૈરાગ્ય તો અભય છે. જિનભક્તિના બહાને ભક્તના અંતરમાં વીતરાગતા ઘોળાય છે.

અહીં કહે છે કે હે દેવ! આપનું નામ લેતાં પણ અગ્નિનો ઉપદ્રવ શાંત થઈ જાય છે, આત્મા કષાયથી છૂટી જાય છે. અયોધ્યાના લોકોએ જેમતેમ બોલીને જ્યારે કોઈ પાપકર્મના ઉદયથી સીતાજીનો અપવાદ કર્યો, શ્રીરામે તેમને વનમાં મોકલી દીધા, ને પછી છેવટે તેમનો લોકાપવાદ દૂર કરવા તથા શીલની પ્રસિદ્ધિ કરવા અગ્નિપરીક્ષા રચી; તે માટે ધગધગતા અગ્નિનો મોટો કુંડ તૈયાર કર્યો, ને સીતાજી તેમાં પડવા તૈયાર થયા....ત્યારે પંચપરમેષ્ઠી ભગવંતોનું સ્મરણ કરીને તેઓ કહે છે કે 'મારા હૃદયમાં પંચપરમેષ્ઠી બિરાજે છે; જો મારા સ્વામી ( રામચંદ્ર ) સિવાય બીજા કોઈ પરપુરુષની મેં સ્વપ્ને પણ ઇચ્છા કરી




હોય તો હે અગ્નિ! તું મને બાળીને ભસ્મ કરજે, અને જો મેં સ્વપ્ને પણ બીજાની ઈચ્છા ન કરી હોય ને અખંડ શીલવ્રત પાળ્યું હોય, તો તું શાંત થઈ જાજે ..મને અડીશ નહીં.'– આમ કહીને સીતાજી જ્યાં અગ્નિકુંડમાં પ્રવેશે છે ત્યાં તેમના પુણ્યોદયે એક દેવદ્વારા તે અગ્નિ શાંત થઈ જાય છે, અને સીતાજીના શીલનો માહમા જગપ્રસિદ્ધ થાય છે; પાપનો ઉદય ટળીને શુભનો ઉદય થઈ જાય છે.

કોઈને પ્રશ્ન થાય કે, અયોધ્યામાં સીતાજીનો અગ્નિ તો શાંત થઈ ગયો ને શત્રુંજય પર પાંડવમુનિઓનો અગ્નિ કેમ શાંત ન થયો? તેઓ તો અગ્નિમાં સળગી ગયા!

તેનું સમાધાન : સીતાજીએ તો 'જો શીલ હોય તો અગ્નિ શાંત થઈ જાઓ' એમ કહીને પુણ્યની ઉદીરણા કરી હતી, તેથી અગ્નિ શાંત થઈ ગયો; જ્યારે પાંડવોએ તેવી ઉદીરણા ન કરી, વિકલ્પ ન કર્યો, પણ નિર્વિકલ્પપણે વીતરાગી શુક્લધ્યાનમાં એકાગ્ર થઈને, શાંતરસ વડે કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા ને મુક્ત થયા, એટલે તેમને તો સમસ્ત સંસારઅગ્નિ શાંત થઈ ગયો. તેમને અગ્નિનો ભય ન હતો. એ પાંડવો અગ્નિમાં બળ્યા નથી (દેહ બળ્યો) પણ તેઓ તો ચૈતન્યના હિમાલયમાં પ્રવેશીને શાંતિમાં ઠર્યા છે. અંતરની ચૈતન્ય-ગૂફામાં તો કષાયઅગ્નિનો કે બહારના અગ્નિનો સંબંધ જ ક્યાં છે? દેહ બળ્યો પણ ચેતના નથી બળી. અગ્નિએ દેહને બાળ્યો પણ તે કાંઈ તેમને કેવળજ્ઞાન સાધવામાં કે મોક્ષ પામવામાં રોકી શક્યો નહિ; માટે તેમને અગ્નિનો ભય નથી (શત્રુંજય ઉપર પાંડવોના આ પ્રસંગના વર્ણન માટે, ચોવીસ તીર્થંકર ભગવંતોનું મહાપુરાણ વાંચો.)

હે જિનદેવ! ગમે તેવા અગ્નિથી પણ ભય પામીને આપના ભક્તો મોક્ષની સાધનાને છોડી દેતા નથી, અગ્નિ વચ્ચે પણ નિર્ભયપણે મોક્ષને સાધે છે. હે દેવ! શીલધર્મના પ્રતાપે ને આપના નામકીર્તનથી સીતાજીને અગ્નિ બાળી શક્યો નહિ, શાંત થઈ ગયો; તેમ આપના ધર્મનું આરાધન કરનાર જીવને અગ્નિ બાળી શકતો નથી, અંતરમાં ને બહારમાં પણ અગ્નિ શાંત થઈ જાય છે. અરૂપી-અસ્પર્શી આત્મામાં અગ્નિનો સ્પર્શ કેવો? ધર્માત્મા જ્યાં સ્વભાવના શાંતરસની ગૂફામાં પ્રવેશી ગયા ત્યાં હવે કષાયઅગ્નિનો કે બહારના અગ્નિનો સંબંધ કેવો? 'રાગ આગ દહે સદા, તાતેં સમામૃત સેવીએ' રાગ તે આગ છે, તે જીવને બાળે છે, તેનાથી બચવાનો ઉપાય એક જ છે કે ચૈતન્યમાં પ્રવેશીને શાંતભાવરૂપ અમૃતનું સેવન કરવું. સ્વાનુભવના શાંતરસની ધારાવડે રાગ-આગ બુઝાઈ જાય છે. કષાયઅગ્નિ સમસ્ત સંસારી જીવોને બાળે છે પણ જિનમાર્ગના ઉપાસક ધર્માત્માની જ્ઞાનચેતનાને તે બાળી શકતો નથી; તે જ્ઞાનચેતના તો અંતરના શાંતરસમાં મગ્ન છે.

જુઓ તો ખરા, દ્વારકા જેવી સુંદર નગરી, ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે જેની રચના કરી, નેમિનાથ જ્યાં અવતર્યા ને શ્રીકૃષ્ણે જ્યાં રાજ્ય કર્યું, તે દ્વારકાનગરી જ્યારે સળગી ત્યારે દેવો બચાવવા ન આવ્યા. છમાસ સુધી હડહડ સળગી તેમાં બધા નગરજનો ને પશુ-પંખીઓ ભસ્મીભૂત થઈ ગયા. તથાપિ એવા અગ્નિ વચ્ચે પણ, જેના અંતરમાં જિનદેવ બિરાજે છે ને જે જિનધર્મના આરાધક છે તેને ભય થતો નથી. જિનધર્મની આરાધના વડે જ્યાં ભવનો અગ્નિ પણ શાંત થઈ જાય છે ત્યાં બહારના અગ્નિની શી વાત! માટે હે જીવ! તું સર્વ પ્રકારના ભય છોડીને જિનધર્મની આરાધના કર....જિનગુણકીર્તનરૂપ ભક્તિમાં તત્પર થા. તારા ચૈતન્યતત્ત્વમાં આનંદનો શીતળ કુંડ છે, તેમાં પ્રવેશ કરતાં જ કષાયોનો આતાપ શમી જશે; બહારમાં અગ્નિના ગોળા વરસતા હોય તોપણ તને ભય નહીં થાય. સર્વજ્ઞ-વીતરાગનું કીર્તન કરીને ચૈતન્યની શાંતિનું વેદન કર્યું ત્યાં કષાયઅગ્નિ શાંત થયો, પછી બહારનો ભય પણ રહેતો નથી; તેનું ચિત્ત શીતલ-શાંત થઈ જાય છે.

ભેદવિજ્ઞાન જગ્યો જિન્હકે ઘટ, શીતલ ચિત્ત ભયો જિમ ચંદન;
કેલિ કરે શિવમારગમેં, જગમાંહીં જિનેશ્વરકે લઘુનંદન.

ભેદજ્ઞાન કરીને જેણે શાંત આત્માનું શરણ લીધું, તેનું ચિત્ત શાંત થયું, તે જિનેશ્વરનો નંદન થયો, સર્વજ્ઞનો પુત્ર થયો, ને આનંદ કરતો કરતો શિવપુરીના માર્ગમાં ચાલ્યો જાય છે. ભગવાનના આવા ભક્તોને અગ્નિ વગેરેનો ભય હોતો નથી. [ ૪૦ ]

# ( ૪૧ )

# જિનરાજ જેના અંતરમાં બિરાજે....તેને ભય કેવો?

## (૪. જિનમાર્ગનો આશ્રય કરનારને કાળા સર્પનોય ભય નથી)

रक्तेक्षणं समद कोकिलकण्ठनीलं
क्रोधोद्धत्तं फणिनं उत्फणमापतन्तं ।
आक्रामति क्रमयुगेन निरस्त शंकः
त्वत् नाम नागदमनी हृदि यस्य पुंसः ।।

જે રક્તનેત્ર, પીકકંઠ સમાન કાળો,
ઉંચી ફણે સરપ સન્મુખ આવનારો;
તેને નિઃશંક જન તેહ ઉલંઘી ચાલે;
ત્વં-નામ નાગદમની દીલ જેહ ધારે.

વિવિધ ભયોનું નિવારણ કરનારા નવ શ્લોકમાં આ ચોથા શ્લોકનું નામ 'સર્પ વિષ-નિવારક સ્તુતિ' છે.

સર્પ કેવો?...કે ક્રોધથી જેની આંખો રાતી થઈ ગઈ છે, જે કોયલના કંઠ જેવો કાળો છે, અતિશય ક્રોધથી ફેણ ઊછાળતો જે સામે આવે છે એવો ભયંકર ફણિધર-સર્પ, તેને પણ હે જિનેન્દ્ર! તે પુરુષ નિઃશંકપણે બંને પગથી ઓળંગી જાય છે-કે જેના અંતરમાં આપના મંગલ નામરૂપી 'નાગદમની' (-નાગનુ ઝેર ઉતારનારો મંત્ર અથવા નાગમણિ) વિદ્યમાન છે. તેને સર્પનો ભય થતો નથી.

અહા, જેના હ્રદયમાં સર્વજ્ઞ બેઠા છે, જેની પાસે સર્વજ્ઞની શ્રદ્ધારૂપ નાગમણિ છે, તેને હવે મિથ્યાત્વસર્પનું ઝેર કેવું? જુઓને નાનકડા મહાવીરે શાંતભાવવડે નાગને વશ કર્યો, તેમ ધર્માત્મા ચૈતન્યના અનુભવરૂપ મંત્રવડે મિથ્યાત્વઝેરને દૂર કરે છે. સર્પનું ઝેર તો એકવાર મારે છે, જ્યારે મિથ્યાત્વનું ઝેર સંસારમાં અનંતવાર મારે છે. તે મિથ્યાત્વઝેરને જિનશાસનની ઉપાસનાવડે જેણે દૂર કર્યું તેને હવે બહારમાં સર્પના વિષનો ભય કેવો?

આ ભક્તામર-સ્તોત્ર ઉપરાંત 'વિષ-અપહાર' નામથી પ્રસિદ્ધ એક સ્તોત્ર (ઋષભદેવ ભગવાનની સ્તુતિ) છે તે મહાકવિ ધનંજયે રચેલ છે. તેઓ જિનભક્ત હતા; એકવાર જિનમંદિરમાં એકાગ્રતાપૂર્વક પૂજન તથા જિનગુણચિંતન કરતા હતા; એવામાં ઘરે તેના પુત્રને સર્પ કરડ્યો; તે પુત્રની માતાએ તેમને ઘરે બોલાવવા માણસ મોકલ્યો; પણ ભક્તિ-કાર્ય અધૂરું મૂકીને તેઓ ઘરે ન ગયા. આથી ખીજાઈને, ઝેરથી અચેત થઈ ગયેલા પુત્રને લઈને તેની મા તેમની પાસે મૂકી ગઈ ને કહ્યું કે લ્યો, આ તમારો દીકરો! ભગવાનના મોટા ભક્ત છો તો બચાવો આ તમારા પુત્રને!

કવિ ધનંજય જિનભક્તિ ઉપરનો આ કટાક્ષ સમજી ગયા. પૂજા-ચિંતનાદિ કાર્ય પૂરું થતાં તેમણે 'स्वात्मस्थितः सर्वगतः समस्त'...એ પદથી શરૂ કરીને ૪૦ શ્લોકવડે જિનભક્તિની (વિષાપહાર-સ્તોત્રની) અદ્‌ભુત ભાવભીની રચના કરી, અને એ સ્તુતિ બોલ્યા કે સૌના

આશ્ચર્ય વચ્ચે અચેત પુત્રનું ઝેર ઊતરી ગયું ને જાણે તે ઊંઘમાંથી ઊઠ્યો હોય તેમ ચાલીને ઘરે પહોંચ્યો. જિનભક્તિના પ્રતાપે શુભકર્મની ઉદીરણા થતાં કોઈવાર આવા આશ્ચર્યકારી પ્રસંગો બની જાય છે, પણ ત્યાં ધર્માત્માનો આશય તો વીતરાગના ગુણગાન અને વીતરાગતાની ભાવનાનો જ હોય છે, લૌકિક ફળની આશા હોતી નથી. જેને માત્ર લૌકિક ફળની આશા છે તેને, બહારમાં જ્યારે એવા પ્રસંગ નહિ બને ત્યારે ધર્મની શ્રદ્ધા ટકાવવી મુશ્કેલ થશે. વર્તમાનમાં કોઈને અશુભકર્મના યોગે બહારમાં એવો યોગ ન બને તોપણ અંતરની જિનભક્તિ નિષ્ફળ જતી જ નથી, તેનું ઉત્તમ ફળ આવે જ છે.

ચૈતન્યસ્વભાવમાં મોહનું ઝેર ઉતારી નાંખવાની તાકાત છે. જેની પાસે ઝેર ઉતારવાનો અમુક મંત્ર, જડીબુટી કે મણિ હોય છે તે સર્પથી ભરેલા ભયાનક વનની વચ્ચે જાય તોપણ તેને સર્પો ઉપદ્રવ કરતા નથી કે ઝેર ચડતું નથી. એક માણસને જીભમાં જ કોઈ એવી રચના હતી કે જીભ ઉપર ઝેરી સર્પો કરડાવે તોપણ તેને ઝેર ચડતું નહીં. એવા




જીવો નિર્ભયપણે સર્પને ઓળંગીને ચાલ્યા જાય છે. તેમ જેની પાસે જ્ઞાયકભાવનો સ્વાદ છે, જ્ઞાયકનો મંત્ર ને જડીબુટી છે, ચૈતન્યનો ચિંતામણિ છે, એવા ધર્માત્મા જીવો ક્રૂર કર્મોના ઉદયરૂપ કાળાનાગને પણ પગ નીચે કચડીને નિર્ભયપણે મોક્ષના માર્ગમાં ચાલ્યા જાય છે; ઉદયનું ઝેર તેમની ચેતનાને અસર કરતું નથી, તેમની જ્ઞાનચેતના ઉદયભાવોથી જુદી ને જુદી અલિપ્ત રહે છે. એ ચેતનામાં કાળો નાગ પણ ભય કરતો નથી. હે નાથ! ગમે તેવી પરિસ્થિતિ વચ્ચે જ્યાં અમે આપની સર્વજ્ઞતાનું સ્મરણ ને જ્ઞાનસ્વભાવની ભાવના કરીએ છીએ ત્યાં અમને કોઈ શંકા કે ભય રહેતો નથી; ઉદયરૂપી કાળા નાગને પણ

ઓળંગીને નિર્ભયપણે આપના માર્ગમાં ચાલ્યા આવીએ છીએ.

જુઓ તો ખરા આ ભગવાનની ભક્તિના રણકાર! ને ભક્તનો આત્મવિશ્વાસ! આવો ભાવ જેને પ્રગટે તેણે ભગવાનનું ખરૂં શરણ લીધું છે. આવા અંતર્મુખ ભાવથી જેણે ભગવાનનું શરણ લીધું તેને હવે જગતમાં કોઈનો ભય નથી; તેને મોક્ષના માર્ગે જતાં કોઈ રોકી શકે નહીં; એના ચૈતન્યપ્રદેશમાં હવે મોહનું ઝેર ચડવાનું નથી; એની જીભમાં (ચેતનામાં) અમૃત વસે છે.

બહારમાં સર્પને દેખીને કદાચ કોઈ ધર્માત્મા ભયથી ભાગે, તોપણ તે જ વખતે તેને સ્વભાવનું ને જિનમાર્ગનું શરણ છૂટયું નથી; ઉદય અને જ્ઞાનના ભેદજ્ઞાનરૂપ મંત્રવિદ્યાવડે તે સર્પને તેમજ ભયને બંનેને પોતાની ચેતનાથી જુદા જ રાખે છે, તેને ચેતનામાં પ્રવેશવા દેતા નથી. માટે સર્પ વડે મારી ચેતનાનો નાશ થઈ જશે એવો ભય તેને નથી. તે ચૈતન્યમાં પ્રવેશીને નિર્ભયપણે મોક્ષને સાધે છે.

કોઈ મુનિરાજને એવી ઋદ્ધિ હોય છે કે, કોઈને ઝેરી સર્પ કરડ્યો હોય ત્યાં તે મુનિરાજના શરીરને સ્પર્શીને હવા આવે તો તેનું ઝેર ઊતરી જાય. તો હે સર્વજ્ઞદેવ! આપ તો જગતમાં સર્વોત્કૃષ્ટ કેવળજ્ઞાનઋદ્ધિવાળા છો, આપની સર્વજ્ઞતાને સ્પર્શીને આવતી શ્રદ્ધારૂપી હવાવડે જીવોના મિથ્યાત્વનું ઝેર ઊતરી જાય એમાં કોઈ આશ્ચર્ય નથી. આપના ભક્તને મિથ્યાત્વસર્પ કરડી શકતો નથી, ને બહારનો સર્પ પણ તેની આત્મસાધનાને અટકાવી શકતો નથી.

જુઓ, ભગવાન પારસનાથ પૂર્વે છઠ્ઠા ભવમાં જ્યારે અગ્નિવેગમુનિ હતા ને ધ્યાનમાં બેઠા હતા, ત્યારે અજગર થયેલો કમઠનો જીવ તે મુનિને આખાને આખા મોઢામાં ગળી ગયો. (જુઓ ચિત્ર) તે અજગરના મોઢાની વચ્ચે પણ મુનિરાજ ભયભીત ન થયા, તેમણે આત્માની આરાધના છોડી નહિ, કેમકે તે વખતેય તેમના અંતરમાં જ્ઞાયક-તત્ત્વના વેદનનું અમૃત વિદ્યમાન હતું. આ જ્ઞાયકતત્ત્વની ભાવના તે જ સંસારનું ઝેર ઊતારવાની સાચી જડીબુટી છે, ને એ જ સાચી જિનભક્તિ છે. (આ પ્રસંગના ચિત્રસહિત વર્ણન માટે જુઓ મહાપુરાણ ગુજરાતી પા. ૪૬૦)

આ પ્રમાણે સર્પવિષનિવારક-શ્લોક વડે જિનસ્તુતિ કરી;

હવે 'યુદ્ધભયનિવારક' શ્લોક વડે જિનસ્તુતિ કરે છે. [ ૪૧ ]

[ ૪૨ ]


# જેના અંતરમાં જિનરાજ બિરાજે... તેને ભય કેવો?

(૫. જિનમાર્ગનો આશ્રય કરનારને શત્રુસેનાનો ભય નથી.)

वल्गत् तुरंग-गजर्गजित भीमनादं
आजौ बलं बलवतां अरिभूपतीनाम्।
उद्यत् दिवाकर मयुख शिखापविद्धं
त्वत् कीर्तनात् तम इवाशु भिदामुपैति।

નાચે તુરંગ ગજ શબ્દ કરે મહાન,
એવું રણે નૃપતિનું બળવાન સૈન્ય;
ભેદાય છે તિમિર જેમ રવિ કરેથી,
છેદાય શીઘ્ર ત્યમ તે તુજ કીર્તનેથી.

આ શ્લોકનું નામ 'શત્રુભયનિવારક સ્તુતિ' છે.




ઊછળતા અને ગર્જના કરતા હાથી-ઘોડાના ભયંકર કોલાહલથી ભરેલી યુદ્ધભૂમિમાં બળવાન શત્રુરાજાઓના સૈન્યની વચ્ચે ઘેરાયેલ હોવા છતાં, હે જિનદેવ! આપનો ભક્ત જ્યાં આપનું સ્મરણ-કીર્તન કરે છે ત્યાં તો, જેમ સૂર્યના ઉદયથી અંધકાર ભેદાઈ જાય તેમ શત્રુસેના ભેદાઈ જાય છે, છિન્નભિન્ન થઈ જાય છે. પ્રભો, અંતરમાં અમે આપના માર્ગની ઉપાસના કરીએ છીએ ત્યાં ઉદયભાવોનો ઘેરો ભેદાઈને છિન્નભિન્ન થઈ જાય છે. આ રીતે જેના અંતરમાં જિનરાજ બિરાજમાન છે તેને શત્રુસેનાનો કે ઉદયભાવોનો ભય નથી; તેનાથી ભિન્ન રહીને નિર્ભયપણે તે મોક્ષને સાધે છે.

કોઈવાર ધર્મીરાજા પણ યુદ્ધમાં હારી જાય (–જેમ ભરતરાજા યુદ્ધમાં બાહુબલી સામે હારી ગયા), અશુભઉદયથી એમ બને, પણ જ્ઞાનીધર્માત્માની જ્ઞાનચેતના તે અશુભઉદય સામે હારી જતી નથી. જ્ઞાનચેતનામાં ૧૪૮ કર્મના બંધનને તોડવાની તાકાત છે, ત્યાં બીજા બંધનની શી વાત! કહે છે કે માનતુંગસ્વામીના બંધન આ સ્તુતિ વડે તૂટી ગયા હતા. અરે, નિશ્ચય જિનભક્તિથી ૧૪૮ કર્મપ્રકૃતિનાં બંધન પણ તૂટી જાય તો પછી વ્યવહારભક્તિથી પુણ્યની ઉદીરણા થતાં કોઈને બહારનાં બંધન તૂટી જાય–તો એમાં આશ્ચર્ય શું છે! પરમાત્મતત્ત્વની ભાવનાવાળાને વળી બંધન કેવાં! પરમાત્મભાવનાના અચિંત્ય સામર્થ્યથી મોહાદિના બંધન પણ તડાક કરતા તૂટી પડે છે. જ્ઞાનીની ચેતના અંતરમાં નિર્ભયપણે મોહાદિ શત્રુને જીતી લ્યે છે, ને ત્યાં વિશિષ્ટપુણ્યયોગે બહારના શત્રુ પણ જીતાઈ જાય છે —હે દેવ! આપની ભક્તિનો જ આ પ્રભાવ છે–આમ કહીને સર્વજ્ઞપદનું કીર્તન કર્યું છે, તેનો મહિમા કર્યો છે, તે પરમ પદની ભાવના કરી છે.

પ્રભો, આપ પરમાત્મા અમારા પક્ષમાં (હૃદયમાં) બિરાજો છો, પછી અમારી સામે શત્રુનું બળ કેવું? બળવાન મોહશત્રુનું જોર પણ અમારી ચેતના સામે ચાલી શકે નહિ. યુદ્ધભૂમિમાં હાથી–ઘોડા ઊછળતા હોય, તોપના ગોળા કે બોમ્બના ગોળા વરસતા હોય, તેની વચ્ચે પણ ભયભીત થઈને જ્ઞાનીઓ કદી જિનમાર્ગને છોડતા નથી. સૂરજ ઊગે ને અંધારું વીંખાઈ જાય, તેમ જિનભક્તિરૂપ સૂર્યના પ્રતાપથી અશુભકર્મો વીંખાઈ જાય છે, હે દેવ! જ્યાં આપના કેવળજ્ઞાનનો સ્વીકાર અને સત્કાર કરીએ છીએ ત્યાં જ્ઞાનચેતના ઝળકી ઊઠે છે ને મિથ્યાત્વાદિ અંધકાર દૂર ભાગે છે, પાપકર્મો પણ પલટી જાય છે. આ રીતે આપના સમ્યક્માર્ગનું શરણ લેતાં, હે વિજેતા જિન! અમારો પણ સંસાર સામે વિજય જ છે; સંસારને ભેદીને અમે અમારા સર્વજ્ઞપદને જીતી લેશું, કેવળજ્ઞાનવૈભવ પ્રાપ્ત કરશું.

—આમ નિશ્ચય–વ્યવહારની સંધિસહિત જિનભક્તિ કરતા–કરતા સાધકજીવો આહ્‌લાદ-પૂર્વક પોતાના સિદ્ધપદને સાધે છે.–આવી અપૂર્વ ભક્તિનું આ વર્ણન છે. [૪૨]

—o—

# મોક્ષની ટિકિટ

ચૈતન્યતત્ત્વની મહત્તા દુનિયામાં સર્વોત્કૃષ્ટ છે. ચૈતન્યતત્ત્વના પ્રેમી સાધર્મીનો સુયોગ થવો તે સુપાત્રતાની નિશાની છે.

આ કાળમાં આવા સાધર્મી મળવા ને ચૈતન્યપ્રેમ જાગવો તે મોક્ષની ટિકિટ મલવા બરાબર છે.

# [ ૪૩ ]

## જેના અંતરમાં જિનરાજ બિરાજે....એને ભય કેવો ?

(૬. જિનમાર્ગનો આશ્રય કરનારને યુદ્ધનો ભય નથી)

कुन्ताग्र भिन्न गजशोणित-वारिवाह
वेगावतार तरणातुर योध भीमे।
युद्धे जयं विजित दुर्जय जेय-पक्षाः
त्वत्पादपंकज-वनाश्रयिणो लभंते ॥

બર્છી થકી હણિત હસ્તિ રૂધિર વહે છે;
યોદ્ધા પ્રવાહ થકી આતુર જ્યાં તરે છે;
એવા યુદ્ધે અજીત શત્રુ જીતે જનો તે,
ત્વત્પાદ પંકજરૂપી વન શર્ણ લે જે.

આ શ્લોકનું નામ 'યુદ્ધભયનિવારકસ્તુતિ' છે.




ભયંકર યુદ્ધભૂમિ વચ્ચે પણ ભક્તમુમુક્ષુ જિનરાજને ભૂલતો નથી. જે યુદ્ધભૂમિમાં ભાલાંની અણીથી ભેદાઈ ગયેલા હાથીના લોહીનો રેલો પાણીના પ્રવાહની જેમ વહેતો હોય અને યોદ્ધાઓ તે લોહીના પ્રવાહને ઓળંગવા આકુળ-વ્યાકુળ થઈને દોડતા હોય, એવા ભયંકર યુદ્ધમાં, જેને જીતવા કઠણ હોય એવા શત્રુઓને પણ, હે જિનેન્દ્ર! આપના પાદ-પંકજરૂપ વનનો આશ્રય કરનારા ભવ્યજીવો, રમતવાતમાં જીતી લ્યે છે.

પ્રભો! આપના જેવા અજેય સર્વજ્ઞપુરુષનો અમે આશ્રય લીધો, હવે અમને જીતનારા કોણ?-અમારો જ વિજય છે. શુભાશુભ કર્મોના ઉદયરૂપ યુદ્ધભુમિ, તેમાં પોતાનો શુદ્ધ-

બુદ્ધસ્વભાવ અનંતા ગુણપુષ્પોથી ખીલેલો બાગ, તેનો જે આશ્રય લે છે, તે ઉદયની સેનાને જીતી લે છે; અંતરના કે બહારના શત્રુથી તે ભયભીત થતો નથી; સ્વભાવમાં નિઃશંક અને નિર્ભયપણે તે પોતાના મોક્ષ–સામ્રાજ્યને સાધે છે. જેમ સુંદર ઉપવનની શીતલ છાયાનો આશ્રય કરનારને આતાપ લાગતો નથી, તેમ સ્વભાવના અતિ સુંદર શાંત ચેતનબાગમાં વિશ્રામ કરનારને સંસારનો કે શત્રુનો આતાપ લાગતો નથી, તે શીતળ–શાંતિને વેદે છે. હે દેવ! આત્માના સર્વજ્ઞપદનો ને જિનપદનો જ આ મહિમા છે. આપના સર્વજ્ઞપદનો અચિંત્ય મહિમા જેના અંતરમાં વસી ગયો તેને હવે નિર્ભયપણે મોહશત્રુને જીતતાં કોઈ રોકી શકે નહિ. યુદ્ધભૂમિની વચ્ચે પણ જાણે શાંત–બગીચામાં બેઠા હોય, તેમ ઉદયભાવોની વચ્ચે પણ ધર્મી–જિનભક્ત શાંત-ચૈતન્યબાગમાં કેલિ કરે છે.

જેમ શ્રીકૃષ્ણ જેવા પુણ્યવંત મહાત્મા જેના પક્ષમાં, તેની જીત જ હોય, તેમ સર્વજ્ઞ-સ્વભાવી પરમાત્મા જેના હૃદયમાં, તેની મોહ સામે જીત જ હોય. ધર્માત્મા યુદ્ધભૂમિ વચ્ચે પણ પરમાત્માને ભૂલતા નથી, સ્વભાવને ભૂલતા નથી; તે વખતેય શરીર અને રાગાદિથી ભિન્ન ચિદાનંદસ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન તેને અખંડપણે ચાલુ રહે છે અને તેના જોરે તે મોહવિજેતા બને છે; તથા પુણ્યયોગે બહારના શત્રુને પણ તે જીતી લે છે. ધર્માત્માને સાધકદશામાં વિશિષ્ટ પુણ્ય બંધાય છે, તેનો ઉદય આવતાં તે બહારના શત્રુને પણ યુદ્ધમાં જીતી લે છે, અજેય શત્રુ પણ તેનો દાસ બની જાય છે.

મથુરાનગરીના રાજા મધુ સમ્યગ્દૃષ્ટિ હતા; ભરત સામે લડતાં લડતાં તેનું શરીર બાણથી વીંધાઈ ગયું, પણ તે ધર્મને ન ભૂલ્યા, ઊલટું વિશેષ વૈરાગ્યભાવના જાગી, ને ઘાયલપણે હાથી ઉપર બેઠા બેઠા જ ભાવસંયમ ધારણ કરીને સમાધિમરણ કર્યું. કર્મનો ઉદય એના ધર્મને ઘાયલ ન કરી શક્યો, વીતરાગભાવ વડે તેણે ઉદયને જીતી લીધો.

બહારનો શત્રુ ન જીતાયો, પોતે ઘાયલ થયા તોપણ મોહશત્રુને તો જીતી લીધો. યુદ્ધભૂમિની વચ્ચે, હાથી ઉપર બેઠાબેઠા, ઘાયલ શરીરે પણ અંદરની ચેતનાને ઘાયલ થવા ન દીધી, ચેતનાને જગાડીને વૈરાગ્યપૂર્વક સંયમ લીધો. આ રીતે જિનદેવના ભક્ત કોઈ સ્થિતિમાં જિનધર્મને ભૂલતા નથી, તેથી તેમનો વિજય જ છે. એક રીતે જોઈએ તો આખો સંસાર તે ઉદયભાવો સામેનો સંગ્રામ છે, તેમાં સાધકજીવ જિનભક્તિરૂપ શાંત હથિયાર વડે જીત મેળવે છે.

[ ૪૩ ]

# [ ૪૪ ]


# જેના અંતરમાં જિનરાજ બિરાજે....તેને ભય કેવો ?

## ( ૭. જિનમાર્ગનો આશ્રય કરનારને તોફાની સમુદ્રનો પણ ભય નથી )

अंभोनिधौ क्षुभित भीषण नक्रचक्र
पाठीन पीठ भय दोल्वण वाडवाग्नौ ।
रंगतरंग शिखरस्थित यानयात्राः
त्रासं विहाय भवतः स्मरणाद् व्रजंति ॥

જ્યાં ઊછળે મગરમચ્છ તરંગ ઝાઝા,
ને વાડવાગ્નિ ભયકારી થકી ભરેલા;
એવા જ સાગર વિષે સ્થિત નાવ જે છે,
તે નિર્ભયે તુજતણા સ્મરણે તરે છે.


[ આ શ્લોકનું નામ 'જલવિપત્તિનાશક અથવા સમુદ્રભયનિવારક–સ્તુતિ' છે. ]



ભયંકર મઘર, જળઘોડા વગેરે ક્રૂર જલચર પ્રાણીઓ, તેમજ મોટી મોટી સ્ટીમર પણ જેના મોઢામાં ચાલી જાય એવા મોટા ભીમકાય માછલાં, તેના ઊછાળાથી જે ક્ષુબ્ધ–ડામાડોળ થઈ રહ્યો છે એવો સમુદ્ર; અને વળી તે સમુદ્રની વચ્ચે મોટો વડવાનલ અગ્નિ ફાટ્યો હોય; એવા સમુદ્રની વચ્ચે ઊછળતા તોફાની મોજાં ઉપર ડગમગતી નૌકામાં બેઠેલો પુરુષ પણ, હે જિનેન્દ્ર! આપનું સ્મરણ કરે છે ત્યાં ત્રાસ વગર તે સમુદ્રને પાર કરે છે. અહા, આપના ગુણચિંતનવડે તો ભવસમુદ્રનો પણ પાર પમાય છે ત્યાં બીજા સમુદ્રની શી વાત! તોફાની ભવસમુદ્રની વચ્ચે પણ જેના અંતરમાં જિનસ્વભાવનું ચિંતન છે તે નિર્ભયપણે સંસારસમુદ્રને પાર કરે છે.

એક શ્રદ્ધાળુ–પુણ્યવંત શેઠ વેપાર કરતા હતા; તેનું એક વહાણ માલ ભરીને આવતું હતું. પરદેશથી ૧૦૦ વહાણ આવતા હતા તેમાં તેનું એક વહાણ હતું. એવામાં મુનિમજી સમાચાર લાવ્યા કે શેઠજી! જે સો વહાણ આવતા હતા તેમાંથી માત્ર ૧ વહાણ બચ્યું છે, બાકીનાં ૯૯ દરિયામાં ડૂબી ગયા છે.–શેઠે જરાય ગભરાયા વગર કહ્યું: મુનિમજી!

ચિંતા ન કરો; જાઓ, તપાસ કરો...જે એક વહાણ બચ્યું છે તે આપણું જ હશે. મને મારા પુણ્યનો ભરોસો છે, મારું વહાણ દરિયામાં ડૂબે નહીં. પછી મુનિમજીએ તપાસ કરતાં જે એક વહાણ ઊગર્યું તે વહાણ તે શેઠનું જ હતું. તેમ અહીં સમ્યગ્દૃષ્ટિ–ધર્માત્માને, ભગવાનના ભક્તને જિનમાર્ગનો અને પરમાત્મસ્વભાવનો વિશ્વાસ છે કે મારું વહાણ–મારો આત્મા સંસારસમુદ્રમાં ડૂબે નહિ. સંસારથી તરનારા જે થોડા જીવો–તેમાં હું છું. સંસારસમુદ્રમાં પુણ્ય–પાપના અનેક તોફાન, તેના મોજાં વચ્ચે પણ મારો આત્મા મોક્ષને સાધવાના માર્ગમાં જ છે.–આમ પોતાના પરમાત્મસ્વભાવનો વિશ્વાસ ને જિનમાર્ગની ભક્તિ ધર્મીજીવને ક્ષણમાત્ર પણ ખસતી નથી, નિર્ભયપણે તે ભવસમુદ્રને તરી જાય છે. જિનદેવની ભક્તિ ભવસમુદ્રને પાર કરાવનારી નૌકા છે; તેમાં બેસીને સાધકજીવો મોક્ષપુરીમાં પહોંચી જાય છે.




અહા, જેના અંતરમાં જિનદેવ બિરાજે છે, રાગથી ભિન્ન શુદ્ધચૈતન્યતત્ત્વ જેના અનુભવમાં છે, તેને તો ભવનો આ મોટો દરિયો પણ, ગાયની ખરીથી થયેલા નાના ખાબોચિયા જેવો અલ્પ થઈ જાય છે, રમતવાતમાં તે એને ઓળંગી જાય છે. ધર્મીને વિશ્વાસ છે કે જિનમાર્ગના પ્રતાપે હું હવે ભવસમુદ્રને તરીને મુક્તિપુરીના કિનારે પહોંચી ગયો છું. આ રીતે હે દેવ! આપનો ભક્ત કોઈ જાતના ત્રાસ વગર નિર્ભયપણે મોક્ષને સાધે છે. જેમ આપ ભવસમુદ્રને તરી ગયા તેમ આપનો ભક્ત પણ આપને નજરમાં રાખીને ભવસમુદ્રને તરી જાય છે. [ ૪૪ ]

*

* મુનિ-રત્નસિંહે નેમ-રાજુલનું ‘પ્રાણપ્રિય’ નામનું કાવ્ય રચ્યું છે; ૪૮ પદોની તે રચનામાં દરેક શ્લોકની અંતિમ પંક્તિરૂપે ભક્તામર-સ્તોત્રના જ દરેક શ્લોકની અંતિમ પંક્તિ મુકીને પાદપૂર્તિ-રચના કરી છે.

* भक्तामरशतद्वयी નામની એક રચનામાં કોઈ કવિએ આ ભક્તામરની જ પંક્તિઓ લઈને સમસ્યાપૂર્તિ કરી છે, એટલે કે દરેક પદમાં પહેલી એક પંક્તિ ભક્તામરની છે અને બાકીની ત્રણ પંક્તિ નવી રચના કરી છે.

## (૪૫)

# જેના અંતરમાં જિનરાજ બિરાજે...તેને ભય કેવો ?

[ ૮. જિનમાર્ગનો આશ્રય કરનારને ભીષણ રોગનોય ભય નથી. ]

उद्भूत भीषण जलोदरभार भग्नाः
शोच्यां दशां उपगताः च्युत जीविताशाः
त्वत् पादपंकजरजोऽमृत दिग्ध देहाः
मर्त्या भवन्ति मकरध्वजतुल्य रूपाः ॥

જે ભગ્ન છે ભયદ રોગ જલોદરેથી,
પામ્યા દશા દુઃખદ આશ ન દેહ તેથી;
ત્વત્પાદ-પદ્મ-રજ-અમૃત નિજ દેહે,
ચોળે બને મનુજ કામ સમાન રૂપે.




ઉત્પન્ન થયેલા ભયંકર જલોદર રોગના ભારથી જે ભાંગી પડચો છે, જેની દશા અત્યંત કરુણાજનક છે, અને જેના જીવનની પણ આશા નથી, એવો મનુષ્ય પણ હે જિનેન્દ્ર! જો આપના પાદપંકજની રજરૂપ અમૃતવડે પોતાના શરીરને સીંચે છે તો તે પુરુષ રોગરહિત અને કામદેવ જેવા સુંદર રૂપવાળો બની જાય છે.

અહો દેવ! શુદ્ધચૈતન્યસ્વરૂપે આપને ઓળખતાં મિથ્યાત્વ જેવો ભયંકર મોહરોગ પણ ક્ષણમાં દૂર થઈ જાય છે ને આત્મા સમ્યક્‌ત્વના અપૂર્વ રૂપને ધારણ કરીને અલ્પ-કાળમાં સ્વયં આપના જેવો પરમાત્મા બની જાય છે; ત્યાં આપની ભક્તિના પ્રતાપે (શુભભાવથી પુણ્યની ઉદીરણા થતાં) બાહ્ય રોગ મટીને સુંદર રૂપની પ્રાપ્તિ થાય-તો તેમાં

કઈ મોટી વાત છે! જલોદરથી ફૂલીને જેનું પેટ ફાટી પડતું હોય, એકદમ બેડોળ શરીર થઈ ગયું હોય, ચાલી પણ શકતો ન હોય, મરણતુલ્ય દશા થઈ ગઈ હોય, જ્યાં દુનિયાનું બીજું કોઈ ઔષધ કામ ન કરતું હોય, એવા રોગમાં કે કોઢ વગેરે ભયાનક રોગમાં પણ જિનગુણના મહિમારૂપ ઔષધનું જે સેવન કરે છે તે નીરોગ થઈ જાય છે, કામદેવ જેવું સુંદર રૂપ તેને મળે છે. આવા પ્રસંગ માટે રાજા શ્રીપાળ વગેરેના દૃષ્ટાંત પુરાણોમાં પ્રસિદ્ધ છે. આવા પ્રસંગ કોઈને બને છે, કોઈને બહારમાં નથી પણ બનતા. સનતકુમાર ચક્રવતી', જેનું રૂપ દેવોએ પણ વખાણ્યું, તેઓ સાધુ થયા ને શરીરમાં કોઢનો ભયંકર રોગ લાગુ પડ્યો....પણ ચૈતન્યસાધનામાં મસ્ત તેમને શરીરના રોગની દરકાર કયાં હતી? અરે, એક દેવ વૈદનું રૂપ ધારણ કરીને રોગ મટાડવા આવ્યો...ત્યારે સાધુ-સનતકુમાર કહે છે : મારે તો મારો ભવરોગ મટાડી દેવો છે; આ શરીરનો રોગ તો મોઢાનું થૂંક ચોપડતાં મટી જાય તેમ છે. (-તેમને એવી લબ્ધિ હતી.) આ રીતે શરીરમાં રોગ આવે તોપણ ધર્માત્મા નિર્ભયપણે આત્માને સાધે છે.

કેટલાક મુનિવરોને એવી લબ્ધિ હોય છે કે તેમના શરીરને સ્પર્શીને જે હવા આવે તેના વડે પણ ગમે તેવો રોગ દૂર થઈ જાય; તેમના ચરણવડે સ્પર્શાયેલી ધૂળવડે પણ રોગ દૂર થઈ જાય. કેવળી ભગવાનને તો 'ચરણરજ' હોતી નથી, તેઓ તો આકાશમાં વિચરે છે. પણ ચરણરજ કહેતાં ભગવાનના ચરણપ્રત્યેની ભક્તિ સમજવી, તેના વડે રોગ મટી જાય છે. હે દેવ! આપના ચરણની રજ વડે પણ ભયંકર રોગ મટી જાય છે તોપછી સાક્ષાત્ આપને અમારા હૃદયમાં બેસાડીએ ત્યાં અમારો મોહરોગ મટી જાય એમાં શું આશ્ચર્ય! આપ જ્યાં બિરાજો ત્યાં કોઈ રોગ રહે નહીં. હે જિનદેવ! આપે કહેલા શુદ્ધચૈતન્ય તત્ત્વના સમ્યક્શ્રદ્ધા-જ્ઞાનરૂપ અમૃત વડે જે પોતાના અસંખ્યપ્રદેશને સીંચે છે તેને મિથ્યાત્વાદિ સર્વ રોગ દૂર થઈ જાય છે ને સમ્યક્ત્વાદિરૂપ સુંદરતા પ્રગટે છે; તે સંપૂર્ણ નીરોગ એવા સિદ્ધપદને પામે છે. ત્યાં વચ્ચેના કાળમાં ઈન્દ્ર-કામદેવ-ચક્રવતી'-તીર્થંકર વગેરે દિવ્ય રૂપવાળી પદવી સહેજે ઇચ્છા વગર આવી જાય છે. બાહુબલી કામદેવ હતા, ભરતરાજ ચક્રવતી' હતા, ઋષભદેવ તીર્થંકર હતા, પણ તે બધાય અંતરમાં દેહથી ભિન્ન અતીન્દ્રિય ચૈતન્યપદને દેખનારા હતા, ને તેની જ ઉપાસના વડે સિદ્ધપદને પામ્યા છે. ભગવાનના ભક્તનું ધ્યેય પુણ્યમાં-રાગમાં કે સંયોગમાં નથી, એના ધ્યેયમાં તો શુદ્ધ આત્મા જ છે; પરમાત્મા જેવા પોતાના શુદ્ધાત્માને ધ્યેય બનાવીને નિર્ભયપણે તે મોક્ષમાર્ગમાં વિચરે છે. પરમાત્મપણું તે જ આત્માનું સર્વોત્કૃષ્ટ સુંદર રૂપ છે; જિનચરણનું અમૃત સેવનારને તેની પ્રાપ્તિ થાય છે.

[ ૪૫ ]

—*—

# [ ४६ ]

## જેના અંતરમાં જિનરાજ બિરાજે....તેને ભય કેવા ?

( ૯. જિનમાર્ગનો આશ્રય કરનારને બેડીના બંધનનો ભય નથી )

[ ભવ વગરના ભગવાન જેના અંતરમાં બેઠા એને હવે ભવ કેવા ને ભય કેવો ? ]

आपादकंठ उरुशृंगल वेष्टितांगा
गाढं बृहत् निगड़कोटि निघृष्ट जंघाः ।
त्वन्नाम मंत्रमनिशं मनुजा स्मरंतः
सद्यः स्वयं विगत बंधभया भवंति ।।

બેડી જડી પગથી છેક ગળા સુધીની,
તેની ઝીણી અણીથી જાંઘ ઘસાય જેની,
એવા અહોનિશ જપે તુજ નામ-મંત્ર,
તો તે જનો તુરત થાય રહિત બંધ.




જેને પગથી માંડીને ગળા સુધી મોટી મોટી બેડીથી બાંધ્યો છે, ગાઢ બાંધેલી લોખંડની બેડીના ઘર્ષણથી જેની જંઘા-પગ વગેરે છોલાઈ ગયા છે,-એવો પુરુષ પણ હે જિનેન્દ્રદેવ ! જો આપના નામરૂપી મંત્રનું નિરંતર સ્મરણ કરે તો તરત જ તે સ્વયં બંધનભયથી છૂટી જાય છે.

આ સ્તોત્રવડે જિનસ્તુતિ કરતાં માનતુંગ-મુનિરાજને પોતાને તો બેડી વગેરેનાં બંધન તૂટી ગયા હતા-એ વાત પ્રસિદ્ધ છે; એ રીતે પુણ્યયોગે કોઈને બહારનાં બંધન તૂટી જાય, કોઈને ન પણ તૂટે, છતાં 'બંધનનો ભય' તો છૂટી જ જાય છે ( विगत बंधभया भवंति );

તથા અંદરના મોહબંધન તો ચોક્કસ તૂટે જ છે. ધર્માત્મા જિનભક્ત જેલમાં બેઠાબેઠા પણ 'જિનગુણ–ચિંતન' દ્વારા 'નિજગુણ–ચિંતન' વડે (આત્માના શુદ્ધસ્વરૂપના ચિંતન વડે) પોતાને 'મુક્ત' અનુભવી શકે છે. ત્યાં તેને બંધનભય રહેતો નથી, જેલનાં તાળાં તેને રોકી શકતા નથી, ને સુવિશુદ્ધ પરિણામને લીધે તેને પૂર્વબદ્ધ કર્મો પણ તડાક કરતા તૂટી જાય છે.

અહીં ભક્તામરસ્તોત્રની રચનામાં તો બેડીનાં બંધન કે જેલનાં તાળાં પુણ્યપ્રભાવે તૂટી ગયા; પણ એવો પ્રસંગ ન બને તોપણ શુદ્ધભાવે જિનગુણસ્તવનનો મહિમા કાંઈ ઓછો નથી. જિનદેવ પ્રત્યેના 'ભાવનમસ્કાર'ને તો પાપનો નાશક, પુણ્યનો વર્દ્ધક ને પરંપરા મોક્ષફળ દેનાર કહ્યો છે. (ભગવતી આરાધના: ગુજરાતી ગાથા ૭૫૨, ૭૬૧) શ્રી કુંદકુંદસ્વામીએ પણ પ્રવચનસાર ગા. ૮૦ માં કહ્યું છે કે—

'જે જાણતો અર્હંતને ગુણ–દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.'

અર્હંત ભગવંતો દ્રવ્યથી–ગુણથી–પર્યાયથી સર્વ પ્રકારે શુદ્ધ ચેતનામય છે, રાગનો અંશ પણ તેમનામાં નથી; મારા આત્માનું શુદ્ધસ્વરૂપ પણ અર્હંત જેવું જ શુદ્ધ ચેતનામય ને રાગ વગરનું છે–આમ અંતર્મુખ અભ્યાસ કરતાં, પોતાની ચેતના રાગથી જુદી પડીને, શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં જ લીન થઈને નિર્વિકલ્પઅનુભૂતિ થાય છે, ને તે ચેતનામાં મોહ રહી શકતો નથી. એ રીતે સમ્યગ્દર્શન પામીને તે જીવ મિથ્યાત્વનો નાશ કરે છે.–આ સાચી જિનભક્તિનું ફળ છે. એને જ (સમયસાર ગા. ૩૧ માં) સર્વજ્ઞની પરમાર્થસ્તુતિ કહેવામાં આવી છે. જુઓ તો ખરા, જૈનસંતોની વાત! ચારે પડખેથી એક જ પ્રયોજન બતાવીને શુદ્ધાત્મામાં લઈ જાય છે ને બંધનથી છોડાવે છે. 'જિન જેવા નિજ' સ્વભાવમાં એકાગ્રતારૂપ (–સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ) જે પરમાર્થ જિનભક્તિ, તેના વડે મિથ્યાત્વથી માંડીને બારમા ગુણસ્થાન સુધીના બધા કર્મબંધનની બેડી છેદાઈ જાય છે ને આત્મા પોતે મુક્ત–સર્વજ્ઞપરમાત્મા બની જાય છે. આત્માનો સ્વભાવ બંધન વગરનો, શુદ્ધ–બુદ્ધ–મુક્ત છે, તેની ઉપાસના કરનાર જીવ બંધનમાં કેમ રહે? જિનદેવના ભક્તને એટલે કે શુદ્ધાત્માના ઉપાસકને એવો ભય કે શંકા નથી રહેતી કે 'મારે હજી અનંત ભવ સુધી બંધન રહેશે!' સ્વભાવસન્મુખ થઈને હું મોક્ષના પંથે ચડ્યો ત્યાં હવે અનંત ભવ છે જ નહીં, અલ્પકાળમાં જ મુક્તિ થવાની છે–એમ તે ધર્મી જીવ નિઃશંક હોય છે. ભવ વગરના ભગવાન જેના અંતરમાં બેઠા, હવે એને ભવ કેવા? ને બંધનનો ભય કેવો? મુક્ત–પરમાત્મા મારા અંતરમાં...મારી ચેતનામાં બિરાજે છે, તો હવે મારી ચેતનામાં મોહના કે કર્મના બંધન રહી શકે નહિ—એમ ધર્મી નિઃશંક છે.

શ્રી માનતુંગસ્વામી પ્રભાવશાળી દિગંબર મુનિ હતા; પ્રસિદ્ધ કથાઅનુસાર ઉજ્જૈનના રાજા ભોજે તેમની શક્તિની પરીક્ષા કરવા તેમને બેડીના બંધન બાંધીને જેલમાં પૂર્યા હતા;

તે વખતે ભગવાન આદિનાથ જિનેન્દ્રની સ્તુતિ કરતાં-કરતાં તેમની બેડીનાં બંધન તૂટી
ગયા ને કર્મના બંધન પણ તૂટી ગયા. તે પ્રસંગમાં તેમણે ભગવાન ઋષભદેવનું ચિંતન
કરીને જે સ્તુતિ કરેલી તે જ આ 'ભક્તામર-સ્તોત્ર.' ધર્માત્મા સાધકજીવોને (તેમજ
યમપાલ-ચાંડાલ જેવા મિથ્યાદૃષ્ટિ જીવોને પણ) પુણ્યયોગે બહારમાં કોઈવાર આવો અતિશય
બની જાય છે, પણ તેમાં મહત્ત્વ ધર્મની સાધનાનું ને ભગવાનના ગુણમહિમાનું છે, રાગનું
કે પુણ્યનું નહીં. આમ બરાબર સમજીને ભેદજ્ઞાનપૂર્વક ભક્તિ કરવી જોઈએ. આ વાત જે
સમજે તેને વીતરાગ ભગવાન પ્રત્યે ભક્તિ-બહુમાનનો ભાવ ઉલ્લસે જ.

માનતુંગમુનિરાજે ભાવભીની જિનસ્તુતિ કરી...અને ચમત્કાર થયો! એમના બંધનની
બેડીઓ સ્વયમેય તૂટી પડી, જેલના દરવાજા ખુલી ગયા. વિશુદ્ધપરિણામના બળે અશુભકર્મોનો
ઉદય દૂર થયો ને શુભ કર્મોનો ઉદય આવ્યો; ઉપસર્ગ ટળ્યો ને જૈનધર્મની મહા પ્રભાવના
થઈ. આ બહારના ચમત્કાર કરતાંય ખરો ચમત્કાર તો અંતરમાં ચૈતન્યની આરાધનાનો
છે. આરાધના સાથે બહારના આવા અતિશયો તો ધર્માત્માને સહેજે બની જાય છે; ખરી
કિંમત આરાધનાની છે. (શ્રીમદ્‌રાજચંદ્રજીએ કહ્યું છે કે આ સૃષ્ટિને વિષે એવો કોઇ
પ્રભાવજોગ-અતિશય કે ચમત્કાર નથી કે જે પૂર્ણપદને પામેલા પરમાત્માને પ્રાપ્ત ન હોય!
આમ કહીને તેમણે, ચૈતન્યના પરમાત્મપદ પાસે બહારના પુણ્યજન્ય અતિશયોનું તુચ્છપણું
દેખાડયું છે. આત્માની પવિત્રતા પાસે પુણ્ય તો પાણી ભરે છે.)

પ્રભો, કોઈ પૂર્વના પાપકર્મોદયને લીધે બહારથી ભલે કોઈ જેલ કે બેડીનું બંધન
હોય, પણ અંતરમાં નિર્દોષ આરાધના વડે અમારો આત્મા ભવની જેલના બંધનથી છૂટી
રહ્યો છે; અમારા હૃદયમાં આપ બિરાજો છો, આપની આરાધનાવડે ભવબંધન તૂટતાં
બહારનાં બંધન પણ છૂટી જશે.–આમ જિનભક્ત ધર્માત્મા મોક્ષની સાધનામાં નિઃશંક વર્તે છે.

હે ભવ્યજીવો! આ સંસારબંધનથી છૂટવા તમે પરમ જિનભક્તિ સહિત શુદ્ધાત્માની
ઉપાસના કરો.

[ આ રીતે નવ ભયાનવારક ૯ શ્લોક ભક્તામર-સ્તોત્રમાં પૂરા થયા. ] [ ૪૬ ]

—*—

" જિનગુણચિંતનથી આત્મા સ્વ-સ્વરૂપાનંદની શ્રેણીએ ચડતો જાય છે.
જેમ દર્પણ હાથમાં લેતાં મુખાકૃતિનું ભાન થાય છે તેમ સિદ્ધ કે જિનેશ્વરના
સ્વરૂપના ચિંતનરૂપ દર્પણથી આત્મસ્વરૂપનું ભાન થાય છે.
જિનેશ્વર ભગવાનની ભકિતથી આત્મશકિત પ્રકાશ પામે છે. "
—શ્રીમદ્‌રાજચંદ્ર : મોક્ષમાળા.

—*—

## (૪૭)

# જ્યાં જિનરાજ બિરાજે ત્યાં ભય કેવો?




मत्तद्विपेन्द्र – मृगराज – दवानलाहि–
संग्राम–वारिधि–महोदर–बन्धनोत्थम् ।
तस्याशु नाशमुपयाति भयं भियेव
यस्तावकं स्तवमिमं मतिमानधीते ॥

જે મત્ત હસ્તિ, અહિ, સિંહ, દવાનલાગ્નિ,
સંગ્રામ, સાગર, જલોદર, બંધનોથી;
પેદા થયેલ ભય તે ઝટ નાશ પામે,
ત્હારું કરે સ્તવન આ મતિમાન પાઠે.

શ્લોક ૩૮ થી ૪૬ માં, જિનસ્તવન વડે જે જુદાજુદા અનેક ભયોના નિવારણની વાત કરી, તે બધા ભયોના નિવારણની સમુચ્ચય વાત આ શ્લોકમાં છે: હે જિનેન્દ્રદેવ! આ પ્રમાણે જે મતિમાન પુરુષ આપના આ સ્તવનને પઠે છે તેને મદોન્મત્ત હાથી, સિંહ, દાવાનળ, સર્પ, યુદ્ધભૂમિ, શત્રુસેના, તોફાની સમુદ્ર, જલોદર રોગ કે બેડીનાં બંધન વગેરેનાં જે ભયો, તે પોતે ભયભીત થઈને તુરત જ નાશ પામે છે.

અહા, આપના ભક્તને તો ભય નથી, પણ ઊલટું તે બધા ઉપસર્ગો અને ભયો આપની સ્તુતિવડે ભયભીત થઈને ભાગી જાય છે. પરમાત્મા જેના અંતરમાં બિરાજે તેને ભય કેવો?

શાસ્ત્રોમાં કહ્યું છે કે સમ્યગ્દષ્ટિજીવો આત્મસ્વભાવમાં નિઃશંક હોય છે તેથી મરણ વગેરે સાત ભયથી રહિત હોય છે; તેમ અહીં કહે છે કે હે દેવ! આપનો ભક્ત એટલે કે

આપે કહેલા વીતરાગ ધર્મનો ઉપાસક સર્વે ભયોથી રહિત હોય છે; ભય પોતે ભયભીત થઈને તેનાથી દૂર ભાગે છે.-મૃત્યુ પોતે મરી જાય છે. આત્માના વિશુદ્ધપરિણામથી પાપકર્મો દૂર થઈ જાય છે તેથી બહારમાં પણ ઉપસર્ગજનિત ભય દૂર થઈ જાય છે; સર્વ ભયોથી રહિત એવા નિરામય મોક્ષપદને તે આનંદથી સાધે છે.

આ સ્તોત્રની શરૂઆતમાં કહ્યું હતું કે જિનદેવને 'સમ્યક્' ભાવે પ્રણમું છું. અને અહીં કહ્યું કે જે 'मतिमान' જીવ આ સ્તવન કરે છે;-મતિ એટલે કે સર્વજ્ઞપરમાત્માની શ્રદ્ધા-ઓળખાણપૂર્વક સ્તુતિની આ વાત છે. સર્વજ્ઞનું સ્વરૂપ કેવું છે તે ઓળખતાં વિભાવથી ભિન્ન આત્મા લક્ષમાં આવે છે, એટલે તે મતિમાનજીવ સમ્યક્ત્વાદિ પામીને ભવભયથી છૂટી જાય છે. સ્તુતિ કરવામાં જો રાગનો આદર કે સંયોગની અભિલાષા રાખે તો તે મતિમાન નથી, તેને સાચી સ્તુતિ કરતાં આવડતી નથી. મતિમાન-સુબુદ્ધિ જીવ તો રાગની કે સંયોગની અભિલાષા છોડીને વીતરાગસ્વભાવની ભાવનાથી જ સ્તુતિ કરે છે; ધન વગેરેની ભાવના તે નથી કરતો. જેના અંતરમાં આવી વીતરાગતાના ઘોલનરૂપ જિનસ્તુતિ છે તેનાથી ડરીને કર્મો દૂર ભાગી જાય છે; તેને તો કર્મોનો ડર નથી પણ ઉલટા કર્મો તેનાથી ડરીને દૂર ભાગે છે. જુઓ, આ ધર્માત્મા-જિનભક્તની નિઃશંકતા!

ભક્તજનોએ સ્તુતિના ભાવ બરાબર સમજીને આવી જિનસ્તુતિ દરરોજ કર્તવ્ય છે. ઘણા જિજ્ઞાસુ જીવો દરરોજ આ 'ભક્તામર-સ્તોત્ર' ભણે છે-બોલે છે, પણ તેના અધ્યાત્મ-ભાવો બરાબર સમજીને સ્વાધ્યાય કરે તો ખરો લાભ થાય, ને નિર્ભયપણે મોક્ષની સાધના થાય. તેથી આ પ્રવચનોમાં શ્રીગુરુએ તેના અધ્યાત્મભાવો ખોલ્યા છે તે જિજ્ઞાસુએ બરાબર સમજવા યોગ્ય છે.

હવે અંતિમ શ્લોકમાં સ્તોત્રનું ફળ બતાવીને ઉપસંહાર કરે છે. [ ૪૭ ]

—※—


અરે, સર્વગુણસમ્પન્ન ભગવાનના કલ્પનાતીત અનંત ગુણોનું આલેખન કરતાં-કરતાં આ નાનકડી લેખણી હવે ગભરાય છે ને થાકી જાય છે. 'અરે લેખણી! તું મત ગભરા! ભગવાનના એક ગુણનું નામ પણ તારી જીભે આવ્યું તો તું ધન્ય બની ગઈ!'

—※—

## (૪૮)

# ઉત્તમ ફળની સૂચનાપૂર્વક સ્તોત્રનો ઉપસંહાર

[ પરમાત્માની સાચી સ્તુતિ કરનાર પોતે પરમાત્મા બની જાય છે ]




स्तोत्रस्रजं तव जिनेन्द्र गुणैः निबद्धां
भक्त्या मया रुचिरवर्ण विचित्र पुष्पाम् ।
धत्ते जनो य इह कंठगतां अजस्त्र
तं मानतुंगं अवशा समुपैति लक्ष्मीः ।।

આ સ્તોત્ર–માળ તુજના ગુણથી ગુંથી મેં,
ભક્તિથકી વિવિધ વર્ણ રૂપીજ પુષ્પે;
તેને જિનેન્દ્ર! જન જે નિત કંઠ નામે,
તે 'માનતુંગ' અવશા શિવલક્ષ્મી પામે.

આ અંતિમ શ્લોકમાં સ્તોત્રના ઉપસંહારપૂર્વક તેનું ઉત્તમ ફળ પણ દેખાડતાં, પ્રસન્નતાથી સ્તુતિકાર કહે છે કે : અહો જિનેન્દ્રદેવ ! મેં આપના ઉત્તમગુણોવડે આ સ્તુતિમાળા ગુંથી છે, તે વિવિધપ્રકારનાં સુંદર શબ્દ–અલંકારો તેમજ દૃષ્ટાંતોરૂપ રંગબેરંગી સુગંધીપુષ્પોથી શોભે છે. આપના ગુણોના સ્તવનરૂપ આ માળાને ( ભક્તામરસ્તોત્રને ) જે કંઠસ્થ કરીને સદાય હૃદયમાં ધારણ કરે છે તે મહાનુભાવને ( 'માનતુંગ'ને અર્થાત્ શ્રેષ્ઠ મનુષ્યને ) સ્વાધીનપણે ઉત્તમ મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થાય છે; અંતરમાં તો તે મોક્ષલક્ષ્મીને પામે છે ને બહારમાં ઈન્દ્રપદ–તીર્થંકરપદ વગેરે પુણ્યલક્ષ્મીને પામે છે. ભક્તને માટે 'માનતુંગ' શબ્દનો પ્રયોગ કરીને આ શ્લોકમાં અલંકારિક રીતે સ્તુતિકાર–મુનિરાજે પોતાનું નામ પણ ગુંથી દીધું છે.


જુઓ તો ખરા, પરમાત્માના ગુણો પ્રત્યે ધર્માત્માને કેવો ઉલ્લાસ જાગે છે! સ્તુતિકાર કહે છે કે હે દેવ! આ સ્તુતિ મેં આપના ગુણો વડે ગૂંથી છે. આપના આત્મામાં જે અદ્ભુત ચૈતન્યબગીચો ખીલ્યો છે તેમાંથી ગુણરૂપી પુષ્પો ચૂંટી ચૂંટીને, ભક્તિરૂપ દોરામાં પરોવીને, મેં આ સ્તુતિમાળા બનાવી છે; સર્વજ્ઞતા, અતીન્દ્રિય આનંદ, વીતરાગતા વગેરે આપના ગુણો પ્રત્યે પ્રમોદ આવતાં મેં આ સ્તુતિ રચી છે. આપના પવિત્ર ગુણોરૂપી ફૂલડાં વડે ગૂંથાયેલી આ મંગળ-સ્તુતિમાળા જે ભવ્યજીવ પોતાના કંઠમાં ધારણ કરશે એટલે કે કંઠસ્થ કરશે તથા હૃદયમાં આપનાં ગુણોને ધારણ કરશે, તે ભવ્ય-'માનતુંગ' (શ્રેષ્ઠમનુષ્ય) ઈન્દ્રપદ, તીર્થંકરપદ વગેરે ઉત્તમ પુણ્યવિભૂતિપૂર્વક કેવળજ્ઞાનાદિ સ્વાધીન મોક્ષલક્ષ્મીને પામશે. આપનો ભક્ત આપના જેવો પરમાત્મા થઈ જશે. બાહ્ય લક્ષ્મી-વૈભવની તો શી વાત! ચૈતન્યના વૈભવરૂપ સ્વાધીન કેવળજ્ઞાનલક્ષ્મી પણ તે ઉત્તમ ધર્માત્મા પાસે દોડતી આવશે. મોક્ષલક્ષ્મી-કેવળજ્ઞાનલક્ષ્મી તે સ્વાધીન છે, આત્મામાંથી જ પ્રગટે છે; અને ઈન્દ્રપદની લક્ષ્મી કે સમવસરણાદિ તીર્થંકર-પદની લક્ષ્મી તે તો કર્મોના ઉદયને આધીન છે, તે સ્વાધીન નથી, આત્મામાંથી પ્રગટેલી નથી. આવા વિવેકપૂર્વક આ સ્તુતિ કરી છે.

જેમ વસંતઋતુમાં આંબાના ઝાડ ઉપર મોર દેખીને કોયલ પ્રસન્નતાથી ટહૂકી ઉઠે તેમ આપનાં ગુણો દેખતાં મારું અંતર ભક્તિથી ટહૂકી ઊઠ્યું તેથી આ સ્તુતિ રચાઈ ગઈ છે. આપના ગુણોનો મહિમા જ આ સ્તોત્રમાં ભર્યો છે. તે ગુણોના મહિમાને જે પોતાના અંતરમાં ધારણ કરે છે તેને સંસારનાં સર્વે વિઘ્નો દૂર થાય છે...ને તે શીઘ્ર મોક્ષલક્ષ્મીને પામે છે. આ રીતે પરમાત્મસ્તુતિનું ફળ પરમાત્મપણું છે. જે સમ્યક્ભાવે પરમાત્મગુણોનું સ્તવન કરશે તે પોતે પરમાત્મા થઈ જશે.

– આવા મંગળપૂર્વક ઋષભદેવપ્રભુની સ્તુતિરૂપ આ ભક્તામરસ્તોત્ર પૂરું થાય છે.

[ ધર્માત્મા-શ્રોતાજનો વડે શ્રી દેવ-ગુરુના જયજયકારપૂર્વક જિનભક્તિના આનંદમય વાતાવરણ વચ્ચે ભક્તામરસ્તોત્ર પર શ્રીગુરુકહાનના પ્રવચનો પૂર્ણ થયા. ]

—*—



# સમંતભદ્ર-સ્વામીનું વ્યસન!

❊

વાત વાંચીને ભડકશો મા ..સાચી વાત છે: તેમને એક ‘સુંદર વ્યસન’ હતું. તેઓ જ પોતે કહે છે કે ‘હે ભગવન્! મને જે વ્યસન છે તે આપની સુંદર સ્તુતિ રચવાનું જ છે. જિનેન્દ્રભગવાનની સ્તુતિનો પ્રસંગ આવે ત્યાં તેમના હૃદયના તાર ઝણઝણી ઊઠતા. જિનદેવ પ્રત્યે તેમને એવી લગની હતી—કે જિનભક્તિને માટે પોતાની જાતને જ સમર્પણ કરી દીધી હતી. તેમના જ શબ્દોમાં જોઈએ તો, ‘સ્તુતિવિદ્યા’ શ્લોક ૧૧૪ માં વીરનાથ જિનેન્દ્રને સંબોધીને તેઓ કહે છે કે—

सुश्रद्धा मम ते मते स्मृतिरपि त्वय्यर्चनं चापि ते ।
हस्तावंजले कथा-श्रुतिरतः कर्णोऽक्षि संप्रेक्षते ।।
सुस्तुत्या ‘व्यसनो’ शिरो नति परं सेवेदृशी येन ते ।
तेजस्वी सुजनोहमेव सुकृती तेनैव तेजःवते ।।

હે ભગવન્! મારી સુશ્રદ્ધા આપના મતમાં છે, મારી સ્મૃતિ પણ સદા આપનું જ સ્મરણ કરે છે, હું પૂજન પણ આપનું જ કરું છું, મારા હસ્ત આપને જ અંજલિ જોડવા માટે છે, મારા કાન આપની જ કથા સાંભળવામાં લીન રહે છે, મારી આંખ આપના જ સુંદર રૂપને દેખ્યા કરે છે, અને મને જે વ્યસન છે તે આપની સુંદર સ્તુતિઓ રચવાનું જ છે; મારું શિર પણ આપને જ નમવામાં તત્પર છે.—હે પ્રભો! આમ સર્વ પ્રકારે હું આપનું આરાધન કર્યા કરું છું.—તેથી હે તેજપતે! હે કેવળજ્ઞાની પ્રભો! હું તેજસ્વી છું, સુજન છું અને સુકૃતી છું.

( જુઓ : શ્રી કાનજીસ્વામી-અભિનંદન ગ્રંથ પાનું ૨૧૭ )

# ભક્તામર-સ્તોત્રની રચનાનો ઈતિહાસ

આ સ્તોત્રની રચના બાબતમાં પરંપરાગત બે પ્રકારની કથાઓ વિવેચનકારો લખે છે; બંનેમાંથી કોઈમાં સંપૂર્ણ પરિચય મળતો નથી.

એક મત પ્રમાણે માલવ-ઉજ્જૈનના રાજા ભોજ તથા કવિ કાલિદાસની સાથે આ સ્તોત્રની રચનાના પ્રસંગનો સંબંધ છે અને બીજી કથા પ્રમાણે કાશીના રાજા હર્ષદેવ તથા કવિ બાણ અને મયુરની સાથે આ સ્તોત્રની રચનાના પ્રસંગનો સંબંધ છે. બંને મતના વિવેચકો એક વાતમાં સહમત છે કે શ્રી માનતુંગ-મુનિરાજે જૈનધર્મનો પ્રભાવ પ્રસિદ્ધ કરવા માટે વીતરાગદેવની સ્તુતિરૂપ આ સ્તોત્ર, બેડીથી બંધાયેલી દશામાં રચ્યું છે ને સ્તોત્રના પ્રભાવે તેમની બેડીનાં બંધન તૂટયા છે. [ ૪૮ દરવાજા કે ૪૮ તાળાની અંદર કઈ રીતે પૂર્યા હોય, તેનો મેળ ખાતો નથી; બહુ તો તેમને જે બેડીથી બાંધવામાં આવ્યા હોય તેમાં ૪૮ અંકોડા હોય! એમ બની શકે. જો કે ભોજ કે બાણ જેવા વિદ્વાન રાજા, માત્ર ચમત્કાર જોવાના પોતાના શોખને ખાતર નિર્દોષ-વીતરાગી જૈનમુનિરાજને બેડીથી બાંધીને આવો ઉપદ્રવ કરે કે કેમ—એ વાત પણ વિચારવા જેવી છે. ] સાચી હકીકત જે હોય તે, -પણ આવી વાતોને લીધે સ્તોત્રનો પ્રભાવ ખૂબ જ પ્રસિદ્ધ થયો. આપણને તેના ઇતિહાસનું બહુ મહત્ત્વ નથી, આપણને તો વીતરાગદેવની સ્તુતિમાં રહેલા અધ્યાત્મભાવોનું મહત્ત્વ છે —જે સમજવાથી આત્મા કલ્યાણમાર્ગમાં આવે છે ને સંસારના ઉપસર્ગોથી બચે છે.

વિક્રમ સંવતની ૧૧ મી સદી; ઉજ્જૈન નગરી ને ભોજરાજાનો દરબાર; તેમાં કાલિદાસ વગેરે વિદ્વાનો બેઠા હતા.

જિનભક્ત એક શેઠ તેના બાળક સહિત રાજદરબારમાં આવ્યા. બાળકના હાથમાં એક પુસ્તક હતું.

રાજાએ પૂછ્યું : આ બાળક શું પઢે છે?

શેઠ કહ્યું : હજી તેના અભ્યાસની શરૂઆત છે, ને આ 'નામમાલા' પઢે છે.

રાજા આશ્ચર્ય પામ્યા ને કહ્યું-મેં તો આ 'નામમાલા' પુસ્તકનું નામ આજે જ સાંભળ્યું. તેના રચનાર વિદ્વાન કોણ છે?

શેઠે જૈન-વિદ્વાન કવિ-ધનંજયનો પરિચય આપ્યો, ને આવા ધૂરંધર વિદ્વાન તે ઉજ્જૈન નગરીની શોભા છે- એમ કહ્યું.

રાજા ભોજ એ સાંભળીને પ્રસન્ન થયા; પરંતુ કવિ કાલિદાસથી તે સહન ન થયું, તેણે કહ્યું : મહારાજ, ધનંજયમાં વળી વિદ્વત્તા કેવી? આ પુસ્તક તો મારું બનાવેલું છે ને તેનું ખરું નામ 'નામમંજરી' છે.

રાજાએ તપાસ કરતાં અંતે કાલિદાસની વાત ખોટી પડી, ને તે રચના ધનંજય કવિની સાબિત થઈ. [ આ 'નામમાલા' કોઈ ધાર્મિક વિષયનો ગ્રંથ નથી પરંતુ તેમાં એક જ વસ્તુનાં અનેક નામોનું વિદ્વત્તાપૂર્ણ વર્ણન છે. તે પુસ્તક હિંદીમાં પ્રગટ થઈ ગયું છે. આ ધનંજયકવિએ એક ભાવગંભીર જિનેન્દ્રસ્તુતિ રચેલ છે જે 'વિષાપહાર-સ્તોત્ર' તરીકે પ્રસિદ્ધ છે; પ્રસિદ્ધ કથાનુસાર તે સ્તોત્રના પ્રભાવથી, સર્પદંશને કારણે અચેત થયેલા તેના પુત્રનું વિષ ઊતરી ગયું હતું. ]

—પછી તો રાજા ભોજે ધનંજય કવિને રાજદરબારમાં બોલાવીને સન્માન કર્યું. કાલિદાસથી તે સહન ન થયું. બંને વચ્ચે વાદવિવાદ થયો. તેમાં કાલિદાસ વિજયી ન થઈ શક્યા; તેથી તેણે બહાનું કાઢ્યું કે હું આ ધનંજય સાથે નહિ પણ એના ગુરુ–માનતુંગમુનિ સાથે વાદવિવાદ કરીશ. રાજાએ માનતુંગસ્વામીને રાજદરબારમાં તેડાવ્યા; વારંવાર રાજ-સેવકોને મોકલ્યા, પણ રાજસભામાં આવવાનું મારે કોઈ પ્રયોજન નથી' એમ વિચારીને મુનિરાજ ત્યાં ગયા નહીં. આથી, 'રાજઆજ્ઞાનો અનાદર કરે છે'-એમ કહીને વિરોધી-ઓએ રાજાને ઉશ્કેર્યો. રાજાએ પરાણે રાજસભામાં લાવવા સેવકોને આજ્ઞા કરી. મુનિરાજે તો મૌન જ ધારણ કર્યું.

અંતે રાજાએ તેમને બેડીથી બાંધીને જેલમાં પૂર્યા ને તાળા લગાવ્યા.-તે પ્રસંગે ધ્યાનમાં ભગવાન આદિનાથને ચિંતવીને મુનિરાજે भक्तामर શબ્દથી શરૂ કરીને જે મહાન સ્તુતિ કરી....તે જ આ ભક્તામર-સ્તોત્ર! અને તે વખતે સ્તુતિના પ્રભાવે ( પુણ્યોની ઉદીરણા થતાં ) તાળા ખૂલી ગયા, બેડીઓ તૂટી ગઈ. મુનિરાજ મુક્ત થઈને બહાર આવ્યા, ને ચારેકોર જૈનધર્મનો જયજયકાર થઈ ગયો.

અહો દેવ! મોટા મુનિવરોએ પણ આપની પાસે બાળક જેવા બનીને સ્તુતિ કરી છે; અને હું તો એ મુનિવરો પાસેય બાળક છું, છતાં આપના ગુણો પ્રત્યેની ભક્તિ મને આપની સ્તુતિમાં પ્રેરી રહી છે. પ્રભો, ભક્તિદ્વારા હૃદયમાં આપનો પ્રવેશ થતાં નિર્બળ પણ સબળ બની જાય છે ને અલ્પ શકિતવંત સાધક પણ પોતાને પરમાત્મસ્વરૂપ અનુભવવા લાગે છે.

—*—

# * ભક્તહૃદયના રણકાર *

* સ્તુતિ કરનાર મોટા ઈન્દ્ર-મુનીન્દ્ર હો કે નાના શ્રાવક-ગૃહસ્થ હો, પણ સ્તુત્ય ( ઈષ્ટદેવ ) તો બધાના એક જ છે, તેથી સ્તુતિનો ભાવ પણ બધાને એક જાતનો છે; એટલે સમ્યક્ સ્તુતિ કરતાં મુમુક્ષુઅંતરમાં એવી ઊર્મિ જાગે છે કે સ્તુતિ કરનારા માત્ર માનતુંગસ્વામી એકલા જ નહિ, તેમની સાથે આપણે પણ સ્તુતિ કરનારા છીએ.

* હે ઈન્દ્રરાજ! તમારી જેમ અમારી પાસે ભલે હજાર હાથ, હજાર જીભ કે હજાર આંખો કરવાની શક્તિ ન હોય, પણ સર્વજ્ઞની સ્તુતિ માટે (-સર્વજ્ઞસ્વભાવની આરાધના માટે ) કાંઈ હજાર હાથ કે હજાર આંખની જરૂર નથી, તેને માટે તો સમ્યક્ મતિ-શ્રુતદ્વારા થતી સ્વાનુભૂતિ એક જ બસ છે.

* સર્વજ્ઞની ઉપાસનાનું સાધન કાંઈ હાથ-પગ-જીભ કે આંખ નથી ( કેમકે સર્વજ્ઞ તે ઇન્દ્રિયનો વિષય નથી ), અરે, રાગવડે પણ તે ઉપાસના નથી થતી; તે ઉપાસનાનું ખરું સાધન તો સમ્યક્ચેતના-શ્રદ્ધા-સ્વાનુભૂતિ છે; તેના વડે સ્તુતિ કરનાર સ્તુતિકાર પોતે સ્તુત્ય જેવો જ બની જાય છે, ઉપાસક પોતે ઉપાસ્ય જેવો બની જાય છે, સાધક પોતે સાધ્ય જેવો બની જાય છે, ભક્ત પોતે ભગવાન બની જાય છે. આ જૈનધર્મની આશ્ચર્યકારી વિશેષતા છે; આ જ મોક્ષની સિદ્ધિનો અમોઘ મંત્ર છે.

* આ રીતે સમ્યક્ભાવ વડે પ્રણામ કરીને પરમાત્મા આદિનાથને પોતાના હૃદયમાં ઊતાર્યા છે. પરમાત્માને હૃદયમાં લાવવા માટે ધર્માત્માને જેલના બંધન નડી શકતા નથી; કાળી કોટડી વચ્ચે પણ પરમાત્માને નિજઅંતરમાં ધ્યાવી શકાય છે.

* કોઈ કહે-તમે તો રાગી ને મોહી છો, તો નિર્મોહી-વીતરાગી-પરમાત્માની સ્તુતિ કેવી રીતે કરશો ? તો સાધક કહે છે કે, મોહ અને રાગથી ભિન્ન એવી સમ્યક્-ચેતના મારી પાસે છે, તેના વડે હું પરમાત્માની સ્તુતિ કરીશ મારી જ્ઞાનચેતના ભલે નાની, પણ પરમાત્માને શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને તેની ઉપાસના કરવાની મારી ચેતનામાં તાકાત છે. હે ભાઈ! તને રાગ દેખાય છે પણ એકલા રાગથી અમે ભક્તિ નથી કરતા, તે જ વખતે રાગ વગરની જ્ઞાનચેતના વડે અમે સર્વજ્ઞ-પરમાત્માની ( તેમના જેવા જ્ઞાનસ્વભાવની ) સ્તુતિ-ઉપાસના કરીએ છીએ. વાહ, સાધકની આ દશાને વિરલા જ ઓળખે છે; જે ઓળખે છે તે પોતે ભેદજ્ઞાન વડે સાધક થઈ જ જાય છે. અહા, મારા હૃદયમાં પરમાત્મા (પરમઆત્મસ્વભાવ) બિરાજમાન છે પછી મને કોનો ભય ? ને શેની ચિંતા !! પ્રભો, હવે મોહરૂપી સિંહથી અમે ડરતા નથી, આપની પરમાર્થસ્તુતિના બળે અમે તે મોહને તોડી નાંખશું ને આપના જેવા પરમાત્મા બની જશું.

—*—



અહા, ઇન્દ્રાણી આપને એક ક્ષણમાત્ર
ગોદમાં લઈને આપના સ્પર્શે ધન્ય
બને છે ને નિયમથી મોક્ષગામી થઈ
જાય છે...તોપછી—

હે દેવ !

આપને સર્વજ્ઞ-પરમાત્મા તરીકે
ઓળખીને હૃદયમાં સદ્ભાવ સ્થાપનારા
અમારા જેવા ભવ્યાત્માઓ શું
ધન્ય અને મોક્ષગામી નહીં બને !

'-જરૂર બનશે.'

卐